BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4


બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 204 / PSCS 204**

**PSCMJ 202 / PSCMN 501**

ભારતમાં પંચાયતી રાજ

(મુખ્ય તથા ગૌણ)



# પંચાયતી રાજનો ઉદ્દભવ અને વિકાસ

# 1

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**

**સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

| | |
|---|---|
| **સંપાદક :** | |
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **વિષય સમિતિ** | |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ.પટેલ** | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજયશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |
| **ડૉ. મુકેશ ખટીક** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષય સલાહકાર સમિતિ( PAC) :** | |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **ડૉ. ડી. ડી. ઝાલા** | નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |
| **પરામર્શક (વિષય):** | |
| **ડૉ. ગજેન્દ્ર શુક્લ** | નિવૃત્ત પ્રિન્સીપાલ, મહિલા આર્ટસ કોલેજ, નવસારી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **ડૉ. ગજેન્દ્રસિંહ પી. જાડેજા** | નિવૃત્ત અધ્યક્ષ , રાજયશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ,એમ.કે.બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| **લેખક :** | |
| **ડૉ. ગજેન્દ્રસિંહ પી. જાડેજા** | નિવૃત્ત અધ્યક્ષ , રાજયશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ,એમ.કે.બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| **ડૉ. ગણેશ પ્રજાપતિ** | ભૂતપૂર્વ આસિસ્ટન્ટ પ્રોફેસર , રાજયશાસ્ત્ર , સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **પરામર્શક (ભાષા) :** | |
| **શ્રી ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |

**પ્રકાશન વર્ષ :** આવૃત્તિ-2023

ISBN: 978-93-91468-86-6

978-93-91468-86-6

**પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

डॉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર
**PSCM 204 / PSCS 204**
**PSCMJ 202 / PSCMN 501**
ભારતમાં પંચાયતી રાજ
(મુખ્ય તથા ગૌણ)

# વિભાગ 01

## પંચાયતી રાજનો ઉદ્‌ભવ અને વિકાસ


**એકમ : 01**
**પંચાયતી રાજની વિભાવના-01** **05**

**એકમ : 02**
**પંચાયતી રાજની વિભાવના-02** **11**

**એકમ : 03**
**પંચાયતી રાજ અને સામુદાયિક વિકાસ યોજના** **26**

**એકમ : 04**
**પંચાયતી રાજની સમિતિ -01** **39**

**એકમ : 05**
**પંચાયતી રાજની સમિતિ -02** **48**

**વિભાગ 01**

**પંચાયતી રાજનો ઉદ્દભવ અને વિકાસ**

---

પેપર નંબર 04ભારતમાં પંચાયતી રાજનો વિભાગ 01 કુલ પાંચ એકમોમાં વહેંચવામાં આવ્યો છે.

**એકમ 01 પંચાયતી રાજની વિભાવના-01**માં પંચાયતી રાજનો અર્થ, ખ્યાલ સમજાવવામાં આવ્યો છે. પંચાયતી રાજના ઉદ્દેશો કે હેતુઓની જાણકારી આપવામાં આવી છે. સ્થાનિક સ્વશાસનનું કે પંચાયતી રાજનું મહત્ત્વ પણ તમે જાણશો.

**એકમ 02 પંચાયતી રાજની વિભાવના-02**માં પંચાયતી રાજનો વિકાસ આલેખવામાં આવ્યો છે. સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયા અંતર્ગત પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા, મધ્યકાલીન સમયમાં પંચાયતી વ્યવસ્થા, બ્રિટીશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસોની ચર્ચા કરવામાં આવી છે. ગાંધીજીના ગ્રામ સ્વરાજ વિશેના ખ્યાલો પણ રજૂ કરવામાં આવ્યા છે. બંધારણ સભા અને ગ્રામ પંચાયતો વિશે પણ જાણશો. ત્યાર બાદ સ્વાતંત્ર્ય બાદ ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા અંતર્ગત સામુદાયિક વિકાસ યોજના, બળવંતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતી રાજની સ્થાપના વિશે અભ્યાસ કરશો.

**એકમ 03 પંચાયતી રાજ અને સામુદાયિક વિકાસ યોજના** વિશે માહિતી આપે છે. આ એકમમાં ગ્રામ સામુદાયિક વિકાસ યોજના, સામુદાયિક વિકાસ યોજનાના મુખ્ય લક્ષણો જણાવવામા આવ્યા છે. સામુદાયિક વિકાસ યોજનાના પરસ્પર અવલંબન ઉપર ભાર જણાવવામાં આવ્યો છે. આ એકમમાં સામુદાયિક વિકાસ યોજનાનું મૂલ્યાંકન તેના સિધ્ધાંતોની જાણકારી મેળવીને તેની નિષ્ફળતાના કારણો પણ સમજાવવામાં આવ્યા છે. ગ્રામિણ વિકાસની યોજનાઓની ઝલક પણ મેળવશો.

**એકમ 04 પંચાયતી રાજની સમિતિ-01**અંતર્ગત બળવંતરાય મહેતા સમિતિની રચના વિગતવાર સમજાવવામાં આવી છે. તેની મુખ્ય ભલામણોનો અભ્યાસ તમે કરશો. ગ્રામ પંચાયતનું માળખું, પંચાયત સમિતિનું માળખું, જિલ્લા પરિષદ વિશેની ત્રિસ્તરીય માળખા વિશેની ભલામણોની ચર્ચા કરવામાં આવી છે.

**એકમ 05 પંચાયતી રાજની સમિતિ-02**અંતર્ગત અશોક મેહતા સમિતિની રચના અને કાર્ય પધ્ધતિ સમજાવવામાં આવી છે. આ એકમમાં અશોક મહેતા સમિતિનો નૂતન અભિગમ જાણીને આ સમિતિની મહત્ત્વની ભલામણોનો અભ્યાસ કરશો. એકમના અંતમાં અશોક મહેતા સમિતિની ભલામણોની સમીક્ષા પણ કરવામાં આવી છે.

# એકમ-1 પંચાયતી રાજની વિભાવના-01

## રૂપરેખા

**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 પંચાયતીરાજનો અર્થ અને ખ્યાલ**

**1.2.1પંચાયતીરાજનો અર્થ**

**1.2.2 પંચાયતી રાજની વિભાવના**

**1.3 પંચાયતી રાજના ઉદ્દેશો /હેતુઓ**

**1.4 સ્થાનિક સ્વશાસનનું મહત્ત્વ/પંચાયતીરાજનું મહત્ત્વ**

**1.5 સારાંશ**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 સ્વાધ્યાય**

**1.8 સંદર્ભ સૂચિ**

## 1.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી તમે નીચેની વિગતોથી માહિતગાર બનશો.

- પંચાયતીરાજનો અર્થ અને વિભાવના જાણશો.
- પંચાયતીરાજના ઉદ્દેશો કે હેતુઓની સમજ મેળવશો.
- પંચાયતીરાજનું /સ્થાનિક સ્વશાસનનું મહત્ત્વ સમજશો.

## 1.1 પ્રસ્તાવના :

પ્રત્યેક રાજય પોતાના ધ્યેયોને સિધ્ધ કરવા, પ્રજા કલ્યાણકારી યોજનાઓને પ્રજા સુધી પહોંચાડવા, તેનો અમલ કરવા, તેને સફળ બનાવવા અને વહીવટીતંત્રના સુચારુ સંચાલન માટે સ્થાનીક શાસનની સંસ્થાઓની રચના કરતું હોય છે. ભારતમાં પણ આ પ્રકારના ઉદ્દેશોની પૂર્તિ માટે પ્રાચીન સમયથી સ્થાનીય શાસનની સંસ્થાઓનું મહત્વ સમજી સ્થાનિક સંસ્થાઓની રચના કરવામાં આવી રહી છે. ભારતમાં સ્થાનિક શાસન વ્યવસ્થાને બે પ્રકારે વિભાજિત કરવામાં આવી છે. એક શહેરી સ્થાનિક શાસનની સંસ્થાઓ અને બીજી ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ. આ પ્રકારની સ્થાનિક સંસ્થાઓને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે તેનો અર્થ સ્વયં સ્પષ્ટ છે કે સ્થાનિક કક્ષાએ સ્થાનિક ચોકકસ વિસ્તારમાં વસવાટ કરતાં લોકો આ સંસ્થાનું સંચાલન કરી સ્થાનિક સાધનો દ્વારા સ્થાનિક સમસ્યાઓનું સમાધાન શોધી કાઢે. આ સ્થાનિક સંસ્થાઓની શહેરી અને ગ્રામીણ સમસ્યાઓ અલગ અલગ પ્રકારની હોય છે અને તેનું સમાધાન પણ અલગ રીતે થતું હોય છે. બંનેનું લોકજીવન, વ્યવસાય, સમસ્યાઓ, સમસ્યાના ઉકેલના સાધનો અલગ હોય છે, તો આ બંને પ્રકારની સંસ્થાઓના આવકના સ્ત્રોતમાં પણ મોટો તફાવત જોવા મળે છે. આ પ્રકારની સ્થિતિને કારણે સ્થાનિક

સંસ્થાઓનું શહેરી અને ગ્રામીણ સંસ્થાઓમાં વિભાજન કરવું જરૂરી બન્યું છે. પરંતુ બંને પ્રકારની સંસ્થાઓનો મૂળભૂત ઉદ્દેશ છે લોકોની સમસ્યાઓનું સમાધાન શોધી લોકોની સુખ, શાંતિ અને સલામતીમાં વૃદ્ધિ કરવી.

ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. ભારતનો બહુસંખ્યક જનસમુદાય ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. તેથી ગ્રામીણ ભારતની સમસ્યાઓ એ ભારતની મુખ્ય સમસ્યાઓ બની જાય છે. ભારતની ગ્રામીણ સમસ્યાઓને ઉકેલવાથી સમગ્ર દેશ અનેક પડકારોથી બચી શકે છે. દેશના પડકારોને પહોંચી વળવા તથા નવા ઊભા થતાં પ્રશ્નોને અટકાવવા પ્રાચીન સમયથી ગામડું રાજયવ્યવસ્થાનું એક પાયાનું એકમ બની રહયું છે. ગ્રામ્ય જનસમુદાયના સ્થાનિક પ્રશ્નો ઉકેલી, પ્રાથમિક સુખ—સગવડ પૂરી પાડી રાજયના વહીવટીતંત્રનો કાર્યબોજ ઓછો કરવામાં મદદરૂપ થઈ રહયું છે. ભારતના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય વિકાસમાં ગ્રામીણ સ્વશાસનની સંસ્થાઓ આધારશીલા બની રહી છે. પ્રાચીનથી અર્વાચીન સમય સુધીમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાનું નામ, સ્વરૂપ, માળખું, કામગીરીનો પ્રકાર વગેરે બદલાતા રહયા છે તેમ છતાં તેનું હાર્દ બદલાયું નથી, તેનું વજુદ બદલાયું નથી. સ્વતંત્ર ભારતમાં આ ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓના સંગઠનીય માળખાને પંચાયતીરાજ તરીકે ઓળખવામાં આવે છે.

## 1.2 પંચાયતીરાજનો અર્થ અને ખ્યાલ

### 1.2.1 પંચાયતીરાજનો અર્થ :

પંચાયત શબ્દની ઉત્પત્તિની દૃષ્ટિએ સંસ્કૃત ભાષાના બે શબ્દો 'પંચ' અને 'આયતનમ્' પરથી પંચાયત શબ્દ ઉતરી આવ્યો છે. 'પંચ' એ સંખ્યા સૂચક શબ્દ છે તે પાંચની સંખ્યા દર્શાવે છે. ભારતમાં પ્રાચીન સમયથી લોકો 'પંચ ત્યાં પરમેશ્વર' ની વાતમાં વિશ્વાસ ધરાવે છે, તથા પાંચની સંખ્યાને શુભ પણ માનવામાં આવે છે. તો 'આયતનમ્' નો અર્થ સ્થળ કે રહેઠાણ થાય છે એટલે કે, પાંચ વ્યકિતઓનો સમૂહ કે જે અમૂક ચોકકસ જગ્યાએ ચોરો, સભાસ્થળ કે કોઈ ઝાડની નીચે સાથે મળીને સમગ્ર ગામના વિવિધ પ્રશ્નોની ગંભીરતાથી ચર્ચા—વિચારણા કરે છે તેમજ સમસ્યાનો સુખદ અંત લાવવા પ્રયાસ કરે છે. આમ ગામની સમસ્યાનો સુખદ અંત લાવનારી સંસ્થા તે પંચાયત એવો તેનો અર્થ થાય. આવી ગ્રામીણ સમસ્યાઓના સુખદ અંત લાવનાર સ્થાનિક સંસ્થાઓનું નીચેથી ઉપર સુધીનું સુવ્યવસ્થિત સંગઠનીય વહીવટી માળખું તે પંચાયતીરાજ. જેને ભારતમાં વર્તમાન સમયમાં પંચાયતીરાજના ત્રિ—સ્તરીય માળખા તરીકે ઓળખવામાં આવે છે.

આ પંચાયતો પોતાના વિસ્તારમાં સંપ અને સહકારનું વાતાવરણ ઊભું કરવા પ્રયત્નો કરતી.સ્થાનિક પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ લાવવા પ્રયત્નો કરતી, ગામની પાંચ બુઝુર્ગ વ્યકિતઓ તેની કાર્યવાહી સંભાળતી. તેમાં ન્યાયની કાર્યવાહીનો પણ સમાવેશ થતો. પંચાયતના નિર્ણયોને ગામનો દરેક નાગરિક માન્ય રાખતો. ગ્રામ પંચાયતની ચૂંટણી થતી. ગામના સહકારથી પંચાયત પ્રશ્નોનું નિરાકરણ કરતી હોવાથી તેને 'પ્રશ્નોના નિરાકરણ માટેની સંસ્થા' તરીકે ઓળખાવી શકાય. પંચાયતની સભ્ય સંખ્યા ચોકકસ ન હતી. તેની કાર્યપધ્ધતિ, સભ્ય સંખ્યા, માળખું સમયે સમયે પરિવર્તિત થતું રહ્યું છે.

એલ.ગોલ્ડિંગના મતે સ્થાનિક સરકાર એટલે ''એક એવી વસ્તીના લોકો કે જે પોતાના પ્રશ્નોના સંદર્ભમાં પોતે જ વ્યવસ્થા કરે છે'' તો સર્વ સામાન્ય વ્યાખ્યા આપી શકાય કે, 'સ્થાનિક કક્ષાએ પુખ્તવયના ધોરણે પ્રજા દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓને રાજય સરકાર ખાસ કાયદા દ્વારા

સ્થાનિક સત્તાઓ સોંપે છે. આ સત્તાનો ઉપયોગ કાયદાની મર્યાદામાં રહીને અધિકારીની સલાહ મુજબ સ્વાયત્ત રીતે કરે તે સ્થાનિક સ્વશાસનની સંસ્થા.'' ટૂંકમાં પંચાયતીરાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને, લોકશાહી માર્ગે વિકાસના કાર્યો કરવાની સત્તા સંભાળતી લોકો દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓની પંચાયતી વ્યવસ્થા એટલે પંચાયતીરાજ.

### 1.2.2 પંચાયતીરાજની વિભાવના :

સ્વતંત્રતા પૂર્વે પણ હિન્દુસ્તાનમાં ગ્રામીણ ક્ષેત્રે પંચાયતી વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. પરંતુ સ્વતંત્રતા પછીના પંચાયતી રાજનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર કેટલીક બાબતોમાં અલગ પ્રકારનું રહ્યું છે. તેમાં સ્વતંત્રતા પૂર્વેની પંચાયતી વ્યવસ્થાની તુલનાએ સમય, સંજોગો અને સમસ્યાઓને ધ્યાનમાં રાખી કેટલાંક પરિવર્તનો સ્વીકારવામાં આવ્યા છે. અંગ્રેજોના સમયમાં સ્થાનિક શાસનની સંસ્થાઓ તરીકે ઓળખાતી આ પંચાયતી રાજની સંસ્થાઓ સરકારની સ્થાનિક સ્વરાજયની નીતિને કારણે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે ઓળખાવા લાગી. સ્વતંત્ર ભારતમાં પંચાયતી રાજનો ઉદ્‌ભવ અને અમલ એ એક બહુઆયામી ક્રાંતિકારી પગલું ગણાવી શકાય. સરકારની સ્થાનિક સ્વરાજયની નીતિને કારણે લોકો પોતે જ પોતાના વિકાસ માટેની નીતિ અને યોજના તૈયાર કરે. તેનાં અમલની જવાબદારી સ્વીકારે. લોકોના આ વિકાસની જવાબદારી વહન કરવા માટે ગ્રામીણ કક્ષાએ એક સંસ્થાકીય માળખાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે કે જેમાં લોકોની ભાગીદારી વિશેષ પ્રમાણમાં રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ સ્થાનિક સંસ્થાઓ કેન્દ્ર, રાજય અને સ્થાનિક કક્ષાના વિકાસ કાર્યક્રમોનો અમલ કરે. આ પ્રજાકલ્યાણની વિકાસ યોજનાઓના અમલમાં લોકો વધુ ને વધુ ભાગીદાર બની વહીવટ, વિકાસ, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સુધારા અને વિકાસ, સામાજિક ન્યાય, સમાનતા અને આર્થિક વિકાસ માટેની લોકકલ્યાણની સેવાઓ પૂરી પાડવાનો પંચાયતીરાજની સંસ્થાઓનો ઉદ્દેશ છે. તેથી પંચાયતી રાજની સંસ્થાઓને આ સેવાકીય કાર્યોની જવાબદારી સોંપવામાં આવી છે. પંચાયતી રાજનાં ત્રિ–સ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત, તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. આ પંચાયતી રાજની સંસ્થાઓને લોકશાહીની તાલીમશાળા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સંસ્થાઓ દ્વારા ગ્રામીણક્ષેત્રમાં વસવાટ કરતા ઓછું ભણેલાં અને વહીવટના બિનઅનુભવી નાગરિકોને તાલીમ મળી રહે છે તો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓને કારણે ગ્રામીણ પ્રજાને લોકશાહી ઢબે શિક્ષણ મળે છે. જે સ્થાનિક લોકો અને વહીવટકર્તાઓને ગ્રામીણ વિકાસની યોજનાઓ અને કાર્યક્રમોના અમલ માટે તથા તેને સફળ બનાવવામાં ઉપયોગી નીવડે છે. જેથી વિકાસના ફળ ગ્રામીણ સમાજને સીધાં મળી શકે છે. સ્વતંત્ર ભારતનું પંચાયતીરાજનું માળખું લોકશાહી વિકેન્દ્રીકરણના ચિંતનને આધારે નિમાયેલી શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને આધારે રચાયું છે અને અમલી બન્યું છે.

## 1.3 પંચાયતીરાજના ઉદ્દેશો/હેતુઓ

1. વિકાસના કાર્યોના અમલને ઝડપી બનાવવા વહીવટ કરકસરયુકત અને કાર્યક્ષમ બનાવવો.
2. રાષ્ટ્રનિર્માણની કામગીરીમાં પ્રજાનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત કરવો.
3. વહીવટ અને વિકાસની જવાબદારી પાયાની લોકશાહી સંસ્થાઓ સંભાળી શકે એ પ્રકારનું વહીવટી માળખું ઊભું કરવું.
4. સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા વહીવટ સરળ અને ઝડપી બનાવવો.

5. સુંદર આયોજન કરવું, તેમાં લોકોને ભાગીદાર બનાવવા અને એ રીતે લોકોપયોગી કાર્યો કરવા.
6. પંચાયતીરાજની સંસ્થાઓના માધ્યમથી શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવો.
7. પંચાયતીરાજની સંસ્થાઓ દ્વારા સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ કરી સામૂહિક વિકાસ કરવો.
8. કૃષિસુધારણા દ્વારા ખેત ઉત્પાદન વધારી રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો કરવો અને હરિયાળી ક્રાંતિ કરવી.
9. લોકશાહી અંગેનું શિક્ષણ લોકોને પૂરું પાડી, નવી નેતાગીરી ઊભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવવી.
10. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે ગૃહઉદ્યોગ અને લઘુ ઉદ્યોગ અંગેની જરૂરી માહિતી પૂરી પાડવી અને જરૂરી સહાય આપી તેના ઉત્કર્ષ માટે કાર્ય કરવું.
11. દરેક વ્યકિતને વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતા મુજબ પુરતી તક મળે અને વ્યકિતના વ્યકિતત્વનો વિકાસ થાય તે માટે જરૂરી વાતાવરણ ઊભું કરવું.
12. પંચાયતીરાજની સંસ્થાઓ દ્વારા લોકશાહીની તાલીમ પુરી પાડી ગ્રામ્ય વિસ્તારના સામાન્ય અને અશિક્ષિત નાગરિકોને વહીવટની સમજ અને તાલીમ આપવી.
13. દરેક પોતાની વિશિષ્ટ સંસ્કૃતિને જાળવી રાખીને પણ રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપે એ પ્રકારનું વાતાવરણ સર્જવું.
14. પંચાયતીરાજની સંસ્થાઓ પોતાના વિસ્તારના ગરીબ અને પછાત વર્ગના લોકો માટે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનતી યોજનાઓને લાભાર્થીઓ સુધી પહોંચાડી પછાતવર્ગના ઉત્કર્ષની તમામ યોજનાઓને સફળ બનાવવી.

## 1.4 સ્થાનિક સ્વશાસનનું મહત્વ / પંચાયતી રાજનું મહત્ત્વ

આધુનિક ભારત વિશાળ વિસ્તાર અને વિશાળ વસ્તી ધરાવતું રાજય છે. આ વિશાળ વિસ્તાર અને વિશાળ વસ્તીને કારણે રાજયના ઉદ્દેશોને સિધ્ધ કરવામાં રાજય સરકારો માટે સંચાલકીય મુશ્કેલીઓ પણ સર્જાય છે અને સમસ્યાઓના સમાધાન સામે પડકારો ઊભા થતાં હોય છે. તો બીજી બાજુ વિશાળ વસ્તીને કારણે પણ મનુષ્યના જીવનધોરણ અને જીવનપદ્ધતિ સામે રોજબરોજની અનેક સમસ્યાઓ ઊભી થાય છે ત્યારે આ સમસ્યાઓ અને પડકારોને પહોંચી વળવા માટે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. આ સ્થાનિક સ્વશાસનના વિકલ્પનો અભાવ તેની જરૂરિયાત અને મહત્ત્વને સ્પષ્ટ કરે છે.

સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓનું કાર્યક્ષેત્ર ભલે નિશ્ચિત અને મર્યાદિત વિસ્તાર પૂરતું હોય પરંતુ તેનાથી તેનું મહત્વ ઘટી જતું નથી. બલકે સ્થાનિક પ્રજાના રોજબરોજના પ્રશ્નોનો નિકાલ કરીને એકમ અને કેન્દ્ર સરકારનો કાર્યબોજ ઓછો કરીને રાષ્ટ્રના લોકજીવનમાં પોતાનો ખૂબ જ અગત્યનો ફાળો આપે છે. સ્થાનિક સ્વશાસનની આ પ્રકારની ભૂમિકાને કારણે એકમ અને કેન્દ્ર સરકાર રાજયના વિકાસ અને અન્ય ક્ષેત્રો પર પૂરતું ધ્યાન આપી શકે છે. લોકો જયારે કોઈ ચોકકસ વિસ્તારમાં વસવાટ કરવાનું શરૂ કરે છે ત્યારે કેટલાંક પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે. આ પ્રશ્નો મોટેભાગે નાગરિક સેવાને લગતા હોય છે. જેમાં પાણી પુરવઠો, ગંદાપાણીનો નિકાલ, સ્વચ્છતા, વીજળીની વ્યવસ્થા, રોગચાળો ફેલાતો અટકાવવો, આરોગ્યને લગતી સેવા, શિક્ષણ, સિંચાઈ, રસ્તાની વ્યવસ્થા કરવી વગેરે લોકજીવનની પ્રાથમિક જરૂરિયાતો છે. જેમ જેમ સ્થાનિક શાસનનો વિસ્તાર વધતો જાય છે તેમ તેમ અન્ય પ્રશ્નો પણ

વધતા જાય છે. તેની સાથોસાથ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓની જવાબદારી પણ વધતી જાય છે અને તે જવાબદારી આ સંસ્થાઓ વહન પણ કરે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે લોકોની ઊંચા જીવનધોરણની અપેક્ષાઓ પણ વધતી જાય છે ત્યારે જરૂરિયાત પ્રમાણે ચાલુ સેવાઓને જાળવી રાખવાનું તથા નવી સેવાઓ શરૂ કરવાનું દબાણ વધતું જાય છે. જે સેવાઓથી પ્રજાનું જીવનધોરણ ભૌતિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે ઊંચું આવે તે પ્રકારની સેવાઓની જવાબદારી આ સંસ્થાઓ ઉપાડી રહી છે. સ્થાનિક કાર્યો ખૂબ જ વધી ગયાં છે. તેથી કહેવાય છે કે સ્થાનિક શાસનનું મહત્ત્વ નાગરિકો માટે તથા રાષ્ટ્રનિર્માણમાં પરોક્ષ રીતે ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. સાથોસાથ આપણી કલ્યાણરાજયની વિભાવનાને ચરિતાર્થ કરવામાં પણ આ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ સહાયક બની રહી છે.પંચાયતીરાજનું મહત્ત્વ સવિશેષ છે તેમ કહી શકાય.

## 1.5 સારાંશ

ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થાનો સ્વીકાર સ્વતંત્રતા બાદ કરવામાં આવ્યો હોવા છતાં તેના મૂળ ખૂબ પ્રાચીન સમયથી જ જોવા મળે છે. પ્રાચીન ભારતમાં સ્થાનિક સ્વશાસનનો ખ્યાલ અમલમાં હતો જ. સમયાંતરે માત્ર તેનું સ્વરૂપ અને કાર્યપધ્ધતિ બદલાયા છે. ઉદ્દેશ્ય તો એક જ રહ્યો છે. સ્થાનિક લોકોની મદદ વડે, સ્થાનિક સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરીને સ્થાનિક લોકોના પ્રશ્નોનું નિરાકરણ સ્થાનિક કક્ષાએ જ લાવવું.

## 1.6 ચાવીરૂપ શબ્દો

**બહુ સંખ્યક** : બહુમતી જન સમુદાય

**ત્રિસ્તરીય માળખું :** બળવંતરાય મહેતા સમિતિદ્વારા પંચાયતી રાજ વ્યવસ્થા માટે ત્રિસ્તરીય માળખાનું સૂચન કરવામાંઆવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. પંચાયતીરાજના આ સંયુકત માળખાને ત્રિસ્તરીય માળખું કહેવામાં આવે છે.

## 1.7 સ્વાધ્યાય

**(અ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો.**

1. પંચાયતીરાજ એટલે શુ ? તેના ઉદ્દેશો કયા છે ?

2. પંચાયતીરાજનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

## 1.8 સંદર્ભ સૂચિ


1. શાહ બી.સી., : ' ભારતમાં પંચાયતીરાજ ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1981.
2. આગજા બલદેવ : ' 73માં બંધારણીય સુધારા પશ્ચાત ભારતમાં પંચાયતી રાજ ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. શુકલ ગજેન્દ્ર : ' પંચાયતીરાજ ' , ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, 2013-14.
4. शर्मा हरिश्चंद्र : 'भारत में स्थानिय प्रशासन' , कॉलेज बुक डिपो, जयपुर.
5. શેઠ પ્રવિણ (સં), : 'પંચાયતીરાજ અને વિકાસ' ,પં. નહેરુ જન્મશતાબ્દી સમિતિ, અમદાવાદ, 1989.
6. ઝાલાડી.ડી.,: ' બળવંતરાય મહેતા : રાજકીય નેતૃત્વ ', સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, 1990.
7. ઝાલાડી.ડી.(સં), : 'પંચાયતીરાજ લોકભાગીદારી તરફ' , ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, 1996.
૮. મરચન્ટ આમ્રપાલી (અનુ.) : 'પંચાયતીરાજ (કાયદા થી ચળવળ સુધી)' , પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, 1996.
૯. વૈષ્ણવ બિપિનચંદ્ર (સં), : 'પંચાયત પરિચય' ,નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, 1995.

# એકમ-2 પંચાયતી રાજની વિભાવના-02

## રૂપરેખા


**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયા**

**2.2.1 પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા**

**2.2.2 મધ્યકાલીન સમયમાં પંચાયતી વ્યવસ્થા**

**2.2.3 બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસો**

**2.3 ગાંધીજીનું ગ્રામ સ્વરાજ**

**2.4 બંધારણસભા અને ગ્રામ પંચાયતો**

**2.5 સ્વાતંત્ર્ય પશ્ચાત ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા**

**2.5.1 સામુદાયિક વિકાસ યોજના**

**2.5.2 બળવંતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતીરાજની સ્થાપના**

**2.6 સારાંશ**

**2.7 ચાવીરૂપ શબ્દો**

**2.8 સ્વાધ્યાય**

**2.9 સંદર્ભ સૂચી**


## 2.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે નીચેની વિગતોથી માહિતગાર બનશો.

- સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયા જાણશો.
- ગાંધીજીના ગ્રામ સ્વરાજ અંગેના વિચારો સમજશો.
- સ્વાતંત્ર્ય બાદ ભારતમાં પંચાયતીરાજના વિકાસની પ્રક્રિયા સમજાવો.

## 2.1 પ્રસ્તાવના

આ એકમમાં ભારતમાં આઝાદી પહેલાં અને આઝાદી બાદ પંચાયતીરાજ વ્યવસ્થા વિશે સમજૂતી આપવામાં આવી છે. પંચાયતીરાજ વ્યવસ્થા નવો ખ્યાલ નથી. પ્રાચીન ભારતમાં આ પ્રકારની વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. આ એકમમાં તમે ગાંધીજીનો ગ્રામ સ્વરાજ અંગેનો ખ્યાલ પણ જાણશો. આ ઉપરાંત આઝાદી બાદ પંચાયતીરાજના વિકાસ માટે બળવંતરાય મહેતા સમિતિની જાણકારી પણ મેળવશો.

## 2.2 સ્વાતંત્ર્યપૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેની વિકાસ પ્રક્રિયા

ભારત પ્રાચીન સમયથી ગામડાંઓમાં વસેલું અને વિકસેલું છે. ભારતમાં શહેરો ઓછાં અને ગામડાંઓ વધું છે. ભારતીય સંસ્કૃતિ, સમાજજીવન, અર્થકારણ અને રાજકારણની

બાબતમાં ગામડાંઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ગામડાંઓએ પોતાની આગવી વહીવટી વ્યવસ્થા વિકસાવી હતી. ભારતમાં ગામડું અને ગ્રામપંચાયત હંમેશાં પાયાના એકમ તરીકે કાર્યરત રહયાં છે તેનો ઈતિહાસ સાક્ષી છે. આમ, ભારતનો ઈતિહાસ એ મહદ્અંશે ગામડાંઓનો ઈતિહાસ છે.

ભારતીય સંસ્કૃતિ વિશ્વની પ્રાચીન સંસ્કૃતિમાંની એક છે અને વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. તેમાં વૈદિક સમયથી અસ્તિત્વ ધરાવતી આપણી ગ્રામીણ સ્થાનીય સંસ્થાઓનું પ્રદાન સવિશેષ છે. વૈદિક સમયથી વર્તમાન સમય સુધીની સ્થાનીય સ્વરાજયની આ સંસ્થાઓ બહુજન સમાજના હિતમાં વહીવટનું કેન્દ્રબિંદુ બની રહી છે.

### 2.2.1 પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા

આર્યોના આગમનપૂર્વે પણ ભારતમાં આ પ્રકારની સામાજિક અને રાજકીય સંસ્થા અંગેનો ખ્યાલ અસ્તિત્વમાં હતો. આર્યોએ ભારતમાં સ્થિર થઈને પોતાના 'જનપદ' વિકસાવ્યા તેનો ઉલ્લેખ ઋગ્વેદમાં છે. ઋગ્વેદના સમયમાં પંચાયતી વ્યવસ્થાનું ગણતાંત્રિક સ્વરૂપ અસ્તિત્વમાં હતું. જે રાજાવિહીન ગણતંત્ર ડક્ષ, 'વૈરાજય' કહેવાતું હતું. વૈદિક સમયમાં ગામના વડાને ગ્રામણી કહેવામાં આવતો હતો. દરેક ગામને પોતાની સભા કે સમિતિ હતી. વૈદિક સમયમાં ગામની મુખ્ય 'સભા' અને સમગ્ર જનતાની સંપૂર્ણ સંસ્થાને 'સમિતિ' તરીકે ઓળખવામાં આવતી. ગામની સભા કે સમિતિ જાહેર પ્રશ્નોની ચર્ચા કરીને નિર્ણયો કરતી. આ ચર્ચા માટેના સ્થળ તરીકે ચોરાને પસંદ કરવામાં આવતો. જયાં ગામના લોકો એકઠાં થઈને પ્રશ્નોની ચર્ચા કરીને નિર્ણયો કરતા હતા. વાયુપુરાણમાં પણ પ્રાદેશિક જનસમુદાયોના રૂપમાં ભારતમાં 120 જનપદોનો ઉલ્લેખ છે. જે જનજાતિ, ગોત્ર, બોલી, સામાજિક રીત–રિવાજ, ભૌગોલિક સ્થાન અને રાજકીય સ્થિતિને આધારે નકકી થતા હતાં. તે સ્વાયત્ત અને આત્મનિર્ભર સમુદાયો હતા. તે નિર્ણયો માટે ચર્ચા વિચારણાની પધ્ધતિ અપનાવતા.

મનુસ્મૃતિમાં પણ પંચાયત અંગેનો ઉલ્લેખ કરેલ છે. મનુ મહારાજના મતે ગામમાં સ્થિર વ્યવસાય કરતાં હોય એવા ત્રણ અથવા દસ વ્યકિતઓની બનેલી મંડળી (પંચ) જે કોઈ કાયદો ઘડે તે કાયદાની સામે કોઈએ વાંધો ઉઠાવવો નહી. મનુસ્મૃતિમાં ત્રણ પ્રકારની વસાહતોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ગ્રામ, પુર અને નગર. શુક્રાચાર્યના નીતિસારમાં પણ ત્રણ પ્રકારની ગ્રામીણ વસાહતોનો ઉલ્લેખ છે. કુંભ, પાલી અને ગ્રામ. નીતિસારમાં જણાવ્યા પ્રમાણે ગ્રામ પંચાયત પાસે વહીવટ તેમજ સારાં પ્રમાણમાં ન્યાયની સત્તા હતી. પંચાયતના સભ્યો સાથે રાજાના અમલદારો પણ ઘણી આમન્યા રાખતાં અને અદબથી વર્તતા. પંચાયત ગામની જમીન વહેંચણી કરતી, ગામમાં પાકેલાં પાકમાંથી રાજભાગ ઉઘરાવી ગામ વતી તે સરકારને પહોંચાડતી.

મહાભારતના સભાપર્વમાં નારદમુનિ યુધિષ્ઠિરને વહીવટમાં પાંચ ચૂંટાયેલાં ગ્રામવડીલોના સ્થાન અંગે સૂચક પ્રશ્નો પૂછયાં છે અને જણાવ્યું છે કે તારા રાજયમાં બહાદુર અને ડાહ્યા પંચોને એકઠાં કરી બીજી આનુષંગિક પંચાયત પ્રવૃત્તિઓ કરીને પ્રજાના સામાન્ય સુખમાં વધારો કરવાનું જણાવ્યું છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ ગ્રામ્ય–વ્યવસ્થા અંગેનો ઉલ્લેખ જોવા મળે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે શહેર, કસબા અને ગામડાંઓમાં ઠીકઠીક પ્રમાણમાં સ્થાનિક સ્વરાજ હતું. ગામડાંના ચૂંટાયેલાં વડીલો સ્થાનિક વહીવટ સંભાળતાં. કોઈ રાજા કે સમ્રાટ ભાગ્યે જ તેમાં દરમિયાનગીરી કરતા. કૌટિલ્યના મતે સ્થાનિક સરકારો સફાઈ, આરોગ્ય, રસ્તા, મકાન વગેરે બાબતો પર ધ્યાન આપતી અને આ પ્રકારના કાર્ય

કરતી હતી. તો ગ્રીક મુસાફર મેંગેસ્થનિસે પણ પંચાયતોનું વર્ણન કરેલ છે. ચીની મુસાફર હ્યુ–એન–સંગ પણ તે વખતનું ગ્રામીણ ભારત કેવું સમૃધ્ધ હતું તે જણાવ્યું છે.

પ્રાચીન ભારતની પંચાયતી વ્યવસ્થા ઐતિહાસિક અને વ્યવહારિક દૃષ્ટિએ વિશિષ્ટ પ્રકારની હતી. ગામડાંઓમાં પંચો, ગ્રામસભા, ગ્રામપંચાયત અને ગ્રામસંઘો જેવી સંસ્થાઓ મહત્વનું સ્થાન અને દરજ્જો ધરાવતી હતી. પંચાયતો કરવેરા ઉઘરાવવાનું, વિવાદ કે ઝઘડા બાબત ન્યાય તોળવાનું અને ગામ લોકોની સુખાકારી જળવાય તે જોવાનું કાર્ય કરતી હતી. ભારતમાં પ્રાચીન સમયથી ગામડાંના લોકોની ભાવના રહેલી છે કે પોતાના આંતરિક વહીવટ અને પોતાના ન્યાયની વ્યવસ્થા પોતે જ કરવી. સ્વરાજને જાળવી રાખવા માટે આ મહત્વનાં અંગો છે. આ બંને બાબતોને જાળવવાની કાળજી પંચાયતો રાખતી હતી. વૈદિક સમયથી ભારતીય રાજકીય વ્યવસ્થાનો મુખ્ય આધાર ગ્રામ ગણરાજયો હતાં. ગ્રામ ગણરાજય એક આત્મનિર્ભર સમુદાય હતો જે કામગીરીની બાબતમાં આત્મનિર્ભર હતો. જયારે સામ્રાજયો બન્યા ત્યારે પણ સ્થાનિક શાસનનું પાયાનું એકમ ગામ જ હતું અને ગ્રામ વહીવટીતંત્ર જ ગામમાં વસવાટ કરતાં લોકોના કલ્યાણની વ્યવસ્થા કરતું હતું. દ્રવિડ લોકોની જૂની ગ્રામવ્યવસ્થા અને આર્યોના નવા વિચારોના સમન્વયવાળી ગ્રામ્યવ્યવસ્થા હિન્દુસ્તાનમાં વિકાસ પામી હતી. તેની મુખ્ય બાબત એ હતી કે ગામો સ્વતંત્રતા ભોગવતા અને ચૂંટાયેલ પ્રતિનિધિઓની બનેલી પંચાયતો ગામનો વહીવટ સંભાળતી હતી.

### 2.2.2 મધ્યકાલીન સમયમાં પંચાયતી વ્યવસ્થા

મધ્યકાલીન સમયમાં પણ સ્થાનીય સ્વશાસનની સંસ્થાઓનું મહત્ત્વ રહયું હતું. આ ગ્રામીણ સંસ્થાઓ સ્વતંત્ર રીતે પોતાની કામગીરી કરતી હતી. રાજયના વહીવટીતંત્રનો કાર્યબોજ ઓછો કરવામાં પરોક્ષ રીતે ભાગીદાર થતી હતી. આ સંસ્થાઓ પોતાની જરૂરિયાતો પોતાના જ વિસ્તારમાંથી સંતોષતી. રાજયના સત્તાધીશો પણ પોતાની સગવડતા માટે પોતાના હિતમાં આ વ્યવસ્થાને સ્વીકારી હતી. પોતાના હિતમાં તેને પ્રોત્સાહન આપતા અને પડકારોનો સામનો કરવા માટે વિકસવાની અનુકૂળતા કરી આપતાં હતાં.

**જી.એન.શર્મા** મધ્યકાલીન સમયના રાજસ્થાનમાં ગ્રામ પંચાયતોને 'પંચકુળ' તરીકે ઓળખાવે છે. આ'પંચકુળ' ગામની જુદી-જુદી કોમો અને ધાર્મિક સમુદાયોના આગેવાનોની બનેલી હતી. જી.એસ.દીક્ષિતના મતે તે સમયે ગામના મુખીને 'ગૌંડ' કહેવામાં આવતો હતો. તેનું સ્થાન વંશપરંપરાગત હતું. તેની ફરજ ગામના નાના–મોટા ઝઘડાઓના નિકાલની હતી. જાહેર સેવાના કાર્યો કરવા માટે તલાટી ગામનો બીજો અધિકારી હતો. જે ગામના મુખીની સમકક્ષ ગણાતો. તે વખતે ગામના વહીવટ માટે બે સંસ્થાઓ કાર્ય કરતી. એક ગ્રામસભા અને બીજી ગ્રામસમિતિ હતી. તેમાંથી એક 'આઈમિંગા' (Aimanigas) તરીકે ઓળખાતી. તેનો અર્થ પાંચ આગેવાનો થતો. તેને આપણે ગ્રામપંચાયત કહી શકીએ. બીજી સંસ્થા 'એન્તુહિતુ' (Entuhittu) તરીકે ઓળખાતી જેનો અર્થ થાય છે આઠ ધંધાઓના પ્રતિનિધિઓની સમિતિ. આ સમિતિ ગામના મુખીને સલાહ આપવા રચાઈ હતી.

મોગલોના સમયમાં પણ વહીવટનું સૌથી નાનું એકમ ગ્રામ હતું. ગામની તમામ વ્યવસ્થા ગ્રામપંચાયતો કરતી. ગામના પ્રભાવશાળી અને બુધ્ધિશાળી વ્યકિતઓની એક પંચાયતની રચના થતી. પંચાયતનું મુખ્ય કાર્ય ગામની સફાઈ, સુરક્ષા, શિક્ષણ અને સિંચાઈની વ્યવસ્થા કરવાનું હતું. આ ઉપરાંત ન્યાય સંબંધી કાર્ય પણ કરતી. ડૉ. પી. **સરન** આ અંગે જણાવે છે કે "ગામના મોટાભાગના ઝઘડાઓનો નિર્ણય પંચાયત કરતી હતી અને તેના ફેંસલાની

વિરુધ્ધ અપીલની જરૂર ખૂબ જ ઓછી પડતી હતી.'' પંચાયતોના નિર્ણયોને મોગલ બાદશાહ યોગ્ય સન્માન આપતાં હતા. દરેક ગામમાં ત્રણ મહત્ત્વપૂર્ણ અધિકારી હતાં. મુકાદમ, પટવારી અને ચૌધરી. મુકાદમ ગામની દેખભાળ રાખતો, પટવારી કર વસુલ કરતો અને ચૌધરી પંચાયતની મદદથી ઝઘડાનો નિકાલ કરતો હતો. સુરક્ષા માટે દરેક ગામમાં ચોકીદાર પણ રહેતો હતો.

આમ અફઘાન અને મોગલ શાસકોએ ગ્રામ્ય સમાજની રૂઢિઓ અને પ્રણાલિકાઓમાં દરમિયાનગીરી નહિ કરવાની કાળજી રાખી હતી. તેમ છતાં સમય જતાં કેટલાંક શાસકોએ એકહથ્થુ સત્તા ભોગવવાનું શરૂ કરતાં ગ્રામ્ય સમાજની પરંપરાગત રૂઢિઓ અને રિવાજો પ્રત્યે ધીમે ધીમે સન્માનની લાગણી ઓછી થવા લાગી. આમ છતાં પણ અમુક અંશે પંચાયતોનો પ્રભાવ અને અધિકારો ચાલુ રહ્યાં હતા.

મધ્યકાલીન સમયમાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ સારી રીતે પોતાના ક્ષેત્રમાં પ્રવૃત્ત રહી હતી. અને શકિતશાળી સંગઠન બની રહયું. સામાજિક, આર્થિક ભૂમિકાની સાથે તેની રાજકીય ભૂમિકા પણ રહી હતી. જમીનની વ્યવસ્થા કરવી, વિવાદોનો ઉકેલ લાવવો, સિંચાઈના સાધનોનું નિર્માણ કરવું વગેરે મુખ્ય કાર્યો હતા. આ ઉપરાંત વિવિધ સ્થાનિક કરો વસુલવા, બજાર અને વેપારની વ્યવસ્થા કરવી, ચરિયાણ, જંગલો તથા જળાશયોની વ્યવસ્થા માટે ગામની અલગ–અલગ સમિતિઓ હતી. તેથી ઉચ્ચકક્ષાએ રાજયમાં થતી ઉથલપાથલનો કોઈ પ્રભાવ ગ્રામ્ય જીવન કે તેની વ્યવસ્થા પર થતો ન હતો. તેમ છતાં સ્થાનિક સંસ્થાઓ પર શાસકોના પ્રભાવ વધવાને કારણે આ સ્થાનિક સ્વશાસન સંસ્થાઓની સ્વતંત્રતા પર આંશિક નિયંત્રણ આવ્યું હતું. ચૂંટણી પ્રથાનું પ્રમાણ ઘટયું હતું. વંશપરંપરાગત વ્યવસ્થા દઢ બની હતી. તેથી આ સંસ્થાઓની વિકાસયાત્રા ધીમી થઈ હતી કે સ્થગિત થઈ હતી. તેમ છતાં આ સંસ્થાઓની ઉપયોગિતાનો સ્વીકાર થતો રહયો હતો.

ઈ.સ.1830 માં ભારતની પંચાયતી વ્યવસ્થા અંગે બ્રિટિશ ગવર્નર જનરલ ચાર્લ્સ મેટ્કાફે ગ્રામ પંચાયતોને ''નાના પ્રજાસત્તાક'' એકમો કહ્યાં હતાં. અને લખ્યું છે કે ''ગ્રામ પંચાયતો નાના–નાના પ્રજાતંત્ર છે. પોતાને જરૂરી લગભગ બધી જ બાબતો તેમનામાં મોજૂદ છે અને બહારના સંબંધોથી તેઓ લગભગ સ્વતંત્ર છે. જયાં કોઈ વસ્તુ ટકી નથી ત્યાં ગ્રામ પંચાયતો કાયમ ટકી રહેતી હોય તેમ જણાય છે. દરેક પંચાયત એક નાનકડા અલગ રાજય સમાન છે. ગ્રામ પંચાયતો લોકોના સુખ–શાંતિ તેમજ સ્વાયત્તતા અને સ્વતંત્રતાના ઉપભોગ માટે ઘણે અંશે ઉપકારક છે'' આ બાબત સ્પષ્ટ કરે છે કે વહીવટીતંત્રમાં એક એકમ તરીકે ગ્રામીણ સ્થાનીય સ્વશાસનનું મહત્ત્વ કેટલું છે.

### 2.2.3 બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસો

પ્રાચીન સમયમાં ભારતમાં પંચાયતી વ્યવસ્થાનો સારો વિકાસ થયો હતો. જયારે માધ્યકાલીન સમયમાં તેણે પોતાની સ્થિરતા જાળવી રાખી હતી. પરંતુ મોગલ સમયમાં તેના વિકાસની ગતિ મંદ પડી હતી. ત્યારે અંગ્રેજોએ આ પંચાયતી વ્યવસ્થાને પોતાના શાસનના વિસ્તારનું સાધન બનાવવા પ્રયાસ કર્યો હતો પરંતુ જયારે તેની સામે ધીમે ધીમે અવાજ ઉઠવા લાગ્યો ત્યારે પંચાયતી રાજ વ્યવસ્થાને આધુનિક સ્વરૂપ આપવાના પ્રયાસો થયાં હતાં.

### 2.2.3.1બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થાની વિકાસ પ્રક્રિયા

અંગ્રેજોના આગમનપૂર્વે ગ્રામ્યકક્ષાએ વહીવટ અને વ્યવસ્થા ગ્રામીણ સંસ્થાઓ કરતી હતી. પરંતુ બ્રિટિશ શાસકોએ જમીન મહેસૂલ માટે રૈયતવારી પદ્ધતિ અમલમાં મૂકી અને

ન્યાયની અદાલતોની સ્થાપના કરતાં ગ્રામ પંચાયતોનું મહત્ત્વ અને મોભો ઘટવા લાગ્યા. બ્રિટિશ સરકારે 1890 અને 1897 માં સ્થાનિક સ્વરાજ વિશે ઠરાવો કર્યા પરંતુ તે શહેરી વિસ્તારો માટે હતાં. 1802ના રેગ્યુલેશનથી પંચાયતોને ન્યાયનો વહીવટ સોંપવાનો પ્રયત્ન થયો, પરંતુ આ પ્રયત્ન નિષ્ફળ રહ્યો. 1882થી 1902સુધી આ પંચાયતી સંસ્થાઓ જિલ્લા કક્ષાના વહીવટી અંકુશ નીચે કાર્ય કરતી હતી. 1907માં ભારત સરકારે સ્વાયત્ત સંસ્થાઓ વિષે વિચાર કરવા માટે **રોયલ કમિશન**ની નિમણૂક કરી. 1909માં રોયલ કમિશને પોતાના અહેવાલમાં સ્થાનિક સરકારના ગુણ–દોષ તરફ ધ્યાન દોરી પોતાના તારણોમાં જણાવ્યું કે "બ્રિટિશ શાસન પધ્ધતિને કારણે આ સંસ્થાઓએ પોતાનું નૂર ગુમાવ્યું છે તેમજ તત્કાલિન સ્થાનીય વ્યવસ્થામાં ચૂંટણી પ્રથાનો યોગ્ય વિકાસ થઈ શકયો નથી. સરકારી અધિકારીઓની અધ્યક્ષના રૂપમાં નિયુકિત ખામીયુકત છે. બોર્ડ પર સરકારી નિયંત્રણ ખૂબ જ વધારે છે તેથી વર્તમાન પરિસ્થિતિમાં સ્થાનિક સ્વશાસન પ્રભાવક અંગ નહિ બની શકે. તેમ છતાં આ સંસ્થાને ચેતનવંતી બનાવવા રોયલ કમિશને એ વાત પર ભાર મૂકયો કે ગામને સ્થાનીય શાસનની આધારશીલા બનાવવામાં આવે. જો કે વહીવટને જનતાનો સહકાર મળી રહે તે માટે સ્થાનિક પગલાં ભરવા જરૂરી છે. તેથી આપણે ગામડાંમાંથી જ પ્રારંભ કરવો જોઈએ. ગામડાંમાં ગ્રામ પંચાયતની સ્થાપના કરી. તેમાં પાંચ સભ્યો અને એક મુખી હોવો જોઈએ તથા પંચાયતોને નાના દીવાની અને ફોજદારી કેસ સુપ્રત કરવાની ભલામણ કરી હતી. કમિશનનો આગ્રહ હતો કે સ્થાનિક સંસ્થાઓને વધુને વધુ સ્વતંત્રતાઆપવામાં આવે કે જેથી તેની શકિતનો યોગ્ય વિકાસ થઈ શકે. આ વિકેન્દ્રીકરણ અંગેની રોયલ કમિશનની ભલામણોના સંદર્ભે ભારત સરકારે સ્થાનિક સરકાર અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં 1915 માં ઠરાવ પસાર કર્યો. 1915 માં પંચાયતોને અમુક પ્રકારના ચોકકસ કર નાખવાની મંજૂરી આપવામાં આવી પરંતુ તેનાં પર પ્રાંતીય સરકારનું નિયંત્રણ રાખવું જોઈએ એ વાતને પણ ધ્યાનમાં રાખવામાં આવી.

1918 માં ભારત સરકારે "સ્થાનિક સરકારની ફરજોમાં પ્રજાકીય કલ્યાણની તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. અને તે માટે જિલ્લાકક્ષાની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેને પૂરી સગવડતાઓ આપી. સ્થાનિક નાગરિકની બાબતમાં સંપૂર્ણપણે કાર્યક્ષમ અને આત્મનિર્ભર બનાવવાની કેન્દ્ર સરકારની નીતિ છે." એવો ઠરાવ કર્યો. આમ સ્થાનિક સ્વરાજયની ભવિષ્યની જવાબદારી માટે પાયાની સંસ્થા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો.

1919 માં **મોન્ટે–ગ્યુ–ચેમ્સફર્ડ** સુધારા દ્વારા સ્થાનિક સ્વરાજ એ સ્થાનિક સરકારોનો વિષય બન્યો. અને ભારત સરકાર દ્વારા આ અંગે એકટ પસાર કરવામાં આવ્યો. પરિણામે ઘણા પ્રાંતોએ પંચાયતોની રચના માટે કાયદા ઘડયા. મોન્ટે–ચેમ્સ સુધારાને કારણે સ્થાનિક સંસ્થાઓમાં પૂર્ણ રીતે ચૂંટણીનો સ્વીકાર થયો. મતાધિકારને વિસ્તૃત કરવામાં આવ્યો, અધ્યક્ષપદ માટે બિનસરકારી વ્યકિતને ચૂંટવા, સ્થાનીય સંસ્થાઓને વધુને વધુ સ્વાયત્તતા આપવી અને લઘુમતીઓના હિતોનાં રક્ષણની બાબતને પ્રાધાન્ય આપવાની બાબત સમાવિષ્ટ હતી. આ સુધારાને કારણે પ્રાંતોમાં મ્યુનિસિપલ તથા લોકલ બોર્ડ અધિનિયમ પસાર કરવામાં આવ્યો. ચૂંટાયેલાં સભ્યોની સંખ્યામાં વૃદ્ધિ કરવામાં આવી અને પંચાયતોની સ્થાપના કરવામાં આવી. આમ ભારત સરકારના 1919ના અધિનિયમથી સ્થાનિક સ્વરાજય પ્રાંતોનો વિષય બનતા જૂની ગ્રામ પંચાયત પધ્ધતિને પુનર્જીવિત કરવાના પ્રયત્નો શરૂ થયા અને જુદાંજુદાં પ્રાંતોમાં કાયદાઓ કરવામાં આવ્યા.

1920ના ધી બોમ્બે વિલેજ પંચાયત એકટ મુજબ કલેકટર અથવા જિલ્લા લોકલ બોર્ડના કમિશ્નરની મંજૂરીથી કોઈપણ ગામ ગ્રામ પંચાયતની રચના કરી શકે, ગામના તમામ

પુખ્તવયના પુરુષોને મતાધિકાર આપવામાં આવ્યો. પંચાયતની ઓછામાં ઓછી સભ્ય સંખ્યા પાંચની રાખવામાં આવી હતી. પંચાયતના મંત્રીની નિમણૂક ફરજિયાત હતી. પંચાયત તેને સોંપેલાં કાર્યો કરતી. ન્યાયના ક્ષેત્રમાં તેની સત્તા મર્યાદિત હતી. 1920ના કાયદામાં ત્રણ બાબતો મુખ્ય હતી. તમામ પુખ્તવયના પુરુષોને મતાધિકાર, પંચાયતના સભ્યોની ચૂંટણી અને તેના પર કલેકટરને બદલે જિલ્લા લોકલ બોર્ડનો અંકુશ.1920ના મુંબઈ ગ્રામ પંચાયત ધારા મુજબ ગુજરાતના કેટલાંક દેશી રાજયોએ પણ પંચાયતધારા ઘડયાં હતાં. તેમાં 1926માં વડોદરા અને ભાવનગર રાજયએ પંચાયતધારો ઘડયો હતો અને તેનો અમલ કરવાનું પણ શરૂ કરી દીધું હતું. 1939માં બોમ્બે વિલેજ એકટમાં સુધારો કરવામાં આવ્યો. તેમાં 2000ની વસ્તીવાળા ગામોમાં ફરજિયાત પંચાયતની રચના કરવી. પંચાયતના સભ્યો ચૂંટણી દ્વારા ચૂંટાય એવી વ્યવસ્થા, ચૂંટણી શકય ન હોય ત્યાં પ્રતિનિધિની કલેકટર દ્વારા નિયુકિત, નાના કેસ માટે ન્યાય પંચાયતની વ્યવસ્થા ફરજિયાત અને પંચના સભ્યોની ચૂંટણી કરવી. ઘરવેરો ફરજિયાત નાખવો અને પંચાયતના મંત્રીની નિમણૂક સરકાર કરે એવું ઠરાવવામાં આવ્યું હતું. પરંતુ 1930માં વૈશ્વિક આર્થિક મંદીને કારણે કેન્દ્ર અને પ્રાંતીય સરકારોએ આ સંસ્થાઓને મળતી ગ્રાંટની રકમની ફાળવણીમાં ઘટાડો કરતા આ સંસ્થાઓ નાણાંકીય ખેંચ અનુભવવા લાગી તેમજ કાર્યક્ષમ વહીવટી અધિકારીઓનો અભાવ અને પ્રજાની નિષ્ક્રિયતાને કારણે આ સંસ્થાઓ મૃતઃપ્રાય બની ગઈ હતી. 1947માં સ્વાતંત્ર્ય પ્રાપ્તિસમયે આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માત્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા બની રહી.

### 2.2.3.2 સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન પંચાયતીરાજની માંગણી

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તથા સ્વાતંત્ર્ય ચળવળના નેતાઓ દ્વારા સમયાંતરે ગ્રામ્યકક્ષાએ પંચાયતોની સ્થાપના અને તેની જવાબદારીઓ અંગે ભારત સરકાર સમક્ષ માંગણીઓ કરવામાં આવતી રહી હતી. સૌપ્રથમ 1909ના અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા લાહોર અધિવેશનમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો કે ''કોંગ્રેસ આતુરતાપૂર્વક આશા રાખે છે કે ગ્રામ પંચાયતથી માંડી ઉપરના સ્તર સુધીની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ચૂંટાયેલી હોય અને તેને પૂરતી નાણાંકીય મદદથી ટેકો આપવા માટે સરકાર વહેલાંસર પગલાં લે.'' આમ ઠરાવ કરીને કોંગ્રેસે ગ્રામ પંચાયતની સ્થાપના અને નાણાંકીય મદદના સંદર્ભમાં સરકાર સમક્ષ પોતાનો અભિગમ સ્પષ્ટ કરી દીધો. તો 1910માં અલ્હાબાદ ખાતેના કોંગ્રેસના અધિવેશનમાં બ્રિટીશ સરકાર સમક્ષ ગ્રામપંચાયતોની સ્થાપના અંગેની માંગણી કરવામાં આવી અને પંચાયતોને પુનર્જીવિત કરવા માટેનો સંકલ્પ કરવામાં આવ્યો. 14મી ફેબ્રુઆરી, 1916ના રોજ ગાંધીજી એ પહેલીવાર ગામડાંઓમાં ગ્રામ પંચાયતોની પુનઃસ્થાપનાની માંગણી કરી અને જણાવ્યું કે ''ગામડાંના સ્વચ્છતા તથા અન્ય પ્રશ્નો ઘણાં સમય પહેલાં ઉકેલી શકયા હોત. ગ્રામ પંચાયતો હવે વિશિષ્ટ રીતે જાગૃત બળ બની રહેશે અને ભારત લગભગ તેની જરૂરિયાતો મુજબનું સ્વશાસન ભોગવતું થઈ જશે.''1920માં રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનમાં ગ્રામીણ સુધારાની દિશામાં ગ્રામીણ વિકાસ અને બાળશિક્ષા અંગેનો કાર્યક્રમ શરૂ કર્યો હતો. 1922માં ગયા ખાતે યોજાયેલ કોંગ્રેસના અધિવેશનમાં **ચિતરંજનદાસે** પોતાનો પાંચ મુદ્દાનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેમાં પંચાયતોને ભારતીય શાસનના પુનર્નિમાણનો આધાર બનાવવામાં આવે તેમજ તેના પર જ ઉચ્ચસ્તરની સરકાર આધારિત બનવાની અને તેને વધારાની સત્તા આપવાની કલ્પના વ્યકત કરવામાં આવી હતી. **દેશબંધુ ચિતરંજનદાસે** સૂત્ર આપ્યું હતું.''સ્વરાજ જનતાનું હશે તથા જનતા જ સ્વરાજ લેશે.''28મી મે 1931ના ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા' માં લખ્યું કે, ''પંચાયતો દ્વારા હિન્દુસ્તાનના અસંખ્ય ગ્રામસમાજોનો કારભાર ચાલતો હતો પરંતુ બ્રિટીશ

સરકારે મહેસૂલ વસૂલ કરવાની તેની કઠોર પધ્ધતિથી આ ગ્રામ સમાજોનો લગભગ નાશ કરી નાખ્યો.''

આમ ભારતની સ્વાતંત્ર્ય ચળવળના નેતાઓ ભારતની પંચાયતીરાજનું મહત્ત્વ સમજતા હતાં. તેથી તેઓ પોતાના વિચારો દ્વારા ભાવિ પંચાયત વ્યવસ્થાની સંકલ્પના વ્યકત કરતાં રહયાં. નેતાઓની સંકલ્પનાને સાકાર બનાવવામાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એક મંચ તરીકે ભૂમિકા પુરી પાડી અને બ્રિટિશ સરકાર પર દબાણ વધાર્યું પરિણામે 1907ના રોયલ કમિશનથી ધીમે ધીમે વિકેન્દ્રીકરણની પ્રક્રિયાનો પ્રારંભ થયો અને 1919ના **મોન્ટેગ્યુ–ચેમ્સફોર્ડ** સુધારાથી પંચાયતોની રચના અને જવાબદારી અંગે નકકર કામગીરી શરૂ થઈ તેમ છતાં તેમાંરહેલી ક્ષતિઓમાં સુધારા કરવાની પ્રક્રિયા ચાલુ રહી તેમાંથી સ્વાતંત્ર્ય ચળવળના નેતાઓ અને કોંગ્રેસના પ્રયાસોથી પંચાયતીરાજ વ્યવસ્થા આકાર પામતી રહી.

**ગોપાલકૃષ્ણ ગોખલે** વહીવટના વિકેન્દ્રીકરણનું સમર્થન કરતા હતાં. તેઓ એ વિચાર સાથે સંમત ન હતા કે જિલ્લા કલેકટર જ સર્વેસર્વા હોય. ગોખલેએ ગ્રામ્ય સ્તરે ગ્રામપંચાયતની રચનાનું સૂચન કર્યું હતું તથા રાજયસ્તરે સ્થાનીય બોર્ડ અને જિલ્લા પરિષદની રચનાનું સૂચન પણ કર્યું હતું. લોકમાન્ય તિલકે જણાવ્યું કે ગ્રામ્ય સંસ્થા આપણી પ્રાચીન શાસન પ્રણાલીનો પ્રાથમિક આધાર છે. પરંતુ બ્રિટિશ શાસન દરમિયાન ગ્રામ્ય વ્યવસ્થાને તોડી પાડવામાં આવી હતી. તેથી ખેડૂત આશ્રિત અને અસહાય બન્યો હતો. તો 1917માં કલકત્તા અધિવેશનમાં **ડૉ. એની બેસન્ટે** પંચાયતોની પુનર્રચના કરવા પર ભાર આપતાં કહયું હતું કે, ''આર્થિક અને નૈતિક ભ્રષ્ટતા પર ત્યારે જ કાબૂ મેળવી શકશે કે જયારે એક સ્વસ્થ અને પ્રભાવી ગ્રામીણ જીવનની પુનર્રચના થાય અને તે ત્યારે જ શકય છે જયારે પંચાયતોની પુનર્રચના સરકારના એક એકમની જેમ હોય.''

આમ સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન પંચાયતીરાજ અંગે કોંગ્રેસ તથા તેના નેતાઓ દ્વારા સમયાંતરે વિચારોની અભિવ્યકિત અને માંગણી થતી રહી છે.

## 2.3 ગાંધીજીનું ગ્રામસ્વરાજ

દરેક વિચારકને પોતાની આગવી વિચારસરણી હોય છે અને વિચારસરણી દ્વારા પોતાના ઉદ્દેશોને સિધ્ધ કરવા જુદાંજુદાં રસ્તાઓ તથા તેનાં માટે ઉપયોગમાં લેવાનાં સાધનોની સમજૂતી આપે છે. ગાંધીજીએ પણ પોતાના રામરાજયના આદર્શ ઉદ્દેશને સિદ્ધ કરવા પાયાના ઉપાયો સૂચવેલાં છે. ગાંધીજીની વિચારસરણીના પાયામાં ગ્રામ સ્વરાજ રહેલું છે. તે માટે ગ્રામસ્વરાજને લગતી કેટલીક પાયાની બાબતો અંગે સ્પષ્ટતા કરી છે. જેવી કે ગ્રામનાગરિક, ગ્રામસમાજ અને ગ્રામ્ય નેતાગીરી કેવી હશે. ગ્રામપંચાયતનું કાર્ય અને આદર્શ શું હશે વગેરે. ગાંધીજી ભારતની પ્રાચીન સંસ્કૃતિના સમર્થક રહ્યાં છે તેથી આ પ્રાચીન સંસ્થા પંચાયત પ્રત્યે તેઓને વિશેષ લગાવ હતો. ગાંધીજી માટે રામરાજય એ સાધ્ય હતું અને ગ્રામપંચાયતો તે સિદ્ધ કરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે. આપણી દરેક સમસ્યાઓના ઉકેલ માટે પંચાયતો આપણને ઉપયોગી થઈ શકે તે માટે પાયામાંથી પરિવર્તન જરૂરી છે તેમ તેઓ માનતા હતા. સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન માટે પંચાયતો શ્રેષ્ઠ પુરવાર થઈ શકે તેમ છે એવું તેઓનું માનવું હતું. આમ પાયામાંથી સાચી લોકશાહીના પ્રસારની પ્રક્રિયા આરંભી ગ્રામસ્વરાજને બળ પૂરું પાડતાં વિચારો રજૂ કર્યા હતા.

ગ્રામ્ય નાગરિક અંગે ગાંધીજીએ જણાવ્યું કે આખરે તો સમાજ અને રાજય વ્યકિતઓ દ્વારા જ બનેલ છે. તેથી સામાન્ય વ્યકિતનું આત્મબળ હંમેશા મહત્વની બાબત છે. વ્યકિતનું

આત્મબળ મજબૂત હોવું જરૂરી છે. જો નાગરિક શુદ્ધ ભાવનાવાળો, નિઃસ્વાર્થી, સ્વદેશી માલનો જ ઉપયોગ કરતો હોય, મજૂર કે મહાજન વચ્ચે ભેદ રાખતો ન હોય, જાતિ, ધર્મ કે વર્ણના ભેદભાવથી પર હોય, અફીણ, દારૂ જેવા કેફી પદાર્થોનું વ્યસન ન હોય, પરસ્ત્રીનો સ્પર્શ પણ કરે નહી તેમજ નીડર અને બહાદુર હશે. જરૂર પડે પોતે બીજાને માટે ખપી જશે પરંતુ બીજાને મારશે નહીં. આવા સદ્ગુણો ધરાવતાં વ્યક્તિઓનો બનેલો એક આદર્શ ગ્રામ્ય સમાજ રચાશે.

મહત્તમ ગુણો ધરાવતી વ્યક્તિઓનો બનેલો, આ ગ્રામ્યસમાજ પિરામીડ આકારનો નહી હોય કે જેમાં ટોચ પાયા પર પોતાનો બોજો લાદીને ટોચ પાયાને કચડે છે એટલે કે ગ્રામ્ય સમાજમાં શોષણને અવકાશ નહી હોય. વ્યક્તિ પોતાના વિકાસ માટે અન્યના વિકાસને અવરોધક બનશે નહી બલ્કે અન્યના વિકાસમાં પોતાનો સહકાર આપશે. સમુદ્રમાં વિસ્તરતા જતાં મોજાંઓની જેમ સતત વિકાસની પ્રક્રિયા પરસ્પરના સહકારથી ચાલુ રહેશે. આ સમાજ એકબીજાથી ઉપર જતાં વર્તુળોનો નહી પરંતુ એકબીજામાં સમાવી વિસ્તરતા જતાં વર્તુળોનો બનેલો હશે. આમ દરેક ગામના કેન્દ્રમાં ગામ માટે ખપી જવાની ભાવના હશે. દરેક ગામ જરૂર પડે બીજા ગામ માટે ખપી જવાની ભાવનાવાળું હશે. આવા અનેક ગામો મળી ગ્રામસમાજ રચાશે કે જે એક પ્રાણવાળું શરીર બનશે. તેમાં અહંકાર કે આક્રમણને સ્થાન નહિ હોય પરંતુ નમ્ર હશે. વિશાળ દ્રષ્ટિવાળો આ ગ્રામ્ય સમાજ જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવશે.

આવા શ્રેષ્ઠ ગ્રામ્યસમાજ દ્વારા રચાયેલી પંચાયતની જવાબદારી પણ આપોઆપ વધી જાય છે. ગાંધીજીએ જણાવ્યું કે માનવીઓની દેખભાળ રાખવાની પંચાયતની પ્રાથમિક ફરજ તો છે જ પરંતુ તેની સાથેસાથે પશુઓની પણ દેખરેખ રાખવાની છે. આપણે ગાયને માતા તરીકે પૂજીએ છીએ, પરંતુ તેને પૂરતું ખાવાનું આપતાં નથી. તેથી આપણી ગાયો પૂરતું દૂધ આપતી નથી. તેથી ગાયનું દૂધ બમણું થાય તેવું કરવાનું છે તે માટે પંચાયતે ઢોરના ચારા માટે અનામત જમીન રાખવી જોઈએ. અનાજના ઉત્પાદનમાં મહત્તમ વધારો કરવા માટે પંચાયતે કુદરતી ખાતર તૈયાર કરવાનું કામ કરવું જોઈએ. પંચાયતે લોકોની તંદુરસ્તીનો પણ વિચાર કરવાનો હોવાથી છાણ, કચરો અને ગંદકી રહેવી ન જોઈએ. આ બધાં કાર્યોમાં ખર્ચ ઘટાડવા માટે ગામના પ્રાપ્ત સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો આવશ્યક છે. વડીલોના મનોરંજન માટે અને બાળકોની રમતગમત માટે પંચાયતે વ્યવસ્થા કરવી જોઈએ. સિનેમા કેળવણીનું સાધન બને ત્યારે ખરું પરંતુ આજે તો લોકોને તે બુરી બાબતો શીખવે છે. તેથી તે આપણા ગામડામાં નહી હોય. ગામનો પૈસો કોર્ટ–કચેરીમાં ન વેડફાય તે માટે વિવાદનો અંત સમાધાન દ્વારા લાવવો જોઈએ. ટૂંકમાં, પંચાયત નમૂનેદાર ગામ બનાવે કે બીજા ગામોને તેમાંથી પ્રેરણા મળે.

અંગ્રેજોના આગમન પૂર્વેનો ભારતનો ઈતિહાસ ગામડાંઓની સમદ્ધિની સાક્ષી પૂરે છે. તો અંગ્રેજોના આગમન પછીની બહુસંખ્યક સમસ્યાઓ પણ ગામડાંઓની જ છે. તેથી ભારતની આ બહુસંખ્યક સમસ્યાઓના ઉકેલ માટે ગાંધીજી ગ્રામીણ નેતાગીરી ઊભી કરવા માંગતા હતા. આ ગ્રામીણ નેતાગીરીમાંથી રાષ્ટ્રીય નેતાગીરી પંચાયતોમાંથી જ ઊભી થાય તે માટે એક સો પંચાયતો પોતાનો નેતા ચૂંટે. આવી રીતે બસો પંચાયતોના જૂથો રચાય અને એમ કરતાં કરતાં સમગ્ર ભારતને આવરી લેવાય. નેતાઓના બે પ્રકાર હોય એક રાષ્ટ્રના પ્રશ્નો અને વહીવટમાં સક્રિય રહેશે અને બીજી કક્ષાના નેતાઓ લોકસેવકો હશે. જે લોકોપયોગી કાર્યો કરશે. તેઓએ સૂચવેલી આ ગ્રામીણ નેતાગીરી રાષ્ટ્રના પ્રશ્નો ઉકેલવામાં અને સામૂહિક વિકાસ સાધવામાં ઉપકારક સાબિત થશે.

ગ્રામસ્વરાજ એ ગાંધીજીને ભારતની ભૂખથી પીડાતી અને ગરીબીથી કચડાતી જનતા સાથે હૃદયની એકતા સાથે તેનાં સુખદુઃખના ભાગીદાર થવાની સાધનાના પરિપાકરૂપે મળેલી

જડીબુટ્ટી છે. એટલે ગામડાંની સેવા કરી સ્વરાજની સ્થાપના કરવી એ જ સાચું છે. બીજું બધું મિથ્યા છે એ સ્વરાજ માટેનો તેઓનો મૂળમંત્ર હતો. તેઓ ગ્રામસ્વરાજમાં સરકારના અંકુશનો સ્વીકાર કરતા નથી. અને જણાવે છે કે ગ્રામસ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુકત થવાનો પ્રયાસ પછી ભલે તે સરકાર દેશની હોય કે પરદેશી. તેમાં અંતિમ સત્તા વ્યકિતની હશે. વ્યક્તિએ ગ્રામસ્વરાજનું ચિત્ર પ્રત્યક્ષ કરવું હશે તો તેણે પોતે પોતાનામાં સ્વરાજ પ્રાપ્ત કરવું પડશે. તેથી ગાંધીજીએ ગ્રામસ્વરાજ માનવકેન્દ્રી, શોષણમુકત વિકેન્દ્રીત સાદી અર્થવ્યવસ્થા છે તેમ કહ્યું છે.

ગાંધીજી ઈચ્છતા હતા કે ''સ્વતંત્રતાની શરૂઆત પાયાથી થાય તે માટે હિન્દુસ્તાનનું એક એક ગામ રાજય અમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય પોતાનો સમગ્ર વ્યવહાર ચલાવવાની જરૂર પડે તો આખી દુનિયા સામે પોતાનું રક્ષણ કરવા સક્ષમ હોય બહારના કોઈપણ પ્રકારના આક્રમણ સામે પોતાનું રક્ષણ કરવાની કેળવણી મેળવી હોય અને તે રક્ષણના પ્રયાસમાં પોતે ખપી જવાની તેની તૈયારી હોય. આમ, સરવાળે તો રાજયના પાયાનું ઘટક વ્યકિત બને છે.'' આવી વ્યવસ્થા આત્મનિયંત્રિત હશે. સત્તા–નિયંત્રિત નહી હોય, તેથી પંચાયત ગામની ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર બનશે. ગ્રામ સ્વરાજ એ રાજકારણ, અર્થકારણ અને સમાજકારણના ક્ષેત્રમાં અહિંસાનું પ્રગટ સ્વરૂપ છે.આમ ગાંધીજીને મન રાજકીય સત્તાઓ સાધ્ય નહી પરંતુ સાધન માત્ર હતી. તેઓએ કહયું કે ;''સાચી લોકશાહી કેન્દ્રમાં બેઠાંબેઠાં રાજવહીવટ ચલાવનારા વીસ માણસો નથી ચલાવી શકતા તે તો ઠેઠ નીચેથી પ્રત્યેક લોકોએ ચલાવવાની રહેશે'' ગાંધીજીની કલ્પનાનું ગ્રામસ્વરાજ સાચી અને શકિતશાળી લોકશાહીનું છે.

## 2.4 બંધારણસભા અને ગ્રામપંચાયતો

13મી ડિસેમ્બર, 1946ના રોજ બંધારણસભામાં બંધારણના હેતુઓ અને ઉદ્દેશો સમજાવતો ખરડો રજૂ કરવામાં આવ્યો. તેમાં વહીવટના પાયારૂપ એકમ તરીકેનો પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવતી હોવા છતાં અને રાષ્ટ્રીય ચળવળ દરમિયાન પંચાયત માટેની પ્રતિબદ્ધતા વ્યકત કરેલી હોવા છતાં તેમજ ગાંધીદર્શનના સ્પષ્ટ પ્રચાર છતાં ભારતના બંધારણના પહેલાં મુત્સદ્દામાં ગ્રામપંચાયતોની રચના અને સ્થાન વિશે કોઈ ઉલ્લેખ ન હતો. તે બાબત લોકશાહી વિકેન્દ્રીકરણની પ્રતિબધ્ધતા માટે અયોગ્ય ગણાવી શકાય.આ બાબતે ગાંધીવાદી ચિંતકોએ અવાજ ઉઠાવ્યો કે આપણે ગાંધીવાદના આધાર પર બંધારણનું ઘડતર કરી રહ્યાં છીએ પરંતુ ગાંધીવાદના આધારભૂત તત્ત્વ પંચાયતને કયાંય સ્થાન આપવામાં આવ્યું નથી. ગાંધીવાદીઓએ આ પંચાયતના સ્થાન વિષે ગાંધીજીનું ધ્યાન દોરતા અને બંધારણનો ખરડો ગાંધીજી સમક્ષ રજૂ કરતાં ગાંધીજીએ કહયું કે;''આમાં તો પંચાયતોની વ્યવસ્થા છે જ નહી....... જો ભારતને નષ્ટ થવું ન હોય તો આપણે નીચેની કક્ષાએથી કામ શરૂ કરવું પડશે. અન્યથા ઉચ્ચ અને મધ્યમકક્ષાનું તંત્ર અસ્થિર થઈ જશે. સ્વરાજનો અર્થ કેટલાંક લોકોના હાથમાં સત્તા નહી બલકે બહુમતીના હાથમાં સત્તા છે. જેનાથી તે શાસનતંત્રને નિયંત્રિત કરી શકે. અર્થાત્ વિકેન્દ્રીકરણ જ ભારતનાવહીવટીતંત્રનું સમાધાન છે.'' આ પહેલાં પણ ગાંધીજીએ હરિજનમાં લખ્યું હતું કે;''પંચાયતોને જેટલી સત્તા આપશો તેટલું પ્રજાનું ભલું થશે'' અને જણાવ્યું કે ''સ્વતંત્રતા સ્થાનિક કક્ષાએથી થવી જોઈએ એ રીતે પ્રત્યેક ગામ એક ગણરાજય કે પંચાયતીરાજ હશે. પ્રત્યેક ગામ આત્મનિર્ભર હોવું જોઈએ, તેનાથી પોતાની જરૂરિયાતોને પોતે જ પૂર્ણ કરવાની રહેશે. જેથી તે સંપૂર્ણ વ્યવસ્થા પોતે જાતે ચલાવી શકે'' આ પ્રકારના ગાંધીજીના વિચારોએ ગાંધીવાદીઓને બળ પૂરું પાડયું. આમ, બંધારણના ખરડામાં ગ્રામપંચાયતોને સ્થાન

નહી મળવાને કારણે બંધારણસભામાં તેની તરફેણ અને વિરુદ્ધ એક પ્રકારનો ચર્ચાનો દોર શરૂ થયો. ગ્રામ પંચાયતોને બંધારણમાં સ્થાન નહી મળવાથી તેની ઉગ્ર ટીકા થવા લાગી. ગ્રામ પંચાયતોના બંધારણમાં સ્થાન અંગે સૌપ્રથમ બંધારણસભામાં **શ્રીમન્નનારાયણે** અવાજ ઉઠાવ્યો અને તે પછી ટીકાઓનો દોર શરૂ થયો. **અરુણચંદ્ર** ગુહાએ ટીકા કરતાં કહ્યું ''બંધારણ ના સમગ્ર ખરડામાં આપણે કોંગ્રેસનો દષ્ટિકોણ, ગાંધીજીના સામાજિક—આર્થિક દષ્ટિકોણનો કયાંય ઉલ્લેખ કર્યો નથી તથા આગળ ઉમેર્યું કે ગામડાંને બેઠા કરવાનો સંકલ્પ બંધારણમાં વ્યકત થતો નથી. ભારતનું ભાવિ બંધારણ પિરામીડ આકારનું હોવું જોઈએ અને તેના પાયામાં પંચાયતો હોવી જોઈએ.''**ગોકુલભાઈ દોલતરામભટ્ટે**કહ્યું ''પંચાયતી રાજ વિનાનું ભારતનું બંધારણ હોઈ જ ન શકે પંચાયતોના આધાર વિના ભારતનું વિશાળ ભવન પડી જશે.'' દામોદર સ્વરૂપ શેઠે કહયું કે ''જે બંધારણમાં ભારતના લાખો ગામડાંઓનો કોઈ ઉલ્લેખ નથી અને એમને વહીવટના એકમ તરીકે ગણવામાં આવ્યા નથી, તે બંધારણ લાંબું ટકશે કે કેમ તે બાબતમાં મને ભારે શંકા છે.''**પ્રો.શિબનલાલ સકસેના**એ કહ્યું કે ''ખુદ મહાત્મા ગાંધીજીએ બંધારણ ઉપરના પોતાના વિચારોમાં ગ્રામપંચાયતોને અગત્યનું સ્થાન આપ્યું છે ત્યારે આપણે અહીયા તેને હડધૂત કરીએ છીએ તેનું મને દુઃખ છે.''**ટી.પ્રકાશને**કહ્યું કે;''ડૉ. આંબેડકરે મેટ્કાફના લખાણોનું બરાબર અર્થઘટન કર્યું નથી. આપણાં ગામડાંઓ હજારો વર્ષોની આપત્તિઓ સામે ટકી શકયાં છે તે વાતનો સહૃદયતાપૂર્વક સ્વીકાર થવો જોઈએ અને તેમને વધુ સમૃધ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.''**કે. સંથનમે** કહ્યું કે;''આ દેશની ભાવિ સ્વતંત્રતા માટે આપણે જે મૂળભૂત તંત્રની રચના કરીએ છીએ તેના પાયામાં દરેક ગામની સ્થાનિક સ્વાયત્તતા હોવી જોઈએ.''**આર.કે.સિંધવે** કહયું કે;''આપણી લોકશાહી માટેનું આજ બંધારણ હોય તો મારે કહેવું જોઈએ કે ડૉ. આંબેડકરે ગામડાંઓની સ્થાનિક સ્વાયત્તતાઓનો અસ્વીકાર કરીને લોકશાહીને નકારાત્મક બનાવી છે.'' બંધારણસભાના આ સભ્યોની ટીકાઓનો જવાબ આપતા અને ગામડાંઓને વહીવટના પાયાના એકમ તરીકે ગણતા સમર્થકો પર પ્રહાર કરતા આંબેડકરે કહ્યું હતું કે, તેમને આશ્ચર્ય છે કે જેઓ પ્રાંતવાદ અને કોમવાદની નિંદા કરે છે તેઓએ ગામડાંના ઉદ્ધારક તરીકે બહાર આવવું જોઈએ. ડૉ. આંબેડકર ગ્રામપંચાયતની રચનાની તરફેણમાં ન હતા. તેથી તેઓએ કહયું હતું કે, ''ગ્રામ સ્થાનિક અજ્ઞાનનો અડ્ડો, સંકુચિત માનસ અને સાંપ્રદાયિકતા સિવાય બીજું શું છે.......... મને પ્રસન્નતા છે કે ભારતના બંધારણના ખરડામાં ગામનો બહિષ્કાર કરવામાં આવ્યો છે અને વ્યકિતને એકમ માનવામાં આવ્યું છે.'' આમ ડૉ. આંબેડકર વહીવટતંત્ર અને વિકાસ માટે ગામને પાયાનું એકમ માનવાને બદલે વ્યકિતને પાયાનું એકમ બનાવવા ઈચ્છતા હતાં. આ પ્રકારના ડૉ.આંબેડકરના વિચારોનો અનેક બંધારણસભાના સભ્યોએ વિરોધ કર્યો હતો. તેથી, ડૉ.આંબેડકર અને બંધારણસભામાં બંધારણમાં ગ્રામપંચાયતને સ્થાન આપવાના સમર્થકોના વિરોધને શાંત પાડવા માટે જયારે બંધારણસભામાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની ચર્ચા થઈ રહી હતી ત્યારે **ડી.કે. સંથનમે** એક પ્રસ્તાવ રજૂ કર્યો કે રાજય ગ્રામપંચાયતોની રચના કરે અને તેને અધિકારો પણ આપે જેથી તે સ્વાયત્ત શાસન સારી રીતે કરી શકે. આ સુધારાનો ડૉ.આંબેડકરે સ્વીકાર કરતાં રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતોને સ્થાન આપવામાં આવ્યું. બંધારણની કલમ 40માં રાજયોને પંચાયતોની રચના કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો. બંધારણની 7મી અનુસૂચિ (રાજયયાદી)ના પરિશિષ્ટ—5માં ગ્રામપંચાયતોને સમાવીને કાયદો ઘડવાનો અધિકાર રાજયને આપવામાં આવ્યો છે. આમ ગ્રામ પંચાયતોને બંધારણમાં સ્થાન મળ્યું અને બંધારણની જોગવાઈ પ્રમાણે ભારતીય સંઘના રાજયોએ કાયદાઓ ઘડવાની પ્રક્રિયા આરંભી.

## 2.5 સ્વાતંત્ર્ય પશ્ચાત ભારતમાં પંચાયતીરાજની વિકાસની પ્રક્રિયા અને સ્થાપના

ભારતમાં પંચાયતી વ્યવસ્થાના મૂળ પ્રાચીન સમય સુધી વિસ્તરેલા હોવા છતાં સમય સંજોગોને કારણે પંચાયતીરાજ વ્યવસ્થા મૃતઃપાય અવસ્થામાં હતી. તેના વિકાસની પ્રક્રિયા અને આધુનિક સ્વરૂપ આપવાનું કાર્ય અંગ્રેજોના શાસન દરમિયાન વીસમી સદીના પૂર્વાધમાં શરૂ થયું હતું. તેમાં સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન અનેક વખત આ પંચાયતીરાજ વ્યવસ્થાને સુદૃઢ બનાવવાની માંગણી થતી રહી અને સ્વતંત્ર પ્રાપ્તિ પછી પંચાયતી વ્યવસ્થાને પુનર્જીવિત કરી રાષ્ટ્રનિર્માણના એક સાધન તરીકે તેને સ્વીકારવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો જેમાં સામુદાયિક વિકાસ યોજનાથી શરૂ થયેલી આ પ્રક્રિયા અને બળવંતરાય મહેતા સમિતિએ પંચાયતીરાજ વ્યવસ્થાને આખરી આકાર આપતા સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી સમગ્ર ભારતમાં પંચાયતીરાજની સ્થાપના થઈ.

### 2.5.1 સામુદાયિક વિકાસ યોજના

સ્વતંત્રતાની "પ્રાપ્તિ સમયે કેન્દ્ર સરકાર સમક્ષ બે મહત્ત્વના પડકાર હતા અને તે રાષ્ટ્રનિર્માણનું અને રાષ્ટ્રના વિકાસનું. **શ્રી પંડિત જવાહરલાલ નહેરુ**એ પંચવર્ષીય યોજનાઓના માધ્યમથી આ પડકારને પહોંચી વળવાનું પસંદ કર્યું. પ્રથમ પંચવર્ષીય યોજનાના પ્રારંભે જ નહેરુને લાગ્યું કે પ્રજાની ભાગીદારી અને પ્રજાના સહકાર દ્વારા જ રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્રના વિકાસના લક્ષને સિધ્ધ કરી શકાશે. તેથી 2જી ઓકટોબર 1952ના રોજ કેન્દ્ર સરકારે સામુદાયિક વિકાસ કાર્યક્રમની શરૂઆત કરી. આ સામુદાયિક કાર્યક્રમને ઝડપી અને સફળ બનાવવા માટે પંચાયતીરાજ અને સામુદાયિક વિકાસ મંત્રાલયની સ્થાપના કરી અને તેની જવાબદારી એસ.કે.ડે ને સોંપવામાં આવી. આ સામુદાયિક વિકાસ કાર્યક્રમનો હેતુ હતો કે આર્થિક આયોજન અને સામાજિક પરિવર્તન માટેની રાષ્ટ્રીય યોજનાઓ અને કાર્યક્રમોમાં ગ્રામીણ પ્રજામાં સક્રિય રુચિ ઉત્પન્ન થાય તથા ગ્રામીણક્ષેત્રે આર્થિક અને સામાજિક જીવનમાં પરિવર્તન લાવવામાં પ્રજાના પોતાના પ્રયાસો હોય તેવી પ્રજા પાસે અપેક્ષા હતી. આ માટે સમુદાયની પાયાની જરૂરિયાતોને લક્ષમાં લઈને જ તે પ્રમાણે કાર્યક્રમો કરવા અને તે માટેના તમામ પ્રયત્નોને કેન્દ્રિત કરવા. પંચાયત પ્રધાન **શ્રી એસ.કે.ડે.** એ વિચાર્યું કે જો પ્રજાની વચ્ચે કામ કરતી સંસ્થાઓ સમાંતર વ્યવસ્થા ઊભી કરે અને સરકારના સહકારમાં રહીને વિકાસ કાર્યોની જવાબદારી ઉપાડે તો વિકાસના કાર્યોને વેગ મળે અને જુસ્સો જળવાઈ રહે એટલું જ નહી સરકારી તંત્રનું ભારણ પણ ઓછું થાય. તેથી તેની સાથે જ ગ્રામીણ વિકાસ માટે નવાં વહીવટી એકમોની સ્થાપનાની જરૂરિયાત ઊભી થઈ અને સામુદાયિક વિકાસ બોર્ડની સ્થાપના કરવામાં આવી. અને બ્લોક સ્તર પર બ્લોક વિકાસ અધિકારી પર વિકાસ કાર્યની જવાબદારી સોંપવામાં આવી. જો કે આ વ્યવસ્થાની હોદ્દાની વહીવટી સત્તામાં વધારો થયો પરંતુ પ્રજા પાસેથી અપેક્ષિત સહકાર ન મળ્યો. આમ સરકાર દ્વારા અમલી સામુદાયિક વિકાસ કાર્યક્રમે ગ્રામીણ પ્રજાને આયોજનના વર્તુળમાં લાવી દીધી પરંતુ ગ્રામીણ કક્ષાએ સામુદાયિક વિકાસ કાર્યક્રમોના અમલમાં પ્રજાની ભાગીદારી વધારવામાં અને સરકારીતંત્ર વહીવટીતંત્ર થી પ્રજાના અંતરને ઓછું કરવામાં નિષ્ફળ રહયું. પ્રજાને એવું લાગ્યું કે આ સમગ્ર કાર્યક્રમ સરકારનો છે અને બધું જ સરકારે કરવાનું છે. તેથી આપણે તેમાં કશું કરવાનું રહેતું નથી આવી ભાવના વિકાસ પામી તેથી સામુદાયિક વિકાસ કાર્યક્રમને જોઈએ એટલી સફળતા મળી નહી. અને પ્રજાભિમુખ કાર્યક્રમને જોઈતી નેતાગીરી પૂરી પાડવામાં સરકારનું અમલદારશાહીતંત્ર નિષ્ફળ જવા લાગ્યું.

1952માં સામુદાયિક વિકાસ કાર્યક્રમના પ્રારંભ પછી શાસકોને લાગ્યું કે "ગ્રામકક્ષાએ કોઈ ચોકકસ સંસ્થા કે સમુદાયનું પ્રતિનિધિત્વ કરે, જવાબદારીપૂર્વક કાર્ય કરે અને જરૂરી

નેતૃત્વ પૂરું પાડે તે સિવાય વિકાસ કાર્યક્રમોનો અમલ વાસ્તવિક ગ્રામવિકાસ માટે થઈ શકશે નહી.'' આ બાબતને ધ્યાનમાં રાખી ભારતમાં પંચાયતી રાજનો અમલ થયો તે પહેલા ગ્રામવિકાસની યોજનાઓ સામુદાયિક વિકાસ'ના કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી. આમ 'સામુદાયિક વિકાસ' એટલે ભૌગોલિક રીતે એકબીજાની નજીક રહેતા લોકોની સામાજિક અને આર્થિક જીવનપદ્ધતિમાં ગુણાત્મક તેમજ સંખ્યાત્મક પરિવર્તન'' આમ સામુદાયિક વિકાસ માટે જે અપેક્ષાઓ વ્યકત કરવામાં આવી હતી તેમાં અપેક્ષિત પરિણામો નહી મળવાથી તેને વધુ સારી રીતે સફળ બનાવવા અને લોકોની સક્રિય ભાગીદારી વધારવાના હેતુથી તેનું મૂલ્યાંકન કરવા શ્રી બળવંતરાય મહેતાના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવી.

### 2.5.2 બળવંતરાય મહેતા સમિતિ રચના અને પંચાયતીરાજની સ્થાપના

સ્વતંત્ર ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજનાના પ્રારંભે ગ્રામ્યવિસ્તારના વિકાસ અને સ્થાનિક લોકોની સહકારની અપેક્ષા રાખવામાં આવી હતી તેને ચરિતાર્થ કરવા માટે ઓકટોબર 1952માં સામુદાયિક વિકાસ યોજના શરૂ કરવામાં આવી. પરંતુ પ્રથમ પંચવર્ષીય યોજના પૂર્ણ થવા આવી ત્યારે ખ્યાલ આવ્યો કે સામુદાયિક વિકાસ યોજના લોકોની યોજના બનવાને બદલે તે માત્ર સરકારની યોજના બની રહી છે. તેથી તેનું મૂલ્યાંકન કરવા માટે 16મી જાન્યુઆરી 1957ના રોજ શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની ભારત સરકાર દ્વારા રચના કરવામાં આવી. આ સમિતિએ એક; વહીવટ કરકસરયુકત તથા કાર્યદક્ષતાથી ચાલે અને બે; વધુ ને વધુ લોકો તેમાં સહભાગી બને. તે બે મુદ્દાઓને નજરસમક્ષ રાખીને પ્રશ્નાવલિ તૈયાર કરી. ભારતના વિવિધ પ્રદેશોનો પ્રવાસ કર્યો અને ગ્રામ્ય વિસ્તારના આગેવાન ખેડૂતો, રાજકીય સામાજિક કાર્યકરો, નેતાઓ, ધારાસભ્યો વગેરેની મુલાકાત લઈને એક અહેવાલ તૈયાર કર્યો અને 24મી નવેમ્બર 1957ના રોજ અહેવાલ સરકાર સમક્ષ રજૂ કર્યો.

બળવંતરાય મહેતા સમિતિએ પોતાના અહેવાલમાં ત્રણ સિદ્ધાંતો તારવ્યા.

1. સામુદાયિક વિકાસ અને સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ એટલે કે ગ્રામ્યવિસ્તારના કાર્યો તેની સ્થાનિક લોકશાહી સંસ્થા દ્વારા થવા જોઈએ.
2. આ સ્થાનિક લોકશાહી સંસ્થાઓ કાયદા દ્વારા સ્થપાય અને કાયદા દ્વારા તેને કાર્યો સોંપાય.
3. આ સંસ્થાઓ પોતાના કાર્યો સંતોષકારક રીતે કરી શકે તે માટે તેમને પૂરતી નાણાકીય વ્યવસ્થા અને કર્મચારીઓ પૂરા પાડવા જોઈએ.

આ ત્રણ મુખ્ય બાબતોને કેન્દ્રમાં રાખીને શ્રી બળવંતરાય મહેતા સમિતિએ પોતાના અહેવાલમાં સૂચનો કર્યા હતાં.

1. ગ્રામકક્ષાથી જિલ્લા કક્ષા સુધી એકબીજાને સાંકળતી ત્રણ સ્તરની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ રચવી જોઈએ.
2. પંચાયતરાજની સંસ્થાઓને સાચા અર્થમાં સત્તા અને જવાબદારી સોંપવા.
3. આ સંસ્થાઓને પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે પૂરતા પ્રમાણમાં નાણાંકીય સાધનોની ફાળવણી કરવી.
4. આ સ્તરની તમામ કલ્યાણકારી અને વિકાસને લગતી યોજનાઓ અને કાર્યક્રમો આ સંસ્થાઓ મારફત થવાં જોઈએ.
5. જે કાર્યો નીચલા સ્તરે થઈ શકતા હશે તે ઉપલા સ્તરે કરવાની તક ન આપવી.

6. ત્રણેય સ્તરની પધ્ધતિ એવી હોવી જોઈએ કે ભવિષ્યમાં સત્તા અને જવાબદારીનું વિસ્તરણ વધુ સરળ બને.

શ્રી બળવંતરાય મહેતા સમિતિનો કેન્દ્રસરકાર દ્વારા સ્વીકાર થતાં સૌ પ્રથમ ૨ સપ્ટેમ્બર, 1959ના રોજ રાજસ્થાનની વિધાનસભાએ પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદ અધિનિયમ પસાર કરતા તેનો અમલ ૨ ઓકટોબર 1959ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ રાજસ્થાનના નાગોર જિલ્લામાં પંચાયતી રાજનું ઉદ્‌ઘાટન કરી ગ્રામીણ વિકાસનો પ્રારંભ કર્યો. પંચાયતીરાજનું ઉદ્‌ઘાટન કરતાં નહેરુએ જણાવ્યું કે ''નવાભારતના સંદર્ભમાં આ ક્રાંતિકારી અને ઐતિહાસિક પગલું છે' એસ.કે.ડે ને સ્વતંત્ર ભારતનાં પંચાયતીરાજના શિલ્પી ગણવામાં આવે છે. તેઓએ પંચાયતીરાજ અંગે જણાવ્યું કે પંચાયતીરાજ એ વ્યકિતને બ્રહ્માંડ સાથે જોડતી કડી છે. રાષ્ટ્રીય લોકશાહીના પરિપ્રેક્ષ્યમાં તેમણે ગ્રામસભાથી લોકસભા વચ્ચેના સઘન અને અંગભૂત સંબંધોની કલ્પના કરી હતી. શ્રી નહેરુએ ગ્રામીણ વિકાસ માટેની આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે પંચાયતીરાજ શબ્દ પ્રયોજયો હતો. તો તે પછી 11મી ઓકટોબર 1959ના રોજ આંધ્રપ્રદેશના નાંદેડ ખાતે શ્રી નહેરુએ પંચાયતીરાજનો પ્રારંભ કરાવ્યો. અને તે પછી સમગ્ર દેશમાં વિવિધ રાજયોએ પંચાયતીરાજ અધિનિયમો પસાર કર્યા. 1960માં આસામ અને કર્ણાટકમાં, 1962માં મહારાષ્ટમાં, 1963માં ગુજરાતમાં, 1964માં પ.બંગાળમાં અને તે પછી 1968માં હિમાચલમાં પંચાયતીરાજ અમલમાં આવ્યું અને ક્રમશઃ વિસ્તરતું રહયું છે. મોટાભાગના રાજયોએ ત્રિસ્તરીય માળખું અપનાવ્યું હતું.

## 2.6 સારાંશ

ભારતમાં પંચાયતી રાજનો ખ્યાલ પ્રાચીન સમયથી જોવા મળે છે. કાળક્રમે તેનું નામ, સ્વરૂપ અને કાર્ય પદ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. આ એકમના સાર બિંદુઓ નીચે મુજબ છે.

- સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયત રાજ વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ તમે કર્યો. જે અંતર્ગત પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા, મધ્યકાલીન સમયમાં પંચાયત વ્યવસ્થા, બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસોની જાણકારી તમે મેળવી છે.
- ગાંધીજીનો ગ્રામ સ્વરાજ અંગેનો ખ્યાલ પણ તમે સમજયા.
- સ્વાતત્ર્ય બાદ ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા તમે જાણી છે. જેમાં સામુદાયિક વિકાસ યોજના, બળવતરાય મહેતા સમિતિની રચના અને સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયત રાજ વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ તમે કર્યો. જે અંતર્ગત પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા, મધ્યકાલીન સમયમાં પંચાયત વ્યવસ્થા, બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસોની જાણકારી તમે મેળવી છે.
- ગાંધીજીનો ગ્રામ સ્વરાજ અંગેનો ખ્યાલ પણ તમે સમજયા.
- સ્વાતત્ર્ય બાદ ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા તમે જાણી છે. જેમાં સામુદાયિક વિકાસ યોજના, બળવતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતી રાજની સ્થાપના વિશે સમજૂતી મેળવી.

## 2.7 ચાવીરૂપ શબ્દો

- **બંધારણસભા :**સ્વતંત્ર ભારતમાં લોકશાહી રાજ્ય વ્યવસ્થાના સુચારું સંચાલન માટે બંધારણની રચના કરવા પ્રજાની પ્રતિનિધિઓની બનેલી બંધારણ ઘડનારી કેન્દ્રીય ધારાસભાને બંધારણ સભા તરીકે ઓળખાવી શકાય.
- **ચરિયાણ :** ગામમાં પશુઓને ચરવા માટે ગ્રામ પંચાયત દ્વારા અનામત રાખવામાં આવેલી જમીનને ચરિયાણ કહેવામાં આવે છે.
- **આત્મનિર્ભર :** સ્વાવલંબનનો પરિયાય શબ્દ છે જેનો અર્થ છે જરૂરિયાત મુજબની વસ્તુઓના ઉત્પાદનની ક્ષમતા કેળવવી.

## 2.8 સ્વાધ્યાય

**(અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. પ્રાચીન સમયમાં પંચાયતી વ્યવસ્થા.

2. બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થાની વિકાસ પ્રક્રિયા.

3. ગાંધીજીનું ગ્રામ સ્વરાજ.

4. સામુદાયિક વિકાસ યોજના.

5. બંધારણસભામાં પંચાયતીરાજ અંગેની ચર્ચા સ્પષ્ટ કરો.

6. બળવંતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતીરાજનો ઉદ્ભવ જણાવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**(બ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

1. રાજાવિહીન ગણતંત્રને ______________ કહેવામાં આવતું.
2. વૈરાજયનો ઉલ્લેખ ______________ માં છે.
3. ચીની મુસાફર ______________એ પંચાયતોનું વર્ણન કરેલું છે.
4. ગ્રામપંચાયતોને______________ એ નાના પ્રજાસત્તાકો તરીકે ઓળખાવી છે.
5. 1909ના કોંગ્રેસના ______________ખાતેના અધિવેશનમાં સ્થાનિક સંસ્થાઓ માટેની માંગણી કરી.
6. બંધારણની કલમ ______________ માં માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
7. સામુદાયિક વિકાસ યોજનાનો પ્રારંભ ઈ.સ. ______________ માં કરવામાં આવ્યો.
૮. પંચાયતીરાજનો અમલ કરનાર સૌપ્રથમ રાજય ______________ હતું.
૯. પંચાયતીરાજનો અમલ ______________ના રોજ ______________ એ કર્યો.

## 2.9 સંદર્ભ સૂચિ

1. શાહ બી.સી., : 'ભારતમાં પંચાયતીરાજ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1981.
2. આગજા બલદેવ : ' 73માં બંધારણીય સુધારા પશ્ચાત ભારતમાં પંચાયતીરાજ ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. શુકલ ગજેન્દ્ર : ' પંચાયતીરાજ ' , ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, 2013-14.
4. शर्मा हरिश्चंद्र : 'भारत में स्थानिय प्रशासन' , कॉलेज बुक डिपो, जयपुर.
5. શેઠ પ્રવિણ (સં), : 'પંચાયતીરાજ અને વિકાસ' ,પં. નહેરુ જન્મશતાબ્દી સમિતિ, અમદાવાદ, 1989.
6. ઝાલાડી.ડી.,: 'બળવંતરાય મહેતા : રાજકીય નેતૃત્વ ', સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, 1990.
7. ઝાલાડી.ડી.(સં), : 'પંચાયતીરાજ લોકભાગીદારી તરફ' , ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, 1996.
૮. મરચન્ટ આમ્રપાલી (અનુ.) : 'પંચાયતીરાજ (કાયદા થી ચળવળ સુધી)' , પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, 1996.
૯. વૈષ્ણવ બિપિનચંદ્ર (સં), : 'પંચાયત પરિચય' ,નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, 1995.

# એકમ-3 પંચાયતીરાજ અને સામુદાયિક વિકાસ યોજના

રૂપરેખા

3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.2 ગ્રામસમુદાયનો અર્થ
3.3 ગ્રામ સામુદાયિક વિકાસ યોજના
3.4 સામુદાયિક વિકાસ યોજનાના મુખ્ય લક્ષણો
3.5 સામુદાયિક વિકાસ યોજનાના પરસ્પર અવલંબન ઉપર ભાર
3.6 સામુદાયિક વિકાસ યોજના અને પંચાયતીરાજ
3.7 વિકાસ યોજનાના સિદ્ધાંતો
3.8 સામુદાયિક વિકાસ યોજનાના નિષ્ફળતાના કારણો
3.9 ગ્રામીણ વિકાસની યોજનાઓ
3.10 સારાંશ
3.11 ચાવીરૂપ શબ્દો
3.12 સંદર્ભસૂચિ
3.13 તમારી પ્રગતિ ચકાસો

## 3.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી નીચેની બાબતોથી માહિતગાર થશે.

- ગામડા વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- સમુદાય વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- સામુદાયિક વિકાસ યોજના વિશે સમજ મેળવી શકશો.

## 3.1 પ્રસ્તાવના

2001ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં 70% લોકો ગામડાંમાં વસે છે. ઉદ્યોગ અને રોજગારી વધવાને કારણે શહેરમાં વસતી વધારો થયો પણ તેમ છતાં ગ્રામ સમુદાયમાં વસ્તીનું પ્રમાણ હજુ નોંધપાત્ર છે. 1947માં દેશ આઝાદ થયો, 1950માં બંધારણ અમલમાં આવ્યું અને 1951માં કેવી રીતે વિકાસ કરવો. દેશની અંદર વિકાસ કરવા માટે કેવા કાર્યક્રમો કરવા તે માટે આયોજન થયું અને ગ્રામ સામુદાયિક વિકાસ યોજનાની શરૂઆત થઈ જે માટે બે વસ્તુ સમજવી પડે.

**સમુદાય અને વિકાસ**

સમુદાય એટલે કોઈ ભૌતિક સીમા ધરાવતો પ્રદેશ, સ્થળ કે વિસ્તાર જેમાં અમારાપણાની ભાવના કેન્દ્રસ્થાને છે. કોઈ નિશ્ચિત પ્રદેશનું સ્થળ સાથે જોડાયેલો વ્યક્તિઓનો

સમૂહ એટલે સમુદાય. વિકાસ એટલે કે પ્રમાણ વધવું તેમાં પ્રગતિ અને પરિવર્તન ઘટકો છે પણ જે પરિવર્તન ઉર્ધ્વગામી હોય તે વિકાસ તરીકે ઓળખાય.



## 3.2 ગ્રામ સમુદાયનો અર્થ

- **ગામડું**

વ્યવસાયની દૃષ્ટિએ ગામડામાં ખેતી પર આધારિત વ્યવસાય હોય છે. જે કુદરત ઉપર આધારિત છે. તેમાં ખેતી, પશુપાલન વગેરે વ્યવસાય આવે છે. જ્યારે શહેરમાં અનેક પ્રકારના વ્યવસાયો જોવા મળે છે. ગીચતાની દૃષ્ટિએ જોઈએ તો શહેરમાં ગીચ વસ્તી હોય છે. જ્યારે ગામડાંમાં છૂટા-છવાયા વસવાટો ખુલ્લી જગ્યાઓ વધારે જોવા મળે છે. ગામડામાં નિકટવર્તી પ્રાથમિક સંબંધો વધુ જોવા મળે છે. જ્યારે શહેરની અંદર વૈવિધ્ય વધુ જોવા મળે છે. આથી ત્યાં સંબંધોમાં લાગણીભાવ જોવા મળતો નથી. જ્યારે ગામડામાં લાંબાગાળાનાં સંબંધો જોવા મળે છે. આ ઉપરાંત પરંપરાગત જીવન વધારે જોવા મળતું હોય છે. આ બધી ગામડાની અને શહેરની લાક્ષણિકતા છે. જેમાં શહેર ગામડાથી અને ગામડું શહેરથી જુદું પડે છે. આ લાક્ષણિકતાઓને આધારે પરંતુ કોઈપણ સમાજની અંદર એ સંપૂર્ણપણે શહેર હોતું નથી. ગામડાંમાં સંબંધો આત્મિયતાવાળા હોય છે. જ્યારે શહેરી સમાજની અંદર વસ્તીનું પ્રમાણ વૈવિધ્યવાળું હોય છે.

- **સમુદાય**

સમુદાય શબ્દ લૅટિન ભાષાના com તથા munis શબ્દોથી બન્યો છે. જેમાં comનો અર્થ Togethor અર્થાત્ એક સાથે તથા munisનો અર્થ Serving(સેવા કરવી). આમ સમુદાયનો અર્થ એક સાથે મળીને સેવા કરવી. આમ વ્યક્તિઓનો એવો સમૂહ જેમાં પરસ્પર હળી-મળીને રહેવાની ભાવના તથા પરસ્પર સહયોગ દ્વારા આપણા અધિકારોનો ઉપયોગ કરવો. પ્રત્યેક સમુદાયમાં મનોવૈજ્ઞાનિક લગાવ તથા અમારાપણાની ભાવના હોય.

- **મેકાઈવર**

સમુદાય સામાજિક જીવનના એ ક્ષેત્રને કહેવાય છે કે જે સામાજિક સંબંધના અથવા સામંજસ્ય માત્રમાં જાણવામાં આવે છે.

- **બોગાર્ડસ**

સમુદાય એક સામાજિક સમૂહ છે. જેમાં અમારાપણાની ભાવનાની માત્રા એક નિશ્ચિતક્ષેત્રમાં હોય છે.

- **એમ. મજુમદાર**

સમુદાય કોઈ નિશ્ચિત ભૂ-ક્ષેત્ર, ક્ષેત્રની કોઈપણ સીમામાં રહેવાવાળા વ્યક્તિઓનો સમૂહ જો સામાન્ય જીવન વ્યતીત કરતા હોય છે.

## 3.3 ગ્રામ સામુદાયિક વિકાસ યોજના

આયોજના C.D.P (Communication Development Programme)ના નામથી ઓળખાય છે. કોઈપણ વિકાસનો સંબંધ એ સંખ્યા સાથે પણ જોવા મળે છે. જેમ કે 1991માં શિક્ષણનું પ્રમાણ કેટલું હતું. એમાં કેટલા ટકા છોકરીઓનું પ્રમાણ હતું. 2001માં કેવો વધારો થયો છે આમ શિક્ષણમાં કેવો વિકાસ થયો છે. એ સંખ્યાની દૃષ્ટિએ પણ જોઈ શકાય છે. જેમાં વિસ્તાર ફેલાવો વ્યાપનો આધાર પણ જોઈ શકાય વિકાસનું પ્રમાણ વધે એની સાથે સાંકળી

શકાય. વિકાસનો ખ્યાલ પણ કેટલેક અંશે પ્રગતિ સાથે સંકળાયેલો છે. આમ વિકાસનો ખ્યાલ એ ભૌતિક સંપત્તિ સાથે સંકળાયેલો છે. આ સામુદાયિક વિકાસ યોજનાનો મૂળ ખ્યાલ છે.

બીજા વિશ્વયુદ્ધ પછી યૂનોની સ્થાપના થઈ. જેમાં વિકાસની પ્રક્રિયા વિશ્વમાં મોટાભાગના દેશોએ લોકશાહી પદ્ધતિ વિકસાવી અને સામુદાયિક વિકાસ યોજનાનો વિચાર રજૂ કર્યો. 1948માં CambridgeCentre NCCસામુદાયિક શિક્ષણના પર્યાય તરીકે વિકાસ શબ્દનો ઉપયોગ થતો હતો. વિકાસ એટલે કે પ્રમાણ વધવું, તેમાં પ્રગતિ અને પરિવર્તન ઘટકો છે. પરિવર્તન ઉર્ધ્વગામી હોય તે વિકાસ તરીકે ઓળખાય. સમુદાયનાં લોકો સહભાગી બને, જાતે અગ્રેસર થઈને સક્રિય બની અને ઉત્સાહ થઈ સારું જીવન જીવવા માટે સમગ્ર સમુદાય જોડાય. આ પ્રકારની પદ્ધતિએ સામુદાયિક વિકાસ છે. બીજા દેશોના અનુભવ ઉપરથી એવું ફલિત થાય છે કે માત્ર સારું બંધારણ હોય એ પુરતું નથી પણ લોકો જીવનમાંરસ લે. ભાગીદાર થાય એવો રાજકીય વિકાસ પણ જરૂરી છે. આમાં આ પદ્ધતિ પહેલા સામાજિક, આર્થિક પરિસ્થિતિને સુધારવી પડે. આ પ્રકારની યોજનાઓ એની એ જુદી-જુદી પ્રવૃત્તિઓ છે. એટલે કે યુનોની જે પહેલી બેઠક થઈ એમાં સરકારી વહીવટીતંત્રમાં જે ગ્રામ સામુદાયિક વિકાસનાં આ શબ્દ પહેલીવાર ઉપયોગ કર્યો. જેમાં લોકો પોતે અને સરકારના સતાના મંડળો એવીરીતે જોડાય છે. જેથી સમુદાયને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિમાં સુધારો થાય અને તે દેશનાં વિકાસમાં લોકો પોતે સહભાગી બને. આ કાર્યક્રમમાં દેશના જુદાં જુદાં કાર્યક્રમોના એકભાગ રૂપે જ આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી, જેવી કે આર્થિક યોજના, સામાજિક યોજના, આરોગ્યલક્ષી યોજના વગેરે જેવા કાર્યક્રમોના એક ભાગરૂપ છે. આ ગ્રામ સામુદાયિકની પ્રક્રિયા છે.

- સતત ચાલતી પ્રક્રિયા છે.
- લોકોને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિ છે.

એમાં સહભાગીપણું મહત્ત્વનું છે. આ ઉપરાંત નાના-નાના સમુદાયોને દેશના સંદર્ભમાં સક્રિય કરી તેની ભૂમિકા ભજવવાની શક્તિમાં વધારો કરવો એટલે એમાં સમૂહની ભાગીદારી સમૂહની પહેલ અને સમૂહનાં કલ્યાણ માટેની સામુહિક વિકાસની પ્રવૃત્તિ છે.આંતરરાષ્ટ્રીય કક્ષાએ “સામુદાયિક વિકાસએ એવી પ્રયુક્તિ છે કે જે ઘણી સરકારો અપનાવે છે, જે દ્વારા ગ્રામીણ લોકો સ્થાનિક રીતે અગ્રેસર થઈ વધુ અસરકારક બને. વધુ ઉત્પાદન અને સારા જીવન તરફ વળે એવા પ્રકારની સામાજિક ક્રિયા છે. જેમાં લોકો જાતે સંગઠિત બની પોતાની જરૂરીયાતો અને સાધનો ઓળખી વ્યક્તિગત યોજનાઓ બનાવે અને મહદ્ અંશે પોતાના સાધનો ઉપર આધાર રાખીજેમાં સરકાર કે અન્યની મદદ મેળવી પોતાની સમસ્યાઓનું નિવારણ કરે.”

## 3.4 સામુદાયિક વિકાસ યોજનાના મુખ્ય લક્ષણો

સામુદાયિક વિકાસનો કાર્યક્રમ 1952માં ગ્રામીણ વિકાસનો હતો. જે પાછળથી 1958 સુધીમાં શહેર સાથે પણ જોડવામાં આવ્યો. એમાં મુખ્ય ત્રણ બાબતો છે.

1. આ પ્રક્રિયાને શરૂ કરતાં પહેલાં લોકશાહી પ્રકારનું સહભાગીપણું.
2. બની શકે તેટલી આત્મનિર્ભરતા જાતે ઊભી કરવી.
3. એકરૂપ બનવા માટે સરકારી કે બિનસરકારી મદદનો સ્વીકાર.

- આ યોજનામાં ગ્રામીણ લોકો જાતે પોતાના સામાજિક પરિવર્તન માટે એકત્રિત થાય. એમનામાં પોતાના વિશેની સભાનતા કેળવાય તો તે જવાબદારી ઉપાડતા થાય.

- આ યોજનામાં સમાજના દરેક કુટુંબો ભાગ લે અને સ્વેચ્છાએ કામ કરે એ આ વિકાસનો પાયો છે. આમાં લોકોએ પોતાની જાતે જ પોતાનો વિકાસ કરવાનો છે.

1. આમાં લોકોનો સહકાર હોય તમામ લોકોને ન્યાય મળે એવો આ યોજનાનો આશય છે.
2. આ એક એવી પદ્ધતિ છે જે દ્વારા સામાજિક નીતિના ઈચ્છનીય ધ્યેયો સિદ્ધ કરી શકાય. આ એક પ્રકારનું આંદોલન છે.
3. જેમાં ગ્રામીણ સમાજમાં પરિવર્તન લાવવાની વાત છે. આમાં સમાજના સામાજિક અને આર્થિક પાસાંના સુધારણા કરવાનું ધ્યેય છે.
4. લોકોના વિકાસ માટે લોકોનું સહભાગીપણું મહત્ત્વનું છે.
5. સમુદાયના લોકો પોતે જ અગ્રેસર થાય, પોતે જાતે જ નેતૃત્વ લે. પોતે સ્વેચ્છાએ ભેગા થાય અને પોતાની વિવિધ સમસ્યાઓ હલ કરવાનું વિચારે પોતાના વિકાસની બાબતમાં વિચારે જેમાં પરસ્પરની મદદ મહત્ત્વની બાબત છે.
6. જેમાં આયોજનમાં લોકો પોતાનાં પ્રયત્નોની કાર્યક્રમને અસરકારક બનાવવા પ્રયત્નો કરે છે.
7. સામુયિક વિકાસ યોજનાના મહત્ત્વનાં મૂલ્યો જોઈએ તો વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં શ્રદ્ધા રાખવી, વિશ્વાસ કરવો, સામાન્ય નાગરિક શક્તિમાં વિશ્વાસ ધરાવવો. દરેક નાગરિક પોતાની ફરજ બરાબર બજાવે એવો વિશ્વાસ છે. વિશાળ સમુદાયના વિકાસ માટે આવા નાના-નાના ગામડાઓમાં વિકાસ કરવાની યોજના છે. આમાં મુક્ત પસંદગીના આધારે એટલે એમના ગામમાં કઈ બાબતની વધારે જરૂર છે જેવી કે શિક્ષણ, પાણી, રસ્તાઓ, વાહન વ્યવહારના સાધનો કે ગટરોની એ માટે ગામનાં લોકો ભેગા મળીને સહભાગી બનીને કાર્ય કરે છે.

વિશ્વનાં જુદા જુદાં દેશોની અંદર આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. એમાં દરેક દેશોનો પોતાનો આગવો આશય હતો કે શેના માટે વિકાસ કરવો. જેમાં પ્રજાને વિશાળ પાયા પર સાક્ષર બનાવવા પર ભાર મૂક્યો. જ્યારે ભારતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વધારે મજબૂત બને એ માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. એટલે વિકસતા દેશોમાં હતા સરકારે શરૂ કરેલા કાર્યક્રમો છે જેમાં નીતિવિષયક, નાણાંવિષયક અમલીકરણ માટે સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓનો સહકાર લેવામાં આવે છે જ્યારે વિકસિત દેશોમાં ખાનગી ધોરણો એકલ દોકલ વ્યક્તિ દ્વારા જાગૃત લોકો જ આ કાર્યક્રમ ચલાવે છે. જેમાં પ્રજાની તમામ વ્યવસ્થા એમની જરૂરિયાતોને પૂરો પાડવાનું કામ ખાનગી ધોરણે ચાલે છે.

સામાન્ય રીતે સામુદાયિક વિકાસ યોજનાની પ્રક્રિયામાં કોઈ પણ વ્યક્તિ પોતાની જાતે પોતાના વિકાસનો પ્રયત્ન કરે છે સામાન્ય રીતે કઈ-કઈ બાબતોમાં પરિવર્તન લાવી શકાય એમાં

- ભૌગોલિક બાબતમાં
- જમીન ઉપયોગની બાબતમાં પરિવર્તન લાવી શકાય
- ખેતી ઉપરનું ભારણ ઓછું કરવું જેમાં ખેતી સિવાયના વ્યવસાયોની તકો ઉભી કરવી. જમીનની ઉત્પાદકતા વધારવીએ માટેના પ્રયત્નો કરવા.
- વસ્તીની ગુણવત્તામાં વધારો થાય, સારામાં સારું આરોગ્ય ધરાવતા બાળકો જન્મે પોષક આહાર દ્વારા પોષણ મેળવે વગેરે બાબતોમાં પરિવર્તન લાવી શકાય છે.

આ યોજનામાં સમાજનાં લોકોનું પ્રમાણ જળવાય અને લોકોનું આરોગ્ય સારુ રહે એ માટેના પ્રયત્નો થાય છે. જેમાં બાળકોનો યોગ્ય ઉછેર થાય, એમને સારું શિક્ષણ મળે. એમને સારી માહિતી પ્રાપ્ત થાય, સારું જીવન ઘડતર થાય, એમના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં ફેરફાર લાવવાની બાબત આ કાર્યક્રમમાં જોવા મળે છે.

## 3.5 સામુદાયિક વિકાસ યોજનાના પરસ્પર અવલંબન ઉપર ભાર

જેમાં 'જીવો અને જીવવા દો' એવા સૂત્રોનો પ્રચાર કરવામાં આવે છે. ઉત્પાદનની પ્રક્રિયાની સાથે માનવ સંબંધો પણ બદલાય.જેમાં સમાજનું સામાજિક રચનાતંત્ર બદલાય, સામાજિક પસંદગીનું ક્ષેત્ર વધે, લાગણીમુક્ત પસંદગી કરતાં વૃદ્ધિ ઉપર ભાર મુકાય અને સમાજમાં પ્રવર્તતા ધોરણોનું સાર્વત્રિક થાય, સારા નાગરિક બનવાનો પ્રયત્ન કરે. લોકોની કાર્યક્ષમતા વધે એના ઉપર ભાર મુકવામાં આવે છે.

**ભારત દેશમાં આ કાર્યક્રમ બે વિભાગમાંવહેંચાયેલો છે.**

1. સામુદાયિક વિકાસ યોજનાનો કાર્યક્રમ શરૂ થયાં પહેલાંનો તબક્કો
2. સામુદાયિક વિકાસ યોજનાનો કાર્યક્રમ શરૂ થયા પછીનો તબક્કો

**1. સામુદાયિક વિકાસ યોજના શરૂ થયા પહેલાનો તબક્કો :**

આ તબક્કામાં એનો ઈતિહાસ જોઈએ તો એના પણ બે તબક્કા છે.

(અ) શરૂઆતનો તબક્કો જે 1921 થી 1930 સુધી ચાલ્યો

(બ) 1945થી 1952 સુધી તબક્કો

શરૂઆતના તબક્કામાં 1921થી1930માં જુદા જુદા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા, જે કાર્યક્રમોમાં નીચે પ્રમાણે વિસ્તારથી રજૂ કરવામાં આવ્યા છે.

**(1) શ્રી નિકેતન**

આ પહેલો કાર્યક્રમ શ્રી નિકેતનનો હતો. આ કાર્યક્રમ રવિન્દ્રનાથ ટાગોર અને ઍલ્મ હસ્ટોએ શરૂ કર્યો. જેમાં ગામડા પુનઃજીવિત બને, ગામડાનો વિકાસ થાય,એમાં ગામનાં લોકોને આત્મનિર્ભય બનાવવા ગામના લોકોની શારીરિક અને બૌદ્ધિક સ્થિતિમાં સુધારો થાય. આ શ્રી નિકેતન કાર્યક્રમમાં માનવના સમગ્ર જીવનને વિકસાવવાનો અભિગમ હતો. આ કાર્યક્રમનો હેતુ ગામડાનાં લોકોને આત્મનિર્ભર બનાવવા ભારતીય સંસ્કૃતિથી વાકેફ કરવા માટે આ સંસ્થા શરૂ કરી. આ આખો કાર્યક્રમ સમગ્ર જીવન વિકાસ સંબંધિત હતો. જેમાં વ્યક્તિના વ્યક્તિત્વના તમામ પાસાઓ ખોલે એના ઉપર ભાર મુકવામાં આવતો હતો. આ સંસ્થાની મર્યાદા એ હતી કે બંગાળની આસપાસના ગામડાંઓ પૂરતી જ શરૂ કરી હતી. એટલે કે એ ગામડાઓને જ કાર્યક્રમની અસર થઈ એ સિવાય બીજાં ગામડાંઓ પર તેની કોઈ અસર થઈ નહીં.

**(2) માર્તન્ડમ્**

દક્ષિણ ભારતમાં કેરાલાની અંદર 1921માં ડૉ. સ્પેન્સર હેલ્સએ આ માર્તન્ડમ્ પ્રયોગ ચાલુ કર્યો. આ કાર્યક્રમ એ ગામનાં લોકોની માનસિક, શારીરિક, સામાજિક અને આર્થિક રીતે વિકાસ કરવા માટે શરૂ કર્યો. કેરાલાની આસપાસના વિસ્તારોમાં 100 કેન્દ્રો સાથે આ કાર્યક્રમ જોડાયેલો હતો અને એમાં ખેતર પશુઓ વગેરે સારો સુંદર વનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો. ત્યાંના સ્થાનિક લોકોને તાલીમ આપવામાં આવી. એમાં વણાટકામ અંગેની મધમાખીના કેન્દ્રો અંગેની મરઘાં ઉછેર કેન્દ્રો શરૂ કરવાની તાલીમ આપી શરૂ કર્યો. આ કાર્યક્રમના કેન્દ્રો વડોદરા, કોચીન, મદ્રાસ અને હૈદરાબાદમાં ઊભા કરવામાં આવ્યા.

**(3) ગુરેગાંવ**

પંજાબમાં ગુરેગાંવમાં આ પ્રયોગ થયો. ગુરેગાંવ પ્રયોગ એ તે સમયના બ્રિટિશ કલેક્ટર બ્રાયને શરૂ કર્યો. એમણે 1927 ની અંદર એક પુસ્તક 'Better Villages'લખ્યું. પુસ્તકને આધારે ગ્રામ સુધારણા કાર્યક્રમ શરૂ કર્યો. જેમાં એમણે ગ્રામીણ સંગઠન પંચાયતો કેવી રીતે કામ કરે સ્ત્રી શિક્ષણ કેવી રીતે વધારે શકાય, યુવાન વર્ગને નેતૃત્વ કેવી રીતે સોંપાય, લોકોમાં સમાનતા અને બલિદાનની ભાવના કેવી રીતે ઊભી કરી શકાય એ માટેનાં પ્રયત્નો કર્યા.એ પછી વડોદરામાં ગ્રામીણ પુનઃરચના પ્રયોગ ૧૯૩૨માં ગાયકવાડે શરૂ કર્યો. જેમાં આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોની જીવનશૈલી વધારે સારી બને એ લોકો આત્મનિર્ભર બને એ માટે આ કાર્યક્રમ શરૂ કર્યો.

1930 થી 1942-43 સુધીમાં વડોદરા જિલ્લાનાં આસપાસનાં 487 ગામોમાં આ કાર્યક્રમ શરૂ કર્યો. જેમાં સંચાર વ્યવસ્થા સારી બનાવવા માટે ગામડામાં પીવાનું પાણી પહોંચાડવા માટે, મેલેરિયા વિરૂદ્ધ ઝુંબેશ ચાલુ કરી જેમાં ગંદકી દૂર કરી ગોચર જમીનનો ઉપયોગ કઈ રીતે કરી શકાય એ માટે પછી ઢોર સુધારણા, બિયારણ સુધારણા, ગ્રામોદ્યોગની કેળવણી, સહકારી મંડળીઓ, ગ્રામસભાઓ, ગ્રામશાળાઓ શરૂ કરવામાં આવી.

**(4) ગાંધીવાદી**

આ કાર્યક્રમો પછી ગાંધીવાદી પરંપરાને કારણે પ્રયોગો શરૂ થયાં જેમાં ગામમાં રચનાત્મક પ્રયોગો શરૂ કર્યા. જેમાં મુખ્ય બાબતો લોકો ખાદી પહેરતા થાય. જેમાં લોકોને સ્વરોજગારી મળે એવો આશય હતો. ગ્રામોદ્યોગનો પ્રયોગ ગામડાંમાં પાયાનું શિક્ષણ અસ્પૃશ્યતા નાબૂદી, સ્ત્રી ઉત્થાન, ગ્રામ સફાઈ, કોમી સંવાદ નશાબંધી અને આરોગ્ય શિક્ષણ લોકોને આપ્યું.

આ બધા પ્રયોગો સમગ્ર ભારતમાં વેરવિખેર અને એકલ-દોકલ સ્વરૂપના હતા. જેમણે આ પ્રયોગો શરૂ કર્યો. એમાં એકબીજાના અનુભવોનો લાભ લીધો નહીં જેથી આવા કાર્યક્રમો લાંબા સમય સુધી ચાલ્યા નહીં. આ પ્રયોગોમાં સરકારી વલણ સહાનુભૂતિ પૂર્વક નહોતું ટેક્નિકલ સાધનોનો અભાવ હતો.

**(2) સામુદાયિક વિકાસ યોજનાનો કાર્યક્રમ શરૂ થયા પછીનો તબક્કો**

**(1) ફિરકા યોજના**

આ બીજા તબક્કામાં મદ્રાસમાં ફિરકા યોજના શરૂ કરવામાં આવી જેમાં 1946ની અંદર 34 ફિરકા (અમુક વિસ્તાર) નક્કી કરવામાં આવ્યા. આ યોજનાનો આશય ગ્રામીણ લોકોને સુખી કરવા, સમૃદ્ધ કરવા સમાજનું સુગ્રથન કરવા માટેનો આ પ્રયોગ હતો. ફિરકા એટલે 50 ગામોનું એક એકમ આવા 39 ફિરકા (1700 ગ્રામ) નક્કી કરવામાં આવ્યા. જેની મુખ્ય બાબતોમાં ગામડામાં પીવાનું પાણી પૂરું પાડવું, સંડાસની સુવિધાઓ આ બધી સુવિધાઓ વાપરવાની ઝુંબેશ શરૂ કરી. ખાદી ઉદ્યોગના વિકાસ પર ભાર મૂક્યો. 1953 અને 54 માં બે કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા. જે ગ્રામ સુધારણા માટેનાં જ હતા. જેમાં

1. C. D. P (Communication Development Programme)
2. N. E. S (National Extension Services)

આકાર્યક્રમો ખેતીની સુધારણાના કાર્યક્રમ તરીકે ચાલે છે. ખેતીનું ટેક્નીકલ જ્ઞાન આપવામાં આવે છે. ખેત ઉત્પાદન કેવી રીતે વધે તેના પ્રયત્નો થાય છે. આ દરેક પ્રયોગાત્મક કાર્યક્રમો ગામડામાં ખેડૂતોને ખેત ઉત્પાદન આધુનિક બનાવવાનો હેતુ છે. જે આ N. E. S ના

કાર્યક્રમમાં જોવા મળે છે. ફિરકા યોજનાને આ બંને કાર્યક્રમો સાથે જોડી દેવામાં આવી.

**(2) નિલાખેરી પ્રયોગ**

S.K.Deyદ્વારા નિલાખોરી પ્રયોગ શરૂ કરવામાં આવ્યો. આ આખા રાષ્ટ્રનું ધ્યાન દોરતો કાર્યક્રમ હતો. આ કાર્યક્રમનું પુસ્તક C.D.Pકાર્યક્રમ દ્વારા લખવામાં આવ્યું. 1948માં આપણા દેશના ભાગલા થયા. એના કારણે ઘણાં બધાએ સ્થળાંતર કરવું પડ્યું. એમાં 9000 સ્થળાંતરીઓના પુનઃવસન માટે એક નિલોખેરી નામનું નગર ઊભું કરવામાં આવ્યું. આ કાર્યક્રમને પછી 100 ગામો સાથે સાંકળી લેવામાં આવ્યા. આ કાર્યક્રમ મજદૂર મનઝી નામે ઓળખાયો. જે વ્યક્તિ કામ ન કરે એને આવવાનો અધિકાર નથી. એમાં સ્વાવલંબન, પાયાની જરૂરિયાત પૂરી પાડવા પર ભાર મૂક્યો. 'વોકેશનલ ટ્રેનિંગ' શરૂ કરવામાં આવી જેમાં દૂધની ડેરી, મરઘાં ઉછેર, પ્રિન્ટીંગ પ્રેસ, વર્કશોપ, ચામડા કાપવાનો ઉદ્યોગ આવી સરકારી પાયા પર રચાયેલી મંડળીઓહતી. એમાં પણ 750 એકર જમીનને ખેતીલાયક બનાવવામાં આવી. જેમાં 1400 માણસો કામ કરી શકતા હતા. અને ત્યાં 1200 લોકોને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં નોકરી આપવામાં આવી.

**(3) ઈટાવા(પાઈલોટ પ્રયોગ)**

જેમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમ અમલમાં મુકવા માટે સરકારે આ કાર્યક્રમ કર્યો હતો. જેમાં દિલ્હીના નજીકના ગામ ઈટાવામાં આ કાર્યક્રમ શરૂ થયો.જેનાં ગ્રામ સુધારણા પર ભાર મૂક્યો. જેમાં ગ્રામીણ ખેતીમાં પરિવર્તન, ફેરફારો લાવવા, ગ્રામ સફાઇ, ગ્રામ આરોગ્ય સુધારણા, ગ્રામ શિક્ષણ, ગામ સ્વરોજગાર, રોગોની નાબૂદી, ગામ નેતૃત્વ બધી બાબતો પર ભાર મૂકાયો અને ઘણા ખરે અંશે આ પ્રયોગ સફળ થયો. આપણે આઝાદ થયા પછી1952 માં 2, ઓકટોબરથી ગાંધીજીના જન્મ દિવસથી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં ગ્રામ સુધારણા કાર્યક્રમ લોકોને સ્વાવલંબી બનાવવાં માટે શરૂ કરવામાં આવ્યો.

## 3.6 સામુદાયિક વિકાસ યોજના અને પંચાયતી રાજ

- સમુદાય વિકાસ યોજનામાં લોકશાહી માળખું નહોતું જયારે પંચાયતીરાજમાં લોકશાહી માળખું છે.
- સમુદાય વિકાસ યોજનામાં લોકોના પ્રતિનિધઓ પર ભાર મૂકવામાં આવતો નહોતો પણ એમાં કોઈ ચૂંટણી થતી નહોતી જયારે પંચાયતી રાજમાં ચૂંટણીથી પ્રતિનિધઓ નક્કી થતાં.
- સમુદાય વિકાસ યોજનામાં વિકાસ ઉપર ભાર મૂકવામાં આવતો જયારે પંચાયતી રાજ એ વિકાસ સાથે લોકશાહી પંચાયત પર ભાર મૂકયો.
- સમુદાય વિકાસ યોજનાના વિસ્તરણ માટે લોકશાહી મહત્ત્વની હતી. જયારે પંચાયતીરાજ એ સત્તાને લક્ષમાં લે છે અને લોકપ્રતિનિધિ ઉપર ભાર મૂકયો.
- સમુદાય વિકાસ યોજના એ વિકાસ પ્રાપ્ત કરવા પર ભાર મૂકયો જયારે પંચાયતીરાજ રાજકીય સત્તા પ્રાપ્ત કરવા ઉપર ભાર મૂકયો.

## 3.7 વિકાસ યોજનાના સિદ્ધાંતો

આ કાર્યક્રમનું મૂલ્યાંકન શું આવ્યું ? આ કાર્યક્રમ કેટલા અંશે સફળ થયો અને કેટલા અંશે નિષ્ફળ ગયો એ બાબત નોંધનીય છે.

**(1) ગ્રામ માનસમાં પરિવર્તન**

સ્વાવલંબન નવભારતની રચના માટે એક પ્રભાવશાળી કાર્ય સામુદાયિક વિકાસ યોજનાનું હતું. દેશની ભાવના માટે અનેક દેશના લોકોની નવજાગૃતિ માટે એક ઉપયોગી કાર્યક્રમ હતો.

**(2) ગ્રામ પંચાયતોને સત્તા આપવામાં આવી**

ગ્રામ પંચાયતોને સ્વતંત્ર સત્તા સોંપવામાં આવી. એમાં ગામમાં કયા ક્ષેત્રમાં સુધારા કરવા કેવું પરિવર્તન લાવવું. શું સુધારવું એ વિશે ગામના લોકો જ ભેગા મળીને પોતાના ગામ માટે નક્કી કરે અને સુધારવાના પ્રયત્નો કરે એ આ કાર્યક્રમ દ્વારા થયું.

**(3) સત્તાનું વિકેન્દ્રીકરણ**

સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું હતું. એટલે કે સત્તાની વહેંચણી કરવામાં આવી હતી. એ ઉપરાંત ગામડાની અંદર પ્રાથમિક સુવિધાઓ આ કાર્યક્રમથી સુધરી જેમાં પીવાનું પાણી, રસ્તાઓ, વાહન વ્યવહાર, વીજળીકરણની પહેલાં જેવી સુવિધાઓ હતી તેમાં ફેરફારો થયાં.

**(4) ગામડાંની અંદર સહકારી પ્રવૃત્તિઓની શરૂઆત થઈ**

દૂધની સહકારી મંડળી અને આવાસ રહેઠાણની મંડળીઓ અનેક ગામોમાં શરૂ થઈ. આ કાર્યક્રમના સંદર્ભમાં આ મંડળીઓ શરૂ થઈ.

**(5) ગામ લોકોમાં શિક્ષણ અને સ્ત્રી શિક્ષણ પ્રત્યે હકારાત્મક વલણ ઉદ્દભવ્યું**

લોકોમાં સહભાગીપણાની શરૂઆત થઈ. કેટલાંક અંશે લોકોમાં ભાગ્યવાદ ઘટ્યો અને પુરૂષાર્થ વધ્યો એમાં પણ સ્ત્રી શિક્ષણની શરૂઆત થઈ.

**(6) ખેતીનું આધુનિકરણ થયું**

સિંચાઈની સગવડો વધારાઈ એના લીધે ખેતીમાં અનાજનું ઉત્પાદન વધ્યું. એના કારણે ગુજરાત અને હરિયાણામાં હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ.

**(7) ગામડાંની અંદર નવી નેતાગીરી વિકસાવાની શરૂઆત થઈ**

ગામ એકતામાં ધીમે ધીમે વધારો થવા માંડ્યો. શિક્ષણ શરૂ થયું લોકોમાં આરોગ્ય વિષયક સભાનતા આવવા લાગી. કુટુંબ નિયોજન અંગેની જાગૃતતા આવવાની શરૂઆત થઈ.

**(8) આર્થિક રીતે ગ્રામ સમાજમાં સુવિધાઓ વધી**

કલા અને હુન્નર ઉદ્યોગને પ્રોત્સાહન મળતું થયું. વિવિધ યોજનાઓ દ્વારા તે ઉપરાંત એટલે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને મોટા પાયે વિકાસ થયો.

## 3.8 સામુદાયિક વિકાસ યોજનાના નિષ્ફળતાના કારણો

આ કાર્યક્રમ બે રીતે નિષ્ફળ ગયો જેમાં સંપત્તિની અને સમયની દૃષ્ટિએ નિષ્ફળતા મળી. અક્ષયકુમાર દેસાઈના મતે આ યોજના એ પરિકથા જેવી છે. આ યોજનામાં ફક્ત ખેડૂતો પર જ ધ્યાન આપવામાં આવ્યું હતું. એ સિવાય બીજા વ્યવસાયો પર ધ્યાન અપાયું નહિ. તેથી આ કાર્યક્રમનો વિકાસ ઓછો થયો. આ કાર્યક્રમ માટે બળવંતરાય મહેતા કમિટિ પણ નીમવામાં આવી હતી. જે આ કાર્યક્રમનું મૂલ્યાંકન કરે છે. એના રિપોર્ટમાં સામુદાયિક વિકાસ યોજનાનું મૂલ્યાંકન હતું. એમાં બ્લોક લેવલે જે ડેવલપમેન્ટ ઓફિસરો હતાં. એ કાર્યક્ષમ ન હતા.

બિનતાલીમી અને ઓછા કાર્યદક્ષ હતા. ગ્રામીણ કક્ષાએ એટલી વ્યાપક ગરીબી હતી કે આ કાર્યક્રમમાં લોકો ભાગ લેતા ન હતા જે મુદ્દાઓ ક્રમશઃ જોઈએ.

**(1) નબળું નેતૃત્વ**

આમાં બે તપાસ પંચ નીમવામાં આવ્યાં હતાં. જેમાં બળવંતરાય મહેતા કમિટી અને દેસાઈ કમિશનનાં અભ્યાસમાં જોવા મળ્યું કે ગ્રામીણ કક્ષાએ નબળું નેતૃત્વ હોવાને કારણે આ કાર્યક્રમ નિષ્ફળ ગયો. સરકાર દ્વારા જે કાર્યકરોની નિમણૂક કરવામાં આવી હતી. તેઓ અસરકારક રીતે કામ ઓછું કરતા હતા અને સ્થાનિક કક્ષાએ જે કાર્યકરો હતા તે ગ્રામ લોકોનાં જીવનમાં ઓછો રસ લેતાં હતા. પરિણામે ગ્રામીણ કક્ષાએ નેતૃત્વની ખામીને કારણે આ કાર્યક્રમ નિષ્ફળ ગયેલો છે.

**(2) ખૂબ ઝડપી કાર્યક્રમ**

આ કાર્યક્રમમાં જે ધ્યેયો નક્કી કરવામાં આવ્યા હતા. તેમાં અગ્રતાક્રમને પ્રાધાન્ય અપાયું ન હોતું. સમગ્ર ગ્રામ સમુદાયના સર્વાંગી વિકાસ માટે એક પછી એક પગલાં લેવાની જગ્યાએ ઝડપી તમામ કક્ષાએ આયોજિત કરવામાં આવ્યું હતું. તેથી તેની અસરકારકતા ઓછી જણાઈ. આમ તેના પરિણામે ગ્રામ કક્ષાએ મદદરૂપ બન્યો નહીં.

**(3) લોકોની ભાગીદારીનો અભાવ**

લોકશાહી રીતરસમથી પરિવર્તન આપવા માટે જે પ્રયત્નો થાય છે તેમાં લોકોની ભાગીદારી ઉપર મોટો આધાર રહે છે. આ કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારે ગ્રામ કક્ષાએ નિરક્ષરતાનું ઊંચું પ્રમાણ અધિકારીઓનું ગુલામી માનસ ગ્રામીણ લોકોમાં સહકારનો અભાવ હતો. તેમજ સમગ્ર કાર્યક્રમનો રસ લોકો કરતા અમલદારોને વધારે આપવામાં આવતો હતો. તેથી લોકોની આવા કાર્યક્રમોમાંર સ લેવાની તૈયારી ઓછી રહી. વળી અત્યંત ગરીબીની પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી તેઓ કાર્યક્રમમાં ભાગ લઈ શકે નહીં. તેઓના રોજબરોજના પ્રશ્નોજ વધુ વિકટ હતા. તે ઉપરાંત આ કાર્યક્રમના જે ભાગીદારો હતા તેમના પ્રયત્નોના લાભ સમાજના બીજા વર્ગોને મળતા હતા.

## 3.9 ગ્રામીણ વિકાસની યોજનાઓ

**(1) સામુદાયિક વિકાસ યોજના**

સામુદાયિક વિકાસ યોજનાની 1952માં શરૂઆત થઈ. આ યોજનાના ઉદ્દેશો જોઈએ તો કૃષિ સંબંધિત સમસ્યાઓ ઔદ્યોગિક વિકાસના પ્રશ્નો, નિરક્ષરતા સંબંધિત સમસ્યાઓ, ઔદ્યોગિક વિકાસના પ્રશ્નો, નિરક્ષરતા, ગરીબી, કુપોષણ, અસ્વાસ્થ્યની પરિસ્થિતિઓ વગેરેને દૂર કરી ગ્રામીણ સર્વાંગી વિકાસ કરવો તથા ગામડાંઓને આત્મનિર્ભર બનાવવા 1980 થી ગ્રામીણ વિકાસ કાર્યક્રમ અંતર્ગત આઈ.આર.ડી.પી.નો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(2) ગ્રામીણ વિકાસ સંકલિત અનાજ :**

2 ઓક્ટોબર 1980 થી આ યોજનાનો આરંભ થયો. આ યોજના બેકારી દૂર કરવી, ઉત્પાદનનાં સાધનોનું વિતરણ કરવું, ગરીબ કુટુંબો શોધવા અને તેની આવકમાં વૃદ્ધિ કરવી અને ભૂમિવિહીન ખેડૂતોને મદદ કરવી.

**(3) કામને બદલે અનાજ**

1977થી આ યોજનાના આરંભ થયેલો હતો. રાજ્ય સરકારો સુરક્ષિત અનાજ ભંડારોમાંથી અનાજ પૂરું પાડે છે. શ્રમિકોને શ્રમનાં બદલે અનાજ તથા રોકડ રકમ આપવામાં

આવે છે. આ પ્રકારનાં કામમાં સિંચાઈ, પૂર નિયંત્રણ, બંધોનું નિર્માણ, સડકો, શાળાના મકાનોનું નિર્માણ કરવું વગેરે માટે નિમ્ન વર્ગનાં લોકોને કામ પૂરું પાડવામાં આવેછે.

**(4) જવાહર રોજગાર યોજના**

આ યોજના અંતર્ગત જિલ્લા પંચાયતોને નાણાં ફાળવી તે દ્વારા રોજગારીનું આયોજન કરવું.

**(5) ગ્રામીણ ભૂમિહીન રોજગાર ગેરંટી યોજના**

1983-84માં આ યોજનાનો આરંભ થયો. આ યોજનામાં ભૂમિહીન ગ્રામીણ લોકોને રોજગારી આપવી સાતમી પંચવર્ષીય યોજનામાં આ કાર્યક્રમમાં 2412કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.

**(6) ગ્રામીણ યુવકોને સ્વરોજગાર**

1979 થી આ યોજનાનો આરંભ થયો. 18 થી 35 વર્ષની ઉંમરના લોકોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. 1997-98 સુધીમાં 2.34, 3.374 યુવકોને રોજગાર મેળવવા માટે શિક્ષિત કર્યા હતા.

**(7) મરુભૂમિ વિકાસ કાર્યક્રમ**

1997-98માં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં રાજસ્થાન, ગુજરાત, હરિયાણા વગેરે એમ સાત રાજ્યોમાં 36 જિલ્લાઓ અને 227 વિકાસ ખંડોનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત ગ્રામીણ વિકાસ માટે ઘણી બધી યોજનાઓ અમલમાં આવેલી છે. તે ઉપરાંત હાલના સમયમાં ગ્રામીણ વિકાસમાં પહેલા કરતાં ઘણો બધો ટેક્નોલોજી માધ્યમ, વ્યક્તિત્વ વિકાસ, ઉદ્યોગ ક્ષેત્રે વગેરે બાબતો સારો રહ્યો છે.

## 3.10 સારાંશ

કોઈપણ સમાજ કે સમુદાયની વાત કરીએ ત્યારે સમુદાયના લોકો એકત્રિત થઈ પોતાના વિકાસની વાત કરે જેમાં નીચલા સ્તરથી માંડીને ઉપલા સ્તર સુધી આગળ વધવાનો પ્રયત્ન કરે. એ વિકાસ એમાં સંખ્યાત્મક અને ગુણાત્મક બંને પરિવર્તોનો સમાવેશ થાય છે. એમાં આ બંને દૃષ્ટિએ ગુણાત્મક અને સંખ્યાત્મક પરિવર્તન લાવવાનો પ્રયત્ન થાય છે. સામાન્ય રીતે સામુદાયિક વિકાસ યોજનાની પ્રક્રિયામાં કોઈપણ વ્યક્તિ પોતાની જાતે પોતાના વિકાસનો પ્રયત્ન કરે છે. જે આ યોજનાથી આપણને જાણવા મળે છે.

## 3.11 ચાવીરૂપ શબ્દો

- C.D.P – Communication Development Programme
- N.E.S. – National Extension Services
- ફિરકા – અમુક વિસ્તાર
- નિલાખેરી – એક ગામનું નામ છે.

## 3.12 સંદર્ભસૂચિ :


1. પટેલ જે. સી. : ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, 2014
2. શ્રીનિવાસ એમ. એન. (સંપાદક) : ભારતનું ગ્રામજીવન, આર. આર. શેઠ કંપની, અમદાવાદ, 1967
3. દુબે શ્યામચરણ : ભારતીય સમાજ, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, નવી દિલ્હી, 1995

4. જાદવ નિતિન કે. : ગ્રામીણ સમાજશાસ્ત્ર, દામિની પબ્લિકેશન, અમદાવાદ, 2017

## 3.13 તમારી પ્રગતિચકાસો

**નીચે આપેલ પ્રશ્નોથી તમારી પ્રગતિ ચકાસો.**

**(અ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. સમુદાય એટલે શું ?

2. ગામડાની વ્યાખ્યા ચર્ચો.

3. સામુદાયિક વિકાસ યોજના એટલે શું ?

4. સામુદાયિક વિકાસ યોજના ક્યારે શરૂ થઈ હતી ?

5. ગુરેગાંવ કાર્યક્રમ ક્યાં શરૂ થયો હતો ?

6. 'Better Villages'પુસ્તક કોણે લખ્યું હતું ?

7. માર્તન્ડમ્ કાર્યક્રમ ક્યાં અને કોના દ્વારા શરૂ થયો હતો ?

૮. ફિરકા યોજના શું છે ?

9. પાઈલોટ પ્રોજેક્ટ (પ્રયોગ) એટલે શું ?

10. નિલોખેરી પ્રયોગ કોના દ્વારા શરૂ થયો હતો ?

**(બ)સવિસ્તાર પ્રશ્નોની ચર્ચા કરો.**

1. ગ્રામીણ વિકાસની યોજનાઓ સવિસ્તાર જણાવો.

2. સામુદાયિક વિકાસ યોજનાની લાક્ષણિકતાઓ ચર્ચો.

3. સામુદાયિક વિકાસ યોજના શરૂ થયા પહેલાંનો તબક્કો વિગતવાર ચર્ચો.

4. સામુદાયિક વિકાસ યોજના શરૂ થયા પછીનો તબક્કો વિગતવાર ચર્ચો.

# એકમ-4 પંચાયતીરાજની સમિતિ-01

## રૂપરેખા

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 બળવંતરાય મહેતા સમિતિની રચના**

**4.3 પંચાયતીરાજના માર્ગદર્શક સિદ્ધાંતો**

**4.4 મુખ્ય ભલામણો**

**4.4.1 ગ્રામ પંચાયતનું માળખું**

**4.4.2 પંચાયત સમિતિનું માળખું**

**4.4.3 જિલ્લા પરિષદ**

**4.5 સારાંશ**

**4.6 સંદર્ભસૂચિ**

**4.7 ચાવીરૂપ શબ્દો**

**4.8 તમારી પ્રગતિ ચકાસો**

## 4.0 ઉદ્દેશો

આ એકમમાં તમે નીચે મુજબની સમજ મેળવી શકશો.

- બળવંતરાય મહેતા સમિતિની રચના વિશે સમજ મેળવશો.
- આ સમિતિની મુખ્ય ભલામણો વિશે સમજ મેળવશો.
- ગ્રામ પંચાયતના માળખા વિશે સમજ મેળવી શકશો.
- જિલ્લા પરિષદ વિશે સમજ મેળવી શકશો.

## 4.1 પ્રસ્તાવના

સામુદાયિક વિકાસ કાર્યક્રમ 1952 તથા રાષ્ટ્રીય પ્રચાર સેવા કાર્યક્રમ 1953ની અસફળતાના રૂપે ભારત સરકારને 1957મા બળવંતરાય મહેતા સમિતિની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. જે પોતાનો રિપોર્ટ 1957માં સરકારને સુપ્રત કરી લોકતાંત્રિક વિકેન્દ્રીકરણ માટે પંચાયતીરાજને ધ્યાનમાં રાખીને ત્રિ-સ્તરીય પંચાયતીરાજ પ્રણાલીની સ્થાપના કરવામાં આવે જેમાં ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પંચાયત. આ ત્રણેયને એકબીજાના અપ્રત્યક્ષ ચૂંટણી દ્વારા જોડવામા આવે જેને આપણે વિગતે જોઈએ.

## 4.2 બળવંતરાય મહેતા સમિતિની રચના

ભારતમાં આયોજિત વિકાસ માટેની સર્વોચ્ચ જવાબદાર સંસ્થા રાષ્ટ્રીય વિકાસ સમિતિની એક પેટા સમિતિઓના પ્લાન પ્રોજેકટ (Committee on Plan Project) એ 16 જાન્યુઆરી, 1957 ના રોજ શક્ય તેટલી કરકસર કરવા તથા બિનકાર્યદક્ષતાને કારણે થતા બગાડને

અટકાવવાના ખ્યાલથી સામુદાયિક યોજનાઓનો અભ્યાસ કરવા એક અભ્યાસ જૂથની રચના કરી. તેના ચેરમેન તરીકે લોકસભાના સભ્ય અને પાછળથી ગુજરાતના મુખ્યપ્રધાન બનેલ શ્રી બળવતરાય મહેતાની નિમણૂક કરવામાં આવી હતી. મહેતા કમિટિને તપાસના મુખ્ય ઉદ્દેશને સુસંગત રહી નીચેની બાબતોનો અભ્યાસ કરવાનું પણ કહેવામા આવ્યું.

સી.ડી. (Community Development) અને એન.ઈ.એસ. (National Extension Service) ને આધીન કાર્યક્રમોની વિગતો અને જુદી જુદી ક્ષેત્રીય પ્રવૃત્તિઓને આપવામાં આવેલાઅભ્યોસોને અગ્રતા આપવામાં આવી.

નીચેની બાબતોમાં કાર્યક્રમ અમલની સમયની વ્યવસ્થા ઊભી કરવી :

(અ) ખેતી ઉત્પાદનના ક્ષેત્રમા થઈ રહેલી પ્રવૃત્તિઓમાં ઘનિષ્ઠતા લાવવી.

(બ) નીચેની બાબતોમાં સંકલન સાધવું.

- કેન્દ્રના જુદાં-જુદાં ખાતાઓ વચ્ચે

- કેન્દ્ર અને રાજ્યો વચ્ચે

- સામુદાયિક યોજનાના વહીવટીતંત્રમાં અંતર્ગત કામ કરતી જુદી-જુદી સંસ્થાઓ અને રાજ્ય સરકારના વ્યવસ્થાતંત્ર તથા ખાતાંઓ વચ્ચે.

(ક) વ્યવસ્થાતંત્ર માળખા અને કાર્યપધ્ધતિ વચ્ચે જેથી કામકાજના નિકાલમાં ઝડપ આવી શકે.

- સામુદાયિક યોજનાનો અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવાઓ માટેના કર્મચારીઓની જરૂરિયાતનો અંદાજ કાઢવો તથા આ કાર્યક્રમનો વિસ્તાર તેના કર્મચારીઓની તાલીમ અંગેની વધતી જતી માંગને પહોંચી વળવાની દૃષ્ટિએ તાલીમ સગવડોનો કપાસ કાઢવો.

સામુદાયિક વિકાસની ચળવળ સ્થાનિક લોકોની પહેલવૃત્તિનો કેવો ઉપયોગ કરી શકે છે. તેનો અંદાજ કાઢવો તથા ગ્રામ્ય વિસ્તારોમાં અને સામાજિક સ્થિતિમાં સુધારો કરવાની પ્રક્રિયા સતત ચાલું રહે.

સી.ડી. અને એન.ઈ.એસના પરિણામોની જાણ કરવા જે પદ્ધતિઓ અપનાવવામાં આવી છે તેનો અભ્યાસ કરવો. બીજી પંચવર્ષીય યોજનાઓ અંગે એવી ભલામણ કરવામાં આવી હતી કે ગ્રામ પંચાયતો ઉચ્ચસ્તરે પ્રજાકીય સંસ્થાઓ સાથે જોડાય તથા પહેલા નક્કી કરવામાં આવેલ તબક્કા પ્રમાણે લોકશાહી સંસ્થાએ કાનૂન વ્યવસ્થા, ન્યાયી વહીવટ તથા કેટલાક રેવન્યુને લગતાં કાર્યો સિવાય જિલ્લા અથવા સબડિવિઝનના સ્તરે સમગ્ર વહીવટ તથા વિકાસ કાર્યો સંભાળી લેવા જોઈએ.

હેન્રી મેડીકના મંતવ્ય પ્રમાણે બળવંતરાય મહેતા સમિતિનો રિપોર્ટ આ પ્રકારના સંશોધન માટે એક નમૂનેદાર દસ્તાવેજ છે. પ્રવર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવવા, કમિટિ સૌ પ્રથમ તો ભારતના જુદાં-જુદાં પ્રદેશોનો પ્રવાસ કર્યો. ત્યારપછી પ્રશ્નાવલિ તૈયાર કરી અને સંશોધનની કાર્યરેખા નક્કી કરી. પ્રશ્નાવલિ તથા રૂબરૂ મુલાકાતો બાદ કમિટિએ પોતાનો અહેવાલ તૈયાર કર્યો અને પોતાની ભલામણોને સ્પષ્ટ સ્વરૂપ આપ્યુ. આ ભલામણો સાથે તેણે ત્રીજીવાર દેશનો પ્રવાસ કર્યો. અને અંતે તેણે પોતાની ભલામણોને આખરી સ્વરૂપ આપી. 24, નવેમ્બર 1957ના રોજ સરકાર સમક્ષ અહેવાલ રજૂ કર્યો અને તેને ચારેબાજુથી આવકાર મળ્યો. સરકારે 1એપ્રિલ, 1958થી તેનો અમલ કરવાનો હુકમ આપ્યો.

મહેતા કમિટિ સમક્ષ એક મહત્ત્વનો પ્રશ્ન એ પણ હતો કે ચાલુ જિલ્લા લોકલ બોર્ડનું શું કરવું? આસામ, કેરાલા, મધ્યપ્રદેશ અને ઓરિસ્સા સિવાયનાં બાકીનાં રાજ્યોમાં કુલ

206જિલ્લા લોકલ બોર્ડ હતાં. તેના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થતી અને પાછળ વર્ગો, લઘુમતીઓ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો રાખવામાં આવતી હતી. કેટલાક રાજ્યોમાં બહારથી સભ્યોને કો-ઓપ્ટ કરવાની સગવડ હતી. તેમના કાર્યોમાં શિક્ષણ, આરોગ્ય,સફાઈ તથા જાહેર બાંધકામ મુખ્ય હતાં. મુંબઈ, બિહાર અને પં.બંગાળમાં પંચાયતો ઉપર દેખરેખ રાખવાનું કામ પણ તેઓ કરતા તેમની આવકનો મોટો હિસ્સો સરકારી ગ્રાન્ટ રહેતી તે સિવાયની આવક લેન્ડ સેસ શિક્ષણવેરો, મકાનવેરો, મનોરંજન , સ્ટેમ્પ ડ્યુટી ઉપરનો ચાર્જ વગેરેમાંથી થતી. પરંતુ નિકાસ કાર્યો માટે જોઈતાં નાણાં તેમની પાસે ન હતાં. તેઓ ચીલા ચાલુ કાર્યો સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ કરતા ન હતા. વહીવટી કાર્યદક્ષતાનું ધોરણ નીચું હતું. ટૂંકમાં તેમના વહીવટથી સર્વત્ર અસંતોષ હતો. ખુદ મહેતા કમિટિના રિપોર્ટ પ્રમાણે જોઈએ તો જે હેતુ માટે જિલ્લા બોર્ડ રચવામાં આવ્યા હતા. દા.ત. લોકોને સ્વશાસન માટે તૈયાર કરવા તે હેતુ કદાચ સધાયો હશે. પરંતુ તેમના પાસે વિકાસકાર્યો માટે જોઈતા નથી સાધનો કે નથી અનુભવ. તેમનો વિસ્તાર એટલો મોટો છે કે તેઓ પૂરતું ધ્યાન આપી શકતા નથી. મોટા વિસ્તારને કારણે તેના કામકાજમાં અધિકારીઓની સત્તા અને મુનસફી ઉપર આધાર રાખવો પડે છે. જે માટે બિન-અનુભવી માણસોની ભરતી સિવાય છૂટકો નથી. આમ, છતાં રાજ્યોને ઘણાં કાર્યો લેવા પડયાં છે અને તો પણ કામકાજ બેવડાયા કરે છે. સ્કૂલલોકલબોર્ડ તથા બ્લોક એડવાઈઝરી કમિટી વિશે ટીકા કરતાં લખે છે કે ઘણી વાર પ્રતિનિધિત્વ પણ જોવા મળતુ ન હતું. આ ઉકેલ રૂપે મહેતા કમિટિએ સૂચવ્યું કે, ''હવે સમય આવી પહોચ્યો છે જયારે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ કાર્યોની સંમતિ લેવા માટે આ બધી સંસ્થાઓને બદલે ગતિશીલતા ધરાવતી એક લોકશાહી સંસ્થા હોય. જો આવી સંસ્થા કાયદાથી રચાયેલી વિશાળ કાર્યો અને ફરજો ધરાવતી તથા પૂરતા સાધનોવાળી લોકશાહીમય સંસ્થા હોવી જોઈએ.'' તેના ઉપર સરકારી સસ્થાઓનો બહુ અંકુશ ન હોવો જોઈએ. તે ભૂલો કરતી અને ભૂલોમાંથી શીખી શકે તેવી સસ્થા હોવી જોઈએ. તેની ભૂલો સુધારવામાં તેને માર્ગદર્શન પણ મળવું જોઈએ. ટૂંકમાં, તે સ્થાનિક વિકાસ કાર્યોમાં સ્થાનિક પ્રજાનો અભિપ્રાય વ્યક્ત કરતી સંસ્થા હોવી જોઈએ.

આજે 'લોકશાહી વિકેન્દ્રીકરણ' શબ્દ વારંવાર ચર્ચાનો વિષય બન્યો છે તેના પર્યાયરૂપે હવે 'પંચાયતીરાજ' શબ્દ અમલમાં આવ્યો છે. લોકશાહી વિકેન્દ્રીકરણની ભાવના સમજાવતાં મહેતા કમિટીએ નોંધ્યુ છે કે ઘણી વખત સત્તાની સોંપણી ને ભૂલથી વિકેન્દ્રીકરણ માનવામાં આવે છે. સત્તાની સોંપણીમાં જેને સત્તા સોંપવામાં અવી હોય તેના ઉપરથી સરકારનો અંકુશ ઉઠી જતો નથી. આ અધિકારી દરેક રીતે સરકારના આધિપત્ય હેઠળ હોય છે. જયારે બીજી બાજુ વિકેન્દ્રીકરણ એક એવી પ્રક્રિયા છે જેમાં સરકાર કેટલીક ફરજો અને કાર્યો બીજી સત્તાને સુપરત કરે છે. જયાં સુધી આવકના સાધનો ઉપરનો કાબૂ આ સંસ્થાને સોંપવામાં ન આવે ત્યાં સુધી જવાબદારીની સંપૂર્ણ સોંપણી થતી નથી અને એ પણ એટલું સાચું છે કે કોઈ પણ દેશમાં સંપૂર્ણ સોંપણી શક્ય નથી. વહીવટીતંત્રમાં નીચલા સ્તરે સત્તાની સોંપણી થતી હોય છે પરંતુ હાલનાં વર્ગોમાં જોઈએ તો રાજયની નીચલા સ્તરે જવાબદારી અને અધિકારનું વિકેન્દ્રીકરણ થયું નથી. આ જાતનું વિકેન્દ્રીકરણ હવે અનિવાર્ય બન્યું છે અને તે ત્યારે શક્ય બને જયારે આપણે ભાવિ સંસ્થાને તેના કાર્યક્ષેત્રમાં આવતાં તમામ વિકાસકાર્યોનો હવાલો સોંપી દઈએ.

'વિકાસ કાર્યો' નો અર્થ થાય છે ખેતીવાડી, પશુપાલન, સહકારી નાની સિંચાઈ યોજનાઓ, ગ્રામઉદ્યોગ, પ્રાથમિક શિક્ષણ, સ્થાનિક માર્ગ વ્યવહાર, સફાઈ, આરોગ્ય અને દાક્તરી સારવાર, સ્થાનિક મનોરંજન વગેરે જો આ પ્રકારની સ્થાનિક સંસ્થાઓએ પૂરા જોરથી અને સફળતાપૂર્વક કામ કરવું હશે તો સરકારે પોતાની હસ્તકનાં માર્ગદર્શન, દેખરેખ,

આયોજનનાં કાર્યો સોંપવાં પડશે એટલું જ નહીં વધુ ને વધુ નાણાં આપવાં પડશે. હેન્રી મેડિકના કહેવા પ્રમાણે વિકેન્દ્રીકરણમાં સત્તાની સોંપણી તથા સત્તાનું સ્થળાંતર થાય છે. પંચાયતીરાજનું માળખું ત્રિસ્તરીય રાખવાનું સૂચવવામાં આવ્યું. સૌથી નીચે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અથવા બ્લોક પંચાયત અને ટોચ ઉપર જિલ્લા પરિષદ કે પચાયત.

## 4.3 પંચાયતીરાજના માર્ગદર્શક સિદ્ધાંતો

- સ્થાનિક સ્વશાસન સંભાળતું પંચાયતીરાજનું માળખું ત્રિસ્તરીય હોવું જોઈએ. સૌથી તળિયે ગ્રામપંચાયત અને ટોચ ઉપર જિલ્લા પંચાયત વચ્ચે આંગિક સંબંધો હોવાં જોઈએ.
- આ સંસ્થાઓને સાચા અર્થમાં સત્તા અને જવાબદારી સોંપવામાં આવે.
- આ સંસ્થાઓ તેમને સોંપવામાં આવેલી જવાબદારીઓ બરાબર અદા કરી શકે તે માટે તેમને પૂરતાં સાધનસામગ્રી પ્રાપ્ત થવાં જોઈએ.
- આ સ્તરે હાથ ધરવામાં આવતાં તમામ વિકાસકાર્યો અને કલ્યાણ પધ્ધતિઓ ઉપર જણાવેલી સસ્થાઓ દ્વારા કરવામાં આવે.
- ઉપર જણાવેલાં કાર્યો નીચલા સ્તરે થઈ શકતાં હોય તો તે કાર્યો ઉપલા સ્તરને સોંપવામાં ન આવે.

આ પ્રમણે ત્રિસ્તરીય માળખું જે પેદા થશે જે એવું રચાયું હશે કે જેથી ભવિષ્યમાં સત્તા તથા જવાબદારીઓ વધુ ને વધુ પ્રમાણમાં ઉપલા સ્તરેથી નીચલા સ્તર તરફ આવી શકશે.

## 4.4 મુખ્ય ભલામણો

મહેતા કમિટીએ પંચાયતીરાજ માટેનું ત્રિસ્તરીય માળખું સૂચવ્યું, તેમાં મુખ્ય ભાવ હતો કે સ્થાનિક સ્વશાસનની સંસ્થા એટલી બધી મોટી કે એટલી બધી નાની ન હોવી જોઈએ કે જેથી તેનો હેતુ માર્યો જાય. તેમની દષ્ટિએ જિલ્લો કદમાં ઘણો મોટો અને ગામ ઘણું નાનું પડતું હતું. તેથી બ્લોક સૌથી અનુકૂળ એકમ હતું તેમ છતાં જયાં સ્થાનિક સજોગોને કારણે બ્લોકને બદલે તહેસીલ કે સબ ડિવિઝન અનુકૂળ આવે તો કમિટીને કોઈ વાંધો ન હતો.

### 4.4.1 ગ્રામ પંચાયતનું માળખું

પંચાયતીરાજનું સૌથી નાનું એકમ ગ્રામ પંચાયત ગણવામાં આવ્યું છે. દરેક ગામને પોતાની પંચાયતહોય તે ઈચ્છનીય ગણવામાં આવ્યું છે ખૂબ નાનાં ગામોને એકત્રિત કરી સમૂહ કે જૂથ પંચાયત પણ રચી શકાય. દરેક ગ્રામ પંચાયતની રચના પુખ્ત મતાધિકારના આધારે સીધી ચૂંટણી દ્વારા કરવામાં આવે. ગ્રામ પંચાયતમાં બે સ્ત્રી બેઠકો એક-એક બેઠક અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવે. જમીન મહેસૂલ ઉઘરાવવા માટે ગ્રામપંચાયત સરકારી એજન્સી તરીકેનું કામ કરી શકે. તેવી જ રીતે તાલુકા પંચાયત તરફથી સોંપવામાં આવેલ વિકાસકાર્યો તેમજ અન્ય કાર્યોની પ્રતિનિધિ તરીકે ગ્રામપંચાયતને કામ કરવા જોઈએ. ગ્રામપંચાયતના બજેટને પંચાયત સમિતિની મંજૂરી મળે તે આવશ્યક ગણાવ્યું. ગ્રામ પંચાયતને નીચેનાં કાર્યો સોંપવાની ભલામણ કરવામાં આવી છે.

- પીવાના તથા ઘરવપરાશના પાણીનો પ્રબંધ કરવો
- ગામસફાઈ
- મહોલ્લાઓ, તળાવોની મરામત તથા જાળવણી કરવી.

- દીવાબત્તીઓ, ગામની જમીનની સાચવણી
- પશુધન અંગેના રેકોર્ડની સાચવણી.
- ગામના રસ્તા, ગરનાળાં, પૂલ, ગટરોની જાળવણી.
- પ્રાથમિક શાળાની દેખરેખ અને પછાત વર્ગોનું કલ્યાણ
- જરૂરી આંકડાકીય માહિતી એકઠી કરવી.

**નાણાકીય આવક :**

ગ્રામપંચાયતને નીચેની બાબતોને માનવામાં આવી.

- મકાનવેરો
- બજાર કે દુકાનવેરો
- વાહન વેરો,
- સફાઇ વેરો,
- બત્તી વેરો,
- પાણી વેરો,
- ઢોરોના ડબ્બામાંથી મળતી આવક
- પશુ વેચાણ વેરો
- કતલખાનાની ફી
- તાલુકા પંચાયત/પંચાયત સમિતિ તરફથી ગ્રામ પંચાયતોમાં કરવેરાની ઘણી રકમ બાકી રહેલી છે તેથી કમિટીએ એવું સૂચવ્યું કે જે નાગરિકોનો વેરો ના હોય તે ગ્રામપંચાયતની ચૂંટણીમાં મતદાન કરી શકે નહી પંચાયતના જે સભ્યોનો વેરો છ મહિનાથી વધુ સમય માટે બાકી ખેંચાતો હોય તેનું સભ્યપદ રદ કરવું જોઈએ. ગ્રામ પંચાયતનું બજેટ પંચાયત સમિતિની મંજુરી આધીન છે તે બાબત એક રીતે જોઈએ તો ગ્રામપંચાયતની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકનારું પગલું ગણાવી શકાય. પરંતુ ગામડાઓની પરિસ્થિતિ જોતાં આવાં અંકુશની યથાર્થતા સ્વીકારવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ.

### 4.4.2 પંચાયત સમિતિનું માળખું

મહેતા કમિટીએ કરેલી ત્રિ-સ્તરીય માળખાની ભલામણોમાં સૌથી વધુ ભાર જો કોઈ સ્તર ઉપર મૂકવામાં આવ્યો હોય તો તે વચલા સ્તરે એટલે કે પંચાયત સમિતિ ઉપર સી.ડી. તથા એન.ઈ.એસ. કાર્યક્રમ માટે તાલુકા કક્ષાએ રચવામાં આવેલા બ્લોક આ પંચાયત સમિતિનું સ્થાન લઈ શકે તેમ છે. તેવો મહેતા કમિટીનો અભિપ્રાય હતો. તેના વિસ્તાર વિશે ભલામણ કરતાં મહેતા કમિટીએ લખ્યું હતું. "The Village Panchayat is too Small in area Population and Financial resources to be Considered as a viable unit of administration and the district Level body would be too remote from the people to enlist their active participation and there for the ju risdiction of the panchayat committee should be made co-extensive with the development block which allows an area large enough for Functioning which the village panchayat con not perform and yet small enough to attract the interest and service of the residents."

પંચાયત સમિતિ અથવા બ્લોક સમિતિને શક્તિશાળી બનાવવા મહેતા કમિટી ઘણી ઉત્સુક હતી અને તેથી તેણે ભલામણ કરી હતી કે તેના કામકાજમાં બિનજરૂરી સરકારી દખલ ન

કરવી જોઈએ. તેને માર્ગદર્શનની જરૂર પડે ત્યારે સરકારે માર્ગદર્શન આપવું જોઈએ તેનું લોકશાહી સ્વરૂપ જળવાઈ રહે તે માટે ચૂંટણી દ્વારા તેની રચના કરવાનું તથા તેને કોઈ આંચ ન આવે તે માટે કાયદાથી રક્ષિત બનાવવાનું સૂચવ્યું હતું. બ્લોકની રચના એવી રીતે કરવામાં આવેલી હતી કે જેથી કોઈ એક બ્લોકમાં વીસ થી વધુ સર્કલ ન હોય અને દરેક સર્કલની ચાર હજારથી વધુ વસ્તી ન હોય, ટૂંકમાં એક બ્લોકની વસ્તી 80 હજારથી વધુ ન હોય તેવું અંદાજવામાં આવ્યું હતું. પંચાયત સમિતિનું મહત્ત્વ વધારવા કમિટીએ એવું પણ સૂચન કર્યું હતુ કે સરકારનાં સઘળાં વિકાસ કાર્યો પંચાયત સમિતિ દ્વારા થશે. વાસ્તવમાં સરકારની જગ્યાએ તે કામ કરશે સરકાર ફક્ત સલાહસૂચન અને માર્ગદર્શન આપશે. પંચાયત સમિતિ હસ્તકનાં જે વિકાસકાર્યોનો અમલ કરવામાં આવ્યો હતો. તેમાં નીચેનાં ગણાવી શકાયઃ

- ખેતી
- પશુપાલન તથા પશુઉછેર
- સહકાર
- નાની સિંચાઈ યોજના
- ગ્રામોદ્યોગ
- પ્રાથમિક શિક્ષણ
- સ્થાનિક વાહન વ્યવહાર
- આરોગ્ય
- દાકતરી મદદ
- સ્થાનિક મનોરંજન વગેરે

ભારતમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની પડતીનું મુખ્ય કારણ એ પણ હતું કે તેમને પૂરતી નાણાકીય સહાય મળતી ન હતી. આ બાબતે ધ્યાનમાં રાખી મહેતા કમિટીએ પંચાયત સમિતિની આવક વધે તે માટે કેટલાંક આવકના સ્ત્રોતો સૂચવ્યા હતા.

- નક્કી કરેલાં પ્રમાણમાં મહેસૂલી આવકનો હિસ્સો
- મહેસૂલી આવક તથા પાણીવેરો ઉપર સેસ
- ધંધા અને વેપાર ઉપરનો કર
- સ્થાયી મિલકતની તબદિલી ઉપર સરચાર્જ
- મકાનો માંથી થતી આવક
- નાકાવેરો, યાત્રાવેરો
- પ્રાથમિક શિક્ષણ ઉપર સેસ
- મેળા અને બજારોમાંથી થતી આવક
- સ્વૈચ્છિક પ્રજાફાળો
- સરકારી ગ્રાન્ટ

સાથે સાથે એવી પણ ભલામણ કરવામાં આવી કે સરકાર જાહેર ફંડમાંથી જે ખર્ચ કરે તે પંચાયત સમિતિ દ્વારા થવો જોઈએ.

પંચાયત સમિતિની દૃષ્ટિએ કમિટિએ ભલામણ કરી હતી કે તેનો પ્રમુખ ચૂંટાઈને

આપવો જોઈએ. ગ્રામપચાયતના સભ્યોએ તેમનામાંથી પંચાયત સમિતિના સભ્યો ચૂંટવા જોઈએ. તેની સભ્ય સંખ્યા ૨૦થી વધુ ન હોવી જોઈએ. આ સમિતિ સ્ત્રીઓ અને બાળકોના વિકાસમાં રસ ધરાવતી બે સ્ત્રી સભ્યોને કો-ઓપ્ટ કરી શકે. જયાં અનુસૂચિત જાતિ અને જનજાતિની વસ્તી કુલ વસ્તીના પાંચ ટકા કે તેથી વધારે હોય તો તેમનામાંથી એક એકને પંચાયત સમિતિમાં કો-ઓપ્ટ કરવા જોઈએ. તેવી જ રીતે પંચાયત સમિતિ પોતાના વિસ્તારમાંથી જાહેર વહીવટના ક્ષેત્રે અથવા ગ્રામવિસ્તારના ક્ષેત્રે નામાંકિત હોય તેવા બે સભ્યોને કો-ઓપ્ટ કરી શકે છે. પંચાયત સમિતિના વિસ્તારમાં ઉપર સ્થાન આપવું જોઈએ. આમ છતાં મહેતા કમિટીએ વિશાળ હિતમાં એક મર્યાદા સૂચવી છે. જાહેર હિતમાં જરૂર પડે તો સરકાર અને સુપરસીડ કરી શકે છે. તેવી જ રીતે જાહેર હિતમાં જરૂર જણાય તો કલેકટર પંચાયત સમિતિના ઠરાવને સસ્પેન્ડ કરી શકે છે.

પંચાયત સમિતિના પોતાના વહીવટમાં મદદરૂપ થવા બે પ્રકારના કર્મચારીઓ પ્રાપ્ત થાય છે. બ્લોકનાં વડા મથકે મુખ્ય અધિકારી બી.ડી.ઓ (ગુજરાતમાં ટી.ડી.ઓ) હશે. તેમને ખેતીવાડી, સિંચાઈ, રસ્તાઓ તથા મકાનોના બાંધકામ, આરોગ્ય, પશુસંવર્ધન, સહકાર, પ્રાથમિક શિક્ષણ, સામાજિક સેવાઓ વગેરે ક્ષેત્રોમાં મદદ કરવા ટેકનિકલ તેમજ વિસ્તરણ અધિકારીઓ મળશે. શરૂઆતમાં આ અધિકારીઓ રાજ્ય સેવામાંથી આવશે અને તેમનો ખર્ચ સમિતિ ઉપાડશે. કેટલાક ટેકનિકલ અધિકારીઓ બી.ડી.ઓની સમકક્ષ જેવા હોઈ તેમને જિલ્લાના અધિકારી હેઠળ મૂકવાની ભલામણ કરી છે. બીજા પ્રકારના અધિકારીઓ ગ્રામપંચાયત કક્ષાએ હશે. જેમની નિમણૂક જિલ્લા પંચાયત કરશે. પરંતુ તેઓ બી.ડી. ઓની દેખરેખઅને અંકુશ હેઠળ કામ કરશે.

### 4.4.3 જિલ્લા પરિષદ

પંચાયતરાજના માળખાનું ટોચનું અંગ છે, જિલ્લા પરિષદને મહેતા કમિટીએ, પંચાયત સમિતિએ બ્લોક કક્ષાએ અસરકારક અંગ બનાવવાનું વિચારેલ હોઈ. તેણે જિલ્લા પરિષદને ફકત સલાહકાર અને દેખરેખ રાખનારી સંસ્થા તરીકેની ભલામણ કરે સંતોષ માન્યો. હજુ પણ જિલ્લો આપણા વહીવટીતંત્રનું એકમ હોઈ અને જિલ્લાના વિસ્તારમાં આવેલી તમામ સંસ્થાઓ માટે જિલ્લા કક્ષાએ સંકલન સાધવાનું હોઈ, મહેતા કમિટીએ પણ તમામ પંચાયત સમિતિઓ માટે જિલ્લા કક્ષાએ સંકલન સાધનાર કોઈ વ્યવસ્થાતંત્ર હોય તેને જરૂરી માન્યુ હતું અને તેથી કમિટીએ સ્વભાવિક રીતે જિલ્લા પરિષદને આવું સંકલન અને દેખરેખનું કામ સોંપ્યું. જો કે ગુજરાત અને મહારાષ્ટ્રમાં આથી જુદો પ્રયોગ થઈ રહ્યો છે.

જિલ્લા પરિષદમાં (ગુજરાતમાં જિલ્લા પંચાયત) તમામ પંચાયત સમિતિઓના પ્રમુખો, જિલ્લામાંથી ચૂંટાયેલા રાજ્ય ધારાસભાના તથા લોકસભાના સદસ્યો તેમાં હોય તેવું વિચારવામાં આવ્યું છે તે ઉપરાંત જિલ્લા કક્ષાએ કામ કરતા તમામ ખાતાના વડાઓ દા.ત. આરોગ્ય, ખેતીવાડી, પશુપાલન, જાહેર બાંધકામ શિક્ષણ, સામાજિક વગેરે તેમાં હોય તે આવશ્યક માનવામાં આવ્યું છે. લોકશાહી રીતે આવેલા નેતા જિલ્લા પરિષદના વડા હોય અને કલેકટરની કક્ષાના એક અમલદાર તે મત્રી બને તે સલાહભર્યું ગણવામાં આવ્યું. જુદાં-જુદાં કામ માટે જુદી-જુદી સમિતિઓ રચવાની ભલામણ કરી મહેતા કમિટીએ કહ્યું કે નાણાં અને કર્મચારીઓ માટે આવી ખડી સમિતિઓ અનિવાર્ય છે. પંચાયત સમિતિઓની કામ કરવાની પહેલવૃત્તિને તથા અસરકારકતાને આંચ ન આવે તે માટે જિલ્લા પરિષદને કોઈ વહિવટી સત્તા સોંપવામાં ન આવે તેવા મતની કમિટીએ નીચે પ્રમાણેની કાર્યક્ષેત્રની ભલામણ કરી.

1. જિલ્લામાં આવેલી પંચાયત સમિતિઓના અંદાજપત્રને મંજૂરી આપવી.
2. સરકાર તરફથી મળતી નાણાંકીય સહાયને પંચાયત સમિતિમાં વહેંચી આપવી.
3. પંચાયત સમિતિએ નાણાંકીય સહાય માટે કરેલી માગણી રાજ્ય સરકારની વિચારણા અર્થે રજૂ કરી.
4. જુદા-જુદા બ્લોક માટે જે યોજનાઓ મંજૂર થાય તેનું સંકલન કરવું.
5. પંચાયત સમિતિઓનાં કામકાજ ઉપર દેખરેખ રાખવી.

## 4.5 સારાંશ

મહેતા કમિટિએ પોતાની ભલામણો સાથે એવી સ્પષ્ટતા કરી હતી કે રિપોર્ટમાં સૂચવવામાં આવેલું માળખું કોઈ પણ રીતે ચુસ્ત નથી. દરેક રાજ્ય પોતાની પરિસ્થિતિને નજરમાં રાખીને અનુકૂળ ફેરફાર કરી શકે છે. ઘણાં રાજ્યોએ આવા ફેરફારો કર્યો છે. દા.ત. ગુજરાત અને મહારાષ્ટ્ર જિલ્લા પરિષદને વધુ મજબુત બનાવી છે. તથા બ્લોકને બદલે તાલુકાને દ્વિતીય સ્તરે એકમ માન્યો છે. કેટલાંક રાજ્યોએ જિલ્લા પરિષદોની રચના કરી નથી આને ફકત બે સ્તરથી ચાલવ્યું છે.

## 4.6 સંદર્ભસૂચિ

1. Mehta Report, VOL, I.P.S. Para 2.1
2. Henry Meddick : Panchayati Raj-A Study of Rural Local Government in India, P-53
3. Bhargava B.S. : Grassrots Lederhip : A Study of Leadership in Panchayati Raj Institutions, New Delhi, 1979.
4. શાહ બી.સી. : ભારતમાં પંચાયતીરાજ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. 2015

## 4.7 ચાવીરૂપ શબ્દો :

- **સામુદાયિક :** ગ્રામ્ય વિસ્તાર એક સમુદાય સાથે જોડાયેલ હોય છે અને તેના અંતર્ગત સામુદાયિક વિકાસ યોજના રૂપે સામુદાયિક શબ્દ વપરાય છે.
- **લોકશાહી વિકેન્દ્રીકરણ :** લોકશાહી વિકેન્દ્રીકરણ એટલે કેન્દ્રથી છેક ગામ સુધી સત્તાની વહેંચણી કરવામાં એટલે વિકેન્દ્રીત કરવામાં આવે છે.
- **બ્લોક :** બ્લોક એટલે પંચાયતી રાજનું વચ્ચેનું સ્તરને બ્લોક એટલે તાલુકા તરીકે ઓળખાય છે.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો

1. બળવંતરાય મહેતા કમિટીની રચના સમજાવો.

2. ગ્રામ પંચાયતના માળખા વિશે જણાવો.

3. ગ્રામ પંચાયતના કાર્યો વિશે જણાવો.

4. પંચાયત સમિતિનું માળખું જણાવો.

5. જિલ્લા પરિષદ વિશે સમજાવો.

6. પંચાયત સમિતિના આવકના સાધનો જણાવો.

# એકમ-5 પંચાયતી રાજની સમિતિ-02

રૂપરેખા


**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 અશોક મહેતા સમિતિની રચના અને કાર્યપદ્ધતિ**

**5.3 અશોક મહેતા સમિતિનો નૂતન અભિગમ**

**5.4 અશોક મહેતા સમિતિની મહત્ત્વની ભલામણો**

**5.5 અશોક મહેતા સમિતિની ભલામણોની સમીક્ષા**

**5.6 સારાંશ**

**5.7 ચાવીરૂપ શબ્દો**

**5.8 સંદર્ભસૂચિ**

**5.9 તમારી પ્રગતિ ચકાસો**


## 5.0 ઉદ્દેશો

આ એકમના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

- અશોક મહેતા સમિતિની રચના અને કાર્ય પદ્ધતિ વિષે માહિતી મેળવી શકશો.
- અશોક મહેતા સમિતિનો અભિગમ સમજી શકશો.
- અશોક મહેતા સમિતિની ભલામણોથી માહિતગાર થશો.

## 5.1 પ્રસ્તાવના :

બળવંતરાય મહેતા સમિતિના અભ્યાસ પછી અશોક મહેતા સમિતિનો અભ્યાસ કરીએ તે પહેલા તેની ભૂમિકા જોઈએ તો આ સમિતિ 1977માં પંચાયતીરાજના કાર્યક્રમની ખામીઓ દૂર કરવાના હેતુથી આ સમિતિની રચના કરવામાં આવી હતી.આ સમિતિએ કરેલા અભ્યાસમાં તારણ સ્વરૂપે કરેલ સૂચનોમાં દ્વિસ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા બનાવવા માગતી હતી. જે જિલ્લા પરિષદ અને મંડળ પંચાયતનો સમાવેશ થતો હતો. આપણે આ પ્રકરણમાં તેની રચના,કાર્યક્ષેત્ર અને તેની મહત્ત્વની ભલામણો વિષે વિગતે ચર્ચા કરીશું.

## 5.2 અશોક મહેતા સમિતિની રચના અને કાર્યપદ્ધતિ :

12,ડિસેમ્બર, 1977ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા પંચાયતીરાજની કામગીરીના સર્વગ્રાહી અવલોકન અંગે અશોક મહેતાના અધ્યક્ષપણા નીચે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતીમાં નીચેના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

| | | |
|---|---|---|
| 1. | શ્રી અશોક મેહતા | અધ્યક્ષ |
| 2. | શ્રી કર્પૂરી ઠાકુર | સભ્ય |
| 3. | શ્રી પ્રકાશસિંઘ બાદલ | સભ્ય |

| | | |
|---|---|---|
| 4. | શ્રી એમ.જી.રામચંદ્રન | સભ્ય |
| 5. | શ્રી બી.શિવરામ | સભ્ય |
| 6. | શ્રી મંગલદેવ | સભ્ય |
| 7. | શ્રી એસ.કે.ડે. | સભ્ય |
| 8. | શ્રી કુંવર મહેમદઅલિખાન | સભ્ય |
| 9. | શ્રી અન્નાસાહેબ પી.શીંદે | સભ્ય |
| 10. | શ્રી ઇ.એમ.એસી. નામ્બુદ્રીપાદ | સભ્ય |
| 11. | શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા | સભ્ય |
| 12. | શ્રી પ્રોફે.ઇકબાલ નારાયણ | સભ્ય |
| 13. | શ્રી વલ્લભભાઈ પટેલ | સભ્ય |

આ સમિતિના કાર્યક્ષેત્ર બાબતમાં નીચે પ્રમાણેના મુદ્દા ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

- રાજ્યોમાં તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકશાહી વિકેન્દ્રીકરણની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા જિલ્લાથી ગામડા સુધી રચાયેલી પંચાયતીરાજ સંસ્થાઓની કામગીરીની સમીક્ષા કરવી જેનાથી તેની ખામીઓ સ્પષ્ટ કરી આ સંસ્થાઓની કામગીરીની બાબતમાં (1)સાધનોનો ઉપયોગ કેવીરીતે કરવો.(2).ગ્રામવિકાસ માટેની યોજનાનું સર્વાંગી અને હેતુલક્ષી આયોજન, અમલીકરણ તથા સમાજના નબળા વર્ગોના હિતોની જાણવાની થાય તે માટે સૂચનો કરવા.
- પંચાયતીરાજ સંસ્થાઓની રચના તથા ચૂંટણીઓ સંબંધિત પધ્ધતિઓની ચકાસણી.
- પંચાયતીરાજની સંસ્થાઓ ભવિષ્યની શક્યતાઓ,સમસ્યાઓનો સંદર્ભમાં ભૂમિકા ભજવી શકે તે માટે તેની માળખાકીય જરૂરિયાત માટે સુધારા કરવા.
- ગ્રામ વિકાસ સાથે સંકળાયેલ સરકારી વહીવટીતંત્ર, સહકારી સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથેના પંચાયતીરાજના સંબંધોનું સ્વરૂપ અને પ્રકાર કેવા હોવાં જોઈએ.તે અંગે જાણકારી મેળવી સૂચનો કરવા.
- પંચાયતીરાજ સંસ્થાઓને સોપવામાં આવનાર જવાદારીઓ બજાવવા માટે જરૂરી નાણાકીય બાબતો સહિતની અન્ય બાબતોની સમીક્ષા કરી ભલામણો કરવી.
- **કાર્યપદ્ધતિઃ**

આ સમિતિની કાર્યપદ્ધતિ નક્કી કરવા 31 જાન્યુ,1978ના રોજ પ્રથમ બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કાર્યપદ્ધતિ અંગે ત્રણ બાબતોમાં સ્પષ્ટ કરવામાં આવી (1) શક્ય તેટલી વધુમાં વધુ વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત લેવી.(2) પરિસંવાદો યોજી સમિતિના કાર્યને આગળ વધારવું.(3) પ્રશ્નાવલિ દ્વારા રસ ધરાવતા લોકોના પ્રતિભાવ જાણવા.આ કાર્યપદ્ધતિ હેઠળ સમિતિના સ્ભ્યોએ જુદાં-જુદાં જૂથોમાં વહેચાઈ જઈ દેશના તમામ રાજયોના મુખ્યમંત્રીઓ,મંત્રીમડળના સભ્યો,ધારા સભ્યો,પંચાયતીરાજ સાથે સંકળાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓનો સંપર્ક પ્રત્યક્ષ કે પરોક્ષ કરીને લગભગ 1500 વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત લીધી.જેમનો અભિપ્રાયોથી આ કાર્ય માટે દિશા મળી રહે તે માટે હૈદરાબાદ,લોનવાલા,જયપુર અને પટણા ખાતે ચાર પ્રાદેશિક સેમિનારોનું આયોજન કરી 120 કરતાં વધુ વિદ્વાનોએ તેમાં ભાગ લઈ પોતાના વિચારો વ્યક્ત કર્યા.

સમાજના વિવિધ વર્ગોની વ્યક્તિઓના પ્રતિભાવ જાણવા હેતુલક્ષી પ્રશ્નાવલિ તૈયાર કરી અને લગભગ 1000 વ્યક્તિઓના પ્રતીભાવ જાણવા મળ્યા આ પ્રશ્નાવલિનું પૃથક્કરણ રાજસ્થાન યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના વડા ડૉ. ઈકબાલ નારાયણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.એ ખાસ કરીને વડાપ્રધાન તથા તેમના મંત્રીમડળના સાથીદારો, રાજકીયપક્ષના નેતાઓ,પંચાયતીરાજના વિશેષજ્ઞો અને આ ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા શ્રી જયપ્રકાશ નારાયણ અને ડૉ. નોરમન બોરની જેવી નામાંકિત વ્યક્તિઓના મંતવ્યો જાણવા વિશેષ કાળજી લીધી હતી.આ સમિતિએ પોતાનો અહેવાલ 21 ઓગષ્ટ,1978ના રોજ વડાપ્રધાનને સુપ્રત કર્યો.આ અહેવાલમાં આ સમિતિના ચાર સભ્યો સર્વે શ્રી રામચંદ્રન,એસ.કે.ડે,નામ્બુદ્રીપાદ અને સિદ્ધરાજ ઢઢ્ઢાએ પોતાની અલગ નોંધો મૂકી હતી.

1957માં બળવંતરાય મહેતા સમિતિએ અહેવાલને આધારે રચાયેલ ગ્રામીણ ભારતની સ્થાનિક સંસ્થાઓ રચવા માટેનો આખો સંદર્ભ નીચેની કેટલીક બાબતોને લીધે બદલાઈ ગયો હતો. આ સમિતિએ પોતાની ભલામણોમાં કેટલીક બાબતોને ધ્યાનમાં રાખી છે.

- પ્રદેશિક વિવિધતાઓ અને જટિલતાઓ છતાં વિકાસ પ્રવૃતિઓના વ્યાપ અને વિસ્તારમાં થયેલો વધારાને કારણે વિકાસની વ્યૂહરચનાઓમાં આવેલાં પરિવર્તનો
- પહેલાં સ્થગિત રહેલાં કૃષિ ક્ષેત્રોને ગતિશીલ બનાવવાનો પ્રયત્ન
- કૃષિ વિષયક નવી ટેક્નોલોજીને સરળતાથી સુલભ બનાવવાની વધતી જતી માંગણી
- સ્થાનિક ઉત્પાદન કેન્દ્રોને સ્પર્શ એવિ રીતે ગૃહ તેમ જ ગ્રામોદ્યોગ વિષેની રાષ્ટ્રીય નીતિઓ ધડવા માટે આવેલો જોક
- સમાજના નબળા વર્ગોને તેમજ ખાસ કરીને નબળા ખેડૂતોને સંગઠિત કરવા તથા મદદ કરવા માટે થતાં વિશિષ્ટ પ્રયત્નો.

## 5.3 અશોક મહેતા સમિતિનો નૂતન અભિગમ

પંચાયતીરાજ સંસ્થાઓ અંગે પરસ્પર સંકળાયેલા અને આધારિત એવા મુદ્દાઓ વિશે સૂચનો આપવાને બદલે તેની ગતિ-દિશાને સ્પષ્ટ કરે તેવો એક સુસંકલિત અહેવાલ આપવાનો નવો અભિગમ આ સમિતિએ અપનાવ્યો હતો.જેના પરિણામ સ્વરૂપે આ સંસ્થાઓના ભૂતકાળમાં ઊંડા ઉતરવા કરતાં તેના સમગ્ર તંત્રને નબળું કરે તેવાં કેટલાક વલણો જોવા મળ્યાં છે.

- આ સંસ્થાઓ દ્વારા થતાં વિકાસ કાર્યોના અમલીકરણમાં અનુકૂળ થવાની અમલદારશાહીની ઈચ્છા શક્તિનો અભાવ કે અક્ષમતા તથા સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા માટે આવશ્યક એવી રાજકીય નિશ્ચિતતાનો અભાવ.
- વિસ્તારની થતી વિકાસની, જટિલ યોજનાઓના સંચાલન માટે આ સંસ્થાઓને અપૂરતી ગણીને તેમને વિકાસકાર્યોની સોંપણી કરવામાં થયેલ આનાકાની. સમિતિના મત પ્રમાણે પંચાયતી સંસ્થાઓએ કેટલીક નોંધપાત્રસિદ્ધિઓ પણ હાંસલ કરી છે.જેવી કે;
    - ભારત ભૂમિમાં ઊંડે સુધી લોકશાહીના બી વાવવાની પ્રક્રિયાનાં મદદરૂપ બની છે.
    - લોકો અને વહીવટીતંત્ર વચ્ચે રહેલી વર્ષો જૂની ખાઈને દૂર કરવામાં ફાળો આપ્યો છે.

- પ્રમાણમાં યુવાન જ નહી,પણ સાથે-સાથે સામાજિક પરિવર્તનના દ્રષ્ટિકોણવાળી નવી ગ્રામ્ય નેતાગીરીનું સર્જન કર્યું છે.

## 5.4 અશોક મહેતા સમિતિની મહત્વની ભલામણો

અશોક મહેતા સમિતિએ કરેલા અભ્યાસના તારણો સ્વરૂપે કરેલી ભલામણો વિગતે દર્શાવી શકાય.

### 1. તંત્ર રચના

સમિતિના મતે રાજ્યકક્ષાએ નીચેના સ્તરે લોકશાહી વિકેન્દ્રીકરણ માટેનું પ્રથમ બિંદુ જિલ્લો હોવો જોઈએ. જિલ્લા પરિષદથી નીચેના સ્તરે 15000 થી 20,000 ની વસ્તી આવરી લે તે રીતે ગામડાઓના સમૂહોની બનેલી મંડળ પંચાયતો રચાવી જોઈએ.

- આ બે સ્તરના પંચાયતીરાજના માળખાની રચના થાય ત્યાં સુધી રાજ્ય સરકારો વર્તમાન તાલુકા સમિતિઓને જિલ્લા પરિષદની વહીવટી સમિતિઓ તરીકે ચાલુ રાખે અને જેમ-જેમ મંડળ પંચાયતો સ્થાપિત થતી જાય તેમ-તેમ તેમને તમામ કાર્યો સોંપીને તાલુકા સમિતિઓનું વિસર્જન કરવામાં આવે.
- ગ્રામ કક્ષાએ ગ્રામ્ય સમિતિઓ રચવામાં આવે જે મંડળ પંચાયતો સાથે સંકળાયેલ હોય આ ગ્રામ સમિતિઓ માત્ર નાગરિકા જીવનની સુવિધાઓ તથા જાહેર કલ્યાણની બાબતો જ હાથ ધરે.
- જ્યાં સુધી નવા નિયમો પ્રમાણે મંડળ પંચાયતો રચાય નહિ ત્યાં સુધી વર્તમાન ગ્રામપંચાયતોનું સમવાયતંત્ર રચવું.
- દ્વિ સ્તરની પંચાયતી માળખાની વિગતો રાજ્ય સરકારો પર છોડીને આ સમિતિએ કેટલાક માર્ગદર્શક સૂચનો કર્યા છે?
  - ચૂંટણીઓમાં અનુસૂચિત જાતિ અને જનજાતિને તેમની વસ્તીના ધોરણે પ્રતિનિધિત્વ આપવું.
  - મંડળ પંચાયતના અધ્યક્ષની ચૂંટણી રાજ્ય નક્કી કરે તે પ્રમાણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરવી
  - તમામ ચૂંટાયેલાં સ્તરોની મુદ્દત 4 વર્ષની રાખવી.
  - માળખાકીય તંત્ર રચનામાં રાજ્યો વચ્ચે ભલે ગમે તેટલા તફાવતો હોય પણ તેમાં દરેક સ્તરે પ્રત્યક્ષ ચૂંટણીના તત્વોને અન્ય તત્ત્વો કરતાં પ્રાધાન્ય આપવું.

**•જિલ્લા પરિષદ :**

આમાં જિલ્લા પરિષદની રચના છ પ્રકારના સભ્યોથી કરવામાં આવી છે.

1. યોગ્ય રીતે નક્કી થયેલાં મતદાર વિભાગોમાથી ચૂંટાયેલાં સભ્યો.
2. હોદ્દાની રૂએ સભ્યો બનેલ મંડળ પંચાયતના અધ્યક્ષો
3. મોટી નગરપાલિકાઓના પ્રતિનિધિઓ
4. જિલ્લા પરિષદની ચૂટણીમાં સૌથી વધુ મત પ્રાપ્ત કરનાર બે સ્ત્રી સભ્યો (તે ન હોય તો બે નિયુક્ત સ્ત્રી સભ્યો)
5. ગ્રામ્ય વિકાસમાં રસ લેનાર વ્યક્તિઓમાંથી એક નિયુક્ત સભ્ય

6. યુનિવર્સિટી કે કૉલેજના પ્રાધ્યાપકોમાંથી એક નિયુક્ત સભ્ય

જિલ્લા પરિષદના ચૂંટાયેલાં તેમજ હોદ્દાની રૂએ આવેલા સભ્યો અધ્યક્ષની ચૂંટણીમાં ભાગ લઈ શકે જિલ્લા કક્ષાએ ખેતી,શિક્ષણ,નાણાં અને જાહેર બાંધકામ ઈત્યાદિ સમિતિઓ રચવી તથા આ સમિતિઓના અધ્યક્ષની બનેલી સ્થાયી સમિતિની રચના કરવી.જિલ્લા કક્ષાએ આયોજન કરવા તેમજ તેનું મૂલ્યાંકન કરવા જિલ્લા પરિષદના તમામ સભ્યો તથા જે-તે જિલ્લા ધારાસભ્યો અને સંસદ સભ્યોની બનેલી એક આયોજન સમિતિ રચાવી.

- **મંડળ પંચાયત**

આ મંડળ પંચાયતની રચના નીચે પ્રમાણે કરવી.

1. ગ્રામ તથા વસ્તીના ધોરણે પ્રત્યક્ષ રીતે ચૂટાયેલાં15 સભ્યો.

2. ખેડૂત મંડળોના પ્રતિનિધિઓ

3. મંડળ પંચાયતની ચૂંટણીઓમાં સૌથી વધુ મત પ્રાપ્ત કરનાર બે સ્ત્રી સભ્યો(જો ન હોય તો બે નિયુક્ત સભ્યો)

રાજ્ય સરકાર નક્કી કરે તે પ્રમાણે ચૂંટાયેલાં સભ્યો પોતાનામાંથી મંડળ પંચાયતના અધ્યક્ષની પરોક્ષ રીતે ચૂંટણી કરે અથવા લોકો દ્વારા પ્રત્યક્ષ ચૂંટણી પણ થાય મંડળ પંચાયતોમાં અનુસુચિત જાતિ અને જનજાતિ માટે તેમની વસ્તીના ધોરણે અનામત બેઠકોની જોગવાઈ રાખવી. સ્ત્રીઓ તથા બાળકોમાં કલ્યાણ માટે થતી યોજનાઓ ઉપર દેખરેખ અને અંકુશ રાખવા મંડળ પંચાયતોમાં ચૂંટાયેલા તમામ સ્ત્રી સભ્યોની એક સમિતિ રચવી.

- **ગ્રામ સમિતિ**

ગ્રામ સમિતિના સભ્યો નીચે પ્રમાણે છે.

1.જે તે મતદાર વિભાગમાંથી મંડળ પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો.

2.જે તે મતદાર વિભાગમાંથી જિલ્લા પરિષદમાં ચૂંટાયેલા સભ્યો

3. નાના અને સીમાંત ખેડૂતોના પ્રતિનિધિઓ

ગ્રામ સમિતિના અધ્યક્ષ તરીકે જેતે મતદાર વિભાગમાંથી મંડળ પંચાયતમાં ચૂંટાયેલાં સભ્યો રહેશે.

- **ગ્રામસભા**

ગ્રામસભા એ ગામની ધારાસભા જેવી છે. ગામમાં રહેતા બધા પુખ્ત નાગરિકો તેના મતદાર ગણાય છે. નાગરિકોને અને તેમના પ્રતિનિધિઓને એક મંચ ઉપર લાવી તેમના વિકાસ કાર્યોની વચ્ચે કરવાનું છે. ગ્રામસભા વર્ષમાં ઓછામા-ઓછી બે વાર ગ્રામસભાની બેઠક બોલાવવી તેમાં પંચાયત દ્વારા થતી વિકાસની યોજનાઓનો અધિકારીઓની હાજરીમાં લોકોને ખ્યાલ આપવો તથા તેમનો સહકાર જાળવવા પ્રયત્ન કરવો.

- **ન્યાય પંચાયત**

ન્યાય પંચાયતનું કાર્યક્ષેત્ર ઘણું મર્યાદિત છે. તેમાં જુદા જુદા રાજયોમાં આંધ્રપ્રદેશ,બિહાર,હિમાચલ પ્રદેશમાં એક ગ્રામપંચાયત દીઠ એક ન્યાય પંચાયત રચવામાં આવી છે જ્યારે આસામ,ગુજરાત,મહારાષ્ટ્ર,રાજસ્થાનઅને ઉપર પ્રદેશમાં પાંચ કે તેથી વધુ ગ્રામ પંચાયતો વચ્ચે એક ન્યાય પંચાયત રચવાની વ્યવસ્થા છે.તે નાના નાના દિવાની તથા ફોજદારી કેસો ચલાવી શકે છે. જેમાં અપરાધની શિક્ષારૂપે ફક્ત નાણાકીય દંડ કરવામાં આવે

છે.જેમાં દરેક ચૂટાયેલ ન્યાય પંચાયતના અધ્યક્ષ તરીકે કોઈ યોગ્યતાવાળા ન્યાયાધીશને નિમવા એકવાર ચૂટાયેલા ન્યાય પંચાયતના સભ્યોને માટે બીજી ચૂંટણીમાં ઊભા રહેવા પર પ્રતિબંધ મૂક્યો. ન્યાય પંચાયતની સમિતિઓ સભ્યો જે વિસ્તારમાંથી ચૂંટાયો હોય તે સિવાયના અન્ય વિસ્તારોમાં તેમને કામગીરી સોપવી.

- **ચૂંટણીતંત્ર અને રાજકીય પક્ષો**

આ સંસ્થાઓની ચૂંટણીઓનું સંચાલન રાજયના મુખ્ય ચૂટણી અધિકારીએ ચૂંટણી કમિશનરની સલાહથી કરવું.રાજકીય પક્ષોના ભાગ લેવા અંગે જોઈએ તો, "સમિતિના બહુમતી અભિપ્રાય પ્રમાણે પંચાયતીરાજ સંસ્થાઓની ચૂંટણીઓમાં રાજકીય પક્ષોને પ્રચ્છની રીતે ભાગ લેવાની છૂટ આપવામાં આવશે તો તેથી વિકાસમાટેની યોજનાઓ પ્રત્યે સ્પષ્ટ અભિગમની ખાતરી મળશે તથા ઉપલા સ્તરની રાજકીય પ્રક્રિયાઓ સાથે પ્રસ્થાપન કરવામાં મદદ મળશે. કાર્યક્રમ પર આધારિત પ્રત્યક્ષ ચૂંટણીઓ જેમ વારંવાર યોજાશે તેમ બહુસંખ્યક એવા સમાજના નબળા વર્ગોને રાજય પ્રથા દ્વારા મળેલી વિશાળ તકોની પ્રાપ્તિ થશે, એટલું જ નહી પણ આ પ્રક્રિયા સામાજિક વર્ગો અને રાજકીય પક્ષો વચ્ચે વિકાસની પ્રવૃતિઓમાં રચનાત્મક સ્પર્ધા અને પરસ્પર સહકારનું નવું વાતાવરણ જન્માવશે. પરિણામે રાષ્ટ્રની શક્તિમાં વધારો થશે."

## 2. કાર્યક્ષેત્રનો વ્યાપ

દરેક રાજયને પોતાનો વિકાસ કરવાનો હોઇ નાગરિક જીવનની અમુક બાબતોમાં લઘુત્તમ વિકાસ બધે એકસરખો હોવો જોઈએ આમાં અશોક મહેતા સમિતિએ સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે વિકાસનાં કર્યો અંગે પ્રદેશિક તેમજ સ્થાનિક અગ્રિમતાઓમાં ખૂબ તફાવત હોવાથી પંચાયતીરાજની સંસ્થાઓને જયારે કર્યો સોપે છે.ત્યારે જાણે દયાદાન કરતાં હોય તેવી ભાવના ઊભી કરે છે. આ અંગે કમિટીએ ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક લખ્યું છે કે , "રાજયો ની સામે વિકેન્દ્રીકરણ સિવાય બીજો કોઈ વિકલ્પ નહી હોવાથી આ સંસ્થાઓને કાર્યોની ફાળવણી કરવામાં કોઈ દયાદાનની કે વહીવટી ઉદારતાની ભાવના પ્રદર્શિત કરવી જોઈએ નહી."

## 3. વિકેન્દ્રીકરણના પ્રથમબિંદુ તરીકે જિલ્લો

અશોક મહેતા કમિટીએ વિકેન્દ્રીકરણના પ્રથમબિંદુ તરીકે જિલ્લાને પસંદ કર્યો છે. જિલ્લાની નીચેના સ્તરે કેવું અને કેટલું વિકેન્દ્રીકરણ કરવું તે વ્યક્તિગત રીતે રાજ્યો પર છોડ્યું છે.પરંતુ એવી આશા વ્યક્ત કરી છે કે જિલ્લા સાથે સંબંધિત જે કોઈ વિકાસકાર્યો રાજય સરકાર સંભાળતી હોય તે તમામ કાર્યો જિલ્લા પરિષદને સોપવામાં આવે તેમાં અપવાદ તરીકે એક કરતા વધારે જિલ્લાઓને સ્પર્શતા કે પ્રમાણમા જટિલ હોય તેવા કાર્યો રાજય સરકારો હાથ ધરે તેમાં કશું અજુગતું નથી દા.ત. ખેતીવિષયક સંશોધન,ઉચ્ચશિક્ષણ મધ્યમ કદની સિચાઈ યોજનાઓ વગેરે.

## 4. સમગ્ર પ્રવૃતિઓના કેન્દ્ર તરીકે મંડળ પંચાયતો

કમિટીએ પોતાની ક્રાંતિકારી ભલામણ તરીકે મંડળ પંચાયતની પ્રત્યે નવો જ દ્રષ્ટિકોણ અપનાવવાનું સૂચવ્યું છે.કમિટીના મત પ્રમાણે મંડળ પંચાયત સાચી રીતે પ્રવૃત્તિઓમાં ધમધમતું કેન્દ્ર હશે.તે જિલ્લા પંચાયત દ્વારા સોપાયેલા કર્યો અને યોજનાઓનો અમલ કરશે સામૂહિક અને સહકારી પ્રવૃત્તિઓને વેગ આપશે. વિકાસ યોજનાઓ ઘડવાની તથા તેના અમલ માટે જરૂરી વ્યવસ્થા તંત્રે પૂરું પાડવાની તે જવાબદારી લેશે. ટૂકમાં તે વિચારો અને પ્રવૃતિઓનું કેન્દ્ર બનશે.

**5. સમાજના નબળા વર્ગો પ્રત્યે વિશેષ લક્ષ**

સમાજના નબળા વર્ગોને લાભ આપવામાં અસમર્થ અને ખામીયુક્ત પુરવાર થયેલ હોવાથી પંચાયતીરાજનું માળખું વધારે સક્ષમ બનાવવા અશોક મહેતા સમિતિએ પોતાના અહેવાલમાં સામાજિક નબળા વર્ગો માટે ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું જે આ પ્રમાણે છે.

- ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓમાં પછાત જાતિને તેમની વસ્તીના ધોરણે પ્રતિનિધિત્વ આપવું.
- અનામત બેઠકોના સિધ્ધાંતના પૂરકરૂપે સામાજિક ન્યાય સમિતિઓ રચવી તેના અધ્યક્ષ અનુસૂચત જાતિ અને જનજાતિના જ હોય.
- નબળા વર્ગોના હિતોનું રક્ષણ કરવાના ધ્યેયને રાજકીય સમર્થન મળી રહી તે માટે શક્ય હોય ત્યાં સુધી અનુસુચિત જાતિ અને જનજાતિના ધારાસભ્યોની બહુમતીવાળી એક ધારાસભાની સમિતિ નિમવી. આ સમિતિ નબળા વર્ગો માટે અમલમાં મુકાયેલ યોજનાઓ ઉપર દેખરેખ રાખે તથા તેના હિસાબ તપાસે.
- પંચાયતી સંસ્થાઓએ અનુસૂચિત જાતિ અને જનજાતિને ડેરી,મરઘાંઉછેર, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ,જંગલ ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં રોજગારીની નવી તકો ઊભી કરવી.

**6. વહીવટી તંત્ર**

વિકાસ માટે ગતિશીલ વહીવટીતંત્રના ખ્યાલનો સ્વીકાર કરતાં અહેવાલમાં વહીવટીક્ષેત્રે કેટલાંક ફેરફારો સૂચવ્યા છે જે નીચે પ્રમાણે છે.

- વિકાસ યોજનાઓ ઉપર દેખરેખ તથા અંકુશ રખવાનું કાર્ય ચૂંટાયેલી સંસ્થાઓ દ્વારા જ થાય તે માટે વહીવટીતંત્રે અનુકૂળ થવું જ પડે આ પરિવર્તનમાં બધારૂપ બને તેવા વહીવટીતંત્રના કોઈપણ પ્રશ્નની અવગણના કરવી જોઈએ નહી.
- જિલ્લા પરિષદના કર્મચારીઓની ભરતી રાજ્ય તેમજ જિલ્લા કક્ષામાં સ્વતંત્ર નિગમો દ્વારા થાય.
- વિકાસ સાથે સબંધિત જિલ્લાના તમામ કર્મચારીઓ જિલ્લા પરિષદના મુખ્ય વહીવટકર્તાના હાથ નીચે મૂકવા.
- જિલ્લા પરિષદ નીતિ માટે જ્યારે મુખ્ય વહીવટીકર્તા તેના અમલીકરણ માટે જવાબદાર ગણાય.
- મંડળ પંચાયતોએ વિકાસ, નાગરિક જીવન તેમજ સુખાકારીને લગતાં કાર્યો બજાવવાના હોવાથી તેમને માટે પૂર્ણ સમયના મુખી વહીવટકર્તા નિમવા.
- રાજય કક્ષાએ પંચાયતીરાજના મંત્રીની નિમણૂક કરવી.

**7. નાણાકીય સાધનો**

વિકાસ માટે નાણાકીય સાધનો ઊભા કરવા કેટલા મહત્ત્વના છે તેનો ખ્યાલ કમિટીનો હતો જેથી કેટલાંક સૂચનો નાણાકીય સાધનો અંગે કર્યા છે જે આ પ્રમાણે છે.

1. તમામ રાજ્યોએ પંચાયતી સંસ્થાઓ માટે ઘરવેરા, વ્યવસાય વેરો,મનોરંજનવેરો, જમીન અને મકાન ઉપરનો ખાસવેરો વગેરે ઉધરાવવાનું ફરજિયાત બનાવવું
2. પંચાયતીરાજ સંસ્થાઓએ દીવાબત્તી,સફાઈ, પાણી વગેરે સવલતો આપવા બદલ ફી કે વેરા નાખવા.

3. ગ્રામ્ય વિસ્તારની જાહેર માલિકીની મિલકતો પંચાયતીરાજને સોપવી.
4. પંચાયતી સંસ્થાઓના વહીવટી ખર્ચ માટે પણ ગ્રાન્ટ આપવી.
5. જિલ્લા સ્તરે એક ઉચ્ચ કક્ષાના નાણાકીય અધિકારી નિમવા જેઓ યોજનાકીય અને બિન-યોજનાકીય ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખે.

**8. તાલીમનું મહત્ત્વ**

પંચાયતીરાજની સફળતાનો આધાર તેમાં કામ કરતાં કર્મચારીઓ ઉપર છે તથા આ સાધન સંપત્તિનો વિકાસ કેવી રીતે કરવામાં આવે છે તેના પર છે. તેથી અશોક મેહતા કમિટીએ સૂચવ્યું છે કે આ માટે ત્રણ પ્રકારની તાલીમનો પ્રબંધ કરવો. જેમાં અધિકારીઓ અને પદાધિકારીઓ માટે સંયુક્ત અભ્યાસક્રમવાળી તાલીમ સાથે-સાથે પંચાયતી સંસ્થાઓને મહિલા મંડળ, યુવક મંડળ,ખેડૂત મંડળ,નહેરુ યુવક કેન્દ્રો જેવી સંસ્થાઓની સ્થાપના કરી તેમને વિકાસ કાર્યોમાં પ્રયોજવાની ભલામણ કરી છે.

**9. સહકારી સંસ્થાઓ સાથે સંબંધ**

પંચાયતીરાજ સંસ્થાઓ અને સહકારી સંસ્થાઓએ એકબીજાની પૂરક હોવાથી તેમની વચ્ચે સંબધો વિકસાવવાની વાત ઉપર અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે.જે નીચે પ્રમાણે છે.

- જેમાં પંચાયતીરાજ સંસ્થાઓએ અને સહકારી સંસ્થાઓનો સહિયારો પ્રયાસ જરૂરી છે.
- જેમાં સહકારી સંસ્થાઓ પંચાયતીરાજની સંસ્થાઓના એજન્ટ તરીકે કામ કરે.જેમાં સહકારી સંસ્થાઓને પંચાયતિરાજ સંસ્થાઓના પાસેથી ઉપલબ્ધ સવલતોની જરૂર પડે.
- જે મૂળભૂત રીતે પંચાયતીરાજ સંસ્થાઓમાં હોય પણ સહકારી સંસ્થાઓ તેમાં મદદ કરે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સહકારી સંસ્થાઓની સ્થાપના તથા વિકાસમાં પંચાયતીરાજ સંસ્થાઓએ પ્રોત્સાહન આપવું જોઈએ, આમ છતાં એવી ચોખવટ કરવામાં આવી છે કે આ બંને પ્રવૃત્તિઓ અલગ અને સ્વતંત્ર છે. તેથી સહકારી પ્રવૃત્તિઓ અલગ અને સ્વતંત્ર છે. તેથી સહકારી પ્રવૃત્તિને પંચાયતીરાજ સંસ્થાઓના માળખાની બહાર રાખવી. તેઓ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખતા એકબીજાના પૂરક બની શકે છે. આ માટે જરૂર પડે તો સહકરી સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ ભલે આપવું પરંતુ જેથી કરીને સહકારી સંસ્થાઓમાં પંચાયતોને સામેલ થવાની જરૂર નથી, બલ્કે પૂરક બનવાની જરૂર છે.

**પંચાયતીરાજમાં અશોક મહેતા સમિતિની ખૂબીઓ અને ઉપાયો**

પંચાયતી રાજની પડતી માટે અશોક મહેતા સમિતિ દ્વારા જવાબદાર પરિબળો આ મુજબ છે.

- આ સંસ્થાઓને અપાયેલ નાણાકીય સાધનો સાવ નજીવા હતા. પરિણામે તેમની કામગીરી ખૂબ નિરાશાજનક નીવડી હતી.
- રાજ્ય સરકારો દ્વારા પંચાયતોને સુપર સીડ કરવાના પ્રસંગોમાં ઉતરોત્તર વધારો થવા લાગ્યો .
- પ્રતિકૂળ વહીવટી માળખું
- પંચાયતી રાજના ખ્યાલ વિષે પ્રવર્તતી સંદિગ્ધતાનાઉપાયો

પંચાયતી રાજની સંસ્થાઓની ઉપરોક્ત ખામીઓ દૂર કરવા માટે અશોક મહેતા સમિતિએ નીચે મુજબની ભલામણો કરી હતી.

- બંધારણમાં જરૂરી સુધારા કરીને સ્થાનિક સરકારની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવો જોઈએ.
- સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી નિયમિત સમયાંતરે કરવી જોઈએ
- પંચાયતી રાજ સંસ્થાઓને ત્રિ-સ્તરીય ને બદલે દ્વિ-સ્તરીય બનાવવી એટલે કે એક જિલ્લા સ્તરે અને બીજી ગ્રામ સ્તરે
- જિલ્લા પરિષદની રચના સીધી ચૂંટણીથી થવી જોઈએ અને તેના અધ્યક્ષ બિન સરકારી વ્યક્તિ હોવી જોઈએ.
- ન્યાય પંચાયતોનું નવનિર્માણ કરવું.
- સામાજિક ઓડિટની વ્યવસ્થા કરવી.

## 5.5 અશોક મહેતા સમિતિની ભલામણોની સમીક્ષાઃ

સામાન્ય રીતે સ્થાનિક સ્વશાસનના ક્ષેત્રે વિશેષતઃ ભારતીય રાજકારણની કોઈ ખાસ દેન હોય તો તે પંચાયતીરાજનો ખ્યાલ છે,એમ આપણે ગૌરવ થી કહી શકીએ, પરંતુ આ વાતનો સ્વીકાર વાસ્તવિક કરવાનો વખત આવ્યો ત્યારે આપણે બંધારણમાં નીતિનિર્દેશક સિદ્ધાંતોમાં તેનો ઉલ્લેખ (કલમ-40) માં કરીને સંતોષ માન્યો, આપણો રાજકર્તા વર્ગ પંચાયતીરાજના ખ્યાલને મૂર્ત કરવાં માટે પોતાને કોઈ પણ રીતે કટિબદ્ધ થયેલ નથી અને પ્રજાને ભ્રમમાં નાખવાં માટે મીઠાં શબ્દોની જાળ પાથરે છે પરંતુ જ્યારે દેશના વિકાસ કાર્યોના તેમના હાથ હેઠા પડ્યા ત્યારે તેમને ફરી એકવાર વિકાસ કાર્યોમાં પ્રજાની સહભાગીદારીના મહત્ત્વ તરફ પોતાનું મોં ફેરવ્યું અને તેના અભ્યાસ માટે એક કમિટી રચી તે વખતે શ્રી બળવંતરાય મહેતા જેવા રાજપુરુષ તેમને મળી ગયા અને પંચાયતીરાજના ખ્યાલના પિતા બનવાનું તેમને ભાગે આવ્યું. 1958 થી 1978 ના બે દાયકા પંચાયતીરાજની ચડતીપડતીના ગણાવી શકાય.1959-64 સુધીનો ગાળો તેની ચઢતીનો,1965-69 સુધીનો ગાળો તેની સ્થગિતતાનો તથા 1969-77 નો ગાળો તેની પડતીનો કહી શકાય. 1978માં ફરી એકવાર બીજા મહેતા પંચાયતીરાજના વહારે આવ્યા છે અને આજે આપણે આપની સમક્ષ શ્રી અશોક મહેતા કમિટીએ પંચાયતીરાજનો પાયોમજબૂત કર્યો, તો શ્રી અશોક મહેતાએ પંચાયતીરાજની 20 વર્ષની કામગીરી નિહાળવાનો લાભ મળ્યો છે અને તેથી ભલામણો પણ ચર્ચાસ્પદ બનવા સંભવ છે.

- **રિપોર્ટને આવકાર**

અશોક મહેતા સમિતિની ભલામણોને પ્રોફે.જી.રામ.રેડ્ડી બિરદાવતાં કહે છે કે અન્ય સરકારી દસ્તાવેજોની માફક તે ચીલાચાલુ દસ્તાવેજ નથી પણ આર્થિક અને વહીવટીતંત્રના વિકાસ ઉપરનો સુંદર નિબંધ છે, તે વર્તમાન પરિસ્થિતિનું વિશ્લેષણ કરે છે એટલુ જ નહી ભાવિ રાહનો માર્ગ પણ ચીધે છે કુલ 11 પ્રકરણો અને પ્રસ્તાવના સહિત 153 પાનામાં તેની મુખ્ય ભલામણોનો સમાવેશ થાય છે ત્યારબાદ લગભગ 20 પાનામાં એમ.જી.રામચદ્રન, શ્રી નામ્બુદ્રિપાદ, એસ.કે.ડે તથા સિદ્ધરાજ ઢઢ્ઢાની અલગ નોંધ મૂકી છે એહવાલને અંતે 29 પાનામાં અહેવાલ અંગેનો અભિગમ તથા મુખ્ય ભલામણોનો સારાંશ (132 કલમો) સમજાવ્યો છે.પુરવણી રૂપે આપેલ માહિતી 14 વિભાગોમાં વહેચી છે જે અભ્યાસની દ્રષ્ટિએ ખૂબ મહત્ત્વની

છે તેમાં પંચાયતોની વિવિધતા ચૂંટણીઓમાં વિવિધતા ચૂંટણીઓની સમજૂતી ધારાસભ્યોની સામેલગીરી જુદાં-જુદાં સ્તરની પંચાયતોના દૃષ્ટાંતરૂપે કાર્યો ,આવકના સાધનો જમીન મહેસૂલમાંથી આવક,તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને વગેરેની માહિતી મળે છે સમગ્ર રીતે આપો અહેવાલ 301 પાનામાં સમાવાયો છે.

- **સમીક્ષા**

અશોક મહેતા કમિટીની ભલામણો જેટલી હિંમતભેર છે, તેટલીજ ચર્ચાસ્પદ છે. કમસેકમ નીચે દર્શાવેલ ભલામણો ઉપર જે વિવિધ પ્રત્યાઘાતો પડ્યા છે, તેની આછી ઝલક આપવાનો પ્રયત્ન કર્યો છે.

**1. મંડળ પંચાયતઃ**

સમિતિએ અત્યારના ત્રિસ્તરીય માળખાને બદલે દ્વિ-સ્તરીય માળખું સૂચવ્યું છે. રાજ્યથી નીચેના સ્તરે વિકેન્દ્રીકરણ માટે જિલ્લો અગત્યનું સ્ટાર છે, ટેકનિકલ જાણકારી માટે જિલ્લો એક એકમ તરીકે પૂરેપુરી સુવિધા પૂરી પડી શકે એમ છે. જિલ્લાથી નીચે બ્લોક/તાલુકાને બદલે તે મંડળ પંચાયતોમાં રચવાનું સૂચવે છે. જ્યાં તાલુકા પંચાયતો છે તેને મંડળ પંચાયતોમાં ફેરવી નાખવામાં આવશે લગભગ 15 થી20 હજારની વસ્તી મર્યાદામાં મંડળ પંચાયતોનું એ ઝુમખું રચાશે તેમાં જે ગામ આગેવાન હશે તેને કેન્દ્રમાં રાખી આવું મંડળ રચાશે.હાલની ગ્રામપંચાયતો મંડળ પંચાયતોની કારોબારી સમિતિઑ તરીકે કામ કરશે તેઓ પોતાના ગામની નાગરિક સેવાઓનું કામજારી રાખશે.સમિતિએ મંડળ પંચાયતની તરફેણમાં બે મુદ્દાઓ જણાવ્યા છે જે (1)વિકાસ કાર્યો માટે જે ટેકનિકલ અને વહીવટી સજ્જતા જોઈએ તે નાના ગામો પૂરી પાડી શક્યા નથી.કેટલીક પ્રવૃત્તિઓ એવી છે જે ગૃપના આધારે ચાલતી હોય છે દા.ત. આરોગ્ય કેન્દ્ર શિક્ષણ સંસ્થાઓ, ખેતી સેવાઓ આ બધા માટે આર્થિક રીતે ગામડું નાનું પડે છે.(2) લોકોની સહભાગીદારો અને ટેકનિકલ જરૂરિયાતો વચ્ચે સમતોલપણું જાળવવું હોય તો પણ મંડળ કક્ષાની પંચાયતો જ કામ આવી શકે.

**2. રાજકીય પક્ષો**

બીજી વિવાદસ્પદ ભલામણ રાજકીય પક્ષોના પ્રવેશ અંગે છે.પ.બંગાળ અને જમ્મુ-કશ્મીરની પંચાયતોની ચૂંટણી -રાજકીય પક્ષના સ્તરે ઘડાય છે, તેનો ઘણાં લોકોને ખ્યાલ નહી હોય, જયાં પક્ષો ભાગ લેતાં નથી ત્યાં ચૂંટણીઓ સીધી સાદી રીતે પૂર્ણ થાય છે તેમ માનવાનું કારણ નથી. ગામડામાં ચૂંટણીઓ થાય છે અને તેમાં રાજકીય પ્રશ્નો નિમિતરૂપ ન બનતા હોય તો કૌટુંબિક ઝઘડાઓ, બે મહોલ્લા વચ્ચેના ઘર્ષણો, બે જ્ઞાતિઓ કે જાતિઓ વચ્ચેની તકરારો જમીન-ખેડૂત અથવા મજૂરોના સંબંધો વચ્ચે આવ્યા વિના રહેતાં નથી.

પંચાયતોમાં ચૂંટણીઓના તત્ત્વને દૂર કરવું જોઈએ પણ આ શક્ય છે? જો આપણે ચૂંટણીઓનું લોકશાહીનું એક અંગ માનતા હોઈએ તો તેને કેવી રીતે દૂર કરી શકાય?નામ્બુદ્રીપાદ જેવા નેતાઓ એમ કહે છે કે ગરીબ અને અસહાય વર્ગને સંગઠિત કર્યા સિવાય, તેમનું રક્ષણ થઈ શકે એમ નથી. આ કામ ફક્ત રાજકીય પક્ષો જ કરી શકે તેમ છે. પ્રોફે. જી. રામ.રેડ્ડી કહે છે કે પંચાયતોની ચૂંટણીમાં રાજકીય પક્ષોને બાકાત રાખવાની વાત દંભી છે. પ્રો. શ્રી રામ મહેશ્વરીનું માનવું છે કે રાજકીય પક્ષો પ્રજાની ભાગીદારીનું વાહન બને છે એટલું જ નહિ તેઓ તેની સફળતા કે નિષ્ફળ કાર્યવાહી માટે જવાબદારીનું તત્ત્વ સ્વીકારે છે ખરો સવાલ એ છે કે ચૂંટણીએ બગાડ્યું છે કે પક્ષો એ?આપની ચૂંટણી અને પક્ષોને દૂર રાખીએ તો રાષ્ટ્રીય અને ગ્રામ્યસ્તરે વિરોધાભાસ ઊભા નથી કરતાં?

### 3. ક્ષતિપૂર્તિ

અશોક મહેતા સમિતિની ભલામણો વિષે નહિં,પરંતુ તેમના સમગ્ર અભિગમ વિશે જો કોઈએ પડકાર ફેંકયો હોય તો તે છે ડૉ.બી.એસ.ભાર્ગવ તેમના કથન મુજબ અશોક મહેતા કમિટીની રચના બિલકુલ જુદા જ વાતાવરણ અને સંદર્ભમાં થઈ છે તેઓ કહે છે કે અશોક મહેતા કમિટીએ મૂલ્યાંકનનું કાર્ય ઉપાડયું ત્યારે પંચાયતીરાજ 20 વર્ષથી અમલમાં હતું એટલે જુદાં-જુદાં રાજયોમાં તેમની જુદી જ પ્રકાર વ્યવસ્થા ઉદભવી છે કમિટીએ પ્રકાર વ્યવસ્થાનો અભ્યાસ કરવો જોઈતો હતો. ઘણા રાજયોમાં શાસકોને અત્યારે જે વ્યવસ્થા વર્ષોથી ચાલી આવી છે તેને સમૂળગી બદલી નવી ઓપ આપવી બિલકુલ અસ્વીકાર્ય થશે કર્ણાટક,કેરાલા,તામિલનાડુ, આસામ વગેરે રાજયોમાં અશોક મહેતા સમિતિની ભલામણોનો સ્વીકાર અધરો થઈ પડયો હતો.

## 5.6 સારાંશ

અશોક મહેતા સમિતિની પ્રકીર્ણને સારાંશ રૂપે જોઈએ તો તેની ભલામણો એવી છે જેના વિશે અન્યત્ર હળવી ટીકાઓ થઈ છે. પ્રો.શર્મા કહે છે કે (1) મજબૂત જિલ્લા પ્રમુખના હાથ નીચે કલેક્ટરને રાખવાથી દ્વિમુખી વહીવટીતંત્ર ઊભું થશે. (2) ન્યાય પંચાયતોના ન્યાયાધીશ અને જયુરી વચ્ચે મતભેદ થશે ત્યારે ન્યાયાધીશ માટે કફોડી સ્થિતિ ઊભી થશે તથાપિ બંનેનું કામ ભાગ્યેજ સફળતાથી ચાલશે.(3) અશોક મહેતા કમિટિ સ્વૈચ્છિક રીતે કામ કરતી સંસ્થાઓને પંચાયતીરાજમાં સામેલ કરવાની વાત કરે છે,જયારે દાંતવાલા કમિટી બ્લોક લેવલે યોજના ઘડવામાં આવી સંસ્થાઓને જોડવાનો વિરોધ કરે છે.(4)પ્રો. શર્માને માટે પંચાયતીરાજની સંસ્થાઓને આપની આજુબાજુમાં કુદરતી અને માનવીય વાતાવરણના પ્રશ્નો અંગે કોઈ રીતે સભાન કરવાનો પ્રયત્ન કર્યો નથી જેમાં જંગલોની નાબૂદી,નદીઓનું પૂર,કુદરતી ખાતરોનો નાશ, જમીન ધોવાણ, પાણીનો દુર્વય વગેરે પ્રશ્નોથી તેમણે વાકેફ કરવા જોઈએ. (5)ડૉ.એસ.આર. મહેશ્વરી કહે છે કે સરકારે પંચાયતીરાજ કાર્ય ને ખેતીવિકાસના કાર્યનું વાહન બનાવી અન્યાય કર્યો છે એ સાચું છે કે 1966-67 તથા 1972-,73-74 દરમિયાન પહેલા દુષ્કાળને કારણે સરકારને ખેતીવાડીને લગતી કેટલીક યોજનાઓ હાથ ઉપર લેવી પડી હતી. પરંતુ યોજનાઓ પંચાયતીરાજના માળખાની બહાર હતી અને તેથી પંચાયતીરાજની આભાને નુકસાન પહોંચ્યું છે આનો સીધો પ્રભાવ ગ્રોથસેન્ટરના ક્ષેત્રે પડ્યો અને તેની અસર અશોક મહેતા સમિતિની વિચારસરણી ઉપર પાડી છે તેથી આ સમિતિએ પંચાયતીરાજને કાર્યકારી રીતે ઉપયોગી ગણ્યું પંચાયતીરાજ વહીવટીતંત્રનું એક સાધન ગણાયું,વિશાળ સરકારી પ્રથાનું મૂળભૂત અંગ નહી (6) નાણાકીય અને કરવેરાના ક્ષેત્રે પ્રોફેસર મહેશ્વરીનું કહેવું છે કે કેન્દ્ર અને રાજયની યાદીઓની જેમ ગ્રામ પંચાયતના કરવેરા માટે બંધારણમાં એક અલગ યાદી આપવી જોઈએ.

## 5.7 ચાવી રૂપશબ્દો

1. **ગ્રામ્ય સમિતિઓ :** ગ્રામ પંચાયતે પોતાના વિસ્તારમાં વિકાસના કાર્યો કરવાના હોય છે આવા કાર્યો ઝડપથી અને વ્યવસ્થિત રીતે થાય તે માટે ગ્રામ પંચાયત પોતાના સભ્યોમાંથી વિવિધ સમિતિઓની રચના કરે છે જેવી કે, કારોબારી સમિતિ,સામાજિક ન્યાય સમિતિ અને પાણી સમિતિ.
2. **ગ્રામસભાઃ** ગ્રામસભા એક રીતે કહીએ તો ગામની ધારાસભા છે. ગામમાં રહેતા બધા

પુખ્ત વયના નાગરિકો તેના મતદાર ગણાય છે. તેનું મુખ્ય કામ નાગરિકોને અને તેના પ્રતિનિધિઓને એક મંચ ઉપર લાવી તેમના વિકાસ કાર્યોની ચર્ચા કરવાનું છે.

3. **લોકશાહી વિકેન્દ્રીકરણ:** આ એક એવી પ્રક્રિયા છે કે જેના વડે સરકારની અમુક જવાબદારીઓ તથા ફરજો સ્થાનિક સંસ્થાઓને સોંપી દે છે અને તે રીતે પૂરેપૂરી કામગીરી બીજી સરકારને આપે છે.

## 5.8 સંદર્ભસૂચિ


1. શાહ.બી.સી.: ભારતમાં પંચાયતીરાજ,યુનિર્સિટી,ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ, 2015,ISN-978-96-85344-19-0.
2. Shah B.C&Pandya J.N: Reviva of Panchayatirajsatdarpatel/ university,vidhyanagar 1989.
3. Relovt of the Committee on Democratic Decentrlisation, Rural Development, Government of Gujarat, Ahmedabad, Chirman: ShriRasiklal Pavikhn,1960.
4. Jain R.B: Panchayatiraj, new Delhi IIP, 1981.


## 5.9 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો.**

1.અશોક મહેતા સમિતિની રચના સમજાવો.

2.અશોક મહેતા સમિતિની કાર્યપદ્ધતિ સમજાવો.

3.અશોક મહેતા સમિતિની ભલામણો વિસ્તારથી સમજાવો.

4.અશોક મહેતા સમિતિનો સહકારી સંસ્થાઓ સાથેનો સંબંધ ચકાસો.

**(બ) ટૂંક નોંધ લખો.**

1.જિલ્લા પરિષદ

2. મંડળ પંચાયત

3. ગ્રામસભા

4.અશોક મહેતા સમિતિનો નૂતન અભિગમ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4


બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 204 / PSCS 204**

**PSCMJ 202 / PSCMN 501**

ભારતમાં પંચાયતી રાજ

(મુખ્ય તથા ગૌણ)



# પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું

# 2

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**

**સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

| | |
|---|---|
| **સંપાદક :** | |
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **વિષય સમિતિ** | |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **પ્રો.(ડૉ.) પ્રિયવદન એમ. પટેલ** | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |
| **ડૉ. મુકેશ ખટીક** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષય સલાહકાર સમિતિ( PAC) :** | |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **ડૉ. ડી. ડી. ઝાલા** | નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |
| **પરામર્શક (વિષય):** | |
| **ડૉ. ગજેન્દ્રસિંહ પી. જાડેજા** | નિવૃત્ત અધ્યક્ષ , રાજયશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ.કે.બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| **લેખક :** | |
| **ડૉ. ભાનુકુમાર એમ. પરમાર** | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજયશાસ્ત્ર વિભાગ, નલિની અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર. |
| **પરામર્શક (ભાષા) :** | |
| **શ્રી ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |



**પ્રકાશન વર્ષ :** આવૃત્તિ-2023

ISBN: 978-93-91468-87-3

978-93-91468-87-3

**પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# વિભાગ 02

## પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું

**એકમ: 06**

**પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું : ગ્રામ પંચાયત** 05

**એકમ: 07**

**પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું : તાલુકા પંચાયત** 26

**એકમ: 08**

**પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું : જિલ્લા પંચાયત** 39

**વિભાગ 02**

## પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું

પેપર નંબર 04 ભારતમાં પંચાયતી રાજનો વિભાગ 02 કુલ ત્રણ એકમોમાં વહેંચવામાં આવ્યો છે.

**એકમ 06 પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું : ગ્રામ પંચાયત** અંગેનું છે. આ એકમમાં ગ્રામસભાની વ્યાખ્યા, રચના, બેઠકનું આયોજન, ગ્રામસભાના કાર્યો તેના હેતુઓ વિશે જાણકારી આપવામાં આવી છે. ગ્રામ પંચાયતની રચના અને કામગીરી વિગતવાર સમજાવવામાં આવી છે. જે અંતર્ગત ગ્રામ પંચાયતોનુ કદ, સભ્યસંખ્યા વિશે પણ તમે જાણશો. ગ્રામપંચાયતના કાર્યો વિશે ચર્ચા થઇ છે. ગ્રામ પંચાયતના કાર્યોમાં ગ્રામ વિકાસના કાર્યો, નાગરિક સુવિધાના કાર્યો, સામાજિક ન્યાય અંગેના કાર્યો, રોજગારી અને ઉત્પાદન અંગેના કાર્યો, વ્યવસ્થા અને નિયંત્રણ અંગેના કાર્યો, આયોજન અને વહીવટને લગતા કાર્યો વગેરેની વિગતવાર સમજૂતિ મેળવશો. આ ઉપરાંત ગ્રામ પંચાયતની સમિતિઓ અંતર્ગત સામાજિક ન્યાય સમિતિ, પાણી સમિતિ, કારોબારી સમિતિ, અન્ય સમિતિઓ વિશે પણ જાણશો. આ એકમમાં સરપંચ બનવા માટેની લાયકાતો, ચૂંટણીની રીત, સરપંચની સત્તાઓ અને કાર્યોની સમજ મેળવશો. ઉપરસરપંચ વિશે પણ જાણશો. તલાટી કમ-મંત્રી (પંચાયતી મંત્રી)ની સત્તા અને ફરજો તથા ગ્રામ સેવકની કામગીરીની ઝલક પણ મેળવશો. આ એકમના અંત ભાગમાં ગ્રામપંચાયતની આવકના સ્ત્રોતો કે સાધનો વિશે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**એકમ 07 પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખુ : તાલુકા પંચાયત** વિશેનું છે. તાલુકા પંચાયતની રચના, કાર્યો અને સત્તાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. તાલુકા પંચાયતની સમિતિઓ વિશે પણ જાણશો. તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખના કાર્યોની જાણકારી મેળવીને તેમનું રાજીનામુ કે હોદ્દા પરથી દૂર કરવા વિશેની પણ ચર્ચા થઇ છે. તાલુકા વિકાસ અધિકારીના કાર્યો, ફરજો અને સત્તાઓ વિશે માહિતી પ્રાપ્ત કરશો. આ એકમમાં તાલુકા પંચાયતની આવકના સ્ત્રોતો દર્શાવવામાં આવ્યા છે.

**એકમ 0૮ પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખુ : જિલ્લા પંચાયત** વિશેનું છે. આ એકમમાં જિલ્લા પંચાયત (જિલ્લા પરિષદ)ની રચના, સત્તાઓ અને કાર્યોની વિગતવાર ચર્ચા થઇ છે. જિલ્લા પંચાયત (જિલ્લા પરિષદ)ની વિવિધ સમિતિઓનો અભ્યાસ પણ કરશો. જિલ્લા પંચાયતના પ્રમુખ તેના સત્તાઓ અને કાર્યો વિશે જાણ્યા બાદ ઉપપ્રમુખના કાર્યો પણ સમજશો. તેમની રાજીનામાની પ્રક્રિયા વિશે પણ જાણશો. આ એકમમાં જિલ્લા વિકાસ અધિકારીની જાણકારી પણ આપવામાં આવી છે. એકમના અંતમાં જિલ્લા પંચાયત (જિલ્લા પરિષદ)ની આવકના સ્ત્રોતો કે સાધનોની વિગતથી પરિચિત બનશો.

# એકમ-6 પંચાયતીરાજનું ત્રિ-સ્તરીય માળખું- ગ્રામ પંચાયત

રૂપરેખા


**6.0** ઉદ્દેશો

**6.1** પ્રસ્તાવના

**6.2** ગ્રામસભા

**6.2.1** વ્યાખ્યા

**6.2.2** ગ્રામસભાની રચના

**6.2.3** ગ્રામસભાનો હેતુ

**6.2.4** ગ્રામસભાના કાર્યો

**6.2.5** ગ્રામસભાની બેઠકનું આયોજન

**6.3** ગ્રામપંચાયતની રચના અને કામગીરી

**6.3.1** રચના

**6.3.2** કદ

**6.3.3** સભ્યસંખ્યા

**6.4** ગ્રામપંચાયતનાં કાર્યો

**6.4.1** ગ્રામ વિકાસનાં કાર્યો

**6.4.2** નાગરિક સુવિધાનાં કાર્યો

**6.4.3** સામાજિક ન્યાય અંગેના કાર્યો

**6.4.4** રોજગારી અને ઉત્પાદન અંગેના કાર્યો

**6.4.5** વ્યવસ્થા અને નિયંત્રણ તરીકેના કાર્યો

**6.4.6** આપાતકાલીન રાહત કામગીરી

**6.4.7** આયોજન અને વહીવટને લગતાં કાર્યો

**6.5** ગ્રામપંચાયતની સમિતિઓ

**6.5.1** સામાજિક ન્યાય સમિતિ

**6.5.2** પાણી સમિતિ

**6.5.3** કારોબારી સમિતિ

**6.5.4** અન્ય સમિતિઓ

**6.6** સરપંચ

**6.6.1** સરપંચની લાયકાત

**6.6.2** સરપંચની ચૂંટણી

**6.6.3 સરપંચની સત્તાઓ અને કાર્યો**

**6.6.4 ઉપસરપંચ**

**6.7 તલાટી-કમ મંત્રી (પંચાયત મંત્રી)**

**6.7.1 તલાટી-કમ-મંત્રી સત્તા અને ફરજો**

**6.8 ગ્રામ સેવક**

**6.8.1 ગ્રામ સેવકની કામગીરી**

**6.9 ગ્રામપંચાયતની આવકના સ્ત્રોતો (સાધનો)**

**6.9.1 ગ્રામપંચાયતોએ નાખેલા કરવેરામાંથી આવક**

**6.9.2 ગ્રામ પંચાયતને મળતી ગ્રાન્ટમાંથી થતી આવક**

**6.9.3 કરવેરા વગરની ગ્રામ પંચાયતની અન્ય આવકો**

**6.9.4 લોક ફાળા દ્વારા થતી આવક**

**6.10 સારાંશ**

**6.11 સંદર્ભ સૂચિ**

**6.12 તમારી પ્રગતિ ચકાસો**

## 6.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતો સમજી શકશો અને તેની ચર્ચા કરી શકશો.

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ગ્રામપંચાયતનું માળખું અને કાર્યો સમજી શકશો.
- ગ્રામસભાનું મહત્ત્વ સમજી શકશો.
- સરપંચની સત્તા, કાર્યો અને ફરજોને સમજી શકશો.
- પંચાયતીરાજ સંસ્થાઓમાં ગ્રામપંચાયતને એકમ મજબૂત એકમ તરીકે પ્રસ્થાપિત કરવાની એક લોકશાહી વિકેન્દ્રીકરણ વધારે કરવાની તથા જરૂરિયાતો સમજાવી શકશો.

## 6.1 પ્રસ્તાવના

સ્વતંત્ર ભારતમાં પંચાયતી રાજનો પ્રવેશ એ ઘણો જ અગત્યનો વિષય છે. રાજકીય ક્ષેત્રમાં તેનો ઉદ્દભવ ઉત્ક્રાંતિનું પગલું ગણાય છે.પંચાયતી રાજ સ્થાનિક સ્વરાજયની સરકારની પદ્ધતિ છે. જેમાં લોકો જાતે જ વિકાસની જવાબદારી સ્વીકારે છે. તે ગ્રામ્ય વિકાસ માટેની સંસ્થાકીય વ્યવસ્થાની પદ્ધતિ છે. જેમાં લોકોની ભાગીદારી હોય છે. આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વિકાસના કાર્યક્રમોનો વહીવટ સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક વિકાસ સામાજિક જોગવાઈઓ, કલ્યાણ સેવાઓ વગેરેના ઉદ્દેશથી સોંપવામાં આવે છે.

સામુદાયિક વિકાસ કાર્યક્રમ- 1952 તથા રાષ્ટ્રીય વિસ્તાર સેવા-1953 નામની યોજનાના કાર્યક્રમોનું નિરીક્ષણ કરવા માટે ભારત સરકારે જાન્યુઆરી 1957માં બળવંતરાય મહેતા કમિટીની રચના કરવામાં આવી હતી. નવેમ્બર 1957માં આ કમિટીએ ભારત સરકારને રિપોર્ટ આપ્યો. જેમાં સત્તાનું વિકેન્દ્રીકરણ સ્વાયત્તાની યોજના માટે ભલામણો કરી જે પંચાયતીરાજ તરીકે ઓળખવામાં આવ્યું. બળવંતરાય મહેતાએ પંચાયતી રાજ માટેનું ત્રિસ્તરીય

માળખું સૂચવ્યું. જેમાં પંચાયતી રાજનું સૌથી નીચલું અને પાયાનું એકમ ગ્રામ પંચાયત ગણવામાં આવ્યું છે. આ ત્રિસ્તરીય માળખાની ભલામણોમાં વચલા સ્તરે પંચાયત સમિતિ (તાલુકા પંચાયત) જ્યારે સૌથી ટોચ પર જિલ્લા પરીષદ (જીલ્લા પંચાયત)ની ભલામણ કરવામાં આવી હતી.

73 માં બંધારણીય સુધારા 1992 દ્વારા બંધારણના ભાગ-9 માં અનુચ્છેદ 243 થી 243(0) સુધી પંચાયતની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવ્યો છે. 73 મા બંધારણીય સુધારા દ્વારા બંધારણમાં અનુસૂચિ 11 ઉમેરવામાં આવી છે, જેમાં પંચાયતને લગતી જોગવાઇ કરવામાં આવેલ છે. તથા તેમાં 29 વિષયોનો સમાવેશ થાય છે.

ગ્રામ પંચાયત જુદાં-જુદાં રાજયોમાં જુદા-જુદા નામે ઓળખાય છે.

**ગ્રામપંચાયત**

| અનુ.નં | નામ | રાજયો |
|---|---|---|
| 1. | ગ્રામપંચાયત | પંજાબ, હરિયાણા, હિમાલય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કેરાલા, ગોવા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, બિહાર, ઓરિસ્સા, ત્રિપુરા, સિક્કીમ, મણિપુર અરૂણાચલપ્રદેશ, આંદોમાન-નિકોબાર અને ચંદીગઢ |
| 2. | વિલેજ-પંચાયત | દીવ-દમણ, તમિલનાડુ, દાદરાનગર હવેલી, લક્ષદ્વીપ અને પોડિચેરી |
| 3. | ગામપંચાયત | ગુજરાત |
| 4. | ગાંવ પચાયત | આસામ, ઉત્તર પ્રદેશ |
| 5. | વિલેજ દ્વીપ પંચાયત | લક્ષદ્વીપ |

## 6.2 ગ્રામસભા

### 6.2.1 વ્યાખ્યા

ગ્રામસભાએ પંચાયતીરાજનું બુનિયાદી એકમ છે. ગ્રામસભાને પંચાયતીરાજનું હૃદય કહેવામાં આવે છે. સૌરાષ્ટ્ર રાજયના પ્રથમ મુખ્યમંત્રી ઉચ્છંગરાય ઢેબરે ગ્રામસભાને પંચાયતીરાજની ગંગોત્રી તરીકે ઓળખાવી છે. જયપ્રકાશ નારાયણે કહ્યું છે કે; ગ્રામપંચાયત અને ગ્રામસભા વચ્ચે મંત્રીમંડળ અને ધારાસભાના ગૃહ જેવો સંબંધ હોવો જોઇએ.

ગ્રામસભા ગ્રામ પંચાયત સ્તરે ભરાય છે. જેને ગ્રામ પરિષદકે Village Assembly પણ કહેવામાં આવે છે. બંધારણના ભાગ-9 ના અનુચ્છેદ- 243-ક/A ગ્રામ સભાની વ્યાખ્યા આપેલ છે. તે અનુસાર ''ગ્રામસભા એટલે પંચાયતના સમગ્ર ગામ વિસ્તારમાં નોંધાયેલા મતદારોનું બનેલુ મંડળ કે સભા અર્થાત ગ્રામની મતદાર યાદીમાં નામ હોય તે તમામ સભ્ય ગ્રામ સભાનો સભ્ય ગણાય છે.'

### 6.2.2 ગ્રામસભાની રચના

ઓરિસ્સામાં નાના-મોટા ગામ માટે એક-એક પલ્લી સભાનું આયોજન કરવામાં આવે

છે. ઓરિસ્સામાં દ્વિ-સ્તરીય ગ્રામસભા યોજાય છે. ત્યાં ગ્રામસભાને ગ્રામશાસન તરીકે ઓળખવામા આવે છે. કેરાલાના પંચાયત ધારાએ પંચાયત વિસ્તારના દરેક વોર્ડને ગામ તરીકે જાહેર કર્યુ છે. એટલે કે કેરાલામાં જેટલા વોર્ડ હશે તેટલી ગ્રામસભા યોજવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં દરેક ગ્રામ પંચાયતોમાં સરેરાશ 10 થી 11 ગામો હોય છે. તેથી ત્યાં દ્વિ-સ્તરીય ગ્રામસભા યોજવામાં આવે છે. બિહાર, ગોવા, ત્રિપુરા, રાજસ્થાન અને મણિપુર રાજયમાં દરેક ગ્રામસભા માટે દેખરેખ સમિતિ સ્થાપવામાં આવે છે.

### 6.2.3 ગ્રામસભાનો હેતુ

ગ્રામસભાનો મુખ્ય હેતુ એ છે કે ગ્રામજનો ભેગા થઇને લોક સહયોગથી સ્થાનિક પ્રશ્નોનો નિકાલ કરે તે છે આ ઉપરાંત ગામના વિકાસમાં લોકભાગીદારી વધે તે છે. ગ્રામજનોમાં શત્રુતા ઘટે અને ભાઇચારાની ભાવના વધે તે જોવાનો છે. લોકોને તેનાથી લોકશાહી શાસન પદ્ધતિનો ખ્યાલ આવે છે. વિવિધ યોજનાની જાણકારી મળે છે. તેમજ જાગૃતતા આવે છે. ગ્રામસભા દ્વારા ફરિયાદો કે ઠરાવો ઉપર કક્ષાએ મોકલી શકાય છે. જેથી કરીને તેના ઉકેલ લાવી શકાય છે. ભારત સરકારે 1999-2000 ના વર્ષને ''ગ્રામસભા વર્ષ'' તરીકે જાહેર કર્યું હતું.

### 6.2.4 ગ્રામસભાના કાર્યો

ગામસભાનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે.

1 ગ્રામસભાનું મુખ્ય કાર્ય પંચાયત પર અંકુશ રાખવાનું છે.

2 ગ્રામસભામાં હિસાબોનું વાર્ષિક પત્રક રજૂ કરવું, તેમજ પાછલા હિસાબી વર્ષના વહીવટનો રિપોર્ટ રજૂ કરવો.

3 ચાલુ વર્ષે કરવાના વિકાસ કાર્યો રજૂ કરવા.

4 ઓડિટ રિપોર્ટ તૈયાર કરવો.

5 ગામમાં ગરીબી રેખાથી નીચે જીવતા (BPL) લાભાર્થીઓની યાદી તૈયાર કરાવીને તાલુકા વિકાસ અધિકારી (TDO) ને સોંપવાની હોય છે.

6 વિવિધ યોજનાઓના ખ્યાલ આપી, તેની પાછળ થયેલ ખર્ચ રજુ કરો.

7 કુદરતી આફતોની જાણકારી આપવી.

8 વર્ષ દરમિયાન હકક પત્રકમાં પડેલી નોંધોની ચર્ચા કરવી.

9 પંચાયતે લીધેલ લોનના હપ્તાની ચર્ચા કરવી.

10 સપ્તર્ષિના 7 તારાઓની હરોળમાં વિકાસના 7 માપદંડો (1) પાણી (2) પુરવઠો (3) પંચાયત (4) શિક્ષણ (5) આરોગ્ય (6) કૃષિ અને (7) કાયદો અને વ્યવસ્થાની ચર્ચા કરવી.

11 ગ્રામરક્ષક દળની રચના કરવી.

12 તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયતે સોપેલાં કાર્યો કરવાં

13 ગ્રામસભાની કાર્યસૂચિ સરપંચ સાથે ચર્ચા કરીને તલાટી કમ મંત્રી દ્વારા તૈયાર કરાવવી.

14 પંચાયત કે મહેસૂલ બાબતના નવા કરવેરા નાખવાની ચર્ચા કરવી.

### 6.2.5 ગ્રામસભાની બેઠકનું આયોજનઃ

ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ 93માં ગ્રામસભાની બેઠકની જોગવાઇ કરવામાં આવી છે. ગ્રામસભાની પ્રથમ સભા 1 એપ્રિલથી 2 મહિનાની અંદર ભરવાની હોય છે. કાયદા પ્રમાણે વર્ષમાં ઓછામાં ઓછી બે વાર ગ્રામસભાનું આયોજન કરવું ફરજીયાત છે. પરંતુ ગુજરાત સરકારના વહીવટી આદેશ પ્રમાણે 11, જુલાઇ, 2001ના પરિપત્રમાં વાર્ષિક ગ્રામસભા 4 વાર યોજવાનું નકકી કરાયું છે. જે નીચે મુજબના દિવસે બેઠકો યોજાય છે.

1 1મે (ગુજરાત સ્થાપના દિન)

2 15 ઓગસ્ટ (સ્વંતત્રતા દિન)

3 2 ઓકટોબર (ગાંધી જયંતિ)

4 26 જાન્યુઆરી (પ્રજાસત્તાક દિન)

વર્તમાનમાં ગ્રામસભા વર્ષમાં 4 વાર મળે છે. પરંતુ વ્યવહારમાં આ ચાર દિવસોએ બધા જ ગામમાં  બેઠક યોજાતી નથી. પરંતુ અલગ-અલગ દિવસે યોજાતી હોય છે. ગ્રામસભાની બે બેઠકો વચ્ચેનો સમયગાળો 3 મહિના કરતાં ઓછો હોવો જોઇએ નહિ. ગ્રામસભાના કોરમ માટે મતદારો ના 1/10 સભ્યો અથવા 50 સભ્યો બંનેમાંથી જે ઓછા હોય તેનાથી કોરમ બને છે. જે ગ્રામસભા યોજવા માટે જરૂરી છે. સરપંચ ગ્રામસભાના અઘ્યક્ષ પણ હોય છે. સરપંચની ગેરહાજરીમાં ઉપસરપંચ તેના અઘ્યક્ષ બને છે. સરપંચ અને ઉપસંરપંચ બનેની ગેરહાજરીમાં ગ્રામસભાનો કોઇ પણ સભ્ય અઘ્યક્ષ બની શકે છે. તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયતે અધિકૃત કરેલ અધિકારી ગ્રામસભાની કાર્યવાહીમાં ભાગ લઇ શકે છે. તેને ગ્રામસભામાં બોલવાનો પણ અધિકાર છે. પરંતુ તેમને મત આપવાનો અધિકાર હોતો નથી.

આ ઉપરાંત ગ્રામ સભામાં નીચે મુજબના કર્મચારીની હાજરી હોય છે.

| | |
|---|---|
| 1. તલાટી કમ મંત્રી | 6. વિદ્યા સહાયકો |
| 2. ગ્રામસેવક | 7. આંગણવાડી કાર્યકારો |
| 3. આરોગ્ય કર્મચારી | 8. પશુપાલન કર્મચારી |
| 4. ગ્રામમિત્ર | 9. આશા વર્કર્સ |
| 5. પ્રાથમિક શિક્ષકો | 10. પોલીસ સ્ટાફ વગેરે |

ગ્રામસભાની બેઠકોની સૂચના પંચાયત મંત્રી દ્વારા 7 દિવસ પહેલાં આપવાની હોય છે. જો ખાસ ગ્રામસભા હોય તો 3 દિવસ અગાઉ સૂચના આપવાની હોય છે. સભાના આગલા દિવસે દાંડી પીટીને ગ્રામજનોને જાણ કરવામાં આવે છે. ગ્રામસભાના આગલા દિવસે ગ્રામ પંચાયતની બેઠક મળે છે. જેમાં ગ્રામ સભાના એજન્ડાની ચર્ચા-વિચારણા કરવામાં આવે છે.

## 6.3 ગ્રામપંચાયતની રચના અને કામગીરી

### 6.3.1 રચનાઃ-

ઓછામાં ઓછી 500 અને વધુમાં વધુ 25,000 સુધીની વસ્તી ધરાવતાં ગામમાં ગ્રામપંચાયતની રચના કરી શકાય છે. એક ગામ કે એક થી વધુ ગામો મળીને પણ એક ગ્રામ પંચાયત રચી શકે છે. ગ્રામપંચાયતના વડા-સરપંચ હોય છે. જેમને સીધી (પ્રત્યક્ષ) ચૂંટણી દ્વારા ચૂટવામાં આવે છે. પંચાયતના સભ્ય માટેની લાયકાતમાં ગ્રામ પંચાયત ના સભ્ય બનવા માટેની ઉમર ઓછામાં ઓછી 21 વર્ષ છે. ગ્રામ પંચાયતનો વહીવટી અધિકારી તલાટી કમ

મંત્રી હોય છે. જેની સરકાર દ્વારા નિયુકિત થાય છે પંચાયતમાં ST/SC માટે વસ્તી પ્રમાણે અનામત બેઠકો રાખવામા આવે છે જે ગામમાં સામાજીક શૈક્ષણિક અને પછાત વર્ગની SEBC ની વસ્તી હોય ત્યાં ગામ પંચાયતની કુલ બેઠકોની 10% બેઠકો તેમના માટે અનામત રાખવામાં આવે છે. મહિલા માટે 1/3 બેઠકો અનામત રાખવામાં આવે છે. 2023માં ગુજરાત સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પછાત વર્ગો માટે 27 ટકા અનામત આપવાની જાહેરાત કરી છે.

બિહારમાં 2005માં સૌ પ્રથમ 50% મહિલાઓ માટે અનામત બેઠકો શરૂ કરવામાં આવી, ત્યાર બાદ છત્તીસગઢ, મણિપુર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, ઓરિસ્સા, કેરલ, ગુજરાત, હિમાચલ પ્રદેશ અને કર્ણાટકમાં પણ મહિલાઓને 50% બેઠકો અનામત આપવામાં આવી છે.

2015માં થયેલા સુધારા મુજબ ગુજરાતમાં પણ દરેક સ્તરે મહિલાઓ માટે 50%(1/2) બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામ પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી કલેકટર દ્વારા કરવામાં આવે છે.

### 6.3.2 કદ

ગામ કે ગામોની વસ્તીની સંખ્યાને ધ્યાનમાં રાખીને અરૂણાચલ પ્રદેશમાં માત્ર 50 થી 300 સુધી, આસામ 6000 થી 10,000, બિહારમાં 7000 થી વધારે, છત્તીસગઢમાં 1000, ગોવામાં 1500 થી 8000, કર્ણાટકમાં 5000 થી 7000, મણિપુરમાં 300, પંજાબમાં 200 થી 1000, તેલાંગણામાં 300 થી 25000, ઉત્તર પ્રદેશમાં 1000 થી 3000, ઉત્તરાખંડમાં 500 થી 5000, હરિયાણામાં 500, હિમાચલ પ્રદેશમાં 4750 ઝારખંડમાં 5000ની વસ્તી દીઠ ગામ પંચાયતની રચના કરવામાં આવી છે. સિક્કીમ, ત્રિપુરા, પશ્ચિમબંગાળ જેવા રાજયોએ વસ્તીનું કોઈ ધોરણ નકકી કર્યું નથી. ગુજરાતે 500 થી 25000 ની વસ્તી સુધીના ગામ કે ગામના સમૂહને ગ્રામ પંચાયત આપવાનું ધોરણ રાખવામાં આવ્યું છે.

### 6.3.3 સભ્યસંખ્યા

ગ્રામ પંચાયતની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી 8 સભ્યો અને વધારેમાં વધારે 24 સભ્યોની હોવી જોઈએ. 3000 સુધીની વસ્તી માટે ઓછામાં ઓછા 8 સભ્યો અને પછી થી દર 3000 એ 2 સભ્યો ઉમેરવામાં આવે છે. કેટલાંક રાજયો એ પંચાયત વિસ્તારની વસ્તીના આધારે લઘુત્તમ સભ્યો અને મહત્તમ સભ્યોની સંખ્યા ઠરાવી છે. રાજયવાર ગ્રામપંચાયતની સભ્ય સંખ્યા નીચે પ્રમાણે છે.

| **રાજય** | **સભ્ય સંખ્યા** | |
|---|---|---|
| 1 | આંધપ્રદેશ | 5-21 |
| 2 | આસામ | 10 |
| 3 | ગુજરાત | 8-24 |
| 4 | મધ્યપ્રદેશ | 10-20 |
| 5 | મહારાષ્ટ્ર | 7-15 |
| 6 | હરિયાણા | 6-20 |
| 7 | હિમાલયપ્રદેશ | 7-15 |

| | | |
|---|---|---|
| 8 | પંજાબ | 5-13 |
| 9 | ઓરિસ્સા | 11-25 |
| 10 | તામિલનાડુ | 5-15 |
| 11 | ઉત્તર પ્રદેશ | 9-15 |
| 12 | ત્રિપુરા | 9-15 |
| 13 | કેરાલા | 8-15 |
| 14 | પશ્ચિમ બંગાળ | 7-25 |

આ સિવાય, સભ્ય સંખ્યા ઠરાવવાની બીજા પ્રકાર ફોર્મ્યુલાની જોગવાઇ છે. જે નીચે મુજબ છે.

| | રાજય | સભ્ય સંખ્યા કરાવવાની ફોર્મ્યુલા |
|---|---|---|
| 1 | કર્ણાટક | 400 ની વસ્તીએ 1 સભ્ય |
| 2 | બિહાર | 500 ની વસ્તીએ 1 સભ્ય |
| 3 | રાજસ્થાન | 3000 ની વસ્તી સુધી 9 સભ્યો અને તે પછી વધુ દર હજારની વસ્તીએ વધુ 2 સભ્યો |
| 4 | અરૂણાચલ પ્રદેશ | 100 વસ્તીએ 1 સભ્ય |
| 5 | મણિપુર | 350 વસ્તીએ 1 સભ્ય |

## 6.4 ગ્રામપંચાયતનાં કાર્યો

જુદાં-જુદાં રાજ્યોમાં ગ્રામપંચાયતોને સોંપવામાં આવેલ કાર્યો અને સત્તાઓનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય.

6.4.1. ગ્રામવિકાસનાં કાર્યો.

6.4.2. નાગરિક સુવિધાનાં કાર્યો.

6.4.3. સામાજિક ન્યાય અંગેના કાર્યો.

6.4.4. રોજગારી અને ઉત્પાદનલક્ષી કાર્યો.

6.4.5. વ્યવસ્થા અને નિયંત્રણ તરીકેની કામગીરી

6.4.6. આપત્તિકાલીન રાહત કાર્યો.

6.4.7. આયોજન અને વહીવટને લગતાં કાર્યો.

### 6.4.1 ગ્રામ વિકાસનાં કાર્યો

- પ્રાથમિક શાળાના ઓરડા બનાવવા
- રંગમંચ બનાવવા
- પંચાયત ઘર બનાવવું
- શેરીઓમાં પથ્થર બેસાડવા
- ગામને જોડતા રસ્તા બનાવવાં
- રમતગમતનાં મેદાન બનાવવાં

- વ્યાયામશાળા, પુસ્તકાલય બનાવવાં
- શિક્ષણનો ફેલાવો કરવો.

### 6.4.2 નાગરિક સુવિધાનાં કાર્યો

- પીવાના અને ઘરવપરાશના પાણીની વ્યવસ્થા
- જાહેર કૂવા અને તળાવની મરામત અને જાળવણી.
- જાહેર સ્થળે ન્હાવા અને ધોવા માટે તથા ઢોર માટે પીવાના પાણીની વ્યવસ્થા
- શેરીઓમાં દીવાબત્તી
- જાહેર માર્ગો, ગરનાળાં, પુલની મરામત અને જાળવણી
- શેરીઓની સફાઇ અને મરામત
- જાહેર શૌચાલય અને મૂતરડી
- ખાનગી શૌચાલયની સફાઇ
- જાહેર આરોગ્યની જાળવણી માટે ગંદકી દૂર કરવી.
- સ્મશાનગૃહ અને કબ્રસ્તાનની વ્યવસ્થા
- ઢોર ડબ્બાની વ્યવસ્થા
- ઉકરડા માટે જગા નક્કી કરવી.
- ગૌચર અને સામૂહિક જમીનની વ્યવસ્થા
- પ્રસૂતિગૃહોની જાળવણી.

### 6.4.3 સામાજિક ન્યાય અંગેના કાર્યો

- ગરીબીની રેખા જીવતાં કુટુંબોના ઉત્કર્ષ માટે સરકારી યોજનાઓનો લાભ અપાવવા.
- પંચાયતોએ પોતાના નાણાંકીય સાધનોનો યોગ્ય હિસ્સો દલિત/શોષિત વર્ગના વસવાટવાળા વિસ્તારમાં વાપરવો.
- અસ્પૃશ્યતા નિવારણ માટે સતત પ્રયત્નશીલ રહેવું.
- સ્ત્રીઓ અને બાળકોના કલ્યાણ માટેની યોજનાઓ કાર્યાન્વિત કરવી.
- વિકલાંગો અને નિરાધાર લોકોના કલ્યાણ માટેની યોજનાઓનું અમલીકરણ કરવું.
- સફાઇ કામદારો માટે મકાનો બાંધવા.

### 6.4.4 રોજગારી અને ઉત્પાદન અંગેના કાર્યો

- ખેતીવાડીનો વિકાસ
- ગૃહ અને લઘુ ઉદ્યોગોનો પ્રોત્સાહન
- સહકારી પ્રવૃત્તિનો વિકાસ
- લઘુ સિંચાઇની યોજનાઓ
- મત્સ્ય ઉછેર
- ગ્રામવન

- જળ સંસ્થાનું આયોજન અને વ્યવસ્થાપન
- પશુ અને પશુસંવર્ધનની સુધારણા
- જમીન સુધારણાની યોજના
- બેકાર કે અર્ધબેકારો માટે રોજગારીની વ્યવસ્થા કરવી.

**6.4.5 વ્યવસ્થા અને નિયંત્રણ તરીકેના કાર્યો**

- મકાનોના બાંધકામની પરવાનગી.
- જાહેરાત, મેળા, બજાર, પ્રદર્શન વગેરેની વ્યવસ્થા અને નિયમન
- ગુનાહિત અને ગેરકાયદે વેપાર ઉપર અંકુશ
- સંડાસ, પેશાબખાનાં, ગટરના બાંધકામ ઉપર દેખરેખ અને નિયમન
- માંસ, મચ્છી બજારનું આયોજન અને દેખરેખ, કતલખાના બાંધવા
- ગામઠાણ અને જાહેર જગાની દેખરેખ અને વ્યવસ્થા
- શાકભાજી બજાર બાંધવું અને દેખરેખ રાખવી.
- ચેપી રોગ સામે સાવચેતીનાં પગલાં.
- સિનેમાગૃહ, હોટેલ, મીઠાઈઘર વગેરેની દેખરેખ અને નિયમન.
- ઉપદ્રવકારક પદાર્થોને લગતાં ધંધા અથવા વ્યાપારનું નિયમન.
- જોખમી બિસ્માર હાલતનાં મકાન રિપેર કરાવવાં અગર પાડી નાંખવાં.
- મૃત પ્રાણીઓના મડદાના નિકાલની વ્યવસ્થા
- ગૌચર, જાહેર માર્ગ કે શેરીઓનાં દબાણ દૂર કરવા.

**6.4.6 આપાતકાલીન રાહત કામગીરી**

- આગ ઓલવવી.
- આગ લાગે ત્યારે જાનમાલનું રક્ષણ કરવું.
- પૂર, વાવાઝોડું, અતિવૃષ્ટિ, ધરતીકંપ કે દુષ્કાળના પ્રસંગે જાનમાલના રક્ષણની વ્યવસ્થા કરવી અને અસરગ્રસ્તો માટે રાહત કામગીરી કરવી.

**6.4.7 આયોજન અને વહીવટને લગતાં કાર્યો**

- ગામના વિકાસનું આયોજન
- ગામની આર્થિક મોજણી
- અંદાજપત્ર બનાવવું, હિસાબો રાખવા, ફંડોનો ઉચિત ઉપયોગ કરવો, કરવેરા નાંખવા અને વસૂલ કરવા.
- સ્ટાફની ભરતી અને તાલીમની વ્યવસ્થા
- પંચાયતનાં દફતરો તૈયાર કરાવવાં અને વ્યવસ્થિત રાખવા.
- જન્મ, મરણ અને લગ્નની નોંધણી કરવી.
- સરકાર તરફથી સોંપાયેલ યોજનાઓનો અમલ કરવો.

આનો અર્થ એ નથી કે બધાં રાજ્યોએ ગ્રામપંચાયતોને આ બધાં કાર્યો અને સત્તા

આપેલ છે. આનો અર્થ એ પણ નથી કે ગ્રામપંચાયતો આ બધાં કામો બજાવવા સક્ષમ છે. ખરેખર જોઈએ તો જવલ્લે જ જોવા મળતી કોઇ આદર્શ ગ્રામપંચાયત જ આ બધી કામગીરી બજાવી શકે. આથી કેટલાંક રાજ્યોએ પોતાના પંચાયત ધારામાં બે યાદી આપી છેઃ એક ફરજિયાત કાર્યોની યાદી અને બીજી મરજિયાત કાર્યોની યાદી. આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને ત્રિપુરાના પંચાયતધારામાં આવી બે યાદીઓ છે. પરંતુ અન્ય રાજ્યોએ આવી બબ્બે યાદી રાખવાનું ટાળ્યું છે. મોટાભાગનાં રાજ્યોએ 73માં બંધારણીય સુધારાની અનુસૂચિ-11માં દર્શાવેલાં કામો પૈકી જે કામો ગ્રામપંચાયત કક્ષાએ થઇ શકે તેવા કામો એક યા બીજા રૂપે ગ્રામપંચાયતનાં કામોની યાદીમાં સમાવ્યાં છે.

## 6.5 ગ્રામ પંચાયતની સમિતિઓ

6.5.1 સામાજીક ન્યાય સમિતિ (ફરજીયાત સમિતિ)

6.5.2 પાણી સમિતિ (ફરજીયાત સમિતિ)

6.5.3 કારોબારી સમિતિ (મરજીયાત સમિતિ)

6.5.4 અન્ય સમિતિ (સરકારની મંજૂરી)

### 6.5.1 સામાજિક ન્યાય સમિતિ

આ સમિતિની રચના ફરજીયાત છે. આ સમિતિની સભ્ય સંખ્યા વધારેમાં વધારે પાંચની રાખવામાં આવી છે. આ સમિતિમાં એક મહિલા સભ્ય રાખવી ફરજીયાત છે. જો પંચાયતમાં આવી મહિલા સભ્ય ન હોય તો ગામમાંથી કોઇ લાયકાત ધરાવતી ST/SC જાતિની કોઇ મહિલાને કો-ઓપ્ટ કરવામાં આવશે.

**મુદ્દત**

આ સમિતિની મુદત પંચાયતની મુદત જેટલી એટલે કે પાંચ વર્ષની હોય છે.

**રાજીનામું**

સમિતિના અધ્યક્ષ અને સભ્યો ગ્રામ પંચાયતને પોતાનું રાજીનામું આપી શકે છે.

**રચના**

પંચાયતની આ સમિતિની રચના પોતાના ચૂંટાયેલા સભ્યોમાંથી કરે છે. આ સમિતિમાં 1 સભ્ય વાલ્મીકિ જાતિ (સફાઇ કામદાર) નો હોય છે જો આવો સભ્ય ચૂંટાયેલ ન હોય તો, પંચાયત, ગામની લાયકાત ધરાવતી આ જાતિની કોઇપણ વ્યકિતને કો-ઓપ્ટ કરી શકે છે. બાકીની બેઠકો ગ્રામપંચાયતના અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના ચૂંટાયેલા સભ્યોમાંથી નીમેને ભરે છે. જો પંચાયતમાં આવી અનુસૂચિત જાતિની મહિલા કે અનસૂચિત જનજાતિની મહિલા ન હોય તો ગામની લાયકાત ધરાવતી આ જાતિની કોઇપણ મહિલાને કો-ઓપ્ટ કરવામાં આવે છે. આવા કો-ઓપ્ટ સભ્યો સમિતિમાં ભાગ લઇ શકે છે. અભિપ્રાય આપી છે. આ ઉપરાંત તેઓ મત પણ આપી શકે છે, તેમજ સમિતિના અધ્યક્ષ પણ બની શકે છે.

આ સમિતિના સભ્યો પોતાનામાંથી અધ્યક્ષ ચૂંટી કાઢે છે.

**સામાજિક ન્યાય સમિતિના કાર્યો**

1. અનુસૂચિત જાતિ/જનજાતિ, મહિલાઓ અને નબળા વર્ગના લોકોને ન્યાય આપવાનું કાર્ય કરે છે.

2. સમાજના નબળા વર્ગોમાં પ્રચલિત શિક્ષણના હેતુઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમાંયોજવા.
3. ગ્રામપંચાયતના કોઇ અયોગ્ય નિર્ણય સામે ઠરાવ કરી, તાલુકા કક્ષાએ રજૂઆત કરી શકે છે.
4. બેઠકની કાર્યવાહીની નોધ મંત્રી રાખે છે. અને તે નોંધ ઉપર સમિતિના અધ્યક્ષ સહી કરે છે. આ નોંધ ગ્રામ પંચાયતની સભામાં રજૂ કરવામાં આવે છે.
5. જો સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી કોઇ વ્યકિત નારાજ હોય તો 60 દિવસની અંદર તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને અપીલ કરી શકે છે.

**સમિતિની બેઠક**

આ સમિતિની સભા ત્રણ માસમાં એક વાર બોલાવવી પડે છે.

### 6.5.2 પાણી સમિતિ

આ સમિતિની રચના ફરજીયાત છે. ગામના લોકોને પીવાનું શુદ્ધ પાણી પુરૂ પાડવા માટે તથા જાહેર આરોગ્યની જાળવણીની જુદી-જુદી યોજનાઓનો અમલ સારી રીતે થાય તે માટે આ સમિતિની રચના કરવામાં આવે છે.

**મુદત**

આ સમિતિની મુદ્દત ગ્રામ પંચાયતની મુદત જેટલી હોય છે. ગુજરાતમાં આ સમિતિની મુદ્દત 2 વર્ષની (પંચાયતની મુદ્દતને આધિન) છે. છતાં આ સમિતિને તાલુકા વિકાસ અધિકારી બરખાસ્ત કરી શકે છે.

**રચના**

આ સમિતિના અધ્યક્ષ સરપંચ હોય છે આ સમિતિમાં 10 થી 12 સભ્યો હોય છે. જેમાં ઓછામાં ઓછી 1/3 મહિલા સભ્યો, તેમજ અનુસૂચિત જાતિ અને સનુસૂચિત જનજાતિ માટે તેમની વસતિના પ્રમાણમાં અનામત બેઠકો રાખવાની હોય છે. આ સમિતિમાં ગ્રામ પંચાયતના 5 સભ્યો-સરપંચ અને પંચાયત ઠરાવે તેવા પંચાયતના ઉપસરપંચ સહિત 4 સભ્યો, આ સભ્યો પૈકી 1 સ્ત્રી માટે, 2 અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ અથવા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગનારાખવાના હોય છે. ગ્રામ પંચાયત વિસ્તારના સ્થાનિક રહેવાસીઓ જેઓ મતદાર હોય તેમાંથી રજિસ્ટર્ડ થયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે સહકારી મંડળી, યુવક મંડળ, ખેડૂત મંડળ, મહિલા મંડળ વગેરેના 2 થી 3 સભ્યો હોય છે. સમિતિમાં સહકાર આપી શકે તેવા ગામના આરોગ્ય કાર્યકર, આંગણવાડી કાર્યકર, શિક્ષક, ગ્રામસેવક, તલાટી મંત્રી, પાણી પુરવઠા બોર્ડ દ્વારા નિયુકત તેઓના પ્રતિનિધિઓ સમિતિના કાયમી આમત્રિત ગણાય છે. તેઓ સમિતિમાં ભાગ લઇ શકે છે. બોલી શકે છે. પરંતુ મત આપી શકતા નથી. જાહેર નળની નજીકમાં રહેતા અને પાણી પુરવઠાની સ્થિતિમાં રસ લેતા એક નાગરિક આ સમિતિમાં હોય છે. ચૂંટાયેલી ગ્રામ પંચાયત અસ્તિત્વમાં ન હોય ત્યારે સરકારે નીમેલા વહીવટદાર આ સમિતિના અધ્યક્ષ બને છે અને તેઓ 1 મહિલા સભ્ય અને અન્ય 1 સ્થાનિક વ્યકિતની આ સમિતિમાં નિમણૂક કરી શકે છે. ચૂંટાયેલી ગ્રામપંચાયત અસ્તિત્વમાં આવે ત્યારે આ સભ્યો સમિતિની સભ્યો તરીકે આપોઆપ રદ થઇ જાય છે.

**રાજીનામુઃ**

સમિતિના સભ્ય કે અધ્યક્ષ ગ્રામ પંચાયતને પોતાનું રાજીનામું આપીને સમિતિમાંથી છૂટા થઇ શકે છે.

**કાર્યો**

આ સમિતિનું મુખ્ય કાર્ય ગામના લોકોને પીવાનુ શુદ્ધ પાણી મળી રહે અને સ્વાસ્થ્ય સારું રહે, તે જોવાનું છે. તેમજ પાણી વેરાની વસૂલાત કરવી, ગંદા પાણીના નિકાલ માટે શોષખાડા બનાવવવા, પાણીનો બગાડ અટકાવવો, શૌચાલયો બનાવવા, પર્યાવરણની જાળવણી કરવી, ઉપરાંત પાણી બચાવવા લોકોમાં જાગૃતતા લાવવાના મુખ્ય કાર્યો કરે છે.

### 6.5.3 કારોબારી સમિતિ

ગ્રામ પંચાયતમાં આ સમિતિની રચના કરવી ફરજીયાત નથી.

**મુદત**

આ સમિતિની મુદત 2.5 વર્ષ અથવા પંચાયતની મુદત જેટલી હોય છે.

**રચના**

આ સમિતિના અધ્યક્ષ હોદ્દાની રૂએ સરપંચ બને છે. જો તેઓ ના પાડે તો ઉપસરપંચ અધ્યક્ષ બને છે. અને જો ઉપસરપંચ પણ આ હોદ્દો સ્વીકારવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી અધ્યક્ષની ચૂંટણી કરે છે.

આ સમિતિની સભ્ય સંખ્યા 5 (પાંચ)

- આ સમિતિમાં એક સભ્ય અનુસૂચિત જાતિજનજાતિના હોવાં જોઇએ.
- આ સમિતિમાં એક મહિલા સભ્ય હોય છે.

**રાજીનામું**

આ સમિતિના અધ્યક્ષ અને સભ્યો પંચાયતને રાજીનામું આપી પદ છોડી શકે છે.

**કાર્યો**

ગ્રામ પંચાયત ઠરાવ કરીને જે કાર્ય સોપે તે કરવાનું રહેશે અને આ સમિતિની બેઠક ત્રણ માસમાં ઓછામાં ઓછી એકવાર બોલાવી પડશે.

### 6.5.4 અન્ય સમિતિઓ

આ સમિતિઓ ઉપરાંત, ગ્રામ પંચાયત પોતાના સ્થાનિક વિકાસ કાર્યો માટે જરૂરી લાગે તેવી કોઇપણ સમિતિ સરકારની પૂર્વમંજૂરી મેળવીને રચી શકે છે. આવી કોઇ પણ સમિતિમાં પંચાયતના સભ્યો ઉપરાંત ગ્રામના વરિષ્ઠ અને અનુભવી આગેવાનો જેવા નાગરિકોની પસંદગી કરી શકાય છે. ગ્રામપંચાયત પોતે ઠરાવ કરીને જરૂરી સભ્ય સંખ્યા, મુદત, કાર્યો અને સત્તાની સોંપણી કરી શકે છે. કોઇ નિશ્ચિત યોજના કે વિકાસ કાર્ય કરવા માટે રચાયેલી આવી સમિતિ તે યોજના કે વિકાસ કાર્ય પૂરું થાય એટલે બરખાસ્ત થઇ જાય છે.

## 6.6 સરપંચ

સરપંચ ગ્રામ પંચાયતના વડા ગણાય છે.

જુદાં જુદાં રાજયોમાં ગ્રામ પંચાયતના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ જુદાં-જુદાં નામે ઓળખાય છે.

| અ.નં | હોદ્દો નામ | રાજ્યો |
|---|---|---|
| 1. | સરપંચ | ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, આંધપ્રદેશ, ગોવા, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, જમ્મુ કાશ્મીર અને ચંદીગઢ |
| 2. | પ્રમુખ | આસામ, કેરાલા અને તામિલનાડુ |
| 3. | અધ્યક્ષ | કર્ણાટક |
| 4. | પ્રધાન | ઉત્તર પ્રદેશ, હિમાચલપ્રદેશ, ત્રિપુરા, મણિપુર, પશ્ચિમ બંગાળ, આંદોમાન-નિકોબાર |
| 5. | મુખિયા | બિહાર |
| 6. | સભાપતિ | સિક્કીમ |
| 7. | ચેર પર્સન | અરૂણાચલ પ્રદેશ |

### 6.6.1 સરપંચની લાયકાત

સરપંચની લાયકાત નીચે મુજબ છે.

- તેની ઉંમર ઓછામાં ઓછી 21 વર્ષની હોવી જોઇએ.
- નાદાર જાહેર થયેલ ન હોવો જોઇએ.
- જે-તે પંચાયતની મતદારયાદીમાં તેનું નામ હોવું જોઇએ.
- પોતાના ઘરે જાજરૂ (સંડાસ)ની વ્યવસ્થા હોવી જોઇએ.
- લોક પ્રતિનિધિત્વ ધારા અંતર્ગત કોઇ પણ ગુના માટે 2 વર્ષ કે તેથી વધુ સજા પામેલ ન હોવો જોઇએ.
- 4-8-2005 થી તેને બે થી વધુ બાળકો ન હોવો જોઇએ.
- ઉપસરપંચની પણ લાયકાત સરપંચ જેવી જ હોય છે.

### 6.6.2 સરપંચની ચૂંટણી

સરપંચની ચૂટણી બે પદ્ધતિથી થાય છે.

1 સીધી (પ્રત્યક્ષ) ચૂંટણી દ્વારા (ગ્રામ પંચાયતના નોંધાયેલા મતદારો દ્વારા અને

2 ગ્રામપંચાયતના ચૂંટાયેલા સભ્યો દ્વારા અથવા પરોક્ષ ચૂંટણી દ્વારા

આંધપ્રદેશ બિહાર, ગુજરાત, આસામ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, મધ્યપ્રદેશ, પંજાબ, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અરૂણાચલપ્રદેશ, તામિલનાડુ અને મણિપુરમાં સરપંચ ને સીધી ચૂંટણીમાં ચૂંટવાની ધારાકીય જોગવાઇ છે. જ્યારે કર્ણાટક, કેરાલા, ગોવા, ત્રિપુરા, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળમાં સરપંચ ને પરોક્ષ ચૂંટણીથી એટલે કે પંચાયતના ચૂંટાયેલ સભ્યો દ્વારા ચૂંટવામાં આવે છે. સરપંચની મુદત પાંચ વર્ષની હોય છે.

ઉપસરપંચને આ બધા રાજયોમાં પરોક્ષ પદ્ધત્તિથી ચૂંટવામાં આવે છે.

### 6.6.3 સરપંચની સત્તાઓ અને કાર્યો

જુદાં જુદામાં રાજયોમાં મુખ્યત્વે સરપંચની સત્તાઓ અને કાર્યોની નીચે પ્રમાણે છે.

**નાણાકીય સત્તાઓ**

- અંદાજપત્ર સમયસર તૈયાર કરવું.
- ગ્રામપંચાયતે15 ડિસેમ્બર પહેલાં તાલુકાપંચાયતને અંદાજપત્ર મોકલવાનું હોય છે.
- ગ્રામ પંચાયતના નાણાંનું કયાં રોકાણ કરવાનું છે, તેનો નિર્ણય લેવો ગ્રામ પંચાયતના નાણા ઉપાડવા અને મૂકવાં
- કરવેરાના માંગણી પત્રક મંજૂર કરવા અને નોટિસો કાઢવી
- દર મહિને પંચાયત મંત્રીના સિલકના હિસાબો ચકાવવા, રજિસ્ટરમાં તેની નોંધ કરવી અને તેનો વિગતવાર અહેવાલ તાલુકા પંચાયતને મોકલી આપવો.
- પંચાયતે લીધેલ લોનના હપ્તા સમયસરમાં ભરાય તેની કાળજી રાખવી
- જીલ્લા વિકાસ નિધિનો ફાળો નિયમિત રીતે જીલ્લા પંચાયતને મોકલાય તે જોવાનું.
- વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કરીને મોકલાય તે જોવું
- કોઇ પણ પ્રસંગો રૂ.500 સુધીનો આકસ્મિત પર્ય કરવો.

**વહીવટી સત્તાઓ**

- ગ્રામપંચાયતની બેઠકનું પ્રમુખ સ્થાન લેવું અને બેઠકનું સંચાલન કરવું.
- ગ્રામપંચાયતની સભા દર મહિને ઓછામાં ઓછી એકવાર બોલાવવી
- ગ્રામપંચાયતના અન્ય સભ્યો, કર્મચારીઓ તથા સેવકો પર નિપંત્રણ રાખવું.
- ગ્રામ પંચાયતની બધી સમિતિઓની કામગીરી પર દેખરેખ રાખવી.
- ગ્રામસભા નિયમિત રીતે યોગ્ય સમયે ભરાય તેની કાળજી રાખવી
- જરૂરી પત્રકોના રૅકોર્ડ તલાટી કમ મંત્રી પાસે તૈયાર કરાવવા.
- ગ્રામસભામાં અધ્યક્ષ સ્થાન લેવું અને ગ્રામસભાની બેઠકમાં નિયમ પ્રમાણેની કાર્યવાહી થાય તે જોવું. બેઠકમાં સરખા મત પડે તો સરપંચ (અવિશ્વાસ દરખાસ્ત સિવાય) ઠરાવમાં તેનો નિર્ણાયક મત આપી શકે છે.
- પંચાયતની મિલકતની દેખભાળ મંત્રી પાસે કરાવવી.
- તાલુકા કે જીલ્લા પંચાયતમાંથી આવતા પરિપત્રો વંચાણે લેવા અને તેની સમજ સભ્યોને આપવી અને મંત્રી પાસે તેનો અમલ કરાવવો.
- મહેસૂલી રેકર્ડ હકક પત્રક ગામના નમૂના નંબર-6 ની દરેક નોંધ વંચાણે લઇ નોંધ નીચે સહી કરવાની ફરજ
- ગામ પંચાયતના કોઇ પણ ચેક પર સહી કરવાની સત્તા
- ગ્રામપંચાયતના મંત્રીની રજા મંજૂર કરવાની સત્તા
- ગ્રામપંચાયતના સભ્યનું રાજીનામું મંજૂર કરવાની સત્તા

**આયોજનની સત્તાઓ**

- મિટિંગો સમયસર યોજવી
- 31 મી માર્ચ પહેલા ગ્રામપંચાયત બજેટ મંજૂર કરવું.
- કાર્યોની વહેંચણી તથા સભ્યો અને સમિતિઓને કાર્ય સોપવું.

- જુદા-જુદા ખાતાઓની યોજનાઓનો લાભ પોતાની ગ્રામ પંચાયતને મળે એવું આયોજન કરવું.

### 6.6.4 ઉપસરપંચ

ઉપસરપંચ ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલાં સભ્યોમાંથી જ પસંદગી કરવામાં આવે છે. એટલે કે તેમને પરોક્ષ રીતે ચૂંટવામાં આવે છે. તેમની મુદત પણ પાંચ (5) વર્ષ હોય છે તેઓ ગ્રામપંચાયત લેખિતમાં રાજીનામું આપી શકે છે. સરપંચની ગેરહાજરીમાં તેમના બધા કાર્યો ઉપસરપંચ સંભાળે છે. ગ્રામપંચાયત કે ગ્રામસભાની બેઠકમાં સંજોગોવસાત સરપંચ ગેરહાજર તો તેમની જગ્યાએ ઉપસરપંચ અધ્યક્ષ સ્થાન લે છે.

## 6.7 તલાટી-કમ મંત્રી (પંચાયત મંત્રી)

તલાટી-કમ-મંત્રી ગ્રામ પંચાયતના વહીવટી વડા છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. તેઓ ગ્રામ પંચાયતની બેઠક અને ગ્રામસભામાં ફરજીયાત હાજરી આપે છે. પરંતુ તેમને મત આપવાનો અધિકાર હોતો નથી તલાટી-કમ-મંત્રી હિસાબનીશ મહેસૂલની ફરજ બજાવે છે. તલાટી-કમ-મંત્રી ગ્રામપંચાયત અને તાલુકા પંચાયતને જોડતી કડી છે.

### 6.7.1 તલાટી-કમ-મંત્રી સત્તા અને ફરજો

તલાટી-કમ-મંત્રી નીચે મુજબના કાર્યો કરે છે.

- જમીનના નમૂના નંબર 1 થી 18 નિયમ નમૂનામાં અદ્યતન રીતે તૈયાર કરવા પંચાયતનું અંદાજપત્ર તૈયાર કરવું.
- જમીન અંગેના રેકોર્ડ, ગ્રામ નમુના 7/12 (પાણી પત્રક) અને 8- (ખાતું)તૈયાર કરવું.
- જમીનના હકો બાબતે નમૂના-6 માં નોંધ કરવી.
- પંચાયતના બીજા કર્મચારીઓ પર દેખરેખ અને નિયંત્રણ રાખવું.
- પંચાયતની મિલકત પર દેખરેખ રાખવી
- પંચાયતોએ કરેલ ઠરાવો અને હુકમોનો અમલ કરવો.
- જમીન મહેસૂલ અને બાકી લેણાની વસૂલાત માટે ત્વરિત પગલાં ભરવાં
- બાળકના જન્મની નોંધણી 14 દિવસમાં ન કરી હોય તો લેટ ફી લઇને નોંધણી કરવી.
- મરણની નોંધણી 7 દિવસમાં ન કરાવી હોય તો દંડ તરીકે ફી લઇને નોંધણી કરવી
- ઓડિટ નોંધો દ્વારા ક્ષતિઓ કે ખામીઓ દૂર કરવી.
- મહેસૂલી અધિકારીએ સોંપેલી બધી કામગીરી કરવી.
- જૂથ ગ્રામ પંચાયત સિવાયના ગામોમાં થતા લગ્નની નોંધણી કરવી.
- ગ્રામ પંચાયતની બેઠક અંગેની દરેક સભ્યને જાણ કરવાની
- સરપંચ, ઉપસરપંચ અથવા, સભ્યોની ખાલી પડેલ જગ્યાની જાણ તાલુકા પંચાયતેકરવી.
- પંચાયતની દરેક કારોબારી હુકમનો અમલ કરાવવો
- પંચાયતને ઠરાવ કરીને કામગીરી સોપી હોય તો પંચાયત તરીકે ફરિયાદ કે દાવાઓ કોર્ટમાં ચાલે ત્યારે પંચાયત તરફથી હાજર રહેવું.

## 6.8 ગ્રામસેવક

ગ્રામસેવકની નિમણૂક સરકાર દ્વારા કરવામાં આવે છે. ગ્રામસેવક વિસ્તરણ ખાતાના કર્મચારી ગણાય છે. 1952 થી ગ્રામસેવકનું પદ દાખલ કરવામાં આવ્યું. તેમનું કાર્ય ગ્રામ પંચાયતના જન સંપર્ક અધિકારી, ગ્રામપંચાયતના પથ દર્શક, ગ્રામપંચાયતના ઉદ્દીપક, ગ્રામપંચાયતના શિક્ષક તથા લોકો અને સરકાર વચ્ચેના સંયોજક તરીકેનું હોય છે. ખેતી બાગાયત, ગ્રામ વિકાસ, પંચાયત તથા સરકારના અન્ય વિભાગોની કામગીરી પણ ગ્રામસેવક કરે છે.

### 6.8.1 ગ્રામસેવકની કામગીરી

ગ્રામ સેવકની કામગીરીને બે પ્રકારમાં વહેચી શકાય

**1 ખેતી સંબંધી કામગીરી**

- કૃષિક્ષેત્રે આધુનિક પદ્ધતિનું જ્ઞાન ઉપરી અધિકારી પાસેથી મેળવીને લોકો સુધી પહોંચાડવું.
- પાક પદ્ધતિ કે પિયત પદ્ધતિ જોવા માટે નકકી કરેલ દિવસે જવું.
- દર મહિને રાત્રિ સભાનું આયોજન કરીને ખેતી વિશેની માહિતી ખેડૂતોને આપવી, ખેડૂતોને આપવી
- 1 મહિનામાં 5રાત્રિ ગામમાં રોકાવું
- 15 દિવસ ક્ષેત્રીય મુલાકાત કરવાની હોય છે.

**2 વિકાસ સંબંધી કામગીરી**

- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સોંપેલાં બધા કાર્યો કરવાં
- તાલુકા વિકાસ એજન્સીએ સોંપેલ બધા કાર્યો કરવાં
- સૌથી ગરીબ હોય તેને અગ્રિમતા આપવામાં અને યોગ્ય સહાયતા અપાવવા મદદરૂપ થવું.

## 6.9 ગ્રામપંચાયતની આવકના સ્ત્રોતો (સાધનો)

ગ્રામના વિકાસના કામ કરી શકે તે માટે એ જરૂરી છે કે તેની પાસે પૂરતા પ્રમાણમાં નાણાભંડોળ હોય, આ માટે પંચાયતોને તેમનાં કાર્યોમાં પહોચી વળવા માટે આર્થિક સહાય કરવાની ફરજ પડે છે. સામાન્ય રીતે ગ્રામ પંચાયતને નાણાં માટે નીચેના ચાર સ્ત્રોત ઉપર આધાર રાખવો પડે છે.

6.9.1 ગ્રામપંચાયતોએ નાખેલા કરવેરામાંથી આવક

6.9.2 ગ્રામપંચાયતોને મળની ગ્રાન્ટમાંથી થતી આવક

6.9.3 બિન કરવેરા સ્ત્રોતમાંથી થતી આવક

6.9.4 લોકફાળા દ્વારા થતી આવક

હવે, આપણે આ ચાર સ્ત્રોત વિશે વિગતે જોઈએ.

### 6.9.1 ગ્રામપંચાયતોએ નાખેલા કરવેરામાંથી આવકઃ

ગ્રામપંચાયતો દ્વારા જુદી-જુદી જાતના કરવેરા નાખીને આવક ઊભી કરવામાં આવે છે. જેમાં આપણે મુખ્ય આવકના સ્રોતો નીચે મુજબ ગણાવી શકીએ.

1. મકાનવેરો
2. યાત્રાળુ કર (ગુજરાતમાં 1990 થી નાબૂદ)
3. ઓકટ્રોય (ગુજરાતમાં 2001 થી નાબૂદ)
4. મનોરંજન વેરો
5. ગામમાં દાખલ થતા વાહનો, પ્રાણીઓ ઉપરનો ટોલ
6. ગામના વાહનો, હોડીઓ, પ્રાણીઓ ઉપરનો ટોલ
7. સામાન્ય સફાઇ કર
8. કૂતરા ઉપરનો કર
9. બજારો/અઠવાડિક બજારો ઉપરની ફી
10. ગાડાં/ટાંગા ઊભા રાખવાની જગા ઉપરની ફી
11. ખાનગી સંડાસ માટેનો ખાસ સફાઇ કર
12. પાણી પૂરું પાડવાનો ચાર્જ
13. ખાસ પાણી ચાર્જ
14. વ્યવસાય વેરો
15. દીવાબત્તી વેરો
16. ગટર વેરો
17. ખાળકૂંડીનો સફાઇવેરો
18. ઢોરોની ચરાઇ ફી
19. જમીન મહેસૂલ ઉપરનો કર

ઉપરોકત કરવેરા ગુજરાત તેમજ દેશના ઘણા રાજયોમાં ગ્રામપંચાયતોને નાખવાના અધિકાર ગ્રામપંચાયતોને આપવામાં આવેલા છે. આ વેરાઓમાં ગ્રામ પંચાયતો દ્વારા જે મોટાભાગના વેરા ઉઘરાવવામાં આવે છે. તેમાં પાણીવેરો, દીવાબત્તીવેરો, મકાનવેરો, સામાન્ય સફાઇવેરો અને મનોરંજનવેરાનો સમાવેશ થાય છે.

આ વેરાઓ ઉપરાંત ભારતના કેટલાક રાજયોમાં અન્ય કરવેરા નાખવા અંગેની જોગવાઇ જે તે રાજયોના પંચાયત ધારામાં કરવામાં આવી છે જેમ કે,

1. જાહેર કામના બાંધકામો માટે ખેતીની જમીન અને રહેણાંકના મકાનો ઉપર ખાસ વેરો નાખવાની સત્તા આ રાજયોના પંચાયત ધારામાં છે આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન પંજાબ, હરિયાણા, હિમાચલપ્રદેશ, તામિલનાડુ અને કેરાલા.
2. આંધ્રપ્રદેશ, તામિલનાડુ, મહારાષ્ટ્ર, પંજાબ રાજયની ગ્રામ પંચાયતને સ્ટેમ્પ ડ્યુટી પરના સરચાર્જની આવકનો પણ લાભ મળે છે.
3. મહારાષ્ટના પંચાયત ધારામાં તો પંચાયતના પ્રોજેકટને કારણે જે જમીનને લાભ થયેલ હોય તેના ઉપરનો બેટલમેન્ટ ચાર્જ નાખવાની જોગવાઇ છે.
4. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, હિમાચલપ્રદેશ અને હરિયાણા રાજયના પંચાયત ધારામાં પ્રાણીઓના વેચાણ ઉપર ફી લેવાની સત્તા ગ્રામપંચાયતોને આપવાની જોગવાઇ પણ કરવામાં આવેલી છે.

5. કર્ણાટક, આંધ્રપ્રદેશ અને કેરાલાના પંચાયત ધારામાં ગ્રામપંચાયતોને જાહેર ખબર પર વેરો લેવાની સત્તાની પણ જોગવાઇ કરવામા આવેલી છે.

6. કેરાલામાંતો જમીનની મૂડીરૂપ કિમત ઉપર ગ્રામપંચાયત જમીન શેષ પણ નાખી શકે છે.

7. રાજસ્થાનની ગ્રામપંચાયતને રોકડિયા પાક પર કરવેરો નાખવાની સત્તા છે.

### 6.9.2 ગ્રામ પંચાયતને મળતી ગ્રાન્ટમાંથી થતી આવક

દરેક રાજયના પંચાયતી ધારામાં ગ્રામ પંચાયતોને અનુદાન આપવાની જોગવાઇ હોય છે. કેટલાંક રાજયોમાંતો અનુદાન એકમાત્ર ગ્રામપંચાયતની આવકનું સાધન બન્યું છે. બધા રાજયો અને કેન્દ્ર સરકાર ગ્રામપંચાયતોને અનુદાન આપે છે. છતાં આ અંગે દેશવ્યાપી કોઇ વ્યવસ્થિત પદ્ધતિ ઉપજાવવામાં આવી નથી.

જુદાં જુદાં રાજયોમાં ગ્રામપંચાયતોને જે સરકારી સહાય આપવામાં આવે છે તેનો કેટલાંક દષ્ટાતો આપણે જોઇએ.

1. **જિલ્લા સરકારી ફંડમાંથી અનુદાનઃ-** આ ફંડમાં જમીન મહેસૂલ આવકમાંથી 7.5% જેટલી રકમ જમા થાય છે. જેમાંથી આર્થિક પછાત એવી ગ્રામ પંચાયતોને અનુદાન અપાય છે.

2. **જિલ્લા ગ્રામ ઉત્તેજન ફંડમાંથી અનુદાન કે ધિરાણઃ** આ ફંડમાં પણ જમીન મહેસૂલની આવકમાંથી 7.5% જેટલી રકમ જમા થાય છે. જેનો ઉપયોગ જે પંચાયત કર કે ફી વધારીને પોતાની આવક વધારી શકે તે માટે ગ્રામ પંચાયતોને અનુદાન કે ધિરાણ (લોન) પેટે અપાય છે.

3. **જિલ્લા વિકાસ ફંડમાંથી ધિરાણઃ-** દરેક જીલ્લા વિકાસ ફંડની સ્થાપના કરવામાં આવે છે. જેમાં દર વર્ષે ગ્રામ પંચાયત પોતાની આવકના 5%થી વધુ નહિ. તેટલી રકમ આ ફંડમાં જમા કરાવે છે. આ ફંડમાંથી ગ્રામ પંચાયતને લોન મળી શકે છે.

4. **રાજય સરકારી અનુદાનઃ-** પંચાયતી ધારાની જોગવાઇ મુજબ છેલ્લા 3 વર્ષની જમીનમહેસૂલની સરેરાશ આવકના 5% રકમ આ ફંડમાં જમા કરવામાં આવે છે. આ કાયમી નિધિ છે. આ નિધિમાંથી અનુદાન મંજૂર કરવાની સત્તા વિકાસ કમિશ્નર છે. વિકાસના કામો માટે અનુદાન મેળવવા ગ્રામ પંચાયતને જિલ્લા પંચાયત સમક્ષ રજૂઆત કરવાની હોય છે.

5. **સામાજિક ન્યાય નિધિના ઉપયોગઃ-** જીલ્લા પંચાયતે અનુસૂચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ તેમજ અન્ય પછાત વર્ગોના લોકો માટે જીલ્લા પંચાયતે સ્વભંડોળમાંથી અમુક નિશ્ચિત રકમ સામાજિક ન્યાય નિધિ માટે ફાળવવાની હોય છે. આ ફંડમાંથી સમાજ કલ્યાણ ક્ષેત્રનાં કામો માટે ગ્રામ પંચાયતોને સહાય મળી શકે છે.

6. **પછાત તાલુકાઓના વિકાસની ગ્રાન્ટઃ-** રાજય સરકારે જાહેર કરેલ 56 તાલુકાઓને વિકાસ કામોમાં વિશેષ અનુદાન આપવાની જોગવાઇ કરેલ છે. આ પછાત તાલુકાઓના વિકાસ માટે કેન્દ અને રાજય સરકાર 75:25 ના પ્રમાણમાં ગ્રાન્ટ ફાળવે છે.

7. **આયોજન મંડળની ગ્રાન્ટઃ-** સરકારે જિલ્લા આયોજન બોર્ડ હસ્તક (1) વિવેકાધીન ગ્રાન્ટ યોજના અને (2) પ્રોત્સાહક ગ્રાન્ટ યોજના એવી બે યોજના રાખેલ છે. જેમાં

બંને ગ્રાન્ટ યોજના અંતર્ગત પંચાયતોને અનુદાન આપવામાં આવે છે. પરંતુ વિવેકાધીન ગ્રાન્ટમાંથી મંજૂર થતા વિકાસ કાર્યોમાં લોકફાળાનું ધોરણ હોતુ નથી. જયારે પ્રોત્સાહક ગ્રાન્ટમાં લોકફાળાનું ધોરણ રાખવામાં આવેલ છે.

8. **નાણા પંચઃ-** પંચાયતી ધારામા પંચાયતોના વિકાસ કાર્યો માટે નાણા પંચની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ અનુસાર પંચાયતોને કેન્દ્ર સરકાર તરફથી 75% અને રાજય સરકાર તરફથી 25% ગ્રાન્ટ વિકાસ કાર્યો માટે ફાળવવામા આવે છે.

9. **ધારાસભ્ય, સંસદસભ્યો અને કલેકટને મળતી ગ્રાન્ટમાંથી મળતી આર્થિક સહાયઃ-** ધારાસભ્યો અને સંસદસભ્યોને તેમના વિસ્તારના વિકાસકાર્યો માટે દર વર્ષે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમાંથી ગ્રામપંચાયતો વિકાસ કાર્યો માટે માંગણી કરી શકે છે. છેલ્લા થોડાંક વર્ષોથી રાજય સરકારે જિલ્લા કલેકટરને પણ આવી રકમ ફાળવી છે. જેમાંથી ગ્રામ પંચાયત અનુદાન મેળવી શકે છે.

### 6.9.3 કરવેરા વગરની ગ્રામ પંચાયતની અન્ય આવકો

ભારતના દરેક રાજયના પંચાયત અધિનિયમમાં પંચાયતો ને જુદાં-જુદાં પ્રકારની ફી, દંડ કે સર્વિસ ચાર્જ દ્વારા આવક ઊભી કરવાની પરવાનગી આપવામાં આવી છે. જે નીચે મુજબ છે.

1 રસ્તા, તળાવ કે સરોવરની આજુબાજુમાં ઝાડના વેચાણમાંથી થતી આવક

2 બજાર ભરાતાં હોય તેવાં સ્થળોએ કામચલાઉ દુકાનો કે ગલ્લાઓના ભાડામાંથી થતી આવક

3 દેશી ખાતરના વેચાણમાંથી થતી આવક

4 વારિગૃહના પાણીના વેચાણમાંથી થતી આવક

5 ગ્રામપંચાયત પાસે ટેકટર કે ખેતી વિષયક અન્ય સાધનો હોય તો તેના ભાડામાંથી થતી આવક

6 મેળાનું આયોજન, અઠવાડિક બજારો, જંગલની પ્રદેશ, ચરો, ગાડા ઊભા રાખવાનું સ્ટેન્ડ વગેરેમાંથી થતી આવક

### 6.9.4 લોકફાળા દ્વારા થતી આવક

જયારે સામુદાયિક વિકાસયોજનાઓ દાખલ કરવામાં આવી હતી ત્યારે વિકાસકાર્યોમાં પ્રજાની સહભાગીદારીના પ્રતિક તરીકે લોકફાળાને આવકારમાં આવ્યો હતો. આમ બધા રાજયોની ગ્રામપંચાયતો નાગરિકોની સુખ સુવિધા માટેના સાર્વજનિક બાંધકામો કરવા માટે દાન સખાવત અને લોકફાળો મેળવતી હોય છે.

લોકો પોતાને પસંદ એવો કાર્યો જેવા કે શાળાના ઓરડા, દવાખાનું, બાલમંદિર, પુસ્તકાલય માટે પોતાનો યથાશકિતફાળો આવે તો એક નવું વાતાવરણ પેદા થાય એટલું જ નહિ વિકાસ કાર્યોમાં સરકાર એકલે હાથે પહોચી શકે નહિ. તેથી પ્રજાનો સાથ સહકાર પણ જરૂરી છે.

કેટલીક પંચાયતોમાં સંપત્તિદાન ન મળે તો શ્રમદાનને પણ આવકારવામાં આવે છે જો કે સમય જતાં વિકાસ કાર્યો માટે જોઇતા નાણા કરવેરા દ્વારા ઊભા કરાવવાનો જોક આવતાં લોકફાળો અને શ્રમદાનનો મહિમા ઘટયો, બીજી બાજુ પંચાયતોએ ઉત્પાદક પ્રવૃતિઓમાંથી આવક ઊભી કરવા. લોકફાળાનો આગ્રહ પણ વધ્યો છે.

## 6.10 સારાંશ

ભારતમાં પંચાયતીરાજના પાયાનું એકમ ગ્રામપંચાયતની વિગતો આ એકમમાં આપવામાં આવી છે. 73માં બંધારણીય સુધારા પશ્ચાત્ ગ્રામપંચાયતોની સ્થિતિમાં મહદ્ અંશે સુધારો જોવા મળ્યો છે. તેમ છતાં તેમને ઘણા બધા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. આ પ્રશ્નોના પડકારોને ઝીલવા માટે પંચાયતીરાજની વ્યવસ્થામાં જરૂરી સુધારાઓ સમયાનુસાર કરવામાં આવ્યા છે. જેને પ્રસ્તુત એકમમાં ગ્રામપંચાયતની રચનાના કાર્યો, સમિતિઓ, આવકના સાધનોનું સંક્ષેપમાં વર્ણન કરીને સમજાવવામાં આવ્યું છે.

## 6.11 સંદર્ભ સૂચિ

1 પ્રા.બી.સી. શાહ ‘ભારતમાં પંચાયતીરાજ’, પાંચમી આવૃત્તિ, 2016,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ.

2 રમેશ એમ. શાહ અને પ્રા. બળદેવ આગજા, ‘73 મા બંધારણીય સુધારા પાશ્ચાદ ભારતમાં પંચાયતીરાજ’

પ્રથમ આવૃત્તિ-2002, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ.

3 અજય પટેલ,‘ભારતીય બંધારણ અને રાજ વ્યવસ્થા’.પાંચમીઆવૃત્તિ-2020, યુવા ઉપનિષદપબ્લિકેશન, સુરત.

4 ડૉ. વિરેન્દ્રસિંહ જાડેજા, ‘ભારતનું બંધારણ, પંચાયતી રાજ અને રાજનીતિ’, પ્રથમ આવૃત્તિ-2016, કાર્વી નોલેજ પ્રેસ, જામનગર.

5 પીતાંબર પટેલ, ‘ગુજરાત પંચાયતી રાજ’પ્રકાશકઃ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

6 બિપીનચંદ્ર વૈષ્ણવ, ‘પંચાયત ધારો’નવ સર્જન પબ્લિકેશન અમદાવાદ, આવૃત્તિઃ 2018

7 કેયુરભાઈ પટેલ, જયેશભાઈ જી. પટેલ, ‘પંચાયતી રાજ એક અભ્યાસ’ બાલા પ્રકાશન, જ્ઞાન પ્રકાશન, આવૃત્તિઃ 2022, ગાંધીનગર.

8 विनय शर्मा, पंचायती राज, राजत प्रकाशन, नई दिल्ली.

9 डॉ. अलोककुमार कश्यप, भारत में पंचायती राज–उदभव विकास एवं वर्तमान स्थिति, डिस्कवरी पब्लिशिंग, नई दिल्ली.

10 Murlidhar R. Pawar,Panchayati Raj-System in India,Garima Prakashan-Kanpur.

## 6.12 તમારી પ્રગતિ ચકાસો - 1

1 __________એ પંચાયતીરાજ સંસ્થાઓનું બુનિયાદી એકમ છે.

2 ગ્રામપંચાયતના વડાને __________ કહેવામાં આવે છે.

3 ગ્રામપંચાયતની મુદ્દત __________ વર્ષની હોય છે.

4 ગ્રામપંચાયતના વહીવટી વડા __________ હોય છે.

5 ગ્રામ સભાના અધ્યક્ષ __________ બને છે.

**જવાબ**

1. ગ્રામસભા 2. સરપંચ 3. 5 4. તલાટી-કમ-મંત્રી 5. સરપંચ

**તમારી પ્રગતિ ચકાસો-2**

1 ગ્રામ સભાની વ્યાખ્યા આપો.

જવાબ ગ્રામપંચાયત વિસ્તારમાં મતદાર યાદીમાં નોંધાયેલા સભ્યોના મંડળને ગ્રામસભા કહેવાય છે. એટલે કે મતદાર યાદીમાં નામ ધરાવનાર દરેક સભ્યો જે તે ગ્રામસભાનો સભ્ય ગણાય છે.

2 ગ્રામ સભામાં કયા કયા કર્મચારીઓ હાજર રહે છે ?

જવાબ 1. તલાટી-કમ-મંત્રી 6. વિદ્યા સહાયકો

2. ગ્રામસેવક 7.આંગણવાડી કાર્યકરો

3. આરોગ્ય કર્મચારી 8. પશુપાલન કર્મચારી

4. ગ્રામમિત્ર 9.આશા વર્કર્સ

5. પ્રાથમિક શિક્ષકો 10. પોલીસ સ્ટાફ વગેરે

3 સામાજીક ન્યાય સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

જવાબ અનુસૂચિત જાતિ-જનજાતિ, મહિલાઓ અને નબળા વર્ગના લોકોને ન્યાય મળે તે જોવાનું આ સમિતિનું મુખ્ય કાર્ય છે.

4 સરપંચની કોઇ પણ ત્રણ વહીવટી સત્તાઓ જણાવો ?

જવાબ 1.પંચાયતની બેઠકમાં પ્રમુખ સ્થાન લેવું તથા સંચાલન કરવું.

2. પંચાયતના અન્ય સભ્યો, કર્મચારીઓ તથા સેવકો પર નિયંત્રણ રાખવું.

3. ગ્રામપંચાયતની સમિતિઓ પર દેખરેખ રાખવી.

5 ગ્રામપંચાયતના વડાને કયા-કયા રાજયોમાં પ્રધાન તરીકે ઓળખવામાં આવે છે.

જવાબ(1) ત્રિપુરા, મણિપુર, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશ

**નોંધ :** વિશેષ માહિતી માટે,

https://www.panchayatgujarat.gov.in અને

https://www.panchayat.gov.in નો ઉપયોગ કરી શકશો.

# એકમ-7 પંચાયતીરાજનું ત્રિ-સ્તરીય માળખું : તાલુકા પંચાયત

## રૂપરેખા

**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** તાલુકા પંચાયત (પંચાયત સમિતિ)ની રચના

**7.3** તાલુકા પંચાયત (પંચાયત સમિતિ)ના કાર્યો અને સત્તાઓ

- **7.3.1** પ્રાથમિક જરૂરિયાતો જેવી કે સ્વાસ્થ્ય, શિક્ષણ અને સફાઇ અંગેના કાર્યો
- **7.3.2** ખેતીવાડી-સિંચાઇ અંગેની કામગીરી.
- **7.3.3** સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા
- **7.3.4** પશુસંવર્ધન અંગેના કાર્યો
- **7.3.5** નાના ઉદ્યોગો-ગ્રામદ્યોગ અંગેના કાર્યો
- **7.3.6** અન્ય ક્ષેત્ર અંગેના કાર્યો

**7.4** તાલુકા પંચાયતની સમિતિઓ

- **7.4.1** કારોબારી સમિતિ
- **7.4.2** સામાજીક ન્યાય સમિતિ
- **7.4.3** અન્ય મરજીયાત સમિતિઓ
- **7.4.4** જિલ્લા આયોજન સમિતિની તાલુકાવાર પેટા સમિતિ

**7.5** તાલુકા પંચાયતના પ્રમુખ

- **7.5.1** તાલુકા પંચાયતના પ્રમુખના કાર્યો અને સત્તાઓ
- **7.5.2** તાલુકા પંચાયતના ઉપપ્રમુખના કાર્યો
- **7.5.3** રાજીનામું કે હોદ્દા પરથી દૂર કરવા બાબત

**7.6** તાલુકા વિકાસ અધિકારીના કાર્યો, ફરજો અને સત્તાઓ

**7.7** તાલુકા પંચાયત (પંચાયત સમિતિ)ની આવકના સ્ત્રોતો (સાધનો)

**7.8** સારાંશ

**7.9** સંદર્ભ સૂચિ

**7.10** તમારી પ્રગતિ ચકાસો

## 7.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતો સમજી શકશો અને તેની ચર્ચા કરી શકશો.

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે તાલુકા પંચાયત (પંચાયત સમિતિ)નું માળખું અને કાર્યો સમજી શકશો.
- તાલુકા પંચાયતના પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારીની સત્તાઓ, કાર્યો અને ફરજોને સમજી શકશો
- આ એકમથી લોકશાહીમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાની જરૂરિયાતને સમજાવી શકશો.

## 7.1 પ્રસ્તાવના

પંચાયતીરાજના ત્રિ-સ્તરીય માળખામાં તાલુકા પંચાયત એ વચલા સ્તરની પંચાયત છે. 73માં બંધારણીય સુધારા અનુસાર 20 લાખથી ઓછી વસ્તીવાળા રાજયો જો વચલા સ્તરની પંચાયત સ્થાપવા માંગતા ન હોય તો તેમને છૂટ આપવામાં આવી છે. આથી નાના રાજયોમાં તાલુકા પંચાયતો રચવામાં આવી નથી. હાલ દેશમાં કુલ 6614 તાલુકા પંચાયતો અસ્તિત્વમાં છે

ગ્રામ પંચાયતની જેમ તાલુકા પંચાયત પણ જુદાં જુદાં રાજયોમાં જુદાં જુદાં નામે ઓળખાય છે.

- રાજયવાર પંચાયત સમિતિઓનાં નામ

| | નામ | રાજય |
|---|---|---|
| 1 | પંચાયત સમિતિ | બિહાર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, આંદામાન- નિકોબાર, ચંદીગઢ |
| 2 | તાલુકા પંચાયત | ગુજરાત, કર્ણાટક |
| 3 | જનપદ પંચાયત | મધ્ય પ્રદેશ |
| 4 | આંચલિક પંચાયત | આસામ |
| 5 | અંચલ સમિતિ | અરૂણાચલ પ્રદેશ |
| 6 | મંડલ પરિષદ | આંધ્રપ્રદેશ |
| 7 | ક્ષેત્ર સમિતિ | ઉત્તરપ્રદેશ |
| 8 | પંચાયત યુનિયન | તામિલ નાડુ |
| 9 | બ્લોક પંચાયત | કેરાલા |
| 10 | બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ | જમ્મુ કાશ્મીર |

## 7.2 તાલુકા પંચાયતની રચના

તાલુકા પંચાયતમાં 1 લાખની વસ્તી સુધી 16 સભ્યોની બેઠકો હોય છે. અને 1 લાખથી વધારાની વસ્તી માટે 25,000 ની વસ્તીએ 2 બેઠકો (સભ્યો) વધારવામાં આવે છે. તાલુકા પંચાયતના સભ્યોની ચૂંટણી તાલુકાના મતદારો દ્વારા સીધી (પ્રત્યક્ષ) ચૂંટણીથી કરવામાં આવે છે. તાલુકા પંચાયતમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકો રાખવામાં આવે છે. અન્ય પછાત વર્ગો (OBC, SEBC) માટે 10% બેઠકો અનામત રાખવામાં આવે છે. તેમજ મહિલાઓ માટે ગુજરાત તેમજ કેટલાંક રાજ્યોમાં 50% અનામત રાખવામાં આવે છે

તાલુકા પંચાયતની મુદત 5 વર્ષની હોય છે. તાલુકા પંચાયતમાં એક પ્રમુખ અને એક ઉપપ્રમુખ તાલુકા પંચાયતના ચૂંટાયેલાં સભ્યોમાંથી ચૂટાયેલા સભ્યો દ્વારા નકકી કરવામાં આવે છે. તાલુકા પંચાયતના વડા (અધ્યક્ષ) તાલુકાના પ્રમુખ હોય છે. તેમજ તાલુકા પંચાયતના વહીવટી અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારી (T.D.O) કામ કરે છે જેની નિમણૂક સરકાર દ્વારા કરવામાં આવે છે. તાલુકા કે તેના કોઈપણ ભાગમાંના કોઈપણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલા ગુજરાતના ધારાસભ્યો આવી તાલુકા પંચાયતમાં કાયમી આમંત્રિતો ગણાય છે. એટલે કે ધારાસભ્ય તાલુકા પંચાયતની બેઠકમાં ભાગ લઈ શકે છે. બોલી શકે છે. પરંતુ તેમને મત આપવાનો અધિકાર હોતો નથી.

તાલુકા પંચાયતના સભ્યો 4 પ્રકારો હોય છે.

1 સીધા (પ્રત્યક્ષ) ચૂંટાયેલા સભ્યો

2 પદનિમિત્ત સભ્યો/કાયમી આમંત્રિતો

(જુદા-જુદા રાજયોમાં કાયમી આમંત્રિતો વિધાનસભ્ય, સંસદસભ્ય, વિધાન પરિષદના સભ્યો, સરપંચો તાલુકામાંથી ચૂંટાયેલા જિલ્લા પંચાયતના સભ્ય, કલેકટરનો સમાવેશ થાય છે. ગુજરાતમાં વિધાન સભ્યને કાયમી આમંત્રિતસભ્ય ગણવામાં આવે છે.)

3 નિયુક્ત સભ્યો (આ પ્રકારના સભ્યો માત્ર અરૂણાચલપ્રદેશમાં જોવા મળે છે. ગુજરાતમાં હજુ સુધી કાયદા દ્વારા આ સભ્યોની જોગવાઇ કરવામાં આવી નથી.)

4 કો-ઓપ્ટ સભ્યો (આ પ્રકારના સભ્યો આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જોવા મળે છે. ગુજરાતમાં હજુ સુધી કાયદા દ્વારા આવા સભ્યોની જોગવાઇ કરવામાં આવી નથી, તેમને મતાધિકાર હોતા નથી)

આ ચાર પ્રકારમાં સીધા (પ્રત્યક્ષ) ચૂંટાયેલાં સભ્યો વિશેષ સત્તા ધરાવે છે. જે અન્ય 3 પ્રકારના સભ્યો ધરાવતા નથી.

ગુજરાતમાં તાલુકા પંચાયતની ચૂંટણી પક્ષીય એટલે કે રાજકીય ધોરણે લડાય છે. તાલુકા પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી હોવાથી તા. 19-01-1987 થી તાલુકા પંચાયતમાં પક્ષાંતર ધારો લાગુ પડે છે. તાલુકા પંચાયતની ચૂંટણીની અન્ય જોગવાઈઓ ગ્રામ પંચાયતની ચૂંટણીની જોગવાઇઓ જેવી છે. ચૂંટણી અંગેનો વિવાદ થાય તો ચૂંટણીના પરિણામો જાહેર થયાના 30 દિવસમાં અપીલ કરવાની હોય છે.

## 7.3 તાલુકા પંચાયત કાર્યો અને સત્તાઓ

જુદાં-જુદાં રાજ્યોમાં તાલુકા પંચાયતોને સોપવામાં આવેલ કાર્યો અને સત્તાઓનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય.

### 7.3.1 પ્રાથમિક જરૂરિયાતો જેવી કે સ્વાસ્થ્ય, શિક્ષણ અને સફાઇ અંગેના કાર્યો

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલ, પ્રસૂતિગૃહો અને ઔષધભંડારો ખોલવા અને નિભાવવા
- કુટુંબ નિયોજનનું કાર્ય કરવું.
- પ્રાથમિક શાળાની સ્થાપના અને સંચાલન કરવું.
- પ્રાથમિક શાળાના મકાન બાંધવાં, તેમાં શૌચાલયો બનાવવાં
- પ્રાથમિક શાળામાં રમત-ગમતના મેદાનો બનાવવા

- માધ્યમિક શિક્ષણ અંગેની કામગીરી કરવી
- અનૌપચારિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ અને સમાજ શિક્ષણના કેન્દ્રો ચલાવવા
- ગ્રામ્ય પાણી પુરવઠાની યોજનાઓ અમલમાં મૂકવા પાણીની મુશ્કેલીની સમસ્યાઓ દૂર કરવી
- પાણીનું પ્રદૂષણ અટકાવવું

**7.3.2 ખેતીવાડી-સિંચાઇ અંગેની કામગીરી**

- ખેતીવાડીની સુધારણા કામગીરી કરવી
- સિંચાઇ કામોનું બાંધકામ કરવું
- વોટર શેડ વિકાસના કામો કરવા
- ખેતી-સિંચાઇ માટે ધિરાણની વ્યવસ્થા કરવી
- ખેડૂતો માટે તાલીમ વર્ગો અને વિસ્તરણ કાર્યક્રમો યોજવા
- ગોડાઉનો સ્થાપવા અને નિભાવવા
- જમીનની નવસાધના અને જાળવણી કરવી

**7.3.3 સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા**

- અસ્પૃશ્યતા નિવારણ અંગેની કામગીરી કરવી
- અસ્પૃશ્યતા નિવારણ માટે જાગૃતતા કેળવણી
- સમાજના નબળાં વર્ગો, વિકલાંગો, નિરાધાર લોકો વૃદ્ધો, ત્યકતા, વિધવા, નિરાધાર બાળકો માટેના વિકાસની કામગીરી કરવી.
- અનાથાશ્રમો, તેમજ આશ્રમ સ્થાનો બાંધવા અને નિભાવવા.

**7.3.4 પશુસંવર્ધન અંગેના કાર્યો**

- પશુ ચિકિત્સાલયો અને કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો બોલવા અને નિભાવવા
- ડેરીઓનો વિકાસ કરવો
- પશુપાલન અને પશુ સંવર્ધનને પ્રોત્સાહન આપવું.

**7.3.5 નાના ઉદ્યોગો-ગ્રામદ્યોગ અંગેના કાર્યો**

- ખાદી ગ્રામોદ્યોગ, કુટિર ઉદ્યોગનો વિકાસ કરવો
- તાલીમકેન્દ્રો સ્થાપવા અને નિભાવવા
- વ્યાવસાયિક માર્ગદર્શક કેન્દ્રો ચલાવવા
- રોજગારી ઊભી કરવી અને બેકારી ઓછી કરવા અંગેની કામગીરી કરવી
- સહકારી ધોરણે ધિરાણ, વેચાણ, ઉદ્યોગ અને સિંચાઇ વગેરે અંગેની સહકારી મંડળીઓ સ્થાપવી, તેમજ તેને યોગ્ય પ્રોત્સાહન પુરૂં પાડવું.

**7.3.6 અન્ય ક્ષેત્ર અંગેના કાર્યો**

- ગ્રામ વસવાટ માટે ગામતળનો વિકાસ કરવો અને ગ્રામીણ રહેઠાણોનું યોગ્ય આયોજન કરવું.

- ગ્રામપંચાયતો ઉપર વહીવટી દેખરેખ રાખવી તેમજ તેમની સાથે સંકલન સાધવું.
- રાજ્ય સરકાર તેમ કેન્દ્ર સરકાર જે કામગીરી સોંપે તેનો અમલ કરવો.
- જિલ્લા પંચાયતે સોંપલો વધારાના બધા કાર્યો કરવા.
- ઘણા રાજયોમાં તાલુકા પંચાયત ગ્રામ પંચાયતના અંદાજપત્રની ચકાસણી કરવાની તેમજ ગ્રામ પંચાયતના અંદાજપત્રને મંજૂર કરવાની કામગીરી કરે છે.
- ગરીબી નિવારણના કુટુબલક્ષી કાર્યક્રમોના લાભાર્થીઓની ચકાસણી કરવાનું તેમજ તેના અમલવારીની કામગીરી કરવી.

આમ, ભારતમાં જુદાં-જુદાં રાજયો ઉપર જણાવ્ય મુજબની કામગીરી કરે છે. ગુજરાતમાં અધિનિયમ-1993 ની કલમ-130 હેઠળ ઉપર મુજબની કામગીરી તાલુકા પંચાયતો બજાવે છે.

## 7.4 તાલુકા પંચાયતની સમિતીઓ

તાલુકા પંચાયત એ પોતાના વિસ્તારમાં વિવિધ કલ્યાણકારી વિકાસના કાર્યો કરવાના હોય છે. આવા વિકાસના કાર્યો ઝડપથી અને વ્યવસ્થિત રીતે થાય તે માટે તાલુકા પંચાયત પોતાના સભ્યોમાંથી અનુભવી, આવડતવાળા સભ્યોની વિવિધ સમિતિઓની રચના કરે છે આવી સમિતિઓ મુખ્યત્વે બે છે જે ફરજીયાત રચવી જ પડે છે. (1) કારોબારી સમિતિ અને (2) સામાજિક ન્યાય સમિતિ અને

### 7.4.1 કારોબારી સમિતિ

- **રચના**

આ સમિતિની રચના ફરજીયાત છે તેની મુદત 2.5 વર્ષની હોય છે. પછી તેની પુનઃ રચના કરવામાં આવે છે પરંતુ તાલુકા પંચાયતની મુદત પૂરી થાય ત્યારે કારોબારી સમિતિની મુદત પણ પૂરી થાય છે. આ સમિતિમાં ઓછામાં ઓછા 5 સભ્યો અને વધુમાં વધુ 9 સભ્યો હોય છે. કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં સમિતિના અધ્યક્ષની ચૂંટણી કે પસંદગી કરવામાં આવે છે આવી બેઠક બોલાવવાનો અધિકાર તાલુકા વિકાસ અધિકારી ને હોય છે. તાલુકા પંચાયતના પ્રમુખ સમિતિના સભ્ય તરીકે હોય, તો હોદ્દાની રૂએ તે સમિતિના અધ્યક્ષ બને છે. જો તાલુકા પંચાયતના પ્રમુખ સમિતિના સભ્ય ન હોય અથવા તેઓ અધ્યક્ષ બનવા ના પડે તો જ સમિતિમાંથી કોઇ એક સભ્યને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવે છે.

- **કારોબારી સમિતિની કામગીરી**

કારોબારી સમિતિની મુખ્ય કામગીરી તાલુકા પંચાયત ઠરાવ કરીને સોપે તેટલી બાબતોનો વહીવટ કરવાનો છે. તાલુકા પંચાયતની વહીવટી સત્તાઓ તેની સાધારણ સભાને મળેલી છે. તેથી સાધારણ સભા પોતાની કેટલીક સત્તાઓ ઠરાવ કરીને કારોબારી સમિતિને સોપે છે. તાલુકા પંચાયત ઠરાવ કરીને સોંપે તેટલાં જ કાર્યો કારોબારી સમિતિ કરે છે. માત્ર સમિતિની રચના કરવાથી જ સમિતિને અધિકાર મળી જતાં નથી.

- **કારોબારી સમિતિની પેટા સમિતિઓ**

કારોબારી સમિતિ પોતાને સોંપાયેલ કાર્યોનો ઝડપી અને કાર્યક્ષમ રીતે અમલ કરાવવા માટે પોતાના સભ્યોમાંથી વધુમાં વધુ 2 પેટા સમિતિઓની રચના કરી શકે છે. આ પેટા સમિતિની મુદત 1 વર્ષની હોય છે. જરૂર હોય તો બીજા વર્ષે તેમની પુનઃ રચના કરવામાં આવે છે. આ

પેટા સમિતિ ઓ પોતાને સોપાયેલ કાર્યો અંગે કારોબારી સમિતિને માત્રને માત્ર ભલામણ કરી શકે છે. કોઇ નિર્ણય કરી શકતી નથી.

### 7.4.2 સામાજીક ન્યાય સમિતિ

- **રચના**

આ સમિતિની રચના ફરજીયાત છે. આ સમિતિની મુદત 2.5 વર્ષની હોય છે. આ સમિતિની બેઠક 3 મહિનામાં એકવાર મળે છે. આ સમિતિની સભ્ય સંખ્યા પાંચ થી વધુ નહિ તેવી તાલુકા પંચાયત નકકી કરી તેટલી રહેશે. આમાં 1 સભ્ય વાલ્મીકિ (સફાઇ કામદાર) જાતિના હોય છે જો તાલુકા પંચાયતમાં આવો ચૂંટાયેલ સભ્ય ન હોય તો પંચાયતમાં ચૂંટાવવાની લાયકાત ધરાવનાર આ જાતિના સભ્યને કો-ઓપ્ટ કરી શકાશે.

આ સમિતિમાં બાકીના 4 સભ્યો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓમાંથી ચૂંટાયેલાં તાલુકા પંચાયતના સભ્યોમાંથી નીમાશે. અને જેમાંથી 1 સભ્ય અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની મહિલા રહે છે. જો પંચાયતમાં આવી મહિલા સભ્ય નહિ હોય તો પંચાયતના સભ્ય તરીકે ચૂંટાવાને લાયક હોય તેવી તે જાતિની મહિલાને પંચાયત કો-ઓષ્ટ કરશે. સમિતિમાં આવા કો-ઓપ્ટ સભ્યને મતાધિકાર હોય છે. પરંતુ તેઓ સમિતિના અધ્યક્ષ બની શકતા નથી.

સમિતિના સભ્યો પોતાનામાંથી અધ્યક્ષ ચૂંટી કાઢે છે. સમિતિના સભ્યો કે અધ્યક્ષ તાલુકા પંચાયતને રાજીનામું આપીને છૂટા થઇ શકે છે.

- **સામાજીક ન્યાય સમિતિની કામગીરી**

આ સમિતિ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વ્યકિતઓ તથા સમાજના અન્ય નબળા વર્ગોને સામાજિક ન્યાય મળે તે માટેની જરૂરી કામગીરી કરે છે. જેવી કે સમાજના નબળા વર્ગોના આરોગ્યની સાચવણી કરવી, શિક્ષણ, સાફસફાઇ, પીવા લાયક શુદ્ધ પાણીની વ્યાવસ્થા કરવી, તેમને થતા અન્યાય અને ભેદભાવના કેસોની તપાસ કરવી, તેમનામાં પ્રર્વતતા કુરિવાજો અને દૂષણો પ્રત્યે જાગૃતિ લાવી, તેમને દૂર કરવા, અસ્પૃશ્યતા નિવારણ, બાળકલ્યાણની કામગીરી વગેરે કાર્ય કરવાના હોય છે.

આ ઉપરાંત સમાજના નબળા વર્ગોમાં પ્રચલિત શિક્ષણના હેતુઓ માટે સાંસ્કૃતિક કાર્યકમોનું આયોજન કરવું. તેમજ આ વર્ગોને લગતી ફરિયાદો કે જેને પંચાયત દૂર કરી શકતી ન હોય તેનીયોગ્ય અધિકારીને જાણ કરવી.

સામાજીક ન્યાય સમિતિના કાર્યો અને ફરજો નિયમોથી નકકી કરેલ હોવાથી તાલુકા પંચાયત પરત ખેંચી શકતી નથી અર્થાત તાલુકા પંચાયત આ સમિતિના કોઇ કાર્યો, ફરજો કે સત્તામાં ફેરફાર કરી શકતી નથી. સામાજીક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ વ્યકિતને 60 દિવસોમાં જીલ્લાની સામાજીક ન્યાય સમિતિને અપીલ કરી શકે છે.

### 7.4.3 અન્ય મરજીયાત સમિતિઓ

તાલુકા પંચાયત ઉપરોકત બે સમિતિઓ ઉપરાંત કોઇ ખાસ કાર્ય માટે અથવા યોજનાના અમલ માટે રાજય સરકારની પૂર્વમંજૂરી લઇને કોઇ પણ સમિતિની રચના કરી શકે છે. આવી સમિતિમાં વધુમાં વધુ સભ્યસંખ્યા 5 સુધીની હોય છે. આવી સમિતિઓની મુદત 1 વર્ષની હોય છે. જરૂર પડે તો 1 વર્ષ પછી તેની પુનર્રચના કરી શકાય છે. અને જરૂરિયાત ન હોય તેનું

વિસર્જન થાય છે. આવી દરેક સમિતિના સભ્યો પોતાનામાંથી એકની અધ્યક્ષ તરીકે ચૂંટણી કરે છે.

### 7.4.4 જિલ્લા આયોજન સમિતિની તાલુકાવાર પેટા સમિતિ

- જિલ્લા આયોજન સમિતિને મદદરૂપ થવા માટે ઓછામાં ઓછા 7 સભ્યોવાળી તાલુકાવાર પેટા સમિતિની રચના કરવામાં આવે છે.
- સમિતિની રચનાઃ આ સમિતિમાં કુલ 7 સભ્યો નીચે મુજબ હોય છે.

1 અધ્યક્ષઃ- તાલુકા

2 ઉપાધ્યક્ષઃ પ્રાંત અધિકારી અથવા નાયબ જિલ્લા વિકાસ અધિકારી

- અન્ય 5 સભ્યોમાં

3 સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ

4 તાલુકામાંથી ચૂંટાયેલા જિલ્લા પંચાયતના સભ્યો

5 તાલુકા ધારાસભ્યો (MLA)

6 મામલતદાર (સંબંધિત તાલુકાનો)

7 તાલુકા વિકાસ અધિકારી (TDO)

## 7.5 તાલુકા પંચાયત પ્રમુખ

તાલુકા પંચાયત (પંચાયત સમિતિ) જુદાં-જુદાં રાજયોમાં જુદાં-જુદાં નામે ઓળખાય છે. તેવી જ રીતે પંચાયતના મુખ્ય પદાધિકારી એટલે કે તાલુકા પંચાયતના વડા માટે પણ જુદા-જુદા રાજયોમાં જુદાં-જુદાં શબ્દ વપરાય છે. આમાં સૌથી વધારે જાણીતો શબ્દ 'અધ્યક્ષ' (ચેરપર્સન) છે રાજયવાર તાલુકા પંચાયતના વડાના જુદા-જુદા નામ નીચે મુજબ છે.

| તાલુકા પંચાયત વડાનું નામ | રાજ્ય |
|---|---|
| અધ્યક્ષ | હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, ચંદીગઢ, જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઓરિસ્સા, તામિલનાડુ, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ, પોંડિચેરી |
| પ્રમુખ | ગુજરાત, મધ્યપ્રદેશ, આંધપ્રદેશ, બિહાર, ઉત્તરપ્રદેશ, કેરાલા, આંદોમાન-નિકોબાર |
| સભાપતિ | પશ્ચિમ બંગાળ |

ગુજરાતમાં તાલુકા પંચાયતના વડાને પ્રમુખ તરીકે ઓળખવામાં આવે છે. પ્રમુખ પછીના હોદ્દેદાર એટલે કે ઉપપ્રમુખને પણ જુદાં-જુદાં રાજયોમાં જુદાં-જુદાં નામ જેવા કે વાઇસ ચેરપર્સન, ઉપપ્રમુખ કે ઉપસભાપતિ કે ઉપાધ્યક્ષ તરીકે ઓળખવામાં આવે છે.

**તાલુકા પંચાયતના પ્રમુખ- ઉપપ્રમુખ ચૂંટણી**

તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યોના નામો પસિદ્ધ કરવામાં આવે તે તારીખથી 4 અઠવાડિયાની અંદર જિલ્લા વિકાસ અધિકારી (D.D.O) જે તારીખ નકકી કરે, તે દિવસે તાલુકા પંચાયતની પ્રથમ બેઠક મળે છે. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી કાર્યકારી પ્રમુખ તરીકે જેને નિયુકત કરે તે બેઠકમાં અધ્યક્ષ સ્થાન લે છે. જો કે અધ્યક્ષસ્થાન લેનાર સભ્યને મત આપવાનો અધિકાર હોતો નથી પ્રથમ બેઠકમાં માત્ર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીની જ

કાર્યવાહી કરવામાં આવે છે. પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીના પરિણામની ઘોષણા થઇ ગયા પછી બેઠકની કાર્યવાહી પૂરી થાય છે. જો પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં બે ઉમેદવારોને સરખા મતો મળે છે તો અધ્યક્ષ સ્થાન લેનારની હાજરીમાં ચિઠ્ઠી નાખી કે ચિઠ્ઠી ઉપાડીને નિર્ણય કરવામાં આવે છે.

### 7.5.1 તાલુકા પંચાયતના પ્રમુખનાં કાર્યો અને સત્તાઓ

- તાલુકા પંચાયતની બેઠક બોલાવે છે.
- તાલુકા પંચાયતની બેઠકોમાં અધ્યક્ષ સ્થાન લે છે. અને આ બેઠકોનું સંચાલન કરે છે.
- તાલુકા પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ પર દેખરેખ રાખે છે.
- તાલુકા પંચાયતની કોઇ સમિતિમાં સભ્યો તરીકે પ્રમુખ હોય તો તે સમિતિમાં હોદ્દાની રૂએ તાલુકા પંચાયતના પ્રમુખ અધ્યક્ષ બને છે.
- તાલુકા પચાયતમાં કરેલા ઠરાવો અને નિર્ણયોનો અમલ તાલુકા વિકાસ અધિકારી (T.D.O) કરાવે છે.
- તાલુકા પંચાયતની વિવિધ સમિતિઓના કાર્યોને જોવાનું અને સલાહ આપવાનું કાર્ય કરે છે.
- કોઇ પણ આકસ્મિક પ્રસંગે જરૂર જણાય તો કોઇપણ કૃત્ય લોકહિત માટે તાત્કાલિક કરવાની અથવા બંધ કરવાની અથવા મોકૂફ રાખવાની સત્તા ધરાવે છે. આ માટે તાલુકા ફંડમાંથી ખર્ચ કરવાની સત્તા પણ પ્રમુખ ધરાવે છે.

### 7.5.2 તાલુકા પંચાયતના ઉપપ્રમુખના કાર્યો

- તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પ્રમુખની ગેરહાજરીમાં બેઠકોનું અધ્યક્ષસ્થાન લે છે અને બેઠકનું સંચાલન કરે છે.
- રાજય સરકારના નિયમોને આધીન રહીને તાલુકા પ્રમુખ વખતો-વખત જે કાર્યો અને સત્તાઓ લેખિતમાં સોંપે તે પ્રમાણેની કામગીરી કરવાની હોય છે.

### 7.5.3 રાજીનામું કે હોદ્દા પરથી દૂર કરવા બાબત

તાલુકા પંચાયતનો સભ્ય પ્રમુખને પોતાનું રાજીનામુ લેખિતમાં આપી શકે છે ઉપપ્રમુખ તાલુકા પંચાયતને લેખિતમાં રાજીનામુ આપી શકે છે. તાલુકા પંચાયતના પ્રમુખ જિલ્લા પંચાયતને લેખિતમાં રાજીનામું આપી હોદ્દા પરથી દૂર થઇ શકે છે. રાજીનામાં અંગે કોઇ તકરાર ઊભી થાય તો રાજીનામું અમલમાં આવ્યાની તારીખથી 30 દિવસની અંદર વિકાસ કમિશ્નરને લેખિતમાં ફરિયાદ કરવાની હોય છે 30 દિવસ પછી કોઇ તકરાર ચાલતી નથી.

તાલુકા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ વિરુદ્ધ તાલુકા પંચાયતનો કોઇ પણ સભ્ય નિયત ફોર્મમાં કુલ સભ્યોના 50% સભ્યોની સહીથી અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરી શકે છે, જો અવિશ્વાસનો ઠરાવ કુલ સભ્યોના 2/3 સભ્યોની બહુમતી થી પસાર કરવામાં આવે તો, ઠરાવ પસાર કર્યાની તારીખથી 3 દિવસમાં હોદ્દા પરથી રાજીનામું આપવું પડે છે.

એ જ રીતે તાલુકા પંચાયતના કોઇ સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખ પોતાની ફરજ બજાવવામાં બેદરકારી દાખવે, સત્તાનો દુરૂપયોગ કરે અથવા ફરજ બજાવવા અસમર્થ થયા હોય તો યોગ્ય કાર્યવાહી કરીને જિલ્લા વિકાસ અધિકારી (D.D.O) જે-તે સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખને હોદ્દા પરથી દૂર કરી શકે છે. એવી જ રીતે કોઇ સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખ સામે કોઇપણ ગુનામાં ફોજદારી કાર્યવાહી થઇ હોય કે કાર્યવાહી દરમિયાન જેલમાં અટકમાં રાખવામાં

આવ્યા હોય તો જિલ્લા વિકાસ અધિકારી (D.D.O) જે-તે સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખને હોદ્દા પરથી દૂર કરી શકે છે આવા જિલ્લા વિકાસ અધિકારી(D.D.O)ના હુકમની વિરુદ્ધમાં અપીલ, હુકમ કર્યાની તારીખથી 30 દિવસની મુદતની અંદર રાજ્ય સરકારને કરી શકાય છે.

## 7.6 તાલુકા વિકાસ અધિકારીના કાર્યો ફરજો અને સત્તાઓ

દરેક તાલુકા પંચાયતમાં તાલુકા પંચાયત માટે એક મંત્રી (સેક્રેટરી) હોય છે. જેની નિયુકિત રાજ્ય સરકાર કરે છે જુદાં-જુદાં રાજ્યોમાં તાલુકા પંચાયતના મંત્રી (વહીવટી વડા)ને જુદા જુદા નામથી ઓળખવામા આવે છે. જેમ કે તાલુકા વિકાસ અધિકારી (Taluka Development Officer-T.D.O) બ્લોક ડેવલેપમેન્ટ ઓફિસર (B.D.O)અથવા મુખ્ય વહીવટી અધિકારી (Chief Executive Officer) તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં તાલુકા પંચાયતના વહીવટી વડાને તાલુકા વિકાસ અધિકારી (T.D.O) તરીકે ઓળખવામાં આવે છે.

**આ અધિકારીની મુખ્ય ફરજો અને સત્તા નીચે પ્રમાણે છે.**

**તાલુકા વિકાસ અધિકારીનાં કાર્યો, ફરજો અને સત્તાઓ**

- પંચાયત સમિતિના તમામ અધિકારીઓ કર્મચારીઓ અને સેવકોની ફરજો નક્કી કરે છે વધારાના કાર્યો સોંપી શકે છે.
- તાબાના અધિકારીઓ/કર્મચારીઓની રજા મંજૂર કરે છે.
- અધિકારીઓ/કર્મચારીઓ પાસેથી ખુલાસો માંગી શકે છે.
- અધિકારીઓ, કર્મચારીઓ, સેવકોના ગુપ્ત રેકોર્ડની લખવાની સત્તા ધરાવે છે.
- પંચાયતના તમામ દફતરો/દસ્તાવેજો પોતાના કબજામાં રાખે છે.
- તાલુકા પંચાયતની તમામ પ્રવૃત્તિઓની બાબતમાં દેખરેખ અને નિયંત્રણ રાખે છે.
- તાલુકા ફંડ (નિધિ)માંથી નાણાં ઉપાડવાની અને ખર્ચ કરવાની સત્તા ધરાવે છે.
- પંચાયતની બેઠકો બોલાવવાની કાર્યસૂચિ-નોટિસ તૈયાર કરે છે.
- તાલુકાપંચાયતની બેઠકોમાં કે તેની કોઇ પણ સમિતિમાં હાજર રહેવાની સત્તા ધરાવે છે.
- તાલુકા પંચાયતની બીજી ફરજો કોઇ પણ સમિતિને સોંપવામાં આવી ન હોય તે બજાવે છે.
- ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકની તારીખ નકકી કરવાની સત્તા ધરાવે છે.
- ગ્રામ પંચાયતના સભ્ય, ઉપસરપંચના રાજીનામાના તકરારમાં તેઓ નિર્ણય લેવાની સત્તા ધરાવે છે.
- જિલ્લા પંચાયત તેમજ રાજ્ય સરકાર દ્વારા સોંપાયેલા બીજા કાર્યો બજાવે છે.

ગુજરાતમાં પંચાયત અધિનિયમ 1993 હેઠળ કરવામાં આવેલ જોગવાઇઓ અનુસાર તાલુકા વિકાસ અધિકારી ઉપર પ્રમાણેની સત્તા ભોગવે છે અને ફરજો બજાવે છે.

મહારાષ્ટ્ર, મણિપુર અને ઓરિસ્સામાં બી.ડી,ઓ (બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર) પાસે વહીવટી સત્તા હોય છે. મધ્યપ્રદેશમાં પંચાયત સમિતિના વહીવટી વડા તરીકે મુખ્ય વહીવટી અધિકારી હોય છે. ત્યા બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO) વધારાના મુખ્ય વહીવટી અધિકારી હોઇ તેમની વચ્ચે કામની જે વહેચણી થઇ હોય તે પ્રમાણે ફરજ બજાવવાની હોય છે

પંજાબમાં પંચાયત સમિતિના વહીવટી વડાને બી.ડી.પી.ઓ (BDPO-બ્લોક ડેવલપમેન્ટ અને પંચાયત ઓફિસર) કહેવાય આવે છે. રાજસ્થાનમાં પંચાયત સમિતિના વહીવટી વડા તરીકે બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર હોય છે અને સાથો સાથ તે સમિતિના મંત્રી પણ હોય છે. ઉત્તરપ્રદેશમાં બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર વહીવટી વડા તરીકેની ફરજ બજાવે છે. તામિલનાડુમાં પંચાયત સમિતિના મુખ્ય વહીવટી અધિકારીને બી.ડી.ઓ તરીકે ઓળખવામાં આવે છે. તેમની સહાયમાં એક વધારાના બી.ડી.ઓ. અને એક નાયબ બી.ડી.ઓ. આપવામાં આવેલ છે. આ ત્રણેય અધિકારીઓ વચ્ચે કામની વહેચણી કરવામાં આવેલી હોય છે. ટૂંકમાં, કેટલાક રાજયોમાં બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર/તાલુકા વિકાસ અધિકારી મુખ્ય વહીવટી અધિકારી તરીકેની ફરજો બજાવે છે.

## 7.7 તાલુકા પંચાયત (પંચાયત સમિતિ) ની આવકના સ્ત્રોતો (સાધનો)

તાલુકા પંચાયત (પંચાયત સમિતિ)ના આવકના સ્ત્રોતો નીચે મુજબના છે અન્ય રાજયોમા પણ તાલુકા પંચાયતો જે કર, ફી, ટોલ અને સેસ નાખી શકે છે. તેનું સમગ્રીકરણ પણ નીચેની યાદીમાં છે. દરેક તાલુકામાં એક ફંડ હોય છે જે તાલુકા ફંડ તરીકે ઓળખાય છે. જેમાં તાલુકા પંચાયતની નીચેની આવકો જમા કરવામાં આવે છે.

- તાલુકા પંચાયત દ્વારા નાખવામાં આવેલ કર, ફી, ટોલ અને સેસની આવક
- મેળા ઉપરનો વેરો માર્કેટનો, વેરો
- સ્ટેમ્પ ડ્યૂટીમાંથી થતી આવક
- થિયેટર અને મનોરંજન વેરો
- ખેતીની જમીન ઉપરનો વિકાસ વેરો
- તાલુકા પંચાયતને પ્રાપ્ત થતી કોઇ મિલકતની આવક કે ઊપજ, ભાડાં તરીકે થતી આવક
- ફોજદારી કેસમાં કોઇ પણ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલેલી રકમ
- કચરો, છાણ, મૂળ અથવા પશુઓના મડદાની વેચાણ દ્વારા આવક
- ઘાસના વેચાણ દ્વારા આવક
- વાહનોની રજીસ્ટ્રેશન ફી
- પીવાના પાણી અને સિંચાઇના પાણી માટેનો કર
- દીવાબત્તી વેરો
- જિલ્લા પંચાયત કે રાજય સરકારે આપેલા ફાળા કે બક્ષિસની રકમો
- જિલ્લા પંચાયત કે રાજય સરકારમાંથી લીધેલ લોનની રકમ
- તાલુકા પંચાયતને કોઇ વ્યકિત કે સંસ્થા કે કંપની દ્વારા મળેલ બક્ષિસ કે ફાળાની રકમો
- રાજયસરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજના હેઠળ મળતી ગ્રાન્ટ

તાલુકા પંચાયતમાં કર, ફી, ટોલ, અને સેસ નાખવાની સૌથી વધારે વ્યાપક સત્તા ગુજરાત રાજયે આપેલ છે. જયારે આંધપ્રદેશ, આસામ, કર્ણાટક, કેરાલા, પશ્ચિમ બંગાળ અને ત્રિપુરામાં પંચાયત સમિતિઓને આવા કરવેરા નાંખવાની સત્તા હોતી નથી. પરંતુ તે ઉપરોકત જણાવ્યા

પૈકીના કેટલાંક ટોલ કે ફી નાખી શકે છે. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોએ પંચાયત સમિતિઓને કેટલાક કર નાખવાની સત્તા પણ આપી છે જેમ કે ગુજરાતમાં તાલુકા પંચાયત રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યૂટી ઉપર વધારો નાખી શકે છે. રાજસ્થાનમાં પંચાયત સમિતિઓ શિક્ષણ વેરો અને વ્યવસાય વેરો નાંખી શકે છે. ઉત્તર પ્રદેશમાં પંચાયત સમિતિઓને વીજળી વેરો અને પાણીવેરો નાખવાની સત્તા હોય છે. મધ્ય પ્રદેશમાં પંચાયત સમિતિઓ મનોરંજન વેરો, થિયેટર વેરો અને ખેતીની જમીન ઉપર વિકાસ વેરો નાંખી શકે છે. ઓરિસ્સા રાજયમાં પંચાયત સમિતિઓને કોઇ પણ પ્રકારના કરવેરા નાંખવાની સત્તા હોતી નથી.

- **તાલુકા ફંડનો ઉપયોગ**

ગુજરાતમાં તાલુકા ફંડની તમામ આવકનો ઉપયોગ ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 હેઠળ કરવામાં આવેલ નિર્ધારિત કાર્યો માટે કરવામાં આવે છે. તાલુકા પંચાયતે લીધેલ કોઈપણ લોનના દાખલામાં લોનના હપ્તાની ચૂકવણી, તેના વ્યાજની ચૂકવણી કે તેના મુદલની ચૂકવણી એ તાલુકા ફંડ પર પ્રથમ બોજો ગણાશે. તેથી તાલુકા ફંડમાં જમા થયેલ રકમમાંથી ઉપયોગ સૌ પ્રથમ આવી લોનને ચૂકવણી કરવામાં આવે છે અને પછી વધેલ રકમમાંથી નિર્ધારિત કાર્યો કરવા માટે રકમ ફાળવવામાં આવે છે. તાલુકા ફંડમાંથી લોનની ચૂકવણી અને નિર્ધારિત કાર્યો માટેની રકમો ફાળવણી બાદ પણ જો તાલુકા ફંડમાં રકમ જમા બચે તો જો ચાલુ ખર્ચ માટે જોઇતા ન હોય તો ઠરાવ કરીને યોગ્ય રીતે રોકાણ કરી શકાય છે.

## 7.8 સારાંશ

આમ, પંચાયતીરાજની પ્રથામાં તાલુકા પંચાયત (પંચાયત સમિતિ) વચલા સ્તરે આવેલું અંગ છે. તાલુકા પંચાયતની રચનામાં સૌથી વધુ ચર્ચાસ્પદ પાસું તેના સભ્યોની પરોક્ષ ચૂંટણી પ્રથા છે બળવંતરાય મહેતા કમિટીએ પંચાયતીરાજની યોજનામાં પંચાયત સમિતિને ખૂબ જ અગત્યનુ સ્થાન આપ્યું છે. મહારાષ્ટ્ર અને ગુજરાતને બાદ કરતાં બાકીના બધા રાજ્યોએ પંચાયત સમિતિને સામુદાયિક વિકાસ કાર્યોના અમલની જવાબદારી સોંપી છે. પંચાયત સમિતિ પાસે આવકનો કોઇ મોટો સ્ત્રોત નથી. મહંદ અંશે તેને જિલ્લા પંચાયત કે રાજ્ય સરકારની મદદ ઉપર નભવું પડે છે. તેમ છતાં પંચાયતીરાજની વ્યવસ્થામાં તાલુકાપંચાયત (પંચાયત સમિતિ)નું મહત્વનું સ્થાન રહેલું છે. પ્રસ્તુત એકમમાં તાલુકા પંચાયતની રચના, તેની સત્તાઓ, ફરજો, કાર્યો, સમિતિઓ અને આવકના સાધનોનું સક્ષેપમાં વર્ણન કરીને સમજાવવામાં આવ્યું છે.

## 7.9 સંદર્ભ સૂચિ

1 પ્રા.બી.સી. શાહ 'ભારતમાં પંચાયતીરાજ', પાંચમી આવૃત્તિ, 2016, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

2 રમેશ એમ. શાહ અને પ્રા. બળદેવ આગજા, '73 મા બંધારણીય સુધારા પાશ્ચાદ ભારતમાં પંચાયતીરાજ'

પ્રથમ આવૃત્તિ-2002, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

3 અજય પટેલ,'ભારતીય બંધારણ અને રાજ વ્યવસ્થા'.પાંચમી આવૃત્તિ-2020, યુવા ઉપનિષદ પબ્લિકેશન, સુરત.

4 ડૉ. વિરેન્દ્રસિંહ જાડેજા, 'ભારતનું બંધારણ, પંચાયતી રાજ અને રાજનીતિ', પ્રથમ આવૃત્તિ-2016, કાર્વી નોલેજ પ્રેસ, જામનગર.

5 પીતાંબર પટેલ, 'ગુજરાત પંચાયતી રાજ' પ્રકાશકઃ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

6 બિપીનચંદ્ર વૈષ્ણવ, 'પંચાયત ધારો' નવ સર્જન પબ્લિકેશન અમદાવાદ, આવૃત્તિઃ 2018

7 કેયુરભાઈ પટેલ, જયેશભાઈ જી. પટેલ, 'પંચાયતી રાજ એક અભ્યાસ' બાલા પ્રકાશન, જ્ઞાન પ્રકાશન, આવૃત્તિઃ 2022, ગાંધીનગર.

8 विनय शर्मा, पंचायती राज, राजत प्रकाशन, नई दिल्ली.

9 डॉ. अलोककुमार कश्यप, भारत में पंचायती राज–उदभव विकास एवं वर्तमान स्थिति, डिस्कवरी पब्लिशिंग, नई दिल्ली.

10 Murlidhar R. Pawar, Panchayati Raj-System in India,Garima Prakashan-Kanpur.

## 2.10 તમારી પ્રગતિ ચકાસો-1

1 __________ એ પંચાયતીરાજ સંસ્થાઓનું વચલા સ્તરનું એકમ છે.

2 તાલુકા પંચાયતના વહીવટી વડા __________ હોય છે.

3 ઉત્તર પ્રદેશમાં તાલુકા પંચાયતને __________નામ થી ઓળખવામાં આવે છે.

4 તાલુકા પંચાયતના વહીવટ વડાને __________ રાજયમાં સભાપતિ તરીકે ઓળખવામાં આવે છે.

5 સામાજીક ન્યાય સમિતિમાં વધારેમાં વધારે__________સભ્યો હોય છે.

જવાબ (1) તાલુકા પંચાયત

(2) તાલુકા વિકાસ અધિકારી

(3) ક્ષેત્ર પંચાયત

(4) પશ્ચિમબંગાળ

(5) 5

### તમારી પ્રગતિ ચકાસો-2

1 તાલુકા પંચાયતને 'પંચાયત સમિતિ' તરીકે ઓળખવામાં આવતાં કોઇ પણ પાંચ રાજયોના નામ આપો.

જવાબઃ બિહાર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા પ્રંજાબ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ,

2 તાલુકા પંચાયતના વડાને કયા-કયા રાજયોમાં પ્રમુખ તરીકે ઓળખવામાં આવે છે.

જવાબઃ ગુજરાત, આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કેરાલા, આંદામાન-નિકોબાર

3 તાલુકા પંચાયતમાં કયા-કયા ચાર પ્રકારના સભ્યો હોય છે.

જવાબઃ (1) સીધા ચૂંટાયેલાં સભ્યો

(2) પદ નિમિત્ત સભા/નિયંત્રિત સભ્યો/કાયમી આમંત્રિતો

(3)નિયુકત સભ્યો

(4) કો-ઓપ્ટ સભ્યો

4 તાલુકા પંચાયતની ફરજીયાત સમિતિના નામ આપો

જવાબઃ (1) કારોબારી સમિતિ (2) સામાજિક ન્યાય સમિતિ

5 કારોબારી સમિતિની મુદત કેટલી હોય છે. અને તેની સભ્ય-સંખ્યા જણાવો

જવાબઃ મુદત 2.5 વર્ષની હોય છે અને તેની સભ્ય સંખ્યા ઓછામાં ઓછા 5 સભ્યો અને વધુમાં વધુ 9 સભ્યો હોય છે.

**નોંધ :** વિશેષ માહિતી માટે,

https://www.panchayatgujarat.gov.in અને

https://www.panchayat.gov.in નો ઉપયોગ કરી શકશો.

# એકમ-8 પંચાયતી રાજનું ત્રિ-સ્તરીય માળખું- જીલ્લા પંચાયત

## રૂપરેખા


8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.2 જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ)ની રચના

8.3 જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ)ના કાર્યો અને સત્તાઓ

8.3.1 શિક્ષણ અંગેની કામગીરી

8.3.2 સ્વાસ્થ્ય અને સફાઇ અંગેની કામગીરી

8.3.3 ખેતીવાડી-સિંચાઇ અંગેની કામગીરી

8.3.4 સમાજકલ્યાણ અને સમાજ સુરક્ષા અંગેની કામગીરી

8.3.5 પશુસંવર્ધન અને પશુપાલન અંગેની કામગીરી

8.3.6 બાંધકામ અંગેની કામગીરી

8.3.7 નાના ઉદ્યોગો/ગ્રામોદ્યોગ અંગેની કામગીરી

8.3.8 જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ)ની સત્તાઓ

8.4 જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ)ની સમિતિઓ

8.4.1 કારોબારી સમિતિ

8.4.2 સામાજીક ન્યાય સમિતિ

8.4.3 જીલ્લા શિક્ષણ સમિતિ

8.4.4 જાહેર બાંધકામ સમિતિ

8.4.5 જાહેર આરોગ્ય સમિતિ

8.4.6 20 મુદ્દા અમલીકરણ અને સમીક્ષા સમિતિ

8.4.7 અપીલ સમિતિ

8.4.8 ઉત્પાદન, સહકાર અને સિચાઇ સમિતિ

8.4.9 મહિલા, બાળવિકાસ અને યુવા વિકાસ સમિતિ

8.4.10 હળપતિ અને ભૂમિહીન ખેતમજૂરોની આવાસ બાંધકામ સમિતિ

8.5 જીલ્લા પંચાયતના પ્રમુખ

8.5.1 જીલ્લા પંચાયતના પ્રમુખના કાર્યો

8.5.2 જીલ્લા પંચાયતના ઉપપ્રમુખનાં કાર્યો

8.5.3 જીલ્લા પંચાયતના સભ્યો, ઉપપ્રમુખ અને પ્રમુખનું રાજીનામું કે હોદ્દા પરથી દૂર કરવા બાબત

**8.6 જીલ્લા વિકાસ અધિકારી**

**8.7 જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ)ની આવકના સ્રોતો (સાધનો)**

**8.8 સારાંશ**

**8.9 સંદર્ભ સૂચિ**

**8.10 તમારી પ્રગતિ ચકાસો**

## 8.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતો સમજી શકશો અને તેની ચર્ચા કરી શકશો.

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ)નું માળખું અને કાર્યો સમજી શકશો.
- જીલ્લા પંચાયત પ્રમુખ અને જીલ્લા વિકાસ અધિકારીની સત્તાઓ, કાર્યો અને ફરજોને સમજી શકશો.
- આ એકમથી લોકશાહીમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાની જરૂરિયાતને સમજાવી શકશો.

## 8.1 પ્રસ્તાવના

ત્રિસ્તરીય પંચાયતીરાજમાં સૌથી ઉપરનું સ્તર અર્થાત ત્રીજુ સ્તર જીલ્લા પંચાયત છે. જીલ્લા પંચાયતનું મુખ્ય મથક રાજય સરકાર હુકમ કરીને ઠરાવે તે સ્થળે રહે છે. સમગ્ર દેશમાં મીઝોરમ, મેઘાલય નાગાલેન્ડ, દિલ્હી અને ચંદીગઢ સિવાયના તમામ રાજયો અને સંઘપ્રદેશોમાં જીલ્લા પંચાયતોની રચના કરવામાં આવી છે. જુદાં જુદાં રાજ્યોમાં જીલ્લા પંચાયતને જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે જે નીચે પ્રમાણે છે.

| | **નામ** | **રાજ્યો** |
|---|---|---|
| ● | જીલ્લા પરિષદ | આંધપ્રદેશ, આસામ, બિહાર, હરિયાણા, હિમચાલપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર અને સિક્કિમ |
| ● | જીલ્લા પંચાયત | ગુજરાત, મધ્યપ્રદેશ, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, ગોવા અને આંદોમાન-નિકોબાર |
| ● | ડિસ્ટ્રિકટ પંચાયત | દાદરા-નગર હવેલી, દમણ અને દીવ, લક્ષદ્વીપ, તામિલનાડુ, કેરાલા, પોંડિચેરી |
| ● | ડિસ્ટ્રિકટ પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ બોર્ડ | જમ્મુ-કાશ્મીર |

## 8.2 જિલ્લા પંચાયતની રચના

4 લાખની વસ્તી ધરાવતા જિલ્લામાં જિલ્લા પંચાયત હોય છે. જેમાં ઓછામાં ઓછા 18 સભ્યો હોય છે. અને 4 લાખથી વધુ વસ્તી ધરાવતા જિલ્લામાં દર 1 લાખની વધારાની વસ્તી પર 2-2 સભ્યો વધતા જાય છે જીલ્લા પંચાયતની મુદત પાંચ (5)વર્ષની હોય છે. જિલ્લા પંચાયતના સભ્યોને સીધી (પ્રત્યક્ષ) ચૂંટણીથી ચૂંટવામાં આવે છે.

જીલ્લા પંચાયતના વડાને ગુજરાતમાં જીલ્લા પ્રમુખ તરીકે ઓળખવામાં આવે છે. જીલ્લા પંચાયતના વહીવટી અધિકારી જિલ્લા વિકાસ અધિકારી (D.D.O District Development Officer) તરીકે ઓળખાય છે. જીલ્લા પંચાયતમાં એક પ્રમુખ અને એક ઉપપ્રમુખ જીલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી ચૂંટાયેલા સભ્યો દ્વારા નકકી કરવામાં આવે છે જીલ્લા પંચાયતમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકો રાખવામાં આવે છે. અન્ય પછાત વર્ગ (OBC, SEBC) માટે 10% બેઠકો અનામત રાખવામાં આવે છે. ગુજરાતમાં જીલ્લા પંચાયતમાં મહિલાઓ માટે 50% અનામત બેઠકો રાખવામાં આવે છે.

**જીલ્લા પંચાયતના સભ્યો 4 પ્રકારના હોય છે.**

**1. સીધા (પ્રત્યક્ષ) ચૂંટાયેલાં સભ્યો.**

**2. પદ નિયુક્તિ સભ્યો/કાયમી આમંત્રિતો**

પદ નિયુક્ત/કાયમી આમંત્રિતોને જીલ્લા પંચાયતની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર છે, બોલવાનો અધિકાર છે પરંતુ મત આપવાનો અધિકાર હોતો નથી આ સભ્યોમાં નીચે મુજબ કાયમી આમંત્રિત હોય છે.

1. જિલ્લા પંચાયત વિસ્તારના વિધાન સભાના સભ્ય-ધારાસભ્ય MLA -Member of Legislative Assembly/MLC-Member of Legislative Council (ગુજરાતમાં ફકત MLA હોય છે.)
2. જિલ્લા પંચાયત વિસ્તારના સાંસદ (જિલ્લા પંચાયત વિસ્તારમાંથી ચૂટાયેલા લોકસભાના સાંસદ (MP- Member of Parliament) તથા જિલ્લા પંચાયત વિસ્તારમાં રહેતા રાજયસભાના સાંસદ (MP- Member of Parliament)
3. જિલ્લા કલેકટર (DM-District Magistrate)
4. જિલ્લામાં આવેલી તમામ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ

**3 નિયુકત સભ્યો**

એક માત્ર રાજય અરૂણાચલ પ્રદેશમાં નિયુકત સભ્યની જોગવાઇ પંચાયતી રાજ અંગેના સૂચિત બિલમાં કરવામાં આવે છે આ બિલને હજુ કાયદાનું સ્વરૂપ મળ્યું નથી. ગુજરાતમાં હજુ સુધી કાયદા દ્વારા આવા સભ્યોની જોગવાઇ કરવામાં આવી હતી.

**4કો-ઓપ્ટ સભ્યો**

આંધ્રપ્રદેશમાં જ જિલ્લા પંચાયતમાં કો-ઓપ્ટ સભ્યની જોગવાઇ છે.આ સભ્યને પંચાયતની બેઠકમાં મત આપવાનો અધિકાર હોતો નથી. ગુજરાતમાં હજુ સુધી કાયદા દ્વારા આવા સભ્યોની જોગવાઇ કરવામાં આવી નથી.

જિલ્લા પંચાયતના સીધા ચૂંટાયેલાં સભ્યો વિશેષ સત્તા ધરાવે છે. આ સિવાય અન્ય 3 પ્રકારના સભ્યો આવી વિશેષ સત્તા ધરાવતા નથી. જિલ્લા પંચાયતની સભ્યસંખ્યા અનામત ઉમેદવારો માટેની બેઠકો નક્કી કરવાનો અધિકાર વિકાસ કમિશ્નરને છે.

## 8.3 જિલ્લા પંચાયત (જિલ્લા પરિષદ)નાં કાર્યો અને સત્તાઓ

જુદાં-જુદાં રાજયોમાં જિલ્લાપંચાયત/ જિલ્લા પરિષદોને જે કામગીરી સોંપવામાં આવી છે તે પૈકી કેટલીક મહત્ત્વની બાબતોની યાદી નીચે મુજબ છે.

### 8.3.1 શિક્ષણ અંગે કામગીરી

1. પ્રાથમિક શાળાનું નિયંત્રણ, નિરીક્ષણ અને સંચાલન કરવું.
2. પ્રાથમિક શાળાના ઓરડા બાંધવા, તેમાં શૌચાલયો બનાવવા તથા રમતગમતના મેદાનો બનાવવાં
3. શિક્ષણ કાર્યની મોજણી અને મૂલ્યાંકન
4. અનૌપચારિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ અને સમાજ શિક્ષણના કેન્દ્રો ચલાવવાં.
5. પુસ્તકાલયો/ વાંચનાલયોને પ્રોત્સાહન આપવું, તેમને સહાય આપવી

### 8.3.2 સ્વાસ્થ્ય અને સફાઈ અંગેની કામગીરી

1. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલ, પ્રસૂતિગૃહો અને ઔષધાલયો ખોલવાં અને નિભાવવાં
2. નર્સો/દાયણોને તાલીમ આપવી
3. કુટુંબ નિયોજનનુ કાર્ય કરવું.

### 8.3.3 ખેતીવાડી સિંચાઇ અંગેની કામગીરી

1. જમીન સુધારણા અને સંરક્ષણની કામગીરી કરવી.
2. ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ સ્થાપવા અને નિભાવવા
3. લઘુસિંચાઇ યોજના કરવી અને જાળવવી, વોટરરોડ વિકાસના કાર્યો કરવા.
4. ખેતી સિચાઇ માટે ધિરાણની વ્યવસ્થા કરી આપવી.
5. ખેડૂતોના માટે તાલીમ વર્ગો અને વિસ્તારણ કાર્યક્રમો યોજવા

### 8.3.4 સમાજ કલ્યાણ અને સમાજસુરક્ષાના અંગેની કામગીરી

1. સમાજના નબળા વર્ગો માટે અને નિરાધાર લોકો માટે છાત્રાલયો અને અનાથશ્રયો સ્થાપવાં અને નિભાવવાં
2. અનુસૂચિત જાતિ, (SC) અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) માટે કામ કરતી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું.
3. અસ્પૃશ્યતા નિવારણ માટે જાગૃતતા કેળવવી
4. અસ્પૃશ્યતા નિવારણને લગતાં યોગ્ય પગલાં લેવાં.
5. સમાજના નિરાધાર લોકો, વૃદ્ધો, ત્યકતા, વિધવા, નિરાધાર બાળકો માટેના વિકાસની કામગીરી કરવી.

### 8.3.5 પશુસંવર્ધન અને પશુપાલન અંગેની કામગીરી

1. પશુદવાખાના અને કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો ખોલવા અને નિભાવવા
2. પશુપાલન અને પશુસંવર્ધનને પ્રોત્સાહન આપવું.
3. ડેરીઓને વિકાસ કરવો

### 8.3.6 બાંધકામ અંગેની કામગીરી

1. જીલ્લાકક્ષાના માર્ગો બાંધવા તેમજ તેના ઉપર પુલો, નાળાં બાંધવા
2. રસ્તાની બંને બાજુ પર વૃક્ષારોપણ કરાવવું

### 8.3.7 નાના ઉદ્યોગો/ગ્રામોદ્યોગ અગેની કામગીરી

1. ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો સ્થાપવા અને નિભાવવા
2. ગ્રામીણ કારીગરોને વ્યવસાયિક તાલીમ આપવી
3. વ્યાવસાયિક માર્ગદર્શન કેન્દ્રો ચલાવવા
4. ખાદી ગ્રામોદ્યોગ અને કુટિર ઉદ્યોગોનાં યોગ્ય વિકાસ માટે યોજના કરવી અને તેનો અમલ કરવો
5. સહકારી ધોરણે ધિરાણ, વેચાણ, ઉદ્યોગ અને સિંચાઇ વગેરેને લગતી સહકારી મંડળીઓ સ્થાપવી અને તેને પ્રોત્સાહન આપવું

### 8.3.8 જીલ્લા પંચાયત/જીલ્લા પરિષદની સત્તાઓ

- જીલ્લા પંચાયત પોતાનું બજેટ મંજૂર કરવાની સત્તા ધરાવે છે.
- કરવેરા નાખી શકે છે.
- ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોને લોન આપી શકે છે.
- તાલુકા પંચાયતના બજેટની ચકાસણી કરીને ભલામણ કરી શકે છે.
- તાલુકા પંચાયતે કરેલા તાકિદના પ્રસંગના ખર્ચ ને મંજૂર કરવાની સત્તા ધરાવે છે.
- ગ્રામ પંચાયતો કે તાલુકા પંચાયતમાં જરૂર કરતા વધારે કર્મચારી હોય તો મહેકમ ઘટાડવા આદેશ આપી શકે છે.
- ગ્રામપંચાયતો માટે પેટા નિયમો બનાવી શકે છે.
- તાલુકા પંચાયતના પ્રમુખનું રાજીનામું મંજૂર કરી શકે છે.
- જીલ્લાની સહકારી મંડળીઓની નોંધણી કરવાની સત્તા ધરાવે છે.
- જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ ગામમાં ખેતીની જમીનને બિનખેતીમાં રૂપાંતરિત કરવાની મંજૂરી આપી શકે છે.

## 8.4 જીલ્લા પંચાયતની સમિતિઓ

જીલ્લા પંચાયત પોતાના વિસ્તારમાં વિવિધ કલ્યાણલક્ષી વિકાસના કાર્યો કરે છે. આવા કાર્યો વ્યવસ્થિત રીતે થાય તો માટે જીલ્લા પંચાયતના સભ્યોની વિવિધ સમિતીઓની રચના કરવામાં આવે છે. આવી સમિતિઓ ફરજીયાત અને મરજિયાત અને બે પ્રકારની હોય છે.

- **ફરજીયાત સમિતિઓ**

1. કારોબારી સમિતિ
2. સામાજીક ન્યાય સમિતિ
3. જીલ્લા શિક્ષણ સમિતિ
4. જાહેર બાંધકામ સમિતિ
5. જાહેર આરોગ્ય સમિતિ
6. 20 મુદ્દા અમલીકરણ અને સમીક્ષા સમિતિ
7. અપીલ સમિતિ

- **મરજીયાત સમિતિઓ**

1. ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિ
2. મહિલા, બાળવિકાસ અને યુવા વિકાસ સમિતિ
3. હળપતિ અને ભૂમિહીન ખેતમજૂરોની આવાસ બાંધકામ સમિતિ

દરેક સમિતિના સભ્યો પોતાનામાંથી સમિતિના અધ્યક્ષ ચૂંટે છે. પરંતુ જો જીલ્લા પંચાયતના પ્રમુખ સમિતિના સભ્ય તરીકે હોય તો હોદ્દાની રૂએ તે સમિતિના અધ્યક્ષ બને છે જો પ્રમુખ સમિતિમાંના હોય અને ઉપપ્રમુખ સમિતિમાં હોય તો ઉપપ્રમુખ હોદ્દાની રૂએ સમિતિમાં અધ્યક્ષ બનશે. અને જો બંને અધ્યક્ષ તરીકે રહેવાની ના પાડે તો સમિતિમાંથી કોઇ એક સભ્યને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવે છે. જિલ્લા પંચાયતનો ચૂંટાયેલો સભ્ય ન હોય તેવી કોઇ પણ વ્યક્તિ સમિતિનો અધ્યક્ષ બની શકતો નથી તેમજ કોઇ પણ સભ્ય બે (2)થી વધુ સમિતિઓનો સભ્ય બની શકતો નથી. કોઇ સભ્ય કે અધ્યક્ષ પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સભ્ય કે અધ્યક્ષપદેથી રાજીનામું આપી શકે છે.

આ સમતિઓ નીચે મુજબ છે.

- **ફરજીયાત સમિતિઓ**

### 8.4.1 કારોબારી સમિતિ

**રચનાઃ**

આ સમિતિ જીલ્લા પંચાયતમાં સૌથી મહત્ત્વની અને સૌથી વધારે સત્તાવાળી સમિતિ છે. આ સમિતિમાં વધુમાં વધુ 9 (નવ) સભ્યોને ચૂંટવામાં આવે છે. આ સમિતિની મુદત 2.5 વર્ષની હોય છે. 2.5 વર્ષની મુદત પૂરી થાય એટલે તેની પુનઃ રચના કરવામાં આવે છે. પરંતુ જિલ્લા પંચાયતની મુદત પૂરી થયેથી તેની મુદત પણ પૂરી થાય છે.

**સમિતિની કામગીરી**

1. કારોબારી સમિતિ નાણાંને લગતી તમામ કામગીરી સંભાળે છે. અંદાજપત્રમાં મંજૂર થયા પ્રમાણે જુદાં-જુદા કામો માટે નાણાંનો ખર્ચ થાય તેની તે દેખરેખ રાખે છે.
2. જિલ્લા ગૃહરક્ષકો અને ગ્રામ સંરક્ષણ દળને લગતાં બધાં કામો સંભાળે છે. નવા ગ્રામ રક્ષકોની ભરતી, તાલીમની વ્યવસ્થા કરે છે. ગ્રામ રક્ષક દળના અધિકારીઓની નિમણૂક કરે છે. તેમજ તેમની કામગીરી પર દેખરેખ રાખે છે.
3. જે કાર્યો બીજી કોઇ સમિતિને સોંપાયેલાં ન હોય. તેવા બધાં કાર્યો જિલ્લા પંચાયતે ઠરાવ કરીને કારોબારી સમિતિને સોપ્યા હોય તે તેના હસ્તક રહે છે.

**પેટા સમિતિઓ**

આ સમિતિ પોતાના સભ્યોમાંથી વધુમાં વધુ બે પેટા સમિતિઓ રચી શકે છે. પ્રત્યેક પેટા સમિતિમાં વધુમાં વધુ 9 (નવ) સભ્યો રહે છે. આ પેટા સમિતિઓને તેમને સોંપેલાં કાર્યો માટે કોઇ પણ પ્રકારનો નિર્ણય કરવાની સત્તા હોતી નથી. પરંતુ તેઓ તેમને સોંપેલાં કાર્ય માટે માત્ર ભલામણ કરી શકે છે.

### 8.4.2 સામાજિક ન્યાય સમિતિ

**રચનાઃ**

આ સમિતિની રચના ફરજીયાત છે. આ સમિતિની મુદત 2.5 વર્ષની હોય છે. આ સમિતિની બેઠક ઓછામાં ઓછી 3 મહિનામાં એકવાર મળે છે.

આ સમિતિની સભ્ય સંખ્યા વધુમાં વધુ પાંચ (5)ની હોય છે. આમાં 1સભ્ય વાલ્મીકિ (સફાઇ કામદાર) જાતિના હોય છે. જો જીલ્લા પંચાયતમાં આવો ચૂંટાયેલ સભ્ય ન હોય તો પંચાયતમાં ચૂંટાવવાની લાયકાત ધરાવનાર આ જાતિના સભ્યને કો-ઓપ્ટ કરી શકાશે. આ સમિતિમાં બાકીના ચાર (4)સભ્યો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓમાંથી ચૂંટાયેલા જીલ્લા પંચાયતના સભ્યોમાંથી નીમાશે અને જેમાંથી 1 સભ્ય અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની મહિલા રહે છે. જો પંચાયતમાં આવી મહિલા સભ્ય ન હોય તો પંચાયતના સભ્ય તરીકે ચૂંટાવાને લાયક હોય તેવી તે જાતિની મહિલાને પંચાયત કો-ઓપ્ટ કરશે. સમિતિમાં આવા કો-ઓપ્ટ સભ્યને મતાધિકાર હોય છે. પરંતુ તેઓ સમિતિના અધ્યક્ષ બની શકતાં નથી.

સમિતિના સભ્યો પોતાનામાંથી અધ્યક્ષ ચૂંટી કાઢે છે. સમિતિના સભ્યો કે અધ્યક્ષ જીલ્લા પંચાયતને રાજીનામું આપીને છૂટા થઇ શકે છે.

**સમિતિની કામગીરી**

આ સમિતિ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વ્યકિતઓ તથા સમાજના અન્ય નબળા વર્ગોને સમાજીક ન્યાય મળે તે માટેની જરૂરી કામગીરી કરે છે જેવી કે સમાજના નબળા વર્ગોના આરોગ્યની સાચવણી કરવી, શિક્ષણ, સાફ સફાઇ, પીવા લાયક શુદ્ધ પાણીની વ્યવસ્થા કરતી, તેમને થતા અન્યાય અને ભેદભાવના કેસોની તપાસ કરવી, તેમનામાં પ્રવર્તતા કુરિવાજો અને દૂષણો પ્રત્યે જાગૃતિ લાવી, તેમને દૂર કરવા. અસ્પૃશ્યતા નિવારણ, બાળકલ્યાણની કામગીરી વગેરે કાર્ય કરવાના હોય છે.

આ ઉપરાંત સમાજના નબળા વર્ગોમાં પ્રચલિત શિક્ષણના હેતુઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું તેમજ આ વર્ગોને લગતી ફરિયાદો કે જેને પંચાયત દૂર કરી શકતી ન હોય તેની યોગ્ય અધિકારીને જાણ કરવી.

સામાજીક ન્યાય સમિતિના કાર્યો અને ફરજો નિયમોથી નકકી કરેલ હોવાથી જીલ્લા પંચાયત પરત ખેંચી શકતી નથી. અર્થાત્ જીલ્લા પંચાયત આ સમિતિના કોઇ કાર્યો, ફરજો કે સત્તામાં ફેરફાર કરી શકતી નથી. સામાજીક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ વ્યકિત 60 દિવસોમાં રાજય સરકારને અપીલ કરી શકે છે.

### 8.4.3 જિલ્લા શિક્ષણ સમિતિ

જિલ્લા પંચાયતને કાનૂનથી શિક્ષણના જે કાર્યો સોપવામાં આવ્યા છે તે કાર્યો કરવા માટે જિલ્લા પંચાયત જિલ્લા શિક્ષણ સમિતિની રચના કરે છે. આ સમિતિને શિક્ષણ ઉપરાંત સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સંચાલનની કામગીરી પણ જિલ્લા પંચાયત સોંપે છે.

**રચનાઃ**

આ સમિતિની મુદત 2.5 વર્ષની હોય છે અથવા જિલ્લા પંચાયતની મુદત જેટલી હોય છે.

જીલ્લા શિક્ષણ સમિતિના સભ્યો બે પ્રકારના હોય છે.

(1) ચૂંટાયેલાં સભ્યો (2) નિયુકત કરેલાં સભ્યો

**ચૂંટાયેલા સભ્યો**

જિલ્લા પંચાયતમાં ચૂટાયેલા સભ્યોમાંથી આ સમિતિના 7(સાત) સભ્યોની ચૂંટણી નીચેની જોગવાઇ પ્રમાણે કરવામાં આવે છે.

1. બે મહિલા સભ્યોને ચૂંટવામાં આવે છે.
2. 1 અનુસૂચિત જાતિના સભ્યને ચૂંટવામાં આવે છે.
3. જો જીલ્લામાં અનુસૂચિત જનજાતિની વસતી હોય અને તે જાતિના સભ્યો જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલાં હોય તો તેમાંથી એક સભ્ય ચૂંટવામાં આવે છે.
4. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સભ્યોમાંથી 1 (એક) સભ્ય ચૂંટવામાં આવે છે.
5. ઉપરની જોગવાઇ મુજબના સભ્યો ચૂંટાયા પછી ખાલી રહેતી જગ્યાઓ ઉપર પંચાયતના સભ્યોમાંથી બાકીના સભ્યો ચૂંટવામાં આવે છે.

**નિયુક્ત સભ્યો**

જિલ્લા પંચાયતના જીલ્લાના વતની હોય અને મતદારયાદીમાં નામ નોંધાયેલ હોય તેવા શિક્ષણ ક્ષેત્રના અનુભવી, કેળવણીકારોમાંથી નીચેની લાયકાત ધરાવતા બે સભ્યોની નિયુક્ત કરવામાં આવે છે.

1. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ કે વ્યવસાયલક્ષી શિક્ષણ આપવાનો ઓછામાં ઓછો 10 વર્ષનો અનુભવ ધરાવતાં હોય તેવો એક સભ્ય
2. કોઇ પણ માન્ય યુનિવર્સિટીના સ્નાતકની લાયકાત ધરાવતા હોય તેવા એક સભ્ય

આ સમિતિ પોતાના સભ્યોમાંથી એકને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ બંને હોદ્દા પર એકી સાથે રહી શકાતું નથી.

**સમિતિની કામગીરી**

1992માં થયેલ 73મા બંધારણીય સુધારામાં પંચાયતીરાજની સંસ્થાઓ માટે 29 વિષયોની યાદી છે. એ પૈકી 17મો વિષય ''પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સહિતનું શિક્ષણ-પંચાયતોને સોંપવું'' એમ નકકી થયેલું છે. આ આધારે રાજય સરકારે જિલ્લા શિક્ષણ સમિતીને સોંપલોં કાર્યો તેમજ ગુજરાત પંચાયતીરાજ ધારો, 1993ની અનુસૂચિ-3ના ભાગ-2 માં પણ નીચે મુજબના કાર્યો જણાવેલ છે.

1. જીલ્લાની બધી જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવાની હોય છે.
2. જીલ્લાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શન, પ્રોત્સાહન આપે છે.
3. શૈક્ષણિક પ્રવૃત્તિઓની મોજણી અને મૂલ્યાંકન કરવું.
4. રાજય સરકાર વતી પ્રાથમિક શિક્ષકની જવાબદારી અદા કરે છે.
5. અભ્યાસક્રમો નકકી કરવા તથા પાઠયપુસ્તકો બાબત માટે રાજય સરકારને સૂચનો કરવાં
6. પ્રાથમિક શાળાઓના નિરીક્ષણ અને પરીક્ષાની વ્યવસ્થા કરવી

7. જિલ્લા પંચાયતના નિરીક્ષણ હેઠળની શૈક્ષણિક સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવી.
8. જે ગ્રામ્ય વિસ્તારમાં ખાનગી ટ્રસ્ટો દ્વારા માધ્યમિક શાળાઓ ચલાવવામાં આવતી ન હોય ત્યાં શાળાઓ સ્થાપવી અને નિભાવવી
9. ગ્રામપંચાયતો શાળા ફંડમાં પોતાનો ફાળો આપે છે કે કેમ તે જોવું.
10. ધોરણ-5 થી 7 અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો ચલાવવા.
11. પુસ્તકાલય સ્થાપના અને નિભાવવા
12. રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને રાષ્ટ્રીય યોજનાઓના માળખાને અનુરૂપ જિલ્લાના શિક્ષણનું આયોજન હાથ ધરે છે.

જિલ્લા પંચાયત જિલ્લા શિક્ષણ સમિતિ અને સામાજીક ન્યાય સમિતિના કાર્યો ઠરાવ કરીને પાછાં લઈ શકતી નથી. આમ છતાં પંચાયતધારાની જોગવાઈ પ્રમાણે અન્ય પ્રકારનાં કેટલાક કાર્યો કે સત્તા જિલ્લા પંચાયત પોતાની શિક્ષણ સમિતિ પાસેથી પરત લઈ શકે છે જિલ્લા પંચાયત જિલ્લા શિક્ષણ સમિતિ અને સામાજીક ન્યાય સમિતિ સિવાયની કોઈ પણ સમિતિના કાર્યો ઠરાવ કરીને પાછાં લઈ શકે છે એટલે જિલ્લા શિક્ષણ સમિતિ પોતાની મુદત અને કાર્યો બાબતે મહદઅંશે સ્વાયત્ત સમિતિ છે એમ કહી શકાય.

### 8.4.4 જાહેર બાંધકામ સમિતિઃ

**રચનાઃ**

આ સમિતિમાં વધુમાં વધુ પાંચ (5)સભ્યો હોય છે. તેની મુદત 2.5 વર્ષની હોય છે. અને 2.5 વર્ષની મુદત પુરી થાય પછી તેની પુનર્રચના કરવામાં આવે છે પરંતુ પંચાયતની મુદત પૂરી થતા સમિતિની મુદત પણ પૂરી થાય છે.

આ સમિતિ પોતાનામાંથી એકને આ સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. પરંતુ જીલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ જો આ સમિતિના સભ્ય હોય તો ક્રમશઃ તેઓ આ સમિતિના અધ્યક્ષ બને છે. સિવાય કે તેઓ અધ્યક્ષ બનવાની ના પાડે.

**સમિતિની કામગીરી**

1. આ સમિતિની કામગીરી નીચે મુજબ છે.
2. આ સમિતિ જીલ્લા પંચાયત ઠરાવ કરીને જે કાર્યો સુપ્રત કરે, તેવા બધા કાર્યો અને સત્તા ભોગવે છે.
3. જાહેર મકાનોનાં તથા-પાકા રસ્તાઓનું બાંધકામ કરવું અને જાળવણી કરવી.
4. રસ્તાઓની બંને બાજુએ વૃક્ષારોપણ કરવું. અને તેની જાળવણી કરવી.
5. ગ્રામ ગૃહનિર્માણ કરવું.
6. જિલ્લા પંચાયતની જરૂરિયાત મુજબ નવા મકાનો બાંધવા અને જાળવણી કરવી.
7. જિલ્લા પંચાયત તથા સરકારી બાંધકામો હાથ ધરવા બાબત ટેકનિકલ સહાય આપવી
8. જિલ્લા વિસ્તારમાં કુદરતી આફતોના ભોગ બનેલા લોકોને આશ્રય આપવો અને તેમની જરૂરી મદદ કરવી.
9. રાજય સરકાર દ્વારા સોંપવામાં આવેલ બાંધકામ પૂરા કરવા વગેરેની કામગીરી કરે છે.

### 8.4.5 જાહેર આરોગ્ય સમિતિ

**રચનાઃ**

આ સમિતમાં વધુમાં વધુ 5 સભ્યો હોય છે. તેની મુદત 2.5 વર્ષની હોય છે. અને 2.5 વર્ષની મુદત પૂરી થાય પછી તેની પુનર્રચના કરવામાં આવે છે. પરંતુ પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂરી થાય છે.

આ સમિતિ પોતાનામાંથી એકને આ સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે પરંતુ જીલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ જો આ સમિતિના સભ્ય હોય તો ક્રમશઃ તેઓ આ સમિતિના અધ્યક્ષ બને છે. સિવાય કે તેઓ અધ્યક્ષ બનાવી ના પડે.

**સમિતિની કામગીરી**

આ સમિતિની કામગીરી નીચે મુજબ છે.

1. જાહેર આરોગ્ય જળવાઇ રહે અને આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહે તે માટે આરોગ્ય કેન્દ્ર, હૉસ્પિટલો, પ્રસૂતિગૃહો, હોમિયોપેથિક દવાખાના, આયુર્વેદિક દવાખાના ખોલવા અને નિભાવવા.
2. લોકોને શુદ્ધ પાણી પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા કરવી.
3. વિસ્તારમાં સાફ સફાઇ રાખવી.
4. શીતળા, પોલિયો તેમજ વિવિધ રોગપ્રતિકારક રસીઓના રસીકરણ કાર્યક્રમ ચલાવવો.
5. રાહત કેન્દ્રોને સહાય કરવી.
6. દાયણો અને નર્સોને તાલીમ આપવી.
7. રોગચાળા નિયંત્રણ અને કુટુબકલ્યાણને લગતાં કાર્યો કરવાં.
8. તેમજ આરોગ્ય વિષયક જિલ્લા પંચાયત સોંપે તેવા કાર્યો અને સત્તા ભોગવે છે.

### 8.4.6 20મુદ્દા અમલીકરણ અને સમીક્ષા સમિતિ

ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોને પ્રધાનમંત્રીશ્રીના 20 (વીસ) મુદ્દાના આર્થિક કાર્યક્રમનો અમલ કરવા માટે સરકારે આદેશ કરેલ છે. આ કાર્યક્રમના અમલ કરવા માટે અને તેની સમીક્ષા કરવા માટે 1987 થી ગુજરાતમાં આ ખાસ સમિતિની જોગવાઇ કરવામાં આવી છે.

**રચનાઃ**

આ સમિતિની સભ્ય સંખ્યા વધુમાં વધુ પાંચની હોય છે. જેમાં જિલ્લા પચાયતના પ્રમુખ ઉપરાંત બીજા ચાર (4)સભ્યોને જિલ્લા પંચાયત પોતાના સભ્યોમાંથી ચૂંટી કાઢે છે. જિલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ આ સમિતિના સભ્ય હોય તો યથાક્રમે તેઓ આ સમિતિના અધ્યક્ષ બને છે.

આ સમિતિની મુદત 2.5 વર્ષની હોય છે. અને 2.5 વર્ષ પછી તેની પુનઃરચના કરવામાં આવે છે. તથા પંચાયતની મુદત પૂરી થતા સમિતિની મુદત પણ પૂરી થાય છે.

**સમિતિની કામગીરી**

ગુજરાતમાં વીસ મુદ્દાઓનો સુધારેલો કાર્યક્રમ 1987થી અમલી બનેલો છે. આ સમિતિનું મુખ્ય કાર્ય આ કાર્યક્રમમાં સમાવેલા વિવિધ કાર્યોનો અમલ કરવો અને દેખરેખ રાખવાનું છે.

જો આ કાર્યોનો અમલ યોગ્ય ન થતો હોય તો જરૂરી સૂચનાઓ આપીને તેનો યોગ્ય અમલ કરાવે છે અને વખતો વખત આ કાર્યોના અમલીકરણની સમીક્ષા કરી, તેનો અહેવાલ બહાર પાડે છે.

20 મુદ્દાનો કાર્યક્રમ નીચે મુજબનો છે.

1. ગ્રામીણ ગરીબીનો પ્રતિકાર
2. વરસાદ પર આધારિત કૃષિ માટેની વ્યૂહરચના
3. સિંચાઇના પાણીનો વધુ સારો ઉપયોગ
4. મબલખ પાકની યોજના
5. જમીન સુધારણાના કાર્યક્રમનો અમલ
6. ગ્રામીણ મજૂરો માટે ખાસ કાર્યક્રમ
7. પીવાનું સ્વચ્છ પાણી
8. સર્વ માટે આરોગ્ય
9. બે બાળકોનો આદર્શ
10. શિક્ષણનું વિસ્તૃતિકરણ
11. અનુસૂચિત જાતિઓ (SC) અને અનુસૂચિત જનજાતિઓ (ST) માટે ન્યાય
12. મહિલાઓ માટે સમાનતા
13. યુવા વર્ગ માટે નવી તકો
14. લોકો માટે રહેણાંકની વ્યવસ્થા
15. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સુધારો
16. વનીકરણ માટે નવી વ્યૂહરચના
17. પર્યાવરણનું રક્ષણ
18. ગ્રાહકોમાં હિતોની રક્ષા
19. ગામડા માટે ઊર્જા અને
20. જવાબદાર વહીવટી તંત્ર

### 8.4.7 અપીલ સમિતિ

ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો કે તેમની કોઇપણ સમિતિને પોતપોતાના વિસ્તારમાં વિકાસનાં અને વહીવટનાં અનેક કાર્યો કરવાના હોય છે. આ વિકાસના કાર્યો કરવા સમયે અનેક પ્રકારના નિર્ણયો કરવાની જરૂર પડે છે. આ નિર્ણયથી કોઇ વાર કોઇ વ્યકિતને નુકશાન પણ થતું હોય છે અને લાભ પણ થતો હોય છે. જે વ્યકિતને કોઇપણ સમિતિના નિર્ણય થી નુકસાન કે અન્યાય થયો હોય તેવી વ્યકિત, આવા નિર્ણયની વિરૂદ્ધમાં ન્યાય મેળવવા માટે આ અપીલ સમિતિમાં અપીલ કરી શકે છે, આ ઉપરાંત જિલ્લા પંચાયતની જિલ્લા સામાજીક ન્યાય સમિતિના નિર્ણય સિવાય જિલ્લા પંચાયતની અન્ય કોઇ પણ સમિતિના નિર્ણય વિરૂદ્ધ પણ અપીલ સમિતિમાં અપીલ કરી શકાય છે. આને અપીલ સમિતિનું કાર્યક્ષેત્ર કહેવામાં આવે છે. આવી અપીલ જે તે નિર્ણય કે હુકમ આપવાની તારીખથી 30 દિવસની અંદર કરવાની હોય છે.

**રચનાઃ**

1. આ સમિતિની સભ્ય સંખ્યા વધુમાં વધુ પાંચની હોય છે. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપરાંત બીજા ચાર (4)સભ્યોને જિલ્લા પંચાયત પોતાના સભ્યોમાંથી ચૂંટી કાઢે છે. જિલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ આ સમિતિના સભ્ય હોય તો યથા ક્રમે તેઓ આ સમિતિના અધ્યક્ષ બને છે.
2. આ સમિતિની મુદ્દત 2.5 વર્ષની હોય છે. અને 2.5 વર્ષની મુદ્દત પૂરી થાય પછી તેની પુનઃ રચના કરવામાં આવે છે પરંતુ પંચાયતની મુદત પૂરી થતા સમિતિની મુદત પણ પૂરી થાય છે.

**સમિતિની કામગીરી અને સત્તા**

ગ્રામપંચાયત, તાલુકા પંચાયત કે તેમની કોઇપણ સમિતિના નિર્ણય કે ઠરાવથી, જો કોઇ વ્યકિતને એમ લાગે કે તેને અન્યાય થયો છે તો તે વ્યકિત તે નિર્ણય કે ઠરાવના વિરોધમાં ન્યાય મેળવવા માટે આ સમિતિને અપીલ કરી શકે છે. આ સમિતિને અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી કામચલાઉ મનાઇ હુકમ આપવાનો અધિકાર છે જે નિર્ણય કે ઠરાવની સામે અપીલ કરવામાં આવી હોય તેવી અપીલ બજવણી મોકૂફ રાખવાનો અધિકાર છે તથા યોગ્ય લાગે તો વચગાળાના હુકમો કરવાનો અધિકાર પણ આ સમિતિને છે. તે પછી આ સમિતિ અપીલની સુનાવણી હાથ ધરીને તેના વિષે ન્યાય- નિર્ણય કરવાની સત્તા ધરાવે છે.

જિલ્લા પંચાયતને કરવાની અપીલ જિલ્લા વિકાસ અધિકારીને સંબોંધીને લખીને તેમને રૂબરૂમાં આપવાની અથવા રજીસ્ટર્ડ ટપાલથી મોકલવાની હોય છે. જિલ્લા પંચાયત તેના એક અધિકારીને અપીલ સમિતિના મંત્રી તરીકે નીમે છે. અપીલ સમિતિનો મંત્રી આવી અપીલ તેને મળે કે તરત જ જેણે અપીલ કરી હોય તેને આવી અપીલ કરવાનો અધિકાર છે કે નહિ, તથા અપીલ નિયમ મુજબ કરવામાં આવી છે કે કેમતે બાબતની તપાસ કરે છે. અને જો અપીલ નિયમસરની જણાય તો તેને પત્રકમાં નોંધ છે. આવી રીતે પત્રકમાં અપીલ નોંધાય એટલે અપીલ દાખલ થઇ એમ ગણાય છે.

અપીલ સમિતિના દરેક નિર્ણય જિલ્લા પંચાયતના નામે કરવામાં આવે છે. અને તેના ઉપર અપીલ સમિતિ મંત્રીની સહી કરવામાં આવે છે. અને આ નિર્ણયની 4 નકલ કરવામાં આવે છે. જેમાંથી 1 નકલ વાદીને, 1 નકલ પ્રતિવાદીને, 1નકલ જીલ્લા પંચાયતને પહોંચડાવાની હોય છે. અને બાકીની 1 નકલ પોતાની પાસે રાખવાની હોય છે.

આ અપીલ સમિતિ પોતાની સત્તાની રૂએ જે નિર્ણય કરે તે જિલ્લા પંચાયતનો નિર્ણય ગણાય છે, પરંતુ તેમ છતાં આવા હુકમ/ નિર્ણયની વિરૂદ્ધમાં રાજય સરકારમાં રિવિઝન અરજી થઇ શકે છે.

**મરજીયાત સમિતિઓ**

જીલ્લા પંચાયતને આવશ્યક લાગે તો નીચે મુજબની વધારાની સમિતિઓ રચી શકે છે તે માટે સરકારની પૂર્વમંજૂરીની આવશ્યકતા રહેતી નથી, આવી સમિતિઓની રચના થયા પછી, તે સમિતિ સંબંધિત બધી જ મહિતી વિકાસ કમિશ્નરને તથા અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ-ગૃહ નિર્માણને નામજોગ તાત્કાલિક મોકલી આપવાની રહે છે.

### 8.4.8 ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ

**રચનાઃ**

આ સમિતિની સભ્ય સંખ્યા વધુમાં વધુ પાંચની હોય છે. તેમની ચૂંટણી જિલ્લા પંચાયતના સભ્યોમાંથી કરવામાં આવે છે. આ સમિતિની મુદત 1 વર્ષની હોય છે. 1 વર્ષ પછી તેની પુનઃરચના કરાય છે તથા પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂરી થાય છે સમિતિના સભ્યો પોતાનામાંથી એકને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. પરંતુ જિલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ જો આ સમિતિના સભ્ય હોય તો ક્રમશઃ તેઓ આ સમિતિના અધ્યક્ષ બને છે. સિવાય કે તેઓ અધ્યક્ષ બનવાની ના પાડે.

**સમિતિની સત્તા અને કામગીરી**

જિલ્લા પંચાયત ઠરાવ કરીને આ સમિતિને જે સત્તા સોંપે તે મુજબ આ સમિતિએ કાર્યો કરવાના હોય છે.

આ સમિતિનાં કાર્યો નીચે મુજબના છે.

1. વિવિધ પ્રકારના અનાજ-કઠોળ, રોકડીયા પાકોનું ઉત્પાદન વધારા માટે માર્ગદર્શન આપવું અને તેના માટે વિવિધ યોજનાઓ બનાવવી.
2. જમીન સુધારણાના કાર્યક્રમોનો અમલ કરવો.
3. સુધારેલા બિયારણના ઉત્પાદન કેન્દ્રો ચલાવવા.
4. સેન્દ્રિય ખાતરની યોજનાઓનો અમલ કરવો.
5. ખેતીવાડી વિકાસ અને પશુસંવર્ધનની દૃષ્ટિએ પ્રદર્શનો, નિદર્શનો, હરિફાઈઓ યોજવી.
6. તળાવો અને નહેરો દ્વારા સિચાઈની ગોઠવણ કરવી.
7. આદર્શ કૃષિ-કેન્દ્રો સ્થાપવા અને નિભાવવા
8. નવા કૂવાઓ ખોદાવવા અને જૂના કૂવાઓની મરામત કરાવવી
9. સિંચાઈનો સહકારી ધોરણે વિકાસ કરવો.
10. પાક સંરક્ષણ માટે ઉપયોગી સાધનોની ખરીદી અને વેચાણ માટે પ્રબંધ કરવો.
11. અનાજ સંગ્રહ માટેના ગોડાઉન સ્થાપવા અને નિભાવવા વગેરે કામગીરી કરવાની હોય છે.

### 8.4.9 મહિલા, બાળવિકાસ અને યુવાવિકાસ સમિતિ

**રચનાઃ**

આ સમિતિની સભ્યસંખ્યા વધુમાં વધુ પાંચની હોય છે. તેમની ચૂંટણી જિલ્લા પંચાયતના સભ્યોમાંથી કરવામાં આવે છે આ સમિતિની મુદત 1 વર્ષની હોય છે. 1 વર્ષ પછી તેની પુનઃ રચના કરાય છે. તથા પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂરી થાય છે. આ સમિતિના સભ્યો પોતાનામાંથી એકને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. પરંતુ જિલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ જો આ સમિતિના સભ્ય હોય તો ક્રમશઃ તેઓ આ સમિતિના અધ્યક્ષ બને છે. સિવાયકે તેઓ અધ્યક્ષ બનવાની ના પાડે.

**સમિતિની સત્તા અને કામગીરી:-**

જિલ્લા પંચાયત ઠરાવ કરીને આ સમિતિને જે સત્તા સોંપે તે મુજબ આ સમિતિએ કાર્યો કરવાના હોય છે.

આ સમિતિનાં કાર્યો નીચે મુજબ છે.

1. મહિલા, બાળકો અને યુવાઓના વિકાસ માટે કાર્યો કરવાં.
2. જિલ્લામાં મહિલા મંડળો તથા યુવા મંડળોની રચનાને ઉત્તેજન આપવું.
3. મહિલાઓના આર્થિક વિકાસ માટેની પ્રવૃતિઓ કરવી.
4. મહિલાઓ માટે સાંસ્કૃતિક પ્રવૃતિઓનું આયોજન કરવું.
5. ગરીબ સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓને તથા એક વર્ષ સુધીનાં ગરીબ બાળકોને પોષક આહાર આપવાનો પ્રબંધ કરવો.
6. જિલ્લામાં યુવાઓ માટે રમતગમત અને સંસ્કાર પ્રવૃત્તિઓનું આયોજન કરવું તથા તેમાં જરૂરી સહાય આપવી વગેરે કામગીરી કરવાની હોય છે.

### 8.4.10 હળપતિ અને ભૂમિહીન ખેતમજૂરી આવાસ બાંધકામ સમિતિ

વલસાડ, નવસારી, સુરત અને ભરૂચ, જિલ્લાઓની વિશિષ્ટ પરિસ્થિતિ તેમજ તેના સ્થાનિક પ્રશ્નોને અનુલક્ષીને ત્યાંની જિલ્લા પાંચાયતોને જરૂરી લાગે તો આ સમિતિની રચના કરી શકે છે.

**રચનાઃ**

આ સમિતિની સભ્યસંખ્યા વધુમાં વધુ પાંચની હોય છે. તેમની ચૂંટણી જિલ્લા પંચાયતના સભ્યોમાંથી કરવામાં આવે છે. આ સમિતિની મુદત 1 વર્ષની હોય છે. 1વર્ષ પછી તેની પુનઃ રચના કરાય છે. તથા પંચાયતની મુદત પૂરી થતા સમિતિની મુદત પણ પૂરી થાય છે. આ સમિતિના સભ્યો પોતાનામાંથી એકને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. પરંતુ જિલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ જો આ સમિતિના સભ્ય હોય તો ક્રમશઃ તેઓ આ સમિતિના અધ્યક્ષ બને છે સિવાય કે તેઓ અધ્યક્ષ બનવાની ના પડે.

**સમિતિની સત્તા અને કામગીરીઃ**

જિલ્લા પંચાયત ઠરાવ કરીને આ સમિતિને જે સત્તા સોંપે તે મુજબના કાર્યો કરવાના હોય છે.

આ સમિતિના કાર્યો નીચે મુજબના છે.

1. હળપતિ તરીકે ઓળખાતા લોકો અને ભૂમિહીન લોકો માટે જમીન સંપાદન કરવી.
2. ઘર માટેના નકશા-અંદાજો તૈયાર કરવા.
3. બાંધકામ માટેની સામગ્રીની ખરીદી કરવી.
4. બાંધેલાં આવાસોની લાભાર્થીઓને સોંપણી કરવી જેવા કાર્યો કરવાના હોય છે.

## 8.5 જીલ્લા પંચાયતના પ્રમુખ

વિભિન્ન રાજયોમાં જેમ જિલ્લા પંચાયતને જુદા-જુદા નામે ઓળખવામાં આવે છે તેવી જ રીતે વિભિન્ન રાજયોમાં જિલ્લા પંચાયતના વડાને પણ જુદા-જુદા નામે ઓળખવામાં આવે છે.

- અધ્યક્ષ/ચેરમેન/ ચેરપર્સન — આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, હિમાચલપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ચંદીગઢ, પંજાબ, બિહાર, ગોવા, કર્ણાટક, મણિપુર, સિક્કિમ, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ, આંદોમાન-નિકોબાર
- પ્રમુખ/ પ્રેસિડેન્ટ — ગુજરાત, આસામ, હરિયાણા, કેરાલા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન
- સભાધિપતિ — પશ્ચિમ બંગાળ, ત્રિપુરા
- પ્રેસિડેન્ટ કમ ચીફ કાઉન્સિલર — દાદરા-નગર હેવલી, દમણ-દીવ, લક્ષદ્વીપ

આવી જ રીતે જીલ્લાકક્ષાએ પ્રમુખ પછીના પદાધિકારીને એટલે કે ઉપપ્રમુખને ‘ઉપાધ્યક્ષ’ અથવા વાઈસ ચેરમેન, ઉપપ્રમુખ અથવા વાઈસ પ્રેસિડેન્ટ, ઉપસભાપતિ અને ‘વાઈસ પ્રેસિડેન્ટ કમ ચીફ કાઉન્સિલર’ તરીકે ઓળખવામાં આવે છે.

### 8.5.1 જીલ્લા પંચાયતના પ્રમુખના કાર્યો

જીલ્લા પંચાયતના પ્રમુખના કાર્યો અને સત્તાઓ નીચે મુજબ છે.

- જીલ્લા પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ પર દેખરેખ રાખે છે.
- જીલ્લા પંચાયતના દફતરોની થોડા-થોડા સમયાંતરે તપાસણી કરે છે.
- જીલ્લા પંચાયતની બેઠક બોલાવે છે.
- જીલ્લા પંચાયતની બેઠકોમાં અધ્યક્ષ સ્થાન લે છે અને બેઠકોનું સંચાલન કરે છે.
- જીલ્લા પંચાયતની સમિતિમાં સભ્ય તરીકે જયારે જીલ્લા પ્રમુખ હોય તો હોદ્દાની રૂએ તે સમિતિના અધ્યક્ષ બને છે.
- પંચાયત કે સમિતિના ઠરાવો કે નિર્ણયોનો અમલ જીલ્લા વિકાસ અધિકારી (D.D.O District Development officer) આગળ કરાવે છે.
- કોઈપણ કામગીરી કે કૃત્ય લોકહિત માટે બંધ કરવાની અથવા મોકૂફ રાખવાની સત્તા ધરાવે છે આ માટે જીલ્લા નિધિમાંથી ખર્ચ કરવાની સત્તા પણ ધરાવે છે.
- જીલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના કાર્યોને જોવાનું અને સલાહ-સૂચન આપવાનું કાર્ય કરે છે.
- પંચાયત અધિનિયમ હેઠળ સોંપાયેલાં તમામ સત્તાઓ અને ફરજો બજાવે છે.

### 8.5.2 જીલ્લા પંચાયતના ઉપપ્રમુખનાં કાર્યો

- જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ જીલ્લા પંચાયતના પ્રમુખની ગેરહાજરીમાં બેઠકોનું અધ્યસ્થસ્થાન લે છે. અને બેઠકનું સંચાલન કરે છે.
- પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખને પ્રમુખનાં કાર્યો અને ફરજો બજાવવાની હોય છે.
- રાજય સરકારના નિયમોને આધીન રહીને જીલ્લા પંચાયતના પ્રમુખ વખતોવખત જે કાર્યો અને સત્તાઓ લેખિતમાં સોંપે તે પ્રમાણેની કામગીરી કરવાની હોય છે.

### 8.5.3 જીલ્લા પંચાયતના સભ્યો, ઉપપ્રમુખ અને પ્રમુખ રાજીનામું કે હોદ્દા પરથી દૂર કરવા બાબત

જીલ્લા પંચાયતના સભ્ય, ઉપપ્રમુખ અને પ્રમુખના રાજીનામાની પ્રક્રિયા નીચે મુજબ છે.

- જિલ્લા પંચાયતના સભ્યો પ્રમુખને પોતાનું રાજીનામું લેખિતમાં આપી શકે છે અને રાજીનામું મળે તે તારીખથી અમલમાં આવે છે.
- ઉપપ્રમુખ જીલ્લા પંચાયતને લેખિતમાં રાજીનામું આપી શકે છે, પરંતુ જીલ્લા પંચાયત જયાં સુધી રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી અમલમાં આવશે નહિ, જીલ્લા પંચાયત જે સમયે રાજીનામું સ્વીકારે તે સમયેથી જ ઉપપ્રમુખ પોતાના હોદ્દાની ફરજોમાંથી મુકત થાય છે.
- જીલ્લા પંચાયતના પ્રમુખ વિકાસ કમિશ્નરે લેખિતમાં રાજીનામુ આપી હોદ્દા પરથી દૂર થઇ શકે છે. પરંતુ જયાં સુધી વિકાસ કમિશ્નર રાજીનામુ મંજૂર ન કરે ત્યાં સુધી રાજીનામુ અમલમાં આવશે નહિ. વિકાસ કમિશ્નરનેજે સમયે રાજીનામું સ્વીકારે તે સમયેથી જ પ્રમુખ હોદ્દાની ફરજોથી મુકત થાય છે.

જો રાજીનામાં અંગે કોઇ તકરાર ઊભી થાય તો રાજીનામું અમલમાં આવ્યાની તારીખથી 30 દિવસની અંદર પંચાયત સચિવને લેખિતમાં ફરિયાદ કરવાની હોય છે.

જીલ્લા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ વિરૂદ્ધ જીલ્લા પંચાયતનો કોઇ પણ સભ્ય નિયત ફોર્મમાં કુલ સભ્યોના 50% સભ્યોની સહીથી અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરી શકે છે જો અવિશ્વાસ પ્રસ્તાવને જીલ્લા પંચાયતના કુલ સભ્યોના 2/3 સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવે તો જે તારીખે પ્રસ્તાવ પસાર કર્યો હોય તે તારીખથી 3 દિવસમાં તેમણે હોદો ખાલી કરવો પડે છે.

જીલ્લા પંચાયતના કોઇ સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખ પોતાની ફરજ બજાવવામાં કસૂર ઠરે, સત્તાનો દુરુપયોગ કરે અથવા ફરજ બજાવવા અસમર્થ થયો હોય તો યોગ્ય કાર્યવાહી કરીને વિકાસ કમિશ્નર સંબંધિત સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખને હોદ્દા પરથી દૂર કરી શકે છે.

## 8.6 જીલ્લા વિકાસ અધિકારીના કાર્યો, ફરજો અને સત્તાઓ

જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ)ના માટે એક મંત્રી (સકેટરી) એટલે કે મુખ્ય વહીવટી અધિકારી હોય છે જે હોદ્દાની રૂએ રાજય સરકાર દ્વારા નિયુકત કરાયેલ જીલ્લા વિકાસ અધિકારી (D.D.O District Developrnet officer) હોય છે.

આ જીલ્લા વિકાસ અધિકારીના કાર્યો, ફરજો અને સત્તાઓ નીચે મુજબની હોય છે.

- જીલ્લા પંચાયતની તમામ પ્રવૃતિઓની બાબતમાં દેખરેખ અને નિયંત્રણ રાખે છે.
- જીલ્લા પંચાયત તમામ દફતરો અને દસ્તાવેજો (રેકોર્ડ) પોતાના કબજા (કસ્ટડી)માં રાખે છે.
- જીલ્લા પંચાયતની તમામ વિકાસ યોજનાઓના ત્વરિત અમલ માટે જરૂરી પગલાં લેશે.
- જીલ્લા પંચાયતની બેઠક માટેની નોટિસ અને એજન્ડા તૈયાર કરશે.
- જીલ્લા પંચાયતના મંત્રી તરીકે પંચાયતની બેઠકો બોલાવવાની કાર્યસૂચિ નોટિસ તૈયાર કરે છે.
- જીલ્લા પંચાયતની બીજી ફરજો જે કોઇપણ સમિતિનો સોંપવામાં આવી ન હોય તે બજાવે છે.
- જીલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ અને સેવકોની ફરજો નકકી કરે છે વધારાના કાર્યો સોંપી શકે છે.

- જીલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ અને સેવકોની કામગીરી પર દેખરેખ રાખશે.
- જીલ્લા ફંડ (નિધિ)માંથી નાણાં ઉપાડવા અને ખર્ચવાની સત્તા ધરાવે છે.
- જીલ્લા પંચાયતની બેઠકોમાં કે તેની કોઇ પણ સમિતિમાં હાજર રહેવાની સત્તા ધરાવે છે.
- જીલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ અને સેવકોની રજા મંજૂર કરવાની સત્તા ધરાવે છે.
- પોતાના તાબા હેઠળના અધિકારીઓ, કર્મચારીઓ અને સેવકોના ગુપ્ત રેકોર્ડની લખવાની રત્તા ધરાવે છે.
- જીલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ અને સેવકો પાસેથી ખુલાસો માંગવાની સત્તા ધરાવે છે.
- તાલુકા પંચાયતની પ્રથમ બેઠકની તારીખ નકકી કરવાની સત્તા હોય છે.
- તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં અધ્યક્ષ સ્થાન નકકી કરવાનો અધિકાર ધરાવે છે
- તાલુકા પંચાયતના સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખ જો ફરજ બજાવવામાં કસૂરવાર હોય તો ત્રણેયમાંથી કોઇપણને સસ્પેન્ડ કરવાનો અધિકાર જીલ્લા વિકાસ અધિકારી ધરાવે છે.
- રાજય સરકાર દ્વારા જે કાર્યો સોંપવામાં આવે છે તે બજાવે છે.

## 8.7 જીલ્લા (જીલ્લા પરિષદ)ની આવકના સ્ત્રોતો (સાધનો)

જીલ્લા પંચાયતની આવકના સ્ત્રોતો મહદઅંશે પંચાયત સમિતિ (તાલુકા પંચાયત)ઓની આવકના સ્ત્રોતો જેવા છે. આ સ્ત્રોતોનો ઉપયોગ કરવાના અધિકારો બધાં રાજયોમાં જિલ્લા પંચાયતો (જીલ્લા પરિષદો)ને એકસરખા હોતાં નથી. દરેક જિલ્લામાં એક ફંડ (નિધિ) હોય જે જિલ્લા ફંડ તરીકે ઓળખાય છે. જેમાં જીલ્લા પંચાયતની આવક જમા કરવામાં આવે છે.

જીલ્લા ફંડ (નિધિ)માં જીલ્લા પંચાયતની નીચેની આવકો જમા કરવામાં આવે છે.

- જીલ્લા પંચાયત દ્વારા નાખવામાં આવેલ કર, વેરા કે ફીની આવક.
- જીલ્લા પંચાયતને પ્રાપ્ત થતી કોઇ મિલકતની આવક કે ભાડા તરીકે થતી આવક.
- ફોજદારી કેસમાં કોઇપણ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલેલી રકમ.
- જીલ્લા પંચાયતને કોઇ વ્યકિત કે સંસ્થા કે કંપની દ્વારા મળેલ બક્ષિસ કે ફાળાની રકમો.
- રાજય સરકાર તરફથી મળતી આર્થિક સહાય.
- રાજય સરકારમાંથી લીધેલ લોનની રકમ.
- નીચલા સ્તરની પંચાયત તરફથી ઉપલી પંચાયતને અપાયેલ ફાળો કે ગ્રાન્ટ.
- રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ મળતી ગ્રાન્ટ.

ફી, ટોલ, સેસ અને કર નાખવાની સત્તા જીલ્લા પંચાયતો (જીલ્લા પરિષદો)ને આપવાની

બાબતમાં ગુજરાતમાં બીજા રાજયો કરતાં વધારે વ્યાપક સત્તાઓ જીલ્લા પંચાયતોને આપવામાં આવેલ છે. આંધ્રપ્રદેશ, આસામ, ગોવા, કર્ણાટક, તામિલનાડુ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ જેવા રાજયોમાં જિલ્લા પરિષદોને કોઇ કર નાંખવાની સત્તા નથી, પરંતુ આંધ્રપ્રદેશમાં જિલ્લા પરિષદ માર્કેટ અને ફેકટરીઓમાંથી ફી મેળવે છે. ત્રિપુરામાં જીલ્લા પરિષદો જાહેર બાંધકામ અને રસ્તાઓ ઉપર સેસ નાખી આવક મેળવે છે પંજાબની જિલ્લા પરિષદો રસ્તા અને જાહેર બાંધકામ ઉપર સેસ નાંખી શકે છે. મણિપુરમાં જીલ્લા પરિષદ પીવાના અને સિચાઇના પાણી ઉપરનો વેરો, માણસો અને પ્રાણીઓ ઉપરનો નાકાવેરો, વાહનો અને હોડીઓની રજીસ્ટ્રેશન ફી, યાત્રાધામમાં સફાઇ ફી, મેળા માટેના લાયસન્સની ફી વગેરેમાંથી આવક મેળવે છે. મહારાષ્ટ્રમાં પણ જીલ્લા પરિષદ બિનખેતીની જમીન પર સુધારાચાર્જ, પ્રાણીઓની રજીસ્ટ્રેશન ફી, જમીન અને મકાનો ઉપર ખાસ કર, દલાલો અને કમિશન એજન્ટોની લાયન્સસની ફી વગેરેમાંથી આવક મેળવે છે પશ્ચિમ બંગાળમાં જીલ્લા પરિષદ વાહનોની રજીસ્ટ્રેશન ફી, પીવાના પાણી અને સિંચાઇના પાણી માટેનો ચાર્જ, વાહનો અને હોડીઓ ઉપરનો નાકાવેરો, દિવાબત્તીનો કર વિગેરેમાંથી આવક મેળવે છે. મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને કેરાલા જેવાં રાજયોમાં જીલ્લા પરિષદોને કર, ફી કે સેસ નાખવાની સત્તા નથી.

એવી જ રીતે ઘણા રાજયોમાં જિલ્લા પરિષદો પોતાની મિલકતમાંથી ભાડું, વ્યાજ લઇને આવક મેળવે છે. તેમજ લોકફાળો, દાન મેળવીને પણ આવક મેળવે છે. જેમ કે ગુજરાત, આસામ, આંધ્રપ્રદેશ અને ગોવામાં જિલ્લા પરિષદો પોતાના મકાનો અને શોપિંગ સેન્ટરો ઊભા કરીને તેમાંથી ભાડાની આવક મેળવતી હોય છે. કેટલાંક રાજયોમાં પંચાયતનો કર પંચાયતોની વિનંતી ઉપરથી રાજય સરકાર નાખે છે અને તેની આવક પંચાયતોને સોંપે છે જેમકે ગુજરાત અને રાજસ્થાનમાં જિલ્લા પરિષદોની વિનંતી ઉપરથી રાજય સરકાર સ્ટેમ્પ ડયૂટી ઉપર સરચાર્જ નાંખે છે અને તેની આવક જીલ્લા પરિષદોને આપે છે. એવી જ રીતે મોટા વિકાસ કામો માટે લોન લેવાની જરૂર ઊભી થતી હોય છે ગુજરાત, મહારાષ્ટ્ર જેવા કેટલાક રાજયોની જિલ્લા પરિષદો આવી લોન લેતી હોય છે.

**જીલ્લા કુટુંબ કલ્યાણ ફંડ**

- દરેક જીલ્લાની જીલ્લા પંચાયતમાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમની કામગીરી માટે ‘જીલ્લા કુટુંબ કલ્યાણફંડ’ સ્થાપવામાં આવ્યું છે.
- આ ફંડમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી કુટુંબ કલ્યાણના કાર્યક્રમ માટે મળેલ બક્ષિસની રકમ, જીલ્લા પંચાયતે આયોજન કરેલા મનોરંજન કાર્યક્રમની આવક અને કુટુંબ કલ્યાણ સીલના વેચાણની આવકનો સમાવેશ થાય છે.
- ‘જીલ્લા કુટુંબ કલ્યાણ’ ફંડમાંથી કુટુંબ કલ્યાણ કાર્યક્રમની કામગીરી પૂરી થતાં પછી બાકી રહેલાં વધારાના ફંડનો ઉપયોગ ઠરાવ કરીને તેનુ રોકાણ કરી શકાય છે.

## 8.8 સારાંશ

ભારતમાં પંચાયત રાજના સૌથી ઉપલા સ્તર જીલ્લા પંચાયતની વિગતો આ એકમમાં આપવામાં આવી છે.

જીલ્લા પંચાયત માળખાકીય રીતે સૌથી ઊંચા સ્તરે બેઠેલી પંચાયત છે. હરિયાણા, કેરાલા અને તામિલનાડુના અપવાદને બાદ કરતા દેશના મોટાભાગના રાજયોમાં જીલ્લા પંચાયતો (જીલ્લા પરિષદ) ત્રણેય સ્તરોમાં સૌથી મજબૂત અને શક્તિશાળી સંસ્થા છે. જીલ્લા પંચાયત પાસે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ, વહીવટી અને ટેકનિકલ નિષ્ણાતો, કાયદાએ આપેલી

શિસ્તપાલનની સત્તા અને વિશાળ નાણાકીય સાધનો હોય છે. આ જ કારણસર જીલ્લા પંચાયત (જીલ્લા પરિષદ) પાસે નાણાકીય, વહીવટી અને ટેકનિકલ જવાબદારી ઉપાડવાની ક્ષમતા પણ વધારે હોય છે. ટૂંકમાં ઉચ્ચ સ્તરની પંચાયત નીચેના સ્તરની પંચાયત માટે પ્રોત્સાહન આપનારી દેખરેખ રાખનારી અને વિવિધ પ્રકારનો ટેકો પૂરો પાડનારી સંસ્થા તરીકે ફરજો બજાવે છે. આ ઉપરાંત, તે જુદાં-જદાં સ્તરની પંચાયતનો સાથે સંકલન પણ સાધે છે. પ્રસ્તુત એકમમાં જીલ્લા પંચાયતની રચના તેની સત્તાઓ, ફરજો, કાર્યો, સમિતિઓ અને આવકના સાધનોનું સંક્ષેપમાં વર્ણન કરીને સમજાવવામાં આવ્યું છે.

આમજીલ્લા પંચાયત પંચાયતીરાજના માળખાનું ટોચનું અંગ છે.

## 8.9 સંદર્ભ સૂચિ


1 પ્રા.બી.સી. શાહ 'ભારતમાં પંચાયતીરાજ', પાંચમી આવૃત્તિ, 2016,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ.

2 રમેશ એમ. શાહ અને પ્રા. બળદેવ આગજા, '73 મા બંધારણીય સુધારા પાશ્ચાદ ભારતમાં પંચાયતીરાજ'

પ્રથમ આવૃત્તિ-2002, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ.

3 અજય પટેલ,'ભારતીય બંધારણ અને રાજ વ્યવસ્થા'.પાંચમીઆવૃત્તિ-2020, યુવા ઉપનિષદ પબ્લિકેશન, સુરત.

4 ડૉ.વિરેન્દ્રસિંહ જાડેજા, 'ભારતનું બંધારણ, પંચાયતી રાજ અને રાજનીતિ', પ્રથમ આવૃત્તિ-2016, કાર્વી નોલેજ પ્રેસ, જામનગર.

5 પીતાંબર પટેલ, 'ગુજરાત પંચાયતી રાજ'પ્રકાશકઃ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

6 બિપીનચંદ્ર વૈષ્ણવ, 'પંચાયત ધારો'નવ સર્જન પબ્લિકેશન અમદાવાદ, આવૃત્તિઃ 2018

7 કેયુરભાઈ પટેલ, જયેશભાઈ જી. પટેલ, 'પંચાયતી રાજ એક અભ્યાસ' બાલા પ્રકાશન, જ્ઞાન પ્રકાશન, આવૃત્તિઃ 2022, ગાંધીનગર.

8 विनय शर्मा, पंचायती राज, राजत प्रकाशन, नई दिल्ली.

9 डॉ. अलोककुमार कश्यप, भारत में पंचायती राज–उदभव विकास एवं वर्तमान स्थिति, डिस्कवरी पब्लिशिंग, नई दिल्ली.

10 Murlidhar R. Pawar, Panchayati Raj-System in India,Garima Prakashan-Kanpur.


## 3.10 તમારી પ્રગતિ ચકાસો-1

1. ગુજરાતમાં જીલ્લા પંચાયતના વડાને _____________ તરીકે ઓળખવામાં આવે છે. (જીલ્લા પ્રમુખ)
2. હરિયાણા અને મહારાષ્ટ્રમાં જીલ્લા પંચાયતને _____________ નામથી ઓળખવામાં આવે છે. (જીલ્લા પરિષદ)
3. ગુજરાતમાં જીલ્લા પંચાયતમાં મહિલાઓ માટે_____________ટકા અનામત બેઠકો રાખવામાં આવે છે. (50%)

4. જીલ્લા પંચાયતના વહીવટી વડાને ____________ નામે ઓળખવામાં આવે છે.

(જીલ્લા વિકાસ અધિકારી-D.D.O)

5. જીલ્લા પંચાયતના પ્રમુખનું રાજીનામું____________ મંજૂર કરે છે.

(વિકાસ કમિશ્નર)

**તમારી પ્રગતિ ચકાસો-2**

1 ગુજરાતની જીલ્લા પંચાયતોમાં કાયમી આમંત્રિત સભ્યોમાં કોનો સમાવેશ થાય છે.

જવાબ જીલ્લા પંચાયત કે તેના કોઇપણ ભાગમાંના કોઇપણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલાં ગુજરાત વિધાનસભાના સભ્યો અર્થાત્ ધારાસભ્યો જીલ્લા પંચાયતોના કાયમી આમંત્રિતો ગણાય છે.

2 જીલ્લા પંચાયતના સભ્યોના પ્રકારો જણાવો.

જવાબ જીલ્લા પંચાયતના સભ્યોના ચાર પ્રકારના હોય છે.

1 સીધા (પ્રત્યક્ષ)ચૂંટાયેલાં સભ્યો

2 પદનિમિત્ત સભ્યો/કાયમી આમંત્રિતો

3નિયુકત સભ્યો

4કો-ઓપ્ટ સભ્યો (ગુજરાતમાં હજુ સુધી આવા સભ્યોની જોગવાઇ કરવામાં આવી નથી)

3 જીલ્લા પંચાયતની કોઇ પણ ચાર સત્તાઓ જણાવો

જવાબ 1કરવેરા નાંખવાની સત્તા

2બજેટ મંજૂર કરવાની સત્તા

3 તાલુકા પંચાયતના બજેટની ચકાસણી કરવાની સત્તા

4ગ્રામ પંચાયતો માટે પેટા નિયમો બનાવવાની સત્તા

4 જીલ્લા પંચાયતની કોઇ પણ ચાર ફરજીયાત સમિતિના નામ જણાવો

જવાબ 1કારોબારી સમિતિ

2સામાજિક ન્યાય સમિતિ

3જિલ્લા શિક્ષણ સમિતિ

4 જાહેર આરોગ્ય સમિતિ

5 જાહેર આરોગ્ય સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

જવાબ જાહેર આરોગ્ય સમિતિનું મુખ્ય કાર્ય જાહેર આરોગ્ય જળવાઇ રહે તે માટે આરોગ્ય કેન્દ્રો, હૉસ્પિટલો, પ્રસૂતિગૃહો, આયુર્વેદિક અને હોમિયોપેથિક દવાખાના ખોલવા અને નિભાવવાનું છે.

આ ઉપરાંત તે સાફ-સફાઇ, શુદ્ધ પાણી પુરવઠો પૂરો પાડવાનો, રોગચાળા નિયંત્રણ અને કુટુંબ કલ્યાણને લગતાં કાર્યો કરે છે.

**નોંધ :** વિશેષ માહિતી માટે,

https://www.panchayatgujarat.gov.in અને

https://www.panchayat.gov.in નો ઉપયોગ કરી શકશો.

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4


બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 204 / PSCS 204**

**PSCMJ 202 / PSCMN 501**

ભારતમાં પંચાયતી રાજ

(મુખ્ય તથા ગૌણ)



# સ્થાનિક સરકારના સંદર્ભે અગત્યના બંધારણીય સુધારાઓ 3

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડાૅ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**

**સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદક :**

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ

**વિષય સમિતિ**

**ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ

**પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ.પટેલ** નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.

**ડૉ. મુકેશ ખટીક** આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સલાહકાર સમિતિ( PAC) :**

**ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.

**ડૉ. ડી. ડી. ઝાલા** નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર

**ડૉ. પુષ્પાબહેન મોતિયાની** નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

**પરામર્શક (વિષય):**

**પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ.પટેલ** નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.

**ડૉ. પુષ્પાબહેન મોતિયાની** નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

**લેખક :**

**ડૉ. હેમા જીકાદરા** એસોસિએટ પ્રોફેસર, એમ.પી.શાહ વિનયન અને વિજ્ઞાન કોલેજ, સુરેન્દ્રનગર.

**ડૉ. ગણેશ પ્રજાપતિ** ભૂતપૂર્વ આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજયશાસ્ત્ર, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝએન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**પરામર્શક (ભાષા) :**

**શ્રી ઘનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા.



**પ્રકાશન વર્ષ :** આવૃત્તિ-2023

ISBN: 978-93-91468-88-0

978-93-91468-88-0

**પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર
**PSCM 204 / PSCS 204**
**PSCMJ 202 / PSCMN 501**
ભારતમાં પંચાયતી રાજ
(મુખ્ય તથા ગૌણ)

# વિભાગ 03

## સ્થાનિક સરકારના સંદર્ભે અગત્યના બંધારણીય સુધારાઓ


**એકમ : 09**

**73મો બંધારણીય સુધારો** 05

**એકમ : 10**

**74મો બંધારણીય સુધારો** 16

**એકમ : 11**

**લોકશાહી વિકેન્દ્રીકરણ અને પંચાયતીરાજ** 32

**વિભાગ 03**

**સ્થાનિક સરકારના સંદર્ભે અગત્યના બંધારણીય સુધારાઓ**

પેપર નંબર 04 ભારતમાં પંચાયતી રાજનો વિભાગ 03 કુલ ત્રણ એકમોમાં વહેંચવામાં આવ્યો છે.

**એકમ : 09 73 મા બંધારણીય સુધારા** વિશેની માહિતી આપે છે. 73માં બંધારણીય સુધારાની પૃષ્ઠભૂમિ, આ સુધારાની આવશ્યકતાની જાણકારી આપવામાં આવી છે. 73 મા બંધારણીય સુધારાની મુખ્ય જોગવાઈઓની માહિતી મેળવશો. 73 માં બંધારણીય સુધારાની સિધ્ધીઓ અને ખામીઓનો અભ્યાસ પણ કરશો.

**એકમ 10 74 મા બંધારણીય સુધારા** વિશેનું છે. 74 મા બંધારણીય સુધારાના ઉદ્દેશો, મુખ્ય જોગવાઈઓ, સિધ્ધીઓ અને તેની મર્યાદાઓની ચર્ચા કરવામાં આવી છે. આ એકમમાં પંચાયતી રાજમાં મહિલા અનામતની ભૂમિકા વિશે પણ છણાવટ થઇ છે. આ ઉપરાંત પંચાયતી રાજમાં અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિની અનામતની ભૂમિકા વિશે પણ જાણશો. ટૂંકમાં આ બંને બંધારણીય સુધારાઓ વિશે સમજૂતી મેળવશો. જે પંચાયતી રાજ અને સ્થાનિક સ્વશાસનના ક્ષેત્રે અગત્યના અને ઐતિહાસિક બંધારણીય સુધારાઓ છે.

**એકમ 11 લોકશાહી વિકેન્દ્રીકરણ અને પંચાયતી રાજ** અંતર્ગત લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ જાણશો. લોકભાગીદારી અને પંચાયતી રાજ, ગાંધીજી અને પંચાયતી રાજ વિષયક બાબતોની સમજૂતિ આ એકમ દ્વારા પ્રાપ્ત કરશો.

# એકમ-9 73 મો બંધારણીય સુધારો

## રૂપરેખા


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 73 મા બંધારણીય સુધારાની પૃષ્ઠભૂમિ

9.3 73 મા બંધારણીય સુધારાની આવશ્યકતા

9.4 73માં બંધારણીય સુધારા અધિનિયમની મુખ્ય જોગવાઈઓ

9.5 પંચાયતોની જોગવાઈઓ (અનુસૂચિત/આદિવાસી વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ, 1996

9.5.1 વિશેષતાઓ

9.6 73માં બંધારણીય સુધારાની સિદ્ધિઓ

9.7 73 મા બંધારણીય સુધારાની ખામીઓ

9.8 સારાંશ

9.9 ચાવીરૂપ શબ્દો

9.10 કેટલાક ઉપયોગી પુસ્તકો


## 9.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ પછી તમે –

- 73માં બંધારણીય સુધારા પૂર્વેની સ્થિતિ તથા ત્યારબાદની પંચાયતીરાજની સ્થિતિનો ખ્યાલ મેળવી શકશો.
- 73માં બંધારણીય સુધારાની આવશ્યકતાનો ખ્યાલ મેળવી શકશો.
- 73માં બંધારણીય સુધારા અંતર્ગતથયેલી જોગવાઈઓનો ખ્યાલ પ્રાપ્ત થશે.
- 73માં બંધારણીય સુધારાની સિદ્ધિઓ જાણી શકશો.
- 73માં બંધારણીય સુધારાની ખામીઓ વિશે ખ્યાલ મેળવી શકશો.

## 9.1 પ્રસ્તાવના

ભૂતકાળમાં ભારતમાં વિવિધ સ્વરૂપે પંચાયતો અસ્તિત્વ તો ધરાવતી હતી પરંતુ, તે લોકશાહી સ્વરૂપની ન હતી અથવા તો તેમની તાસીર લોકશાહીને અનુરૂપ ન હતી. તેમાં ગ્રામીણ સમાજના ઉચ્ચ કે ભદ્ર વર્ગનું જ વર્ચસ્વ જોવા મળતું હતું. મહિલાઓની ભાગીદારી પણ બિલકુલ ન હતી. ગ્રામીણ વિકાસમાં સામાન્ય માનવીની ભાગીદારી ન હોવાથી આવી સંસ્થાઓ સફળ નીવડી શકી નહી. બ્રિટિશ શાસન દરમિયાન લોર્ડ રિપને પંચાયતોને સ્થાનિક સ્વશાસનની ઓળખ તો આપી પણ સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ તે કાગળ પર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ભાગમાત્ર બની શકી.

1957માં બળવંતરાય મહેતા સમિતિએ સામુદાયિક વિકાસ કાર્યક્રમનું મૂલ્યાંકન કરીને જણાવ્યું કે, પંચાયતોની નિયમિત ચૂંટણીઓ ન થવાને કારણે આવી સંસ્થાઓ અસરકારક ભૂમિકા ભજવી શકી નથી. બળવંતરાય મહેતા સમિતિના 21 વર્ષ બાદ અશોક મહેતા સમિતિએ પોતાના અહેવાલમાં પંચાયતોને રાજકીય સંસ્થાનો દરજ્જો આપવાની ભલામણ કરી કારણ કે આ સમિતિનું માનવું હતું કે, યોજના અને વિકાસની બાબતો રાજકીય પ્રક્રિયાનું જ એક અવિભાજ્ય અંગ છે. વર્ષ 1986 માં સિંઘવી સમિતિએ પંચાયતોને બંધારણીય દરજ્જો આપવાની ભલામણ કરી અને ત્યારબાદ પંચાયતોના વિકાસ માટે રાષ્ટ્રીય કક્ષાએ રાજકીય પક્ષોએ પંચાયતોને બંધારણના ભાગ-9 માં સમાવ્યા વગર કોઈ છૂટકો નથી. આ રીતે 73માં બંધારણીય સુધારા દ્વારા પંચાયતોને બંધારણની 11મી અનુસૂચિમાં સ્થાન આપવામાં આવ્યું.

આ પ્રકરણમાં 73માં બંધારણીય સુધારો અસ્તિત્વમાં આવ્યા માટેની પૃષ્ઠભૂમિ, આવશ્યકતાઓ, જોગવાઈઓ તેની વિશેષતાઓ, સિદ્ધિઓ, ખામીઓ વગેરે અંગેની છણાવટ કરવામાં આવી છે.

## 9.2 73માં બંધારણીય સુધારાની પૃષ્ઠભૂમિ

ઈ.સ.1988 માં સંસદની સલાહકાર સમિતિની એક પેટા સમિતિની રચના શ્રી. પી.કે.થુંગનની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવી. આ સમિતિએ પંચાયતીરાજ વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે અનેક ભલામણો કરી જેમાં મુખ્ય ભલામણ પંચાતીરાજને કાયદાકીય દરજ્જો આપવા અંગેની હતી. આમ મે 1989 માં રાજીવગાંધીની સરકારે 64મો બંધારણીય સુધારો રજૂ કરતું વિધેયક સંસદ સમક્ષ મૂક્યું. આ વિધેયક લોકસભામાં તો પસાર થઈ ગયું પરંતુ રાજ્યસભામાં પસાર થઈ શક્યું નહી. વિપક્ષ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો કે આ વિધેયક રાજ્ય સરકારની સત્તાને નજર અંદાજ કરે છે. તેમનું કહેવું હતું કે, આ જોગવાઈ દ્વારા કેન્દ્ર સરકાર પંચાયતો સાથે સીધો જ સંબંધ પ્રસ્થાપિત કરવા માગે છે. જે લોકશાહી પ્રણાલી તથા સમવાયતંત્રથી વિપરિત છે.

આ દરમિયાન ડિસેમ્બર 1989માં સામાન્ય ચૂંટણીઓ યોજાઈ. જેમાં રાષ્ટ્રીય મોરચાની સરકાર રચાઈ. આ સરકારે એસ.આર.બોમ્માઈના અધ્યક્ષપદ હેઠળ વૈકલ્પિક વિધેયક બનાવવાની ભલામણ કરી. આ વિધેયકને જૂન, 1990 માં મુખ્યમંત્રીઓ બેઠકમાં રજૂ કરવામાં આવ્યું. જેને મંજૂરી પ્રાપ્ત થઈ ગઈ . આ સરકારે 7 સપ્ટેમ્બર 1990 ના રોજ 72માં બંધારણીય સુધારા અંગેનું વિધેયક લોકસભા સમક્ષ મૂક્યું.પરંતુ 7 નવેમ્બર 1990 ના રોજ લોકસભાના ભંગ થવાને કારણે સંસદમાં તે પસાર થઈ શક્યું નહિ. 1991 માં ફરી કોંગ્રેસ સત્તા સ્થાને આવતાં મંત્રી સ્તરીય સમિતિની ભલામણોને આધારે 16 સપ્ટેમ્બર 1991ના રોજ 73માં બંધારણીય સુધારા વિષયક વિધેયક રજૂ કરવામાં આવ્યું. જે 22 ડિસેમ્બર 1992ના રોજ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું. 24 એપ્રિલ 1993ના રાષ્ટ્રપતિએ પોતાના હસ્તાક્ષર દ્વારા મંજૂરીની મહોર મારતાં 73માં બંધારણીય સુધારા, 1992 અસ્તિત્વમાં આવ્યો. આ અધિનિયમમાં એવી જોગવાઈ હતી કે તેના અસ્તિત્વમાં આવ્યા ના એક વર્ષની અંદર અધિનિયમને ધ્યાને લઈ તમામ રાજ્યોએ પોતાના પંચાયતીરાજ અધિનિયમમાં સુધારો કરવો. આ રીતે 24 એપ્રિલ 1994 પહેલાં તમામ રાજ્યોએ પોતાના પંચાયતી રાજઅધિનિયમમાં જરૂરી સુધારા કરી લીધાં.

## 9.3 73માં બંધારણીય સુધારાની આવશ્યકતા

ભારતમાં પંચાયતી રાજની સંસ્થાઓ આમ તો ઘણાં સમયથી અસ્તિત્વમાં છે. 73મો બંધારણીય સુધારો રાજ્ય સરકાર દ્વારા નિયમિત પણે ચૂંટણીઓ થાય તેની જોગવાઈ કરે છે.

તેમજ સમાજના છેવાડાના અને વંચિત વર્ગો જેવાં કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિનું યોગ્ય પ્રતિનિધિત્વ થાય તથા મહિલાઓને યોગ્ય ભાગીદારી મળે અને આ સંસ્થાઓ દિવસે-દિવસે શક્તિશાળી થાય. આ રીતે લોકોની સક્રિય રાજકીય ભાગીદારી દ્વારા લોકતાંત્રિક વ્યવસ્થાને મજબૂત કરે તેના લીધે 73મો બંધારણીય સુધારો આવશ્યક બન્યો હતો. આ સંસ્થાઓ દિવસે-દિવસે નબળી પુરવાર થતી જતી હતી. આ રીતે લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં આ સંસ્થાઓ ઊણી ઉતરી હતી.

સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અંતર્ગત અનુચ્છેદ – 40 હેઠળ રાજ્યોને પંચાયતની સંસ્થાઓ રચવાની સત્તા આપવામાં આવી હતી.અને તે મુજબ રાજ્યોએ આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને જરૂરી સત્તા તથા જવાબદારી સોંપવાની થાય છે પરંતુ છેલ્લા કેટલાંક વર્ષોના અનુભવો જણાવે છે કે, રાજ્યો દ્વારા પંચાયતોને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ બનાવવાની વાત તો દૂર રહી પરંતુ આ અંગેની ચૂંટણીઓ પણ નિયમિતપણે ન યોજાઈ. જ્યારે કોઈ રાજ્યમાં સત્તા પરિવર્તન થયું ત્યારે જે-તે રાજકીય પક્ષની સરકારે સત્તાના બળે પંચાયતોની ચૂંટણી યોજી દીધી. આમ જોઈએ તો પંચાયતો રાજ્ય સરકારની એજન્સીથી વિશેષ કંઈ જ ન હતી.આવી પંચાયતોને નિશ્ચિંતતા , નિરંતરતા તેમજ સશક્ત બનાવવા માટે બંધારણમાં આ અંગેની મજબૂત તથા આધારભૂત જોગવાઈ કરવી જરૂરી હતી.

ટૂંકમાં, બંધારણમાં એક નવો ભાગ ઉમેરવાની વિચારણા થઈ કે જેમાં પંચાયત સંબંધી કેટલીક જોગવાઈઓ હોય જેમ કે;

(I) ગ્રામ્ય કક્ષાએ ગ્રામસભાની રચના

(II) ગ્રામ પંચાયત તથા અન્ય સ્તરે પંચાયતોની રચના

(III) તમામ સ્તરે સભ્યોની પ્રત્યક્ષ ચૂંટણી

(IV) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સમુદાય માટે તેમની વસ્તીના પ્રમાણમાં સભ્યપદ તથા અધ્યક્ષ માટે અનામત

(V) મહિલાઓ માટે સભ્યપદ તથા અધ્યક્ષ પદ માટેઓછામાં ઓછા એક તૃતીયાંશ ભાગ જેટલી અનામત બેઠકો

(VI) પંચાયતની પાંચ વર્ષની મુદત તથા જો કોઈ કારણસર પંચાયતોને બરખાસ્ત કરવામાં આવી હોય તો તેવા સંજોગોમાં છ માસની અંદર ચૂંટણી યોજવી.

(VII) રાજ્યની વિધાનસભાએ પંચાયતોને પૂરતી મોકળાશ તથા સત્તા અને જવાબદારી પ્રદાન કરવી કે જેથી તે સાચા અર્થમાં સ્થાનિક સ્વ-શાસનની સંસ્થાઓ બની શકે તેમજ સ્થાનિક કક્ષાએ આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની યોજનાઓનું ઘડતર કરી શકે.

(VIII) પંચાયતોની આર્થિક સ્થિતિ સધ્ધર કરવા માટે રાજ્યની વિધાનસભાએ તેને પર્યાપ્ત નાણાંકીય ભંડોળ ઉપલબ્ધ કરાવવાનું રહેશે. ઉપરાંત તેમને કર વસુલવાની સત્તા પણ આપવાની રહેશે.પંચાયતની આર્થિક સ્થિતિ સુધારવા તેમજ સધ્ધર કરવા માટે દર પાંચ વર્ષને અંતે નાણાંપંચની રચના કરવાની રહેશે.

ઉપર્યુક્ત તમામ બાબતોને આવરી લઈને 73મો બંધારણીય સુધારો પસાર કરવામાં આવ્યો. આ દ્રષ્ટિએ આ સુધારો અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાવી શકાય.

## 9.4 73માં બંધારણીય સુધારા અધિનિયમની મુખ્ય જોગવાઈઓ

73માં બંધારણીય સુધારા અધિનિયમની જોગવાઈઓને બે ભાગમાં વહેંચવામાં આવી છે. : (ક) ફરજિયાત જોગવાઈઓ (ખ) મરજિયાત જોગવાઈઓ

**(ક) ફરજિયાત જોગવાઈઓઃ**

(1) ગ્રામસભાની રચનાઃ ગ્રામસભા એટલે ગ્રામસ્તરે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલાં લોકોની બનેલી સંસ્થા. ગ્રામકક્ષાએ ગ્રામસભાની રચના કરવી આવશ્યક છે.

(2) જુદાં-જુદાં સ્તરે પંચાયતોની સ્થાપનાઃ ગ્રામ, તાલુકા અને જિલ્લા એમ ત્રણ સ્તરે પંચાયતની રચના થશે.આ રીતે દેશમાં ત્રણ સ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા અસ્તિત્વમાં આવશે.20 લાખ કરતા ઓછી વસ્તી ધરાવતાં રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં મધ્યવર્તી સ્તરે (તાલુકા કક્ષાએ) પંચાયતની રચના કરવી આવશ્યક નથી.

(3) પંચાયતની રચના અને તેનું બંધારણઃ પંચાયતના ત્રણેય સ્તરે સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ રીતે જ થશે પરંતુ અધ્યક્ષપદ માટેની ચૂંટણી ગ્રામપંચાયતને બાદ કરતાં મધ્યવર્તી (તાલુકા)કે જિલ્લાકક્ષાએ સીધી રીતે ચૂંટાયેલાં સભ્યો દ્વારા થશે.જયારે ગ્રામપંચાયત કક્ષાએ અધ્યક્ષની ચૂંટણી રાજયની વિધાનસભાએ પસાર કરેલા કાયદા હેઠળની જોગવાઈ મુજબ કરવામાં આવશે. ટૂંકમાં, તે રાજયની વિધાનસભાને આધીન રહેશે. આ ચૂંટણી પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ સ્વરૂપની હોઈ શકે છે. તેનો આધાર જે-તે રાજયની વિધાનસભાની જોગવાઈઓ પર રહેલો છે.

(4) અનામત બેઠકોઃ પંચાયતના ત્રણેય સ્તરે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો તેમની વસ્તીના પ્રમાણમાં રાખવામાંઆવશે. આ અનામત બેઠકોની કુલ સંખ્યાની 1/3 બેઠકો આ વર્ગની મહિલાઓ માટે અનામત રહેશે. તમામ સ્તરે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના ધોરણે અધ્યક્ષો માટે પણ અનામત બેઠક રહેશે જેમાં પણ એક તૃતીયાંશ મહિલાઓમાટેઆનામત રહેશે.

આમ, પંચાયતના દરેકસ્તરે સભ્યો અને અધ્યક્ષો એમ મળી તે કુલ બેઠકો પૈકી 1/3 બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. આવી બેઠકો પંચાયતના જુદાંજુદાં મતવિભાગમાં વારા ફરતી ફાળવવાની રહેશે.ઉપરાંત પંચાયતના કોઈપણ સ્તરેકે તમામ સ્તરેપછતવર્ગના પ્રતિનિધીત્વને લઈને સભ્યપદ કે અધ્યક્ષપદ માટે અનામત રાખવા માટેની જોગવાઈઓ રાજયની વિધાનસભા કરી શકે છે.

(5) મુદતઃપંચાયતોનો કાર્યકાળ તેની પ્રથમ બેઠકથી માંડીને પાંચ વર્ષ સુધીનો ગણવાનો રહેશે. પંચાયતોની બરખાસ્ત થયાની સ્થિતિમાં એટલે કે કોઈપણ સંજોગોમાં જો પંચાયતને બરખાસ્ત કરવાની થાય તો બરખાસ્ત થયાના છ માસની અંદર ચૂંટણી કરવી જરૂરી છે.

(6) રાજ્ય નાણાપંચની રચનાઃ પંચાયતોની આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે દરેક રાજ્યના રાજ્યપાલશ્રી દ્વારા દર પાંચ વર્ષે નાણાપંચની રચના કરવામાં આવશે. પંચાયતોની આર્થિક સ્થિતિ સુધારવા સંબંધી ભલામણો પંચ કરશે.

(7) પંચાયતોની ચૂંટણી સંબંધી જોગવાઈઃ પંચાયતોની ચૂંટણીઓ યોજવી, મતદારયાદી તૈયાર કરવી, ચૂંટણીઓ સંબંધી દેખરેખ અને નિયંત્રણની તમામ કામગીરી કરવી વગેરે બાબતો રાજ્ય ચૂંટણી પંચ અંતર્ગત રહેશે.આમ, રાજયની વિધાનસભાના કાયદાથી પંચાયતોની ચૂંટણી સંબંધી જોગવાઈઓ કરી શકાશે.

**(ખ) મરજિયાત જોગવાઈઓઃ**

રાજ્યની વિધાનસભાની મરજી આધીન બાબતોને મરજિયાત જોગવાઈ હેઠળ સમાવી શકાય. 73માં બંધારણીય સુધારામાં આવી બાબતોનો માત્ર ઉલ્લેખકરવામાં આવ્યો છે. કારણકે તે જે-તે રાજ્યની મરજી મુજબ કરવાની થાય છે.

(1) **પંચાયતના સ્તરોનું નામકરણઃ** પંચાયતના ત્રણેય સ્તરોના નામ શું રાખવા તે અંગેનો નિર્ણય રાજ્યની વિધાનસભાએ કરવાનો છે. માટે જ દરેક રાજ્યોમાં પંચાયતોના નામ એક સમાન નથી.નીચલા સ્તરે ક્યાંક 'વિલેજ' પંચાયત છે તો ક્યાંક 'ગ્રામપંચાયત'છે. મધ્યવર્તી સ્તર પર કયાંક 'પંચાયતસમિતિ' છે તો ક્યાંક 'ક્ષેત્ર પંચાયત', મંડળ પંચાયત' તો ક્યાંક 'તાલુકા પંચાયત' છે. જિલ્લા સ્તરે કયાંક 'જિલ્લા પંચાયત' છે તો ક્યાંક 'જિલ્લા પરિષદ' છે.

(2) **પંચાયતના અધ્યક્ષોનું નામકરણઃ**અધ્યક્ષોના નામ અંગેની સત્તા પણ રાજયની વિધાનસભાને સોંપવામાં આવી છે તેથી અધ્યક્ષોના નામની બાબતમાં પણ દરેક રાજ્યોમાં સમાનતા જોવા મળતી નથી. ક્યાંક ગ્રામકક્ષાએ અધ્યક્ષનું નામ 'પ્રધાન'છે તો આ કયાંક 'સરપંચ' છે. મધ્યવર્તી સ્તર પર અધ્યક્ષને ક્યાંક 'પ્રમુખ' કહે છે તઓ ક્યાંક 'પ્રધાન' કહે છે.

**(3) પંચાયતોની રચના**

(I) ગ્રામ પંચાયતના સ્તર પર અધ્યક્ષની ચૂંટણી પ્રત્યક્ષ રીતે કરવી કે અપ્રત્યક્ષ રીતે કરવી તે રાજ્યની વિધાનસભાની મરજીને આધીન રાખવામાં આવેલ છે.

(II) ગ્રામ પંચાયતના અધ્યક્ષોનું પ્રતિનિધિત્વ મધ્યવર્તી સ્તર પર રાખવું કે નહી ? આવી જ રીતે મધ્યવર્તી સ્તરના અધ્યક્ષોનું પ્રતિનિધિત્વ ઉચ્ચ સ્તરે એટલે કે જિલ્લા સ્તરે રાખવું કે નહી તે અંગેનીજોગવાઈરાજ્યની વિધાનસભાને આધીન છે.

(III) પંચાયતના મધ્યવર્તી કે ઉચ્ચસ્તરના (જિલ્લા સ્તરના) સભ્યપદે સાંસદ તેમજ ધારાસભ્યનું હોવું રાજ્યની વિધાનસભાની મનસૂફી પર છે.

(4) **સત્તા અને અધિકારોઃ** પંચાયતોને સ્વાયત્ત રીતે કાર્ય કરવામાંસક્ષમ બનાવવામાટે રાજ્યની વિધાનસભાએ કાયદા દ્વારા તમામ સત્તાઓ અને અધિકારો આપવાના રહેશે. કાયદા દ્વારા નિર્દિષ્ટ જોગવાઈ અનુસાર પંચાયતોએ આર્થિક વિકાસ તેમજ સામાજિક ન્યાય અંગેની યોજનાઓ તૈયાર કરવાની રહેશે.તેમજ તેનું અમલીકરણ કરાવવાનું રહેશે. બંધારણના પરિશિષ્ટ -11 માં અપાયેલી 29 જેટલા વિષયની સૂચિને યોજના ઘડતી વખતે ધ્યાનમાં લેવાની રહેશે.

પંચાયતના ત્રણ સ્તર ઉપરાંત ગ્રામસભાના અધિકારો અને સત્તાની બાબતો પણ રાજ્યની વિધાનસભાને આધીન રહેશે.

(5) **નાણાંકીય ભંડોળ :** રાજ્યની વિધાનસભાના કાયદા દ્વારા કરેલી જોગવાઈઓને આધીન પંચાયતોને કરવેરા, જકાત, ટોલ ફી વગેરે ઉઘરાવવાની તથા ઉપયોગ કરવાની સત્તા રહેશે. ઉપરાંત પંચાયતોએ રાજ્ય સરકારના એકત્રિત ભંડોળમાંથી સહાય અનુદાન મેળવવાનું રહેશે.

(6) **પંચાયતના હિસાબોનું ઑડિટઃ** પંચાયતોના હિસાબોનું ઓડિટ કરવાનું પણ રાજ્યની વિધાનસભા દ્વારા કરેલી જોગવાઈઓને આધીન રહેશે.

આ બધી બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે, પંચાયતોને સત્તા અને અધિકાર આપવાની સંપૂર્ણ જવાબદારી રાજ્યસરકારને શિરે મૂકવામાં આવી છે. માટે જે મોટા ભાગની રાજ્ય સરકારોએ અત્યંત અનિવાર્ય એવી જોગવાઈઓને સામેલ કરીને અગાઉની જોગવાઈઓ ને જ પંચાયતીરાજ અધિનિયમ હેઠળ સમાવી લીધેલ છે.

અહીં નોંધનીય છે કે પંચાયતોને પોતાના અધિકાર તથા સત્તાના ભોગવટા માટે પર્યાપ્ત નાણાંકીય ભંડોળ જરૂરી છે. ત્યારે જ આ સંસ્થાઓ સક્ષમ તેમજ સ્વાયત્ત બની શકે. બંધારણીય સુધારામાં પણ આ અંગેની જોગવાઈનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે.

(7) **પંચાયતોનું ચાલુ રહેવું :** 73માં બંધારણીય સુધારા અધિનિયમને ધ્યાનમમાં રાખીને તે અનુસાર એક વર્ષની અંદર તમામ રાજ્યોએ પોતાના પંચાયત અધિનિયમોમાં સુધારો કરવાનો રહેશે. રાજ્યમાં અમલમાં હોય તેવી જોગવાઈઓ બંધારણીય સુધારાને અનુરૂપ રીતે સુધારવામાં ન આવે ત્યાંસુધી અમલમાં રહેશે. પરંતું આવી વ્યવસ્થા પંચાયતોની મુદત પૂરી થાય ત્યાંસુધી અથવા એક વર્ષની અંદર. આમ બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી જ અમલમાં રહેશે.

## 9.5 પંચાયતોની જોગવાઈઓ (અનુસૂચિત/આદિવાસી વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ,1996

73માં બંધારણીય સુધારા વિધેયક દ્વારા પંચાયતોનો સમાવેશ ભારતીય બંધારણના ભાગ-9 માં કરવામાં આવ્યો છે. આ વિધેયકનો મુખ્ય હેતુ પંચાયતની રાજની સંસ્થાઓના પાયાના મૂલ્યોને વધુ સુનિશ્ચિત અને સાતત્યપૂર્ણ બનાવવાનો છે તેમજ પંચાયતની સંસ્થાઓને વાસ્તવિક સત્તા પ્રદાન કરી સાચા અર્થમાં શક્તિશાળી બનાવવાનો છે. આ73માં બંધારણીય સુધારા અધિનિયમ 24 એપ્રિલ 1993 ના રોજ લાગૂ થઈ ગયો હતો પરંતુ આદિવાસી-અનુસૂચિત ક્ષેત્રોને આ સુધારાની જોગવાઈઓ લાગુ થતી ન હતી. 73માં બંધારણીય સુધારા અધિનિયમના અનુચ્છેદ-243 –એમ ની પેટા કલમ –(1) માં એવી જોગવાઈ છે કે આ સુધારા દ્વારા બંધારણમાં જે ભાગ-9 ઉમેરાયો છે એ ભાગ દેશના અનુસૂચિત વિસ્તારો અને આદિવાસી વિસ્તારોનેલાગુ પડશે નહીં. આમ છતા આ જ અનુચ્છેદ 243 –એમ (4) ની પેટા કલમ – 4(બી) માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે સંસદ કાયદો પસાર કરીને નિર્દિષ્ટ અપવાદો અને ફેરફારોને અધીન રહીનેઆભાગની જોગવાઈઓ અનુસૂચિત વિસ્તારો અને આદિવાસી વિસ્તારોને લાગુ પાડી શકશે. અને આવો કાયદો ભારતીય બંધારણના અનુચ્છેદ-368 અનુસાર બંધારણીય સુધારો ગણાશે નહી. આમુદ્દાને ધ્યાને લઈ 73માં બંધારણીય સુધારાનાલાભોને અનુસૂચિત ક્ષેત્રો તથા આધિવાસી સમુદાય સુધી પહોંચાડવાના હેતુસર જૂન 1994માં સાંસદ શ્રી દિલીપસિંહ ભૂરિયાના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ ભૂરિયા સમિતિ તરીકે પણ ઓળખાય છે. ભૂરિયા સમિતિએ 1995માં પોતાનો અહેવાલ સરકારને સુપ્રત કર્યો. આ સમિતિની ભલામણોના અનુસંધાનમાં સંસદમાં પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તરણ) વિધેયક રજૂ કરવામાં આવ્યું . જેને રાજ્યસભાએ 12 ડિસેમ્બર 1996 તથા લોકસભાએ 19 ડિસેમ્બર,1996 માં પસાર કરી દીધું. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ આ વિધેયક 24 ડિસેમ્બર,1996 થી લાગુ થઈ ગયું.

### 9.5.1 પંચાયતોનીજોગવાઈઓ (અનુસૂચિત/આદિવાસી વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ,1996ની વિશેષતાઓ

73 મો બંધારણીય સુધારો

ભારતના આદિવાસી પ્રભુત્વ ધરાવતાં આઠ રાજયો જેવાં કે, આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા તથા રાજસ્થાન રાજયની બંધારણના ભાગ-9ની જોગવાઈઓને પોતાના પ્રદેશોમાં લાગુ કરવાની માંગણીઓ હતી જેથી કરીને ત્યાં પણ પંચાયતીરાજની સંસ્થાઓ સ્થાપી શકાય.આ અધિનિયમ હેઠળ રાજયસરકારોએ એક વર્ષના સમયગાળા દરમિયાન એટલે કે 23 ડિસેમ્બર, 1997 થી પોતાના કાયદાઓ ઘડવાના થતા હતા. આમ, તો આ અધિનિયમનો મુખ્ય હેતુ આદિવાસીઓને સુરક્ષા પ્રદાન કરવાનો છે. આ અધિનિયમની વિશેષતાઓ આ મુજબ છે.

(1) રાજયની વિધાનસભા દ્વારા પંચાયત સંબંધી ઘડવામાં આવનાર કાયદાઓ સામાજિક અને ધાર્મિક રિવાજો તથા સમુદાયની પારંપરિક વ્યવસ્થાને અનુરૂપ હોવા જોઈએ.

(2) ગામ એટલે જયાં વસાહત કે વસાહતોનો સમૂહ હોય, પરા કે પરાનાં સમૂહનો સમાવેશ થતો હોય ત્યાંવસત્તો સમાજ પોતાના આચાર-વ્યવહાર પરંપરાગત રીત-રિવાજ અનુસાર કરતાં હોય.

(3) દરેક ગામમાં એક ગ્રામસભા હશે. ગ્રામ પંચાયત માટેની મતદાર યાદીમાં નોંધાયેલા તમામ મતદારો આ ગ્રામસભાના સભ્ય ગણાશે.

(4) દરેક ગ્રામસભા પરંપરાઓ, તેમની સંસ્કૃતિ, ઓળખ, સામુદાયિક સંશોધનો- સંપત્તિ તથા વિવાદોનો ઉકેલ લાવવાની પોતાની પરંપરાગત પધ્ધતિને જાળવી રાખવા સક્ષમ હશે.

(5) કોઈપણ ગ્રામપંચાયત સામાજિક અને આર્થિક વિકાસ માટેના કાર્યક્રમો અને યોજનાઓને અમલમાં મૂકે તે પૂર્વે તેને ગ્રામસભાની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. ઉપરાંત ગરીબી નિવારણ તથા અન્ય કાર્યક્રમો હેઠળના લાભાર્થીઓની ઓળખ કરી પસંદગી કરવાની રહેશે. પંચાયતોએ આ કાર્યક્રમો તથા યોજનાઓ માટે વપરાયેલ ભંડોળના વપરાશ બાબતનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી મેળવવાનું રહેશે.

(6) પ્રત્યેક પંચાયતમાં અનામત બેઠકોનું પ્રમાણ સંબંધિત સમુદાયોની વસ્તીના ધોરણે રાખવાનું રહેશે. જયારે અનુસૂચિત જનજાતિઓ માટે આ અનામત બેઠકો કુલ બેઠકોના પચાસ ટકા કરતા ઓછી રાખી શકાશે નહી.આ ઉપરાંત પંચાયતના બધા જ સ્તરો પર અધ્યક્ષપદ અનુસૂચિત જનજાતિ માટે અનામત રહેશે.

(7) મધ્યવર્તી સ્તર (તાલુકા કક્ષા) કે જિલ્લાકક્ષાએ અનુસૂચિત જનજાતિનું પ્રતિનિધિત્વ ના હોય તેવા સંજોગોમાં રાજયસરકારા દ્વારા અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓની નિમણૂંક કરી શકાશે. પરંતુ આ પ્રતિનિધિત્વનું પ્રમાણ પંચાયતમાં ચૂંટાયેલાં કુલ સભ્યોના 1/10 ભાગ કરતાં વધારે હોવું જોઈએ નહી.

(8) અનુસૂચિત વિસ્તારોમાં ચાલતી વિકાસ યોજના કે અન્ય યોજનાની અસરથી વિસ્થાપિતોના પુર્નવસન માટે જમીન સંપાદન કરતાં પહેલાં ગ્રામસભા અથવા તો પંચાયતના યોગ્ય સ્તર સાથે સલાહ- મસલત કરવાની રહેશે. અનુસૂચિત વિસ્તારોમાં યોજનાઓના આયોજન અને તેના અમલીકરણ જેવી બાબતોનું સંકલનકાર્ય પણ રાજયસ્તરે કરવાનું રહેશે.

(9) અનુસૂચિત વિસ્તારોમાં ભાડાપટ્ટે ગૌણ ખનિજો મેળવવાના પરવાના મેળવતાં પહેલા ગ્રામસભા કે યોગ્ય સ્તરની પંચાયતોની ભલામણ હોવી અનિવાર્ય છે.

(10) અનુસૂચિત વિસ્તારોમાં ગૌણ ખનિજો સંબંધી છૂટછાટ મેળવવા ગ્રામસભા કે યોગ્ય સ્તરની પંચાયતોની ભલામણ ફરજિયાતપણે જરૂરી છે.

(11) અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતોને સ્વશાસનની સંસ્થાઓ તરીકે સક્ષમ બનાવવા જરૂરી સત્તાઓ અને અધિકારો આપવાની સાથે-સાથે રાજ્યની વિધાનસભાએ ગ્રામસભા તથા પંચાયતોના વિવિધ સ્તરે નીચે મુજબના કેટલાંક અધિકારો પણ સુનિશ્ચિત કરવાનાં રહેશે.

**(ક)**કોઈપણ માદક પદાર્થના વપરાશ અને વેચાણ પર નિયમન તથા નિયંત્રણની સત્તા

**(ખ)** ગૌણ વનપેદાશો પર માલિકી

**(**ગ) અનુસૂચિત વિસ્તારોમાં જમીનનું હસ્તાંતરણ રોકવાનો અધિકાર તથા ગેરકારયદેસર રીતે હસ્તાંતરિત થયેલી કોઈપણ જમીનને પાછી મેળવવા માટે યોગ્ય કાર્યવાહી કે પગલાં લેવાની સત્તા

**(**ઘ) ગામની બજાર વ્યવસ્થાનું સંચાલન કરવાની સત્તા

(ચ)અનુસૂચિત જનજાતિઓને વ્યાજે નાણાં ધીર-ધારની પ્રક્રિયા ઉપર નિયંત્રણ કરવાની સત્તા

(છ) સામાજિક ક્ષેત્રની તમામ સંસ્થાઓ અને કાર્યકર્તાઓ પર નિયંત્રણ કરવાની સત્તા

**(**જ) આદિવાસીઓ માટેની સ્થાનિક પેટા યોજનાઓ સહિત કાર્યકર્તાઓ પર નિયંત્રણની સત્તા

(12)રાજ્યની વિધાનસભાએ પંચાયતોને સ્વશાસનની સંસ્થાઓ તરીકે સમર્થ બનાવવા માટે જરૂરી સત્તાઓ અને અધિકારો આપતી વખતે એ બાબતની તકેદારી રાખવાની છે કે ઉચ્ચ સ્તરની પંચાયત નીચેની સ્તરની પંચાયતો અને ગ્રામસભાની સત્તાઓ અને અધિકારો પોતાના હસ્તગત ન કરે.

(13) રાજયની વિધાનસભાએ અનુસૂચિત વિસ્તારોમાં આવેલી જિલ્લા સ્તરની પંચાયતોની વહીવટી વ્યવસ્થાને બંધારણની છઠ્ઠી અનુસૂચિની જોગવાઈઓ અનુસાર કરવાની કોશિશ કરવાની રહેશે.

- **નિષ્કર્ષ:**

73મો બંધારણીય સુધારો તથા તેના વિસ્તરણ અંગેનો અધિનિયમ, 1996 કે જે અનુસૂચિત ક્ષેત્રો સંબંધી છે તેની વિશેષતાઓનો અભ્યાસ કર્યો. આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે 73મો બંધારણીય સુધારા અધિનિયમ અંતર્ગત પંચાયતોને જરૂરી સત્તા અને અધિકારો આપીને રાજ્ય વિધાનસભાની મરજી પર છોડવામાં આવેલ છે. આ અર્થમાં રાજ્ય સરકાર હસ્તક સત્તા રહે છે. જ્યારે 73માં બંધારણીય સુધારણા વિસ્તરણ અધિનિયમ,1996 હેઠળ આદિવાસીઓને પોતાના ક્ષેત્રોના વિકાસ અર્થે યોજના ઘડવા તથા તેનો અમલ કરવા ઉપરાંત ખનિજ, જળ, જમીન વગેરે પર માલિકીપણું પણ આપવામાં આવ્યું છે. આમ, આ બંને અધિનિયમોનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો જણાય છે કે અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતની જોગવાઈઓ અધિનિયમ, 1996, 73માં બંધારણીય સુધારાની જોગવાઈઓ કરતા વિશેષ પ્રગતિશીલ અને અસરકારક જણાય છે.

## 9.6 73માં બંધારણીય સુધારાની સિધ્ધિઓ

73માં બંધારણીય સુધારાની કેટલીક સિધ્ધિઓ વિશેષ નોંધપાત્ર છે. જે આ મુજબ છેઃ-

- 73 મો બંધારણીય સુધારા અધિનિયમથી પંચાયતી રાજ વ્યવસ્થાને અપેક્ષિત બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો. અશોક મહેતા સમિતિની ભલામણનો વાસ્તવિક અમલ થતો આમાં નજરે ચઢે છે. આ ઉપરાંત સિંઘવી સમિતિ, શ્રી જયપ્રકાશ નારાયણ તથા અનેક વિચારશીલો, કર્મશીલો અને મહાનુભાવોએ પણ પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય દરજ્જો આપવાની હિમાયત કરી હતી. જે ફળીભૂત થઈ.
- સમાજના છેવાડાના તથા વંચિત વર્ગના લોકો માટે નિર્ણાયક એવો સ્થાનિક સત્તા સ્થાનોના પ્રવેશદ્વાર ખોલી આપ્યા છે. વિશેષ કરીને ગ્રામીણ મહિલાઓને સ્થાનિક સ્વશાસનમાં ભાગીદારી કરવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ.
- ગ્રામસભાની રચના થતાં આયોજનની પ્રક્રિયામાં તમામ લોકોની ભાગીદારી શક્ય બની છે.
- લોકશાહીના પાયાના મૂલ્યોનું સંવર્ધન થાય તેવી પ્રણાલીને વિકસવાની તક પ્રાપ્ત થઈ છે. લોકોની ભાગીદારી પ્રાપ્ત કરવી આવશ્યક અંગ બન્યું છે.
- ગામમાં ઉચ્ચ તથા પછાત જાતિઓના સતત ચાલતા સંઘર્ષ વચ્ચે પણ આ બંને જાતિઓ લોકશાહી ઢબે ચૂંટણીમાં ભાગ લે છે. આ રીતે જાતિગત મુદ્દાઓ ધીમે-ધીમે હાંસિયામાં ધકેલાતા જોવા મળે છે. આમ, સમન્વયની ભાવના મજબૂત થાય છે.
- કેન્દ્ર સરકાર તથા અમુક રાજ્ય સરકારોએ પંચાયતોને શક્તિશાળી બનાવવા માટે કેટલાંક આવકારદાયક પગલાં લીધાં છે. જેમકે, જે રાજ્ય પંચાયતોને ઉપયુક્ત અધિકારો અને સત્તા પ્રદાન નહીં કરે તથા નિયમિત સમયાનુસાર પંચાયતોની ચૂંટણી નહીં યોજે તેમને ગ્રામીણ રોજગાર યોજનાઓની કુલ રાશિ પૈકીની વીસ ટકા રાશિ અટકાવવામાં આવશે. આમ, આવાં નાણાંકીય અને વહીવટી નિર્ણયો પંચાયત મજબૂત બનાવવા રાજ્ય સ્તરના નેતૃત્વ અને અમલદરશાહીને બંધનકર્તા બનાવે છે.
- જેમ-જેમ નીચલા સ્તરે પંચાયત પ્રતિનિધિ સક્ષમ થતા જશે તેમ-તેમ રાજ્ય અને કેન્દ્ર કક્ષા પાસે પંચાયતોને વધુ સુદૃઢ બનાવવાની માંગણી કરશે એવી આશા રાખી શકાય.
- નિયમિત ચૂંટણીઓની જોગવાઈને કારણે પંચાયતોને એક પ્રકારની ચોક્કસ ઓળખ તથા નિશ્ચિતતા પ્રાપ્ત થઈ છે.
- સશક્ત, પ્રભાવી અને જવાબદેહી પંચાયતીરાજ વ્યવસ્થા સ્થાપિત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ગણાવી શકાય. કારણ કે આ વ્યવસ્થામાં સમાજના તમામ વર્ગોની હિસ્સેદારી અભિપ્રેત છે. જે ભારતીય લોકશાહીને સુદૃઢ બનાવવામાં અર્થપૂર્ણ સાબિત થશે.

## 9.7 73માં બંધારણીય સુધારાની ખામીઓ

- સ્થાનિક સ્વશાસનને મજબૂતી પ્રદાન કરનાર ગ્રામસભાની સત્તા અને ફરજોને રાજ્યની વિધાનસભાને આધીન બનાવીને નિર્બળ બનાવી દીધી છે.
- ધારાસભ્યો તથા સંસદ સભ્યોને પંચાયતોમાં પ્રતિનિધિત્વ આપવાની જોગવાઈ કરીને સ્થાનિક સ્વશાસનની સ્વતંત્રતા પર મહદ અંશે તરાપ મૂકાઈ છે.

- 73માં બંધારણીય સુધારામાં ન્યાય પંચાયતોનો ઉલ્લેખ સરખો થયો નથી. પંચાયતોની ન્યાય વિષયક સત્તાઓની સદંતર અવગણના થઈ છે. ન્યાયતંત્ર વગર સ્થાનિક સ્વશાસન મજબૂત કઈ રીતે બની શકશે? આ મુદ્દો વિચારણા માગી લે છે.
- ગ્રામપંચાયતોના અધ્યક્ષોનું પ્રતિનિધિત્વ મધ્યવર્તી સ્તર પર તથા મધ્યવર્તી સ્તરના અધ્યક્ષોનું પ્રતિનિધિત્વ ઉચ્ચ સ્તરે (જિલ્લા સ્તરે) રાખવાની જોગવાઈનો વાસ્તવિક અમલ પોકળ સાબિત થઈ રહ્યો છે કારણકે, પંચાયતના જુદા-જુદા સ્તરને એકબીજા સાથે સાંકળવાની પ્રક્રિયા દષ્ટિગોચર થતી નથી.
- પંચાયતના ત્રણ સ્તરોમાં ઉચ્ચ સ્તરની પંચાયત નીચલા સ્તરની પંચાયતોને વધુ નાણા કે સત્તા ફાળવવાની તરફેણમાં હોતી નથી. આ રીતે સત્તાના વિકેન્દ્રીકરણમાં પણ અનેક અવરોધો સર્જાય છે.
- રાજયની વિધાનસભાએ કાયદા દ્વારા ગમે તેટલી સારી જોગવાઈઓ કરી હોય પરંતુ જો તેને અમલદારશાહી દ્વારા યોગ્ય રીતે અમલમાં મૂકવામાં ન આવે તો સારી જોગવાઈઓનો કોઈ અર્થ સરે નહીં. વળી, સરકારી હુકમો કેટલીક વાર એટલા બધા અસ્પષ્ટ અને અસંદિગ્ધ હોય છે કે તેનું યોગ્ય અર્થઘટન થતું નથી અને ગુંચવાડા સર્જાય છે.
- પંચાયતોને સશક્ત તથા સક્ષમ બનાવતી સત્તાને રાજયના અધિકારક્ષેત્ર હેઠળ સમાવીને સત્તાના વિકેન્દ્રીકરણ અંગે પ્રશ્નાર્થ ઊભા કર્યા છે.એટલું જ નહી પરંતુ કેટલીક જગ્યાએ ચૂંટાયેલાં પ્રતિનિધિઓ ઉપર સરકારી અધિકારીઓનું કડક નિયંત્રણ ચાલુ રહે તેવા પ્રયત્નો હાથ ધરાયાનું માલુમ પડ્યું છે.

## 9.8 સારાંશ

73માં બંધારણીય સુધારા અધિનિયમનો અભ્યાસ દર્શાવે છે કે, આમાં ફરજિયાત અને મરજિયાત એમ બે પ્રકારની જોગવાઈઓનો ઉલ્લેખ છે. ફરજિયાત જોગવાઈઓમાં જુદાં-જુદાં સ્તરના પંચાયતો અને તેની રચના, પછાતવર્ગ તથા મહિલાઓ માટે અનામત બેઠકો, ગ્રામસભાની રચના, રાજય નાણાપંચ તથા ચૂંટણીપંચની રચનાવગેરેનો સમાવેશ થાય છે. મરજિયાત જોગવાઈઓમાં મુખ્યત્વે પંચાયતોના અધિકારો તથા સત્તાઓ સમાવિષ્ટ છે જેમને રાજયની વિધાનસભાને આધીન બનાવવામાં આવેલ છે. આ માટે જ રાજય સરકારોએ ફરજિયાત જોગવાઈઓને તો લાગુ કરી દીધી પરંતુ સત્તા અને અધિકારો સંબંધી જોગવાઈઓને રાજય પંચાયત ધારામાં પૂર્વે નિર્દિષ્ટ એવી અગાઉની જોગવાઈઓ અનુસાર જેમની તેમ જ લાગુ કરી દીધી એટલે 73મો બંધારણીય સુધારા અધિનિયમ લાગુ થયો હોવા છતાં પરિસ્થિતિમાં વિશેષ કોઈ ફરક પડતો જોવા મળતો નથી. અનુભવે એવું જણાયું છે કે 73 માં બંધારણીય સુધારો આવ્યો હોવા છતાં પણ પંચાયતોને વિશેષ કોઈ સત્તા કે અધિકારો સાંપડ્યા નથી.

પંચાયતોની જોગવાઈઓ (અનુસૂચિત/આદિવાસીવિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ,1996 ચોક્કસપણે એક પ્રગતિશીલ અધિનિયમ તરીકે ગણાવી શકાય.કારણકે, તેમાં ગ્રામસભાની સત્તા અને અધિકારોને રાજયની વિધાનસભાને આધીન બનાવવાને બદલે અધિનિયમમાં જ સ્પષ્ટપણે જોગવાઈઓ કરી દીધી છે. આ અર્થમાં તેની અસરકારકતા તથા પ્રભાવ વિશેષ છે. જો કે, અત્યાર સુધીમાં સાચા અર્થમાં આ અધિનિયમ સંપૂર્ણપણે કોઈ પ્રદેશમાં લાગુ કરવામાં આવ્યો નથી.

## 9.9 ચાવીરૂપ શબ્દો

- અધિનિયમ (Act) - કાયદો
- બંધારણીય સુધારો (Constitutional Amendment)- ભારતના મૂળ બંધારણમાં કરવામાં આવતો સુધારો
- અનુસૂચિત જનજાતિ (Scheduled Tribe) - આદિવાસી જાતિ

## 9.10 કેટલાક ઉપયોગી પુસ્તકોઃ


- શાહ રમેશ મ. અને ડો. બલદેવ આગજા (2013), 73માં બંધારણીય સુધારા પશ્ચાદ ભારતમાં પંચાયતી રાજ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- વૈષ્ણવ બિપીનચંદ્ર, (2007), ગુજરાત પંચાયત ધારો-1993, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ.
- Palanitharai G(2008)'Dynamics Of New Panchayati Raj System In India Concept Publishing Company, New Delhi.

# એકમ-10 74 મો બંધારણીય સુધારો

રૂપરેખા

10.0 ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 શહેરી સ્થાનિક સંસ્થાઓનો વિકાસ
10.3 શહેરી સ્થાનિક સંસ્થાઓના પ્રકાર
10.4 74 માં બંધારણીય સુધારાના ઉદ્દેશો
10.5 74 માં બંધારણીય સુધારાની જોગવાઈઓ
10.6 74 માં બંધારણીય સુધારાની મર્યાદાઓ અને સિદ્ધિઓ
10.7 પંચાયતીરાજમાં મહિલા અનામતની ભૂમિકા
10.8 પંચાયતીરાજમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની અનામતની ભૂમિકા
10.9 સારાંશ
10.10 ચાવીરૂપ શબ્દો
10.11 સંદર્ભ સૂચિ
10.12 તમારી પ્રગતિ ચકાસો
10.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 10.0 ઉદ્દેશો :

આ એકમ 74માં બંધારણીય સુધારાથી નીચેની બાબતોથી માહિતગાર થશો.

- નગરપાલિકા વિશે માહિતી મેળવી શકશો.
- 74માં બંધારણીય સુધારાની જોગવાઈઓ, સિદ્ધિઓ અને મર્યાદાઓ વિષે જાણી શકશો.
- પંચાયતીરાજમાં મહિલા અનામત, અનુસૂચિત જાતિ અને જનજાતિની અનામત વિશે માહિતી મેળવી શકશો.

## 10.1 પ્રસ્તાવના

ભારતમાં પંચાયતીરાજના ખ્યાલ સાથે-સાથે 73 મો બંધારણીય સુધારો અમલમાં આવ્યો અને ગાંમડાઓમાં વિકાસ થયો. તેની સાથે - સાથે 74 મો બંધારણીય સુધારો પણ 1993 માં અમલમાં આવ્યો. જે શહેરી સ્થાનિક સરકાર સાથે જોડાયેલો છે. જેમાં નગરપાલિકાઓ સાથે સંબંધ ધરાવે છે. જે રીતે પંચાયતીરાજ ના સ્તરીય માળખાના આધારે ગામડાઓનો વિકાસ થયો. તેજ રીતે શહેરોનો પણ વિકાસ થાય તે માટે આ સુધારો અમલમાં આવ્યો. આ એકમમાં 74માં બંધારણીય સુધારામાં તેની જોગવાઈઓ, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, સિદ્ધિઓ અને મર્યાદાઓનો અભ્યાસ આ એકમમાં કરીશું.

## 10.2 શહેરી સ્થાનિક સંસ્થાઓનો વિકાસ :

ભારતમાં સ્થાનિક સરકારનો ઈતિહાસ જોઈએ તો ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના થઈ ત્યારથી માનવામાં આવે છે. જેનો વિગતે જોઈએ તો ઈ.સ. 1687 માં ભારતમાં પ્રથમ મહાનગરપાલિકાની સ્થાપના મદ્રાસમાં થઈ ત્યારપછી ઈ.સ. 1726 માં ક્રમશઃ મુંબઈ અને કલકત્તામાં પણ તેની રચના થઈ. લોર્ડ રિપન દ્વારા ઈ.સ. 1882 માં પંચાયતીરાજ માટે એક પ્રસ્તાવ પ્રસાર કરવામાં આવ્યો અને લોર્ડ રિપનને ભારતના

''સ્થાનિક સ્વરાજના પિતા'' તરીકે ઓળખવામાં આવ્યા. આઝાદી પછી 1989માં રાજીવગાંધી સરકાર દ્વારા 65 માં બંધારણીય સુધારા દ્વારા શહેરી પંચાયતીરાજ માટે પ્રયત્ન કરવામાં આવ્યા. પરંતુ તે નિષ્ફળ ગયા, ત્યાર પછી પી.વી. નરસિંહરાવ સરકારે 74માં બંધારણીય સુધારા દ્વારા 1 જૂન 1993 થી ભારતમાં શહેરી સ્થાનિક સંસ્થાઓનો બંધારણીય સમય શરૂ થયો. જેથી બંધારણમાં ભાગ 9 (A) ઉમેરવામાં આવ્યું. જેનું નામ 'નગરપાલિકા' આપવામાં આવ્યું. આ ભાગમાં અનુચ્છેદ 243(P) or (ધ) થી 243 (ZG) or (વજ) ઉમેરવામાં આવી તથા બંધારણમાં એક નવી અનુસૂચિ – 12 પણ ઉમેરવામાં આવી જેમાં 18 વિષયોની યાદી આપી.

નીચેના સ્થાનિક નગરશાસન પર સમિતિઓ અને પંચ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

| ક્રમ | વર્ષ | સમિતિનું નામ | નામ |
|---|---|---|---|
| | 1994 - 51 | સ્થાનિક નાણા સમિતિ | પી.કે. વટ્ટાલ |
| | 1953 - 54 | કરારો પર તપાસ સમિતિ | જોન મથાઈ |
| | 1963–65 | નગરપાલિકાના કર્મચારીઓના પ્રશિક્ષણ પર સમિતિ | નુરૂદ્દીન અહમદ |
| | 1963 – 66 | ગ્રામીણ નગરીય સંબંધી સમિતિ | એ.પી. જૈન |
| | 1963 | સ્થાનિક નગરનિગમોના નાણાંકીય સંશાધનોના સંવર્ધન માટે મંત્રીઓની સમિતિ | રફીક જકારીયા |
| | 1965 – 68 | નગરપાલિકા પર કર્મચારીઓની કાર્યદશાઓ પર સમિતિ | - |
| | 1974 | નગર પ્રશાસન પર બજેટ સુધારણા પર સમિતિ | ગિરીજાપતિ મુખરજી |
| | 1982 | સ્થાનિક નગર પંચાયત તથા નગર પરિષદની શક્તિઓ તથા કાયદા પર સંબંધી અધ્યયન | કે.એન. સહાય |
| | 1985- 88 | નગરીકરણ પર રાષ્ટ્રીય પંચ | સી. એન. કુરિયા |

## 10.3. શહેરી સ્થાનિક સંસ્થાઓના પ્રકાર

નગરપાલિકાઓનું બંધારણ ત્રણ પ્રકારનું હોય છે. નગર પંચાયત (Notified Area Council), નગરપાલિકા પરિષદ (Municipal Council) અને મહાનગરપાલિકા (Municipal Corporation)

- ❖ **નગર પંચાયત**

જે વસાહતો ગ્રામ વસાહતોમાંથી શહેર વસાહતોમાં પરિવર્તિત થતી હોય અથવા ન શહેર કે ન ગામડું કહેવાતું હોય એવી સંક્રાંતિકાળમાં હોય એવા નગરમાં નગર પંચાયતો હોય છે. સામાન્ય રીતે 25,000 થી વધુ વસ્તીવાળા નગરમાં નગરપાલિકાના અધ્યક્ષ હોય છે. નગરપંચાયતના વહીવટી વડા ચીફ ઓફિસર હોય છે.

❖ **નગરપાલિકા પરિષદ**

નાના શહેરોમાં નગરપાલિકા પરિષદની જોગવાઈ કરવામાં આવી છે. સામાન્ય રીતે 1,00,000 થી 10,00,000 ની વસ્તી ધરાવતા વિસ્તારમાં નગરપાલિકા પરિષદ હોય છે. ગુજરાતમાં 164 નગરપાલિકાઓ આવેલી છે.

❖ **મહાનગરપાલિકા**

સામાન્ય રીતે મોટા શહેરોમાં મહાનગરપાલિકા હોય છે. વસ્તી-ગીચતા, શહેરની આવક, ઉદ્યોગો તથા આર્થિક મહત્વ ધરાવતા શહેર કે જેને સરકાર મહાનગરપાલિકા તરીકે જાહેર કરે ત્યાં મહાનગરપાલિકા રચવામાં આવે છે. સામાન્ય રીતે 10,00,000 ની વસ્તી વધુ હોય ત્યાં મહાનગરપાલિકા રચાય છે. મેયરની ચૂંટણી દર 2.5 વર્ષે કરવામાં આવે છે. તેના વહીવટી વડા મ્યુનિસિપલ કમિશનર હોય છે. ગુજરાતમાં 8 મહાનગરપાલિકાઓ છે. જેમાં અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર. ગ્રામપંચાયતની ચૂંટણીની જેમ જ અહીં પણ નગરપાલિકા વિસ્તારમાં આપેલા મતદારયાદીમાં નામ હોય તેવા મતદાતા દ્વારા ચૂંટણી થાય છે. નગરપાલિકાની મુદ્દત 5 વર્ષની હોય છે. તે પહેલા પણ વિસર્જન કરી શકાય છે. વિસર્જન પછી 6 માસમાં ચૂંટણી કરવી ફરજીયાત છે. તેની ચૂંટણી રાજ્ય ચૂંટણીપંચ કરાવે છે. નગરપાલિકા બંધારણની અનુસૂચિ–12 માં આવેલાં18 વિષયો માટે કાર્ય કરે છે. નગરપાલિકાઓની મુખ્ય બે સમિતિઓ હોય છે. (1) જિલ્લા આયોજન સમિતિ (2) મહાનગર આયોજન સમિતિ

❖ 12 મી અનુસૂચિ : નગરપાલિકાના કાર્યક્ષેત્રના વિષયો :

12 મી અનુસૂચિમાં સ્થાનિક નગરપ્રશાસનના કાર્યક્ષેત્રમાં 18 વિષયો છે.

1. શહેરી નિયોજન, નગર નિયોજન સહિત
2. જમીન ઉપયોગનું નિયમન અને ભવન નિર્માણ
3. આર્થિક અને સામૂહિક વિકાસ સંબંધી આયોજન
4. પુલ, સડકો
5. ઘરગથ્થું, ઔધોગિક અને વાણિજ્યક હેતુઓ માટે પાણી પુરવઠો
6. જાહેર આરોગ્ય, સ્વચ્છતા, સફાઈ અને ગંદા પદાર્થોની વ્યવસ્થા
7. અગ્નિશમન સેવા
8. શહેરી જંગલ, પર્યાવરણ, સંરક્ષણ અને પરિસ્થિતિ વિષયક બાબતોની અભિવૃદ્ધિ
9. વિકલાંગ અને મંદ બુદ્ધિશાળી વ્યક્તિઓ સહિત સમાજના, નબળા વર્ગોના હિતોનું રક્ષણ
10. ગંદા વસવાટોની સુધારણા અને ઉન્નતિ
11. શહેરી ગરીબી નિવારણ
12. શહેરી સુખ-સગવડો જેવી કે બાગ-બગીચા રમતના મેદાનોની જોગવાઈ
13. સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સૌંદર્યલક્ષી પાસાઓની અભિવૃદ્ધિ
14. કબ્રસ્તાન અને સ્મશાનગૃહો, અગ્નિદાહ, સ્મશાન અને વિદ્યુત સ્મશાન ગૃહો
15. ઢોર પૂરવાના ડબા, પશુઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવી.

16. જન્મ અને મરણની નોંધણી સહિત જન્મ-મરણના આંકડાઓ સહિતની માહિતી

17. શેરી દીવાબત્તીઓ, પાર્કિંગ સ્થળો, બસ સ્ટોપ અને જાહેર સુવિધાઓ

18. કતલખાના અને ચર્મ ઉદ્યોગોનું નિયમન

## 10.4 74 માં બંધારણીય સુધારાના ઉદ્દેશો :

74 માં બંધારણીય સુધારાની જોગવાઈઓનો અભ્યાસ કરીએ તે પહેલાં તેના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે જોઈએ તો

- દેશમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયતોના અધિકારોમાં એકસૂત્રતા જળવાય.
- નિયમિત સમયાંતરે પ્રાદેશિક ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓ થઈ શકે અને કોઈપણ શહેરી સ્થાનિક સંસ્થા 6 મહિનાથી વધુ સમય સુધી ભંગ ન રહે કે જેને લીધે વિકાસ પ્રક્રિયામાં, નીતિ નિર્માણમાં આયોજનમાં તથા તેના ક્રિયાન્વયનમાં જન પ્રતિનિધિઓનું પ્રતિનિધિત્વ રહે.
- નાગરિક કાર્ય કલાપોનાં જન પ્રતિનિધિઓનું પૂર્ણ યોગદાન અને રાજકીય પ્રક્રિયામાં નિર્ણય લેવાનો અધિકાર રહે.
- નગરવિકાસ અને નાગરિક કાર્યમાં સામાન્ય જનતાની ભાગીદારી નક્કી કરવામાં આવી છે. તથા નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામાન્ય જનતાની પહોંચ વધારવામાં આવી છે.
- સમાજના નબળા વર્ગનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે સમાજમાં તેમની વસ્તીને આધારે અનુ સૂચિત જાતિ, જનજાતિ અને મહિલાઓને તેમજ રાજ્યના કાયદા પ્રમાણેના પછાત વર્ગને પણ શહેરી સ્વશાસનમાં વહીવટમાં અનામત મળે.
- શહેરી સ્વશાસનના બધા જ સ્તરોને પારદર્શિતા રહે.
- દરેક રાજ્યમાં શહેરી સ્વશાસનની સંસ્થાઓની આર્થિક સ્થિતિ સુધારવા માટે એક પ્રાદેશિક નાણા કમીશનની રચના કરવામાં આવે છે. જેનાથી શહેરી સ્વશાસનની સંસ્થાઓનો નાણાકીય આધાર મજબૂત બનશે.

## 10.5 74 માં બંધારણીય સુધારાની જોગવાઈઓ :

74 માં બંધારણીય સુધારાની જોગવાઈઓ જોઈએ તો ક્રમશઃ આર્ટિકલ કલમ પ્રમાણે નીચે મુજબની સમજૂતી આર્ટિકલ – 243 P(ધ) - (વ્યાખ્યાઓ)

આમાં નગરપાલિકા સંબંધિત વ્યાખ્યાયિત કરવામાં આવી છે. નગરપાલિકા વિસ્તાર એટલે રાજ્યપાલે જાહેર કર્યા પ્રમાણે નગરપાલિકાનો પ્રાદેશિક વિસ્તાર, નગરપાલિકા એમાં કલમ – 243 – ન હેઠળ રચેલ સ્વરાજ્ય સંસ્થા અને મેટ્રોપોલિટન વિસ્તાર એટલે એક કે વધુ નગરપાલિકાઓ અથવા પંચાયતોવાળો દસ લાખ કે તેથી વધુ વસ્તીવાળો વિસ્તાર.

**આર્ટિકલ – 243 Q(ન) નગરપાલિકાઓની રચના**

આ ભાગને જોગવાઈઓ અનુસાર દરેક રાજ્યમાં વચગાળાના વિચાર એટલે કે ગ્રામ્ય વિસ્તારથી શહેરી વિસ્તાર સુધીના વચગાળા વિસ્તાર માટે વિસ્તાર મ્યુનિસિપલ કાઉન્સિલની અને મોટા શહેરી વિસ્તાર માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરવી જોઈએ.

**આર્ટિકલ – 243 R (પ) નગરપાલિકાઓની સંરચના**

નગરપાલિકાની તમામ બેઠકો નગરપાલિકા વિસ્તારમાંના પ્રાદેશિક મતદાર મંડળોમાંથી સીધી ચૂંટણી કરીને પસંદ કરેલા વ્યક્તિઓ દ્વારા ભરવી જોઈએ અને આ હેતુ માટે દરેક નગરપાલિકા વિસ્તારને પ્રાદેશિક મતદાર વિભાગોમાં વિભાજીત કરવામાં આવશે.તે વોર્ડ તરીકે ઓળખાશે.

**આર્ટિકલ – 243 S(ફ)વોર્ડ સમિતિઓનું બંધારણ અને સંરચના**

પ્રાદેશિક વિસ્તારમાં એક કે વધુ વસ્તી ધરાવતી નગરપાલિકાની સમિતિઓની રચના કરવામાં આવી છે. વોર્ડ સમિતિના પ્રાદેશિક વિસ્તારમાંના વોર્ડનું પ્રતિનિધિત્વ કરતા નગરપાલિકાના સભ્ય તે સમિતિના સભ્ય ગણાશે. આ કલમમાંનો કોઈપણ મજકૂરથી વોર્ડ સમિતિઓ ઉપરાંત સમિતિઓ રચવા માટે કોઈપણ જોગવાઈ કરવામાં રાજ્ય વિધાન મંડળને બાધ આવે છે. એમ ગણાશે નહિ.

**આર્ટિકલ – 243 - T (બ) બેઠક અનામત રાખવા બાબત**

દરેક નગરપાલિકામાં અનુસૂચિત જાતિ અને આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવી જોઈએ. અને એવી રીતે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું તે નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યા જોડોનું પ્રમાણ નગરપાલિકા વિસ્તારમાંની અનુસૂચિત જાતિના અથવા નગરપાલિકા વિસ્તારમાંની અનુસૂચિત આદિજાતિની વસ્તીનું પ્રમાણ તે વિસ્તારની કુલ વસ્તી જોડેનું જેટલું હોય તેટલું રહેશે. દરેક નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાના 1/3થી ઓછો ન હોય તેટલી બેઠકો (અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા) સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈએ. અને આવી બેઠકો નગરપાલિકાના જુદાં-જુદાં મતદાર મંડળોમાં વારાફરતી ફાળવી શકાશે.

**આર્ટિકલ – 243 U (ભ) નગરપાલિકાની મુદ્દત માટે**

દરેક નગરપાલિકા તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળનું તેનું વિસર્જન ન થાય તો તેની પહેલી બેઠક માટે નક્કી થયેલી તારીખથી પાંચ વર્ષ સુધી તે ચાલુ રહેશે. પરંતુ વિસર્જિત નગરપાલિકા જે મુદ્દત માટે ચાલુ રહી હોય તો એવી મુદ્દત માટે નગરપાલિકાની રચના માટે કોઈ ચૂંટણી કરવાની જરૂર રહેશે નહી.

**આર્ટિકલ – 243 - V (મ) સભ્યની ગેરલાયકાતો**

કોઈપણ વ્યક્તિ નગરપાલિકાના સભ્ય તરીકે પસંદ થવા અને ચાલુ રહેવા માટે ગેરલાયક ગણાય તે સંબંધે રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓના હેતુઓ માટે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તો તેને એવી રીતે ગેરલાયક ઠરાવી હોય તો, પરંતુ કોઈ વ્યક્તિ 21 વર્ષની ઉંમરની થઈ હોય તે વ્યક્તિ 25 વર્ષની ઓછી ઉંમરની છે તે કારણે તેને ગેરલાયક ઠરાવી શકશે નહી. નગરપાલિકાનો કોઈ સભ્ય ગેર લાયકને પાત્ર બન્યો છે કે કેમ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન રાજ્ય વિધાનમંડળ કાયદાથી

**આર્ટિકલ – 243 – W (ય) નગરપાલિકાની સત્તા, અધિકાર અને જવાબદારી**

સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય વિધાનમંડળ કાયદાથી નગરપાલિકાની સ્વરાજ્યની સંસ્થાઓ તરીકે તેમને કાર્યો કરવા માટે જરૂરી ગણાય તેવી સગાઓ અને અધિકાર આપી શકાશે. અને આવા કાયદામાં નગરપાલિકાઓને સત્તા અને

જવાબદારીઓની વહેંચણી કરવા માટેની જોગવાઈઓનો સમાવેશ કરીએ તો (1) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે યોજનાઓ તૈયાર કરવા બાબત (2) બારમી અનુસૂચિમાં જણાવેલી બાબતોના સંબંધમાં હોય તે બાબતો સહિત તેમને સોંપવામાં આવે તેવાં કાર્યો અને યોજનાઓના અમલીકરણ બાબત છે. સમિતિઓને બારમી અનુસૂચિમાં જણાવેલી માહિતી બાબતોના સંબંધમાં હોય તે બાબતો સહિત તેમને મળેલી જવાબદારીઓ પાર પાડી શકવાનું જરૂરી હોય તેવી સત્તા અને અધિકાર આપી શકાશે.

**આર્ટિકલ – 243 – X(ર) કર નાખવાની સત્તા અને તે અંગેના કાયદાઓ**

રાજ્ય વિધાનમંડળ કાયદો કરીને કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કાર્યરીતિ અનુસાર કર, ડ્યુટી, ટોલ અને ફી નાખવા ઉઘરાવવા અને તેનો વિનિયોગ કરવા નગરપાલિકાને અધિકાર આપી શકાશે. રાજ્યના એકત્રિત ફંડમાંથી નગરપાલિકાઓને સહાયક અનુદાન આપવાની જોગવાઈ કરવામાં આવી છે. નગરપાલિકાઓ દ્વારા અપક્ષ તેના વતી અનુક્રમે મેળવેલ તમામ નાણાં જમા કરવા માટે અને તે નાણાં ઉપાડવા માટે આવા ફંડોની રચના કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

**આર્ટિકલ – 243 – Y (લ) નાણાંપંચ**

બંધારણમાં કલમ-243-2 હેઠળ રચેલ નાણાં આયોગે નગરપાલિકાઓની નાણાંકીય પરિસ્થિતિની પણ પુનઃ વિચારણા કરવી જોઈએ અને રાજ્યપાલે કેટલીક ભલામણો સંબંધી જોઈએ તો રાજ્યે નાખેલ કર, ડયૂટી, ટોલ અને ફીની ચોખ્ખી ઉપજ જે આ ભાગ હેઠળ રાજ્ય અને નગરપાલિકાઓ વચ્ચે વહેંચણી તે તેમની વચ્ચે વહેંચવાને અને તમામ સ્તરે આવી ઉપજનો તેમને સંબંધિત ભાગ નગરપાલિકાઓ વચ્ચે ફાળવવો જોઈએ. તથા નગરપાલિકાઓને સોંપી શકાય અને તેમના દ્વારા તેનો વિનિયોગ કરી શકાય તેવા કર, ડયૂટી, ટોલ અને ફી નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે. નગરપાલિકાઓની નાણાકીય પરિસ્થિતિ સુધારવા માટેની જરૂરી જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યપાલ આ કલમ હેઠળ આયોગે કરેલી ભલામણ અને તેના ઉપર લેવાતાં પગલાં સંબંધી સ્પષ્ટીકરણ યાદી સાથે વિધાનમંડળ સમક્ષ મૂકવી જોઈએ.

**આર્ટિકલ – 243 – Z (વ) નગરપાલિકાના હિસાબોનું ઓડિટ**

રાજ્ય વિધાનમંડળ કાયદો કરીને નગરપાલિકાઓએ હિસાબો જાળવવા અને તેવા હિસાબોના ઑડિટ કરવા અંગે જોગવાઈ કરવામાં આવી છે.

**આર્ટિકલ – 243 – Z A (વક) નગરપાલિકાઓની ચૂંટણી**

નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન કલમ–243–ZA માં ઉલ્લેખિત રાજ્ય ચૂંટણીપંચનાં નિહિત થશે. આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય વિધાન મંડળ કાયદો કરીને નગરપાલિકાઓની ચૂંટણીઓને લગતી અથવા તેની સાથે સંકળાયેલી તમામ બાબતો સંબંધી જોગવાઈ કરી શકશે.

**આર્ટિકલ – 243 – Z B (વખ) કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ થતી બાબત**

આ ભાગની જોગવાઈઓ કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડશે અને કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પાડતી વખતે રાજ્યના રાજ્યપાલના ઉલ્લેખ હોય તેમ રાજ્ય વિધાન મંડળ અથવા વિધાનસભાના ઉલ્લેખો પરંતુ રાષ્ટ્રપતિ જાહેરનામાથી આદેશ કરી શકશે. કે આની જોગવાઈઓ તે જાહેરનામામાં નિર્દેશ કરવામાં આવે તેવા અપવાદો અને ફેરફારોને આધીન રહીને કોઈપણ સંઘ રાજ્ય ક્ષેત્રને અને તેના ભાગને લાગુ કરી શકાશે.

**આર્ટિકલ – 243 – Z C(વ ગ) અમુક ક્ષેત્રો પર જોગવાઈ લાગુ ન થવા બાબત**

આ ભાગનો કોઈપણ મજકૂર કલમ - 244માં ખંડ (1) માં ઉલ્લેખિત અનુસૂચિત વિસ્તારને અને ખંડ (2) માં ઉલ્લેખેલ આદિજાતિ વિસ્તારને લાગુ પડશે નહીં. આ ભાગમાં કોઈપણ મજકૂરનો અર્થ પશ્ચિમ બંગાળ રાજ્યના દાર્જિલિંગ જિલ્લાના પર્વતીય વિસ્તારો માટે છે. તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ રચાયેલી દાર્જિલિંગ ગોરખા હિલ્સ કાઉન્સિલના કાર્યો અને સત્તાને બાધ આવે છે. તેમ કરવું નહીં. આ સંવિધાન ગમે તે મજકૂર હોય તે છતાં સંસદ કાયદા દ્વારા આ ભાગની જોગવાઈઓ આવા કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અપવાદો અને ફેરફારોને આધીન રહીને અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોને લાગુ પાડી શકશે.

**આર્ટિકલ – 243 – Z D (વઘ.) જિલ્લા આયોજન સમિતિ**

દરેક રાજ્યમાં જિલ્લા કક્ષાએ જિલ્લામાંની પંચાયતો અને નગરપાલિકાઓએ તૈયાર કરી યોજનાના એકત્રીકરણ માટે અને સમગ્ર જિલ્લા માટે વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે જિલ્લા યોજના સમિતિ રચવી જોઈએ. દરેક જિલ્લા યોજના સમિતિનું અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિએ એવી સમિતિને ભલામણ કર્યા મુજબની વિકાસ યોજના રાજ્ય સરકારને મોકલવી જોઈએ.

**આર્ટિકલ – 243 – Z E (વચ.) મહાનગરીય આયોજન માટેની સમિતિ**

દરેક મહાનગરીય વિસ્તારમાં સમગ્ર મહાનગરીય વિસ્તાર માટે વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે એક મહાનગરીય યોજના સમિતિની રચના કરવામાં આવશે. જેમાં તેની બેઠકો ભરવાની રીત તથા તેના વિસ્તાર માટે આયોજન અને સંકલનને લગતાં કાર્યો કરવા બાબતે દરેક મહાનગરીય યોજના સમિતિનું અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિએ રાજ્ય સરકારને આવી સમિતિએ ભલામણ કાર્ય મુજબનો પ્લાન મોકલવો.

**આર્ટિકલ – 243 – Z F (વ છ) રાજ્યના વર્તમાન કાયદાઓ અને નગરપાલિકાઓ અંગેની જોગવાઈ**

સંવિધાન 74માં સુધારા અધિનિયમ 1992ના આરંભની તરત પહેલા રાજ્યનાં અમલમાં હોય તેવા નગરપાલિકાઓને લગતી કોઈપણ કાયદાની જોગવાઈ સાથે અસંગત હોય એટલે કે સક્ષમ વિધાનમંડળ અથવા બીજા સક્ષમ સત્તામંડળ સુધારો ન કરે અથવા રદ ન કરે તો અથવા આરંભથી એક વર્ષ પૂરું ન થાય તે બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી અમલમાં હોવાનું ચાલુ રહેશે. પરંતુ આવા આરંભથી તરત અસ્તિત્વ ધરાવતી તમામ નગરપાલિકાઓ તેમની મુદ્દત પૂરી ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે. સિવાય કે રાજ્યની વિધાનસભાએ અથવા વિધાન પરિષદવાળા રાજ્યોની બાબતમાં તે રાજ્યના વિધાનમંડળના દરેક ગૃહે તે મુજબના ઠરાવ પસાર કરીને તેનું વહેલું વિસર્જન કર્યું હોય.

**આર્ટિકલ – 243 – Z G (વ જ) ચૂંટણી સંબંધિત બાબતોમાં ન્યાયાલય હસ્તક્ષેપ નહીં કરી શકે.**

કલમ – 243 (વ.ક.) હેઠળ કરેલા અથવા કર્યા હોવાનું અભિપ્રેત હોય તેવા મતદાર મંડળોના સીમાંકનને અથવા આવા મતદાર મંડળોને બેઠકો ફાળવવાને લગતા કોઈપણ કાયદાની કાયદેસરતા અંગે કોઈપણ નગરપાલિકાની ચૂંટણી સામે રાજ્ય વિધાનમંડળે કરેલા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ જેના માટે જોગવાઈ કરી હોય તેવા સત્તામંડળ સમક્ષ અને તેવી રીતે ચૂંટણી અરજી રજૂ કરી હોય તે સિવાય વાંધો ઉઠાવી શકશે નહીં.

## 10.6 74માં બંધારણીય સુધારાની મર્યાદાઓ અને સિદ્ધિઓ :

- **મર્યાદાઓ :**

સ્વતંત્રતા બાદ લોકશાહીને વિકેન્દ્રિત કરવા બંધારણ દ્વારા રાજ્યોને સ્થાનિક સરકારો વિકસાવવાનું કામ સોપ્યું પરંતુ ભારતના મોટાભાગના રાજ્યોની મોટાભાગના શહેરી સ્થાનિક સરકારોની કામગીરી સંતોષકારક રહી નથી. આ માટે કેટલીક મર્યાદાઓ જવાબદાર છે.

- **બંધારણમાં ચોક્કસ સ્થાનનો અભાવ**

આપણે સમવાયતંત્રના સ્વીકાર સાથે બંધારણમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે સત્તાની ત્રણ યાદી આપી. પરંતુ લોકશાહી પાયાના સ્તરે વિકસાવવા માટે બંધારણમાં તેની સત્તાઓ બાદ શહેરી તથા ગ્રામ્ય સ્થાનિક સરકારોની સુધારણા માટે વિવિધ પંચો અને સમિતિઓ પોતાના અભ્યાસને અંતે અહેવાલ આપ્યા પરંતુ કેટલાક અપવાદરૂપ રાજ્યોએ શહેરી સ્થાનિક સરકારોને સક્ષમ બનાવવા પગલાં લીધા પરંતુ શહેરી સ્થાનિક સરકારોને તેની સરખામણીએ કંઈક અન્યાય થયો.

- **સ્વાયત્તતાને સ્થાને રાજ્ય નિયંત્રણનો અતિરેક**

શહેરી સ્થાનિક સંસ્થાઓ તેની કામગીરી માટે પૂરતી મોકળાશ મળતી નથી. નગરપાલિકાની પરિષદના બહુમતી જ નહી સર્વસંમતિથી લીધેલ નિર્ણયને પણ રાજ્ય સરકાર અમાન્ય કરી શકે છે. નગરપાલિકાઓના ઉચ્ચ અધિકારીઓની નિમણૂંક,બઢતી અને બદલીના નિર્ણયો પણ રાજ્ય સરકાર કરે છે. સ્થાનિક સરકારો હાથ ધરવાનાં કાર્યોમાંથી ઘણાને માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી જરૂરી બને છે. આ માટે જુદાં-જુદાં રાજ્યોનાં જુદાં-જુદાં ધોરણો છે. જેમ કે કેરાલામાં એક લાખની કિંમતના, આંધ્રમાં પચાસ હજાર, હિમાચલ પ્રદેશોમાં વીસ હજાર આમ વધુ કિંમતના કાર્યો માટે રાજ્ય સરકારની મંજૂરી લેવી જરૂરી બને છે. રાજ્ય સરકાર નગરપાલિકાનું અંદાજપત્ર નામંજૂર કેઈ શકે છે. ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતા જેવા કારણોસર નગરપાલિકાને તેની મુદ્દત પહેલાં બરખાસ્ત કરી શકે છે. વાસ્તવમાં આ માટે પક્ષીય દ્વેષ કે રાજકીય ગણતરી મહદ્અંશે જવાબદાર હોય છે. ગુજરાતમાં ઈ.સ. 2002 ના જુલાઈ માસમાં રાજ્ય સરકારે નગરપાલિકાઓ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ અંગેની કલેકટરની સત્તાની સાત બાબતો પ્રાંત અધિકારીઓને વિકેન્દ્રિત કરીને રાજ્ય સરકારના નિયંત્રણને હળવું બનાવ્યું છે.

- **ખામીપૂર્ણ વહીવટી વ્યવસ્થા**

સ્વતંત્રતા પૂર્વે 1978 માં મોન્ટેગ્યુ ચેમ્સ ફર્ડ સુધારાએ ભલામણ કરી હતી કે નગરપાલિકાઓ અને બોર્ડના ચેરમેન ની ચૂંટણી થવી જોઈએ. આ ચેરમેનને પગારદાર મુખ્ય વહીવટી અધિકારીના કાર્યો ઉપર નિરીક્ષણ અને નિયંત્રણની પૂર્ણસત્તા હોવી જોઈએ. પરંતુ સ્વતંત્રતા બાદ ભારતના મોટાભાગના રાજ્યોએ આ બાબતને અપનાવી નથી માત્ર ગુજરાત, બંગાળ, મહારાષ્ટ્ર અને બિહારની નગરપાલિકાઓના પ્રમુખોને કારોબારી સત્તા પૂર્ણ રીતે અપાઈ છે. બાકીના રાજ્યોમાં મુખ્ય અધિકારી રાજ્ય સરકારના નિયંત્રણમાં છે. મહાનગરપાલિકાની સ્થિતિનો સ્થાનિક સરકારની વિચારસરણીથી વધુ વિપરીત છે. અહી. મ્યુનિસિપલ કમિશનર પરિષદ કે મેયરને જવાબદાર નથી. તે રાજ્ય સરકારને જવાબદાર છે. સમગ્ર દેશમાં માત્ર બંગાળ સરકારે નગરપાલિકા ધારામાં સુધારો કરીને મેયર ઈન કાઉન્સિલ પ્રથા અપનાવીને કલકત્તા તથા હાવરા મહાનગરપાલિકામાં તેનો અમલ કર્યો છે. આ બાબત ભારતમાં અન્ય રાજ્યોને પણ અનુસરણ યોગ્ય છે.

- **આવકના અપૂરતા સ્તોત્ર**

શહેરી નાગરિકોની શહેરી સ્થાનિક સંસ્થાઓ તરફ વધતી જતી અપેક્ષાઓના પ્રમાણમાં તેના આવકનાં સાધનો ખૂબ જ સીમિત છે. નાણાકીય કમજોરીને લીધે ફરજીયાત કાર્યો પણ સંતોષકારક રીતે બજાવી શકતાં નથી. સ્થાનિક સરકારના આવકનાં સાધનોમાં જે અસરકારક વેરો હતા તેમાંથી કેટલાક રાજ્ય સરકારોએ લઈ લીધાં છે. જેમ કે કેટલાક રાજ્ય સરકારોએ શહેરી જમીનવેરો પોતાની પાસે લઈ લીધો છે. જકાતવેરા સામેની ઘણી ટીકાઓ છે જેમાં તે ભ્રષ્ટાચારના સાધન તરીકે ઓળખાયું છે. ગુજરાત અને આંધ્ર જેવા રાજ્યોએ જકાતવેરો નાબૂદ કરીને રાજ્ય સરકાર તરફથી અપાતા વેરો ઉઘરાવવામાં પણ શહેરી સ્થાનિક સરકારોની કામગીરી સ્થાનિક દબાણોને સંતોષકારક જણાતી નથી.

- **કર્મચારીઓનો અસંતોષ**

શહેરી સ્થાનિક સંસ્થાઓના નીતિ ઘડતરના અને લોકોના પ્રશ્નોને વાચા આપવાના કામ ભલે લોકોના પ્રતિનિધિઓ કરતા હોય પરંતુ લીધેલા નિર્ણયોના અમલ કરવાનું કામ તેના કર્મચારીઓ કરે છે. સંયુક્ત રાજ્ય અમેરિકા અને રશિયા પછી વિશ્વમાં તાલીમબદ્ધ કર્મચારીગણ ભારતની સ્થાનિક સરકારોમાં છે. પરંતુ ભારતમાં ખાસ કરીને શહેરી સ્થાનિક સરકારોના કર્મચારીઓ અનેક બાબતોનો અસંતોષ અનુભવે છે. ગુજરાત જેવાં રાજ્યોએ અલગ કાર્મિક પ્રથા સ્વીકારી છે. ત્યાં કર્મચારીઓની નિમણૂકમાં ગુણવત્તાને સ્થાને સગાવાદ અને પક્ષીય તથા સ્થાપિત હિતોનું દબાણ મોટે પાયે જોવા મળે છે. કામચલાઉ ધોરણે જરૂર કરતાં વધુ કર્મચારીઓ આવા કારણોસર લેવાય છે. જેમને છૂટા કરી શકાતાં નથી. જેથી નગરપાલિકાઓ ઉપર ખોટું ભારણ વધે છે. અલગ કર્મીક પ્રથાનાં એક જ નગરપાલિકામાં કાર્યવાહી પોતાની સમગ્ર નોકરી પૂરી કરે છે. તેથી તેમાં બઢતીની તકો પૂરી મળતી નથી. તેથી આવા સંજોગોમાં તેમનો કાર્યોત્સાહ ક્યાંથી બને ? કાર્યોત્સાહના અભાવમાં શહેરના વહીવટ ખાડે જાય તે સ્વાભાવિક જ છે.

- **શહેરીકરણની સામે દીર્ઘ દ્રષ્ટિનો અભાવ**

આપણા ભારત દેશનું શહેરીકરણ પશ્ચિમની જેમ વિશાળ પ્રમાણમાં ઔદ્યોગિકરણનું પરિણામ નથી તે ગ્રામ્ય ગરીબીનું સીધું પરિણામ છે. ગામોમાંથી આવતા આ લોકોમાંના મોટાભાગના શહેરો માટે બે રીતે ઉભી કરે છે. પ્રથમ તો તેવો પોતાના ગામો તરફથી લાગણી અકબંધ રાખે છે. તેથી તેમને શહેરના વિકાસમાં ભાગીદારી આપવાની બહુ પડી હોતી નથી. બીજી બાબત ગામોમાંથી આવતા ગરીબ લોકો શહેરોની સેવાઓ માટે અને સુવિધાઓ માટે નાણાં ચૂકવવા સક્ષમ હોતાં નથી. આ લોકો શહેરોમાં ગંદા વસવાટ કે ઝૂંપડપટ્ટીની સમસ્યા ઊભી કરે છે. તેના વસનારા શહેરી માર્ગો ઉપર લારી-ગલ્લા મૂકે છે. જેના લીધે શહેરોમાં ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે. માત્ર ગરીબ લોકો જ નહી ગામડાઓમાંથી આવતા લોકો પણ મકાનો બનાવે છે. તવંગર લોકો પણ બાકાત નથી. જે આવા મોટાં બાંધકામો જે શહેરના વિકાસને અવરોધીને બનાવાય છે. તેમાં મોટી ખાય થયેલી જોવા મળે છે.

- **નગરપાલિકા - મહાનગરપાલિકાઓની સત્તાઓમાં ઘટાડો અને વિકાસ એકમોને સત્તા**

લોકશાહી વિકેન્દ્રીકરણ ઉપર લોકશાહી દેશોમાં ભાર અપાતો હોવા છતાં વાસ્તવિકતા કંઈક જુદી દિશામાં જણાય છે. આજે આરોગ્ય, પાણી, પુરવઠા, ગૃહ નિર્માણ, માર્ગ નિર્માણ અને ગટર વ્યવસ્થા જેવા શહેરી સ્થાનિક સંસ્થાઓના ફરજીયાત કાર્યો વિકાસ એકમોને સોંપાઈ રહયાં છે. આ વિકાસ એકમો મુખ્યત્વે નોકરશાહી સ્વરૂપનાં હોય છે. તેમાં ક્યારેક નગરપાલિકા

કે મહાનગરપાલિકાનું પ્રતિનિધિત્વ નામ માત્રનું હોય છે. તેના ચેરમેન પદે રાજ્યના સત્તાધારી પક્ષના ચૂંટણી હારેલા ઉમેદવારો કે તોફાની ધારાસભ્યોને ઠેકાણે ગોઠવવાની બાબત બને છે. તેના લીધે નોકરશાહી સ્વરૂપવાળા વિકાસ એકમો લોકોને જવાબદાર ન હોવાથી ભ્રષ્ટાચારના પોષક બન્યાં છે.

❖ **74 માં બંધારણીય સુધારાની સિદ્ધિઓ**

શહેરી સ્થાનિક સંસ્થાઓની મર્યાદાઓ જોયા પછી તેમાં રહેલી સિદ્ધિઓ જોઈએ તો મોટા ભાગે રાજ્યને ધ્યાનમાં રાખીને ધારાકીય, કારોબારી અને નાણાંકીય ક્ષેત્રે સિદ્ધિઓ જોવા મળે છે. કેમ કે આ ત્રણ બાબતોમાં તેનો સંપૂર્ણ વહીવટ આવી જતો હોવાથી ક્રમશઃ જોઈએ તો...

**-ધારાકીય ક્ષેત્રે સિદ્ધિ**

ધારાસભામાં સત્ર જયારે ચાલુ હોય ત્યારે પ્રશ્નકાળ દરમિયાન (ચર્ચાઓ) ધારાકીય ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓ વિકસાવવા માટે કાયદો ઘડવામાં આવ્યો અને કર્મચારીઓનાં પગાર ભથ્થા, વેતનને સુધારી શકે. સમયની જરૂરિયાત અનુસાર અધિકારીઓ/ પદાધિકારીઓની નિમણૂંક પસંદગી પણ રાજ્ય સરકારને સત્તા આપેલ છે. આમ જોઈએ તો મહાનગરપાલિકાઓનો સરકાર દ્વારા જે એજન્ડા હતો તે મેગાસીટીને અપનાવ્યો છે. દા.ત. અમદાવાદનો મેગાસીટી તરીકે વિકસાવવાની કામગીરી ચાલુ છે.

**-કારોબારી ક્ષેત્રે સિદ્ધિ**

પંચાયત શહેરી સ્થાનિક પદાધિકારીઓ સારું કામ ન કરે તો તેઓને સસ્પેન્ડ કરી શકે છે. તેજ રીતે ડિસ્ચાર્જ પણ કરી શકે છે. તે કારોબારીનું કામ મહત્ત્વનું છે તેનાથી વહીવટ પણ સારો ચાલે. શહેરી સ્થાનિક સંસ્થાઓમાં રાજ્યોને ચૂંટણીપંચ આપવામાં આવ્યું ત્યારથી આજ સુધી ચૂંટણીઓ જે ટર્મ પૂરી થતાંજ ફરીથી ચૂંટણીઓ થવા લાગી. તે રાબેતા મુજબ ચૂંટણીઓ થવા લાગી. જેથી ચૂંટણીઓ સ્થિર જણાઈ છે.

**-નાણાંકીય ક્ષેત્રે સિદ્ધિ :**

જે બજેટ છે તે શહેરી માટે રાજ્ય સરકાર નિર્ભર હોય છે. જેમાં સરકારને રાજ્યની જેટલી શહેરી સ્થાનિક સરકારોમાં જે મહાનગરપાલિકા છે તેમાં બજેટ સરકાર દ્વારા રજૂ કરવામાં આવતું હોય છે. રાજ્ય સરકારો જો પ્રાઈવેટ સેકટરને શહેરી સુવિધાઓ માટે કામ આપે અને અઢળક ખર્ચા થાય છે. જો તે જ કામ રાજ્ય સરકાર પાસે રાખીને કરે તો તેમાં ઘણો ખર્ચો બચી જાય છે. અને એમાં થતો ભ્રષ્ટાચાર પણ રોકે છે. રાજ્ય સરકારે શહેરી સ્થાનિક સરકારો માટે અલગ નાણાપંચનો પણ ઉલ્લેખ કરેલો છે. જેમાંથી તેમનો બજેટ પ્રમાણે શહેરની સુવિધાઓ માટે ખર્ચ કરી શકે. શહેરની ભૂગર્ભ યોજનાઓનો પણ ચોક્કસ પ્લાનિંગ દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. નગર નિગમની યોજનાઓમાં જોઈએ તો મેટ્રોપોલીટન સીટી તરીકે ભારતમાં પાંચ સીટી ને આપવામાં આવી છે. જેમાં અમદાવાદની ગણતરી કરવામાં આવી છે. જે મેગાસીટી તરીકેનું પ્લાનીગ કરવાનું કામ ચાલુ છે.

આમ, શહેરી સ્થાનિક સંસ્થાઓના વિકાસ પાછળ ધીમે ધીમે નગરપંચાયત એ નગરપાલિકા પરિષદ બનતી જાય છે. નગરપાલિકા પરિષદ એ મહાનગરપાલિકા બનતી જાય છે. અને મહાનગરપાલિકા એ મેગા સીટી બનતી જાય છે. આમ ક્રમશઃ તેમનો વિકાસ થયેલો જોવા મળે છે.

## 10.7 પંચાયતીરાજમાં મહિલા અનામતની ભૂમિકા

સામુદાયિક વિકાસ યોજનાના માધ્યમથી પંચાયતને લોકશાહીના મૂળ આધાર તરીકે મજબૂત બનાવવાનો પ્રયાસ કરેલો છે. જેમાં પંચાયતીરાજ વ્યવસ્થાની સ્થાપના અને આમ જનતાના હાથમાં સીધો અધિકાર આપવાનો થયો છે. બંધારણમાં ઉલ્લેખિત પંચાયતીરાજ વ્યવસ્થાને સામાજીક, સમાનતા, ન્યાય, આર્થિક વિકાસ અને વ્યક્તિની પ્રતિષ્ઠા પર આધારિત ગ્રામીણ જીવનને નવું રૂપ આપવાનો સામૂહિક પ્રયાસ છે.

આ સંદર્ભમાં પંચાયતીરાજ વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારી લાવવા શાસન દ્વારા સમય—સમય પર નિરંતર પ્રયાસ ચાલુ રહયો છે. સર્વોત્તમ તો એ છે કે આજના ભારતમાં પંચાયતીરાજ વ્યવસ્થા વિદ્યમાન છે. તેનું શ્રેય બળવંતરાય મહેતાને જાય છે. જેની અધ્યક્ષતામાં "સામુદાયિક વિકાસ કાર્યક્રમ અને રાષ્ટ્રીય વિસ્તાર સેવા" ના પક્ષ દ્વારા સમાવવાના આધાર પર 2 ઓક્ટોબર 1959 ના પંચાયતી રાજ વ્યવસ્થાના શ્રી ગણેશ થયા. બળવંતરાય મહેતા સમિતિના પ્રતિવેદન પંચાયતીરાજ પ્રણાલીના ક્ષેત્રમાં સર્વાધિક મહત્ત્વ રહ્યું છે. કેમ કે મહેતાએ પ્રતિવેદનના આધારભૂત સિદ્ધાંત તથા સંસ્થાઓનું સ્વરૂપ નિશ્ચિત કરવામાં આવ્યું હતું. આ સિદ્ધાંતો કે આધાર પર ભારતના વિવિધ રાજ્યોમાં ત્રિસ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થાની સ્થાપના સ્વરૂપમાં થોડું બહુ અંતર તે સાથે 73 માં સુધારા અનુસાર સ્થાપના કરવામાં આવી. આ ત્રિ-સ્તરીય માળખાની સ્થાપના કરી હતી. જેમાં પસંદ કરેલાંપદાધિકારીઓ,નોકરશાહી/શાસકીય અધિકારીઓ અને કર્મચારીઓના માધ્યમથી કાર્યક્રમોનું આયોજનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

- **મહિલા અનામત :**

બળવંતરાય મહેતા સમિતિથી લઈને 73 મો બંધારણીય સુધારો સુધી વિભિન્ન સમિતિઓના માધ્યમથી પંચાયતીરાજ સંસ્થાઓમાં મહિલાઓની સહભાગિતા પર ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. પંચાયતીરાજ યોજના સંબંધિત મહેતા સમિતિને તેનું પ્રતિવેદન નવેમ્બર 1957 માં પ્રસ્તુત કર્યું. આ સમિતિને મહિલાઓ અને બાળકોથી સંબંધિત કાર્યક્રમો ક્રિયારૂપે જોવા માટે જીલ્લા પરિષદમાં બે મહિલાઓને સમાવવા માટે અનુરોધ કર્યો. ભારતમાં મહિલાઓની સ્થિતિ વિષય પર અધ્યયન કરવા માટે ગઠિત સમિતિની 1974માં શરૂઆત કરી હતી કે એવી પંચાયતો બનાવવામાં આવે કે જેમાં ફક્ત મહિલાઓ જ હોય. 1978માં અશોક મહેતા સમિતિની અધ્યક્ષતામાં ગઠિત સમિતિ દ્વારા જે બે મહિલાઓને આધારે મત પ્રાપ્ત હોય તેને જિલ્લા પરિષદના સદસ્ય બનાવવામાં આવે કર્ણાટક પંચાયત અધિનિયમમાં મહિલાઓ માટે 25 ટકા અનામત આપવામાં આવી. જયારે હિમાચલ પ્રદેશની પંચાયત અધિનિયમમાં વ્યવસ્થાથી નેશનલ પર્સપેકિટવ પ્લાન ફોર ધી વીમેન 1988 ને ગ્રામ પંચાયતથી લઈને જિલ્લા પરિષદ સુધી 30 ટકા સીટની અનામત આપવામાં આવી. મધ્યપ્રદેશમાં 1990ના પંચાયત અધિનિયમમાં ગ્રામ પંચાયતમાં મહિલાઓ માટે 20 ટકા જનપદ તથા જિલ્લા પંચાયતમાં 10 ટકા અનામત આપવામાં આવી. મહારાષ્ટ્ર પંચાયત અધિનિયમમાં 30 ટકા અને ઉડીસા પંચાયત અધિનિયમમાં 1/3 અનામતને પ્રાધાન્ય 73માં બંધારણીય સુધારા પહેલા હતું. પંચાયતીરાજ સંસ્થાઓને સકારાત્મક બંધારણીય માન્યતા આપવાના ઉદ્દેશ્યથી 1989માં 64 મો બંધારણીય સુધારો સંસદમાં પ્રસ્તુત કરવામાં આવ્યો. પરંતુ રાજનીતિક કરને આ સંશોધન પાસ થઈ શકયું નહિ.

લગભગ ચાર દાયકા પહેલા સ્થપાયેલ પંચાયતીરાજ વ્યવસ્થામાં શિથિલતા આવી તો આ સંશોધનોનો ફરીથી પ્રયાસ કર્યો. પી.વી. નરસિંહરાવ સરકારને રાજીવગાંધી સરકાર દ્વારા તૈયાર પંચાયતીરાજ સંસ્થાઓથી સંબંધિત વિધેયકને સુધારા કરી ડિસેમ્બર 1992 માં 73 માં બંધારણીય સુધારાના રૂપમાં સંસદમાં રજૂ કર્યો. 73માં બંધારણીય સુધારા અધિનિયમ 1992 માં પંચાયતીરાજ વ્યવસ્થા ન માત્ર નવી દિશા પ્રદાન કરી પરંતુ આ મહિલાઓની પંચાયતોમાં 33 ટકા અનામત આપી તેમની સહભાગિતા બનવાનો અવસર પ્રાપ્ત કર્યો. ઉત્તમ તો એ છે કે સંસદને પંચાયતીરાજ વ્યવસ્થામાં મહિલાઓ માટે 50 ટકા અનામત આપવા માટે લીલી ઝંડી આપી દીધી. એટલું જ નહિ કેટલાક રાજ્ય જેવા કે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર વગેરે રાજ્યોને આગામી ચૂંટણીમાં મહિલાઓ માટે 50 ટકા અનામતની વ્યવસ્થા કરી દીધી. ગુજરાતમાં પણ 50 ટકા મહિલા અનામત લાગુ કરવામાં આવેલ છે. તેનાથી મહિલાઓ પંચાયતમાં ચૂંટાઈને પણ આવશે. પંચાયતીરાજ સંસ્થાઓમાં મહિલાઓની સ્થિતિને જોઈએ તો આનાથી મહિલાઓમાં સામાજિક અને આર્થિક, રાજનૈતિક વિકાસમાં બદલાવ જોવા મળ્યો છે.

73 માં બંધારણીય સુધારાથી લઈને આજ સુધી મહિલાઓની સ્થિતિને જાણવાથી મહિલાઓ પંચાયતીરાજમાં ચૂંટાઈને આવી છે. આનાથી બદલાવ પણ જોવા મળ્યો છે. જે નીચે પ્રમાણે જોઈએ તો,

- અનામત કાયદાના કારણે મહિલાઓના વિકાસ પ્રક્રિયામાં વૃદ્ધિ જોવા મળી છે.
- શિક્ષણક્ષેત્રમાં રસ વધી રહ્યો છે, કેમ કે રાજનૈતિક ભાગીદારીમાં સક્રિય બની શકે.
- સામાજિક અને આર્થિક સુધારામાં બદલાવ આવ્યો છે.
- અનામતની તેમના અધિકારો અને અવસરોના લાભ ઉઠાવી શકે.
- પુરુષોના સાથે કામ કરવા, વાતચીત કરવા જે સંકોચ, ડર હતો તે ઓછો થયો.
- પોતાની જાતે કામ કરી શકવાની આત્મ નિર્ભરતામાં વિકાસ થયો.
- સત્તામાં પુરુષોનું જે વર્ચસ્વ હતું તે ઓછું થવા લાગ્યું.
- પછાત વર્ગોની જે મહિલાઓ હતી તેમને પણ અનામતથી ક્ષેત્રોમાં આગળ વધવાનો અવસર પંચાયતીરાજના ત્રણેય સ્તરના અધિકારો/પદાધિકારીઓ વચ્ચેનાં સંપર્ક થવાં લાગ્યાં.
- ઘરની બહાર નીકળી તેમના અધિકારો અને વિચારો રાખવાની ક્ષમતાનો વિકાસ થયો.
- અનામત રૂપી પાઠશાળામાં સક્રિય ભાગીદારીનો અવસર પ્રાપ્ત થયો.

આમ,અનામતની વ્યવસ્થાના કારણે પંચાયતીરાજમાં નહી પણ દેશના ઘણા વર્ગોમાં મહિલાઓને સામાજીક, આર્થિક અને રાજનૈતિક ક્ષેત્રોમાં કાર્ય કરવાનો અવસર પ્રાપ્ત થયો. નીતિ નિર્માણ થી લઈને ક્રિયાન્વિત અને મૂલ્યાંકનમાં સહભાગિતા બની શકે. જો એક સશક્ત સમાજ અને દેશના નિર્માણમાં સહયોગ પ્રાપ્ત કરી શકે.

## 10.8 પંચાયતીરાજમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની અનામતની ભૂમિકા :

પંચાયતીરાજ સંસ્થાઓ તરફથી સમાજના પછાત અને નબળા વર્ગોના લોકોના હિતોની સુરક્ષા થાય. તેઓનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ અને વિકાસ થાય અને તેવા લોકો તરફ ભેદભાવ અને અસમાનતાનું વર્તન થાય છે તે સદંતર નાબૂદ થાય તથા તેઓને સંપૂર્ણ સામાજિક ન્યાય મળે. પંચાયતીરાજની સંસ્થાઓમાં નબળા વર્ગો પરત્વેની સામાજીક ન્યાયની દ્રષ્ટિ

દ્રઢીભૂતથાય છે. તે ઉદ્દેશથી ત્રણેય સ્તરે સામાજિક ન્યાય સમિતિઓ વધુ કાર્યશીલ અને સક્રિય બને.

1973 થી પંચાયતના દરેક સ્તરે અનુસૂચિત જાતિના સભ્યોની સામાજિક ન્યાય સમિતિઓ રચાઈ છે. જેનું મુખ્ય કામ આર્થિક, સામાજિક પછાત વર્ગોનું હિત સાચવવાનું છે. આ સમિતિઓ પાસે નાણાકીય અને વહીવટી સત્તા છે. પણ આ સમિતિઓની કામગીરીનું મૂલ્યાંકન કરતો કોઈ અભ્યાસ હાથ ધરવામાં આવે તો સમિતિઓની મર્યાદાઓ, સિદ્ધિઓ ઉપરથી યોગ્ય દિશાસૂચનો સાંપડે.

નૂતન અભિગમ તરીકે જોઈએ તો ગ્રામ્ય વિસ્તારોમાં જે અનુસૂચિત જાતિ તથા જનજાતિ સભ્યો માટે તેમજ ખાસ કરીને તે વર્ગોની મહિલા સભ્યોને માટે તાલીમ આપવાની ખાસ જરૂર છે. જેથી તેઓ વહીવટ સારી રીતે કરી શકે. દરેક પંચાયતમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે બેઠકો અનામત રહેશે. અને આ રીતની અનામત બેઠકોની સંખ્યા તે પંચાયતમાં સીધી ચૂંટણીથી ભરેલ જગાઓથી કુલ સંખ્યાના શક્ય હોય ત્યાં સુધી જે તે પંચાયત વિસ્તારના અનુસૂચિત જાતિ અને જનજાતિની સંખ્યાના પ્રમાણમાં રહેશે

આવી જગ્યાઓ પંચાયતના જુદાં-જુદાં વિભાગોમાં રોટેશન રાખવામાં આવશે. આથી અનામત બેઠકોની કુલ સંખ્યાના 1/3 જેટલીજગ્યાઓ અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓ માટે અનામત રહેશે. ડિસેમ્બર 1994ની ગુજરાત નગર પંચાયતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં પરિવર્તન જોવા મળે છે. 73માં પંચાયતીરાજ બંધારણીય સુધારાને અનુરૂપ રાજય સરકારે ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલાઓ માટે વૈધાનિક રીતે આરક્ષણની જોગવાઈ કરી છે તે મુજબ તાજેતરમાં 54 મહાનગરપાલિકાની કુલ બેઠકો 1804 પૈકી ત્રીજા ભાગ અર્થાત્ 601 મહિલા ચૂંટાઈને આવી છે. ખંભાત નગરપાલિકામાં અનુસૂચિત જાતિની બે મહિલાઓ સામાન્ય વર્ગની મહિલાઓ માટેની બેઠક ઉપરથી ચૂંટાઈ આવી છે. તેવી જ રીતે અનુસૂચિત જનજાતિની મહિલા હિંમતનગરની મહિલાઓ માટે નિયત અનામત બેઠકોથી વધુ મહિલાઓ ચૂંટાઈ આવી છે. તે પાછળ વર્ગની રાજકીય જાગૃતિની નિશાની છે.

પંચાયતીરાજના માળખામાં પરિવર્તન લાવવા માટે જોઈએ તો પછાત વર્ગો, આદિવાસીઓ વગેરે નબળા વર્ગો માટે પંચાયતના અંદાજપત્રોમાં ચોક્કસ ટકાવારી મુજબ રકમ વપરાય અને જો તેમાં શિથિલતા જણાય તો પંચાયતોને બરખાસ્ત કરવા સુધીની સત્તા સરકારે પ્રાપ્ત કરવી જોઈએ.

- ભારતીય રાજયતંત્રમાં છુટા પડેલા પ્રવાહો જેવા કે મહિલાઓ આદિજાતિઓ, દલિતો, સમાજના કચડાયેલાં વર્ગો વગેરેને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાનું કાર્ય પંચાયતીરાજની સંસ્થાઓએ કરવું જોઈએ.
- ગ્રામીણ વિકાસ અને સામાજિક સંબંધોમાં સુમેળ સધાય તે આવશ્યક છે.
- પંચાયતીરાજની સંસ્થાઓમાં નબળા, પછાત કચડાયેલા, દબાયેલા વર્ગો પરત્વેની સામાજિક ન્યાયની દ્રષ્ટિ દઢીભૂત ત્રણેય વર્ગો સામાજિક ન્યાય સમિતિઓ બને તે ખૂબ આવશ્યક અને ઈષ્ટ છે.
- સામાજિક ન્યાય સમિતિઓ (ત્રણે સ્તરોએ) ને ચાલુ રાખવાનો પ્રબંધ કરવો ઘટે અને અન્ય સમિતિઓ કરતાં આ સમિતિઓ વિશેષ સત્તાઓ સુપ્રત કરવી જોઈએ.

- અત્યારે વાસ્તવિકતા એ છે કે દલિતો જેમ-જેમ અત્યાચારો શાંતિથી સહન કર્યા કરવાનો ઈન્કાર કરશે તેમ તેમ આવા અત્યાચારો વધશે તો આવી પરિસ્થિતિમાં દલિત મહિલાઓ જુલ્મગારો સામે પોતાનું રક્ષણ કરી શકે એવી કુશળતા તથા સંસ્થાકૃત વ્યવસ્થા તેમને પૂરી પાડવી જોઈએ.
- અનુસૂચિત આદિજાતિના વિસ્તારો માટે તેમના અત્યાચાર વધવાથી પેસા એક્ટ અમલમાં આવ્યો જેનાથી તેમને એક કાનૂની પરિબળ મળી રહયું અને તેમના જીવનમાં પરિવર્તન થતા જોવા મળ્યા છે.
- અનુસૂચિત જાતિ માટે એટ્રોસીટી એક્ટ જે અસ્પૃશ્યતાના સંદર્ભમાં રજૂ થયો તેનાથી તેમનું શોષણ થતું અટક્યું અને બીજું જે ભેદભાવો થતા હતા તેમાં ઘટાડો થયો અને એક બંધારણીય પ્રોટેક્શન મળ્યું.

આમ, અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોની જરૂરિયાતો પૂરી પાડવા માટે પંચાયતીરાજ તંત્રને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવું પડશે. કારણ કે દેશનું ભવિષ્ય સુદૃઢ બને સારા તંત્ર અને નબળા વર્ગોના ઉત્થાન પર જ આધારિત છે. આ રીતે કેન્દ્ર સરકાર અને રાજ્યોની સરકારો જો ઉમદા પ્રયત્નો કરે તો કદાચ પંચાયતીરાજ સારાં પરિણામો મેળવી શકે અને લોકોના કામો ઝડપથી થઈ શકે.

## 10.9 સારાંશ :

74માં બંધારણીય સુધારાનો આ એકમમાં અભ્યાસ કરવાથી શહેરી સ્થાનિક સંસ્થાઓના વિકાસ પાછળ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ કામ કરે છે. તે ઉપરાંત આ સુધારો અમલમાં આવવાથી શહેરોને એક વિકાસની તક મળી છે. તે ઉપરાંત તેની મર્યાદાઓ અને સિદ્ધિઓ જોતાં એવું જાણવા મળે છે કે હાલમાં શહેરોનો ક્રમબદ્ધ વિકાસ યોજનાઓને લીધે થાય છે તથા સરકાર રાજ્યોમાં નગરપાલિકા, નગર પંચાયત, મહાનગરપાલિકા અને મેગા સીટીનો ક્રમશઃ વિકાસ યોજનાઓથી ઘણો સુધારો જોવા મળ્યો છે.

## 10.10 ચાવીરૂપ શબ્દો :

- **મેયર –** મહાનગરપાલિકાના વડાને મેયર કહે છે.
- **મ્યુનિસિપલ કમિશનર –** મહાનગરપાલિકાના વહીવટી વડાને મ્યુનિસિપલ કમિશનર કહે છે.
- **પેસા એક્ટ (PESA)** – Panchayat Extension to Scheduled Areas,1996, અનુસૂચિત ક્ષેત્રોના વિસ્તારમાં પંચાયત ક્ષેત્રોમાં લાગુ પડે છે.

## 10.11 સંદર્ભ સૂચિ

1. શાહ.બી.સી. : ભારતમાં પંચાયતીરાજ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ, 1981
2. Mohit Bhattacharya : Bureaucracy and Development Administration, Uppal Publishing House New Delhi,1979
3. પટેલ અજય : ભારતીય બંધારણ અને રાજ્યવ્યવસ્થા, યુવા ઉપનિષદ પબ્લિકેશન સુરત, 2019
4. સોની.એસ.બી. : નગરપાલિકા વહીવટ પરિચય, ગુ.મ્યુ.ફા.બોર્ડ દ્વારા પ્રકાશિત
5. નગરપાલિકા અપડેટ (અંગ્રેજી, હિન્દી) : દ્વિમાસિક, ઈનસ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સિસ, ન્યુ દિલ્હી

6. एम. लक्ष्मीकांत: भारत की राज्यव्यवस्था, Mcgraw Hill Education,Chenal – 2017

**4.12 તમારી પ્રગતિ ચકાસો :**

**(અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. શહેરી સ્થાનિક સંસ્થાઓનો વિકાસ સમજાવો.

2. શહેરી સ્થાનિક સંસ્થાઓના પ્રકારો જણાવો.

3. 74 માં બંધારણીય સુધારાના ઉદ્દેશો જણાવો.

4. 74 માં બંધારણીય સુધારાની સિદ્ધિઓ જણાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. 74 માં બંધારણીય સુધારાની જોગવાઈઓ સમજાવો.

2. 74 માં બંધારણીય સુધારાની મર્યાદાઓ જણાવો.

3. પંચાયતીરાજમાં મહિલા અનામત સમજાવો.

---

---

---

4. પંચાયતીરાજમાં SC અને ST ની અનામતની ભૂમિકા સમજાવો.

---

---

---

**(ક) નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. 74 માં બંધારણીય સુધારો ____________માટે ઘડવામાં આવ્યો હતો.
2. 12મી અનુસૂચિમાં _______________ વિષયોનો સમાવેશ થયો છે.
3. નગરપાલિકાઓની રચના આર્ટિકલ ______________દ્વારા કરવામાં આવી છે.
4. નગરપાલિકાની મુદ્દત માટે _______________ દ્વારા થાય છે.
5. નગરપાલિકાની ચૂંટણી _____________ દ્વારા થાય છે.

**4.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

(1) શહેરી સ્થાનિક સંસ્થાઓ

(2) 18

(3) 243 -2(ન)

(4) આર્ટિકલ – 243-U

(5) આર્ટિકલ -243 – Z A (વક)

# એકમ-11 લોકશાહી વિકેન્દ્રીકરણ અને પંચાયતીરાજ

રૂપરેખા

11.0 ઉદ્દેશો
11.1 પ્રસ્તાવના
11.2 લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ
11.3 લોકભાગીદારી અને પંચાયતીરાજ
11.4 ગાંધીજી અને પંચાયતીરાજ
11.5 સારાંશ
11.6 ચાવીરૂપશબ્દો
11.7 સંદર્ભસૂચિ
11.8 તમારી પ્રગતિ ચકાસો
11.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 11.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો આ એકમમાં નીચેના ઉદ્દેશ્યો દ્વારા તમે માહિતગાર થશો.

- પંચાયતીરાજમાં લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ મેળવી શકશો.
- પંચાયતીરાજમાં લોકભાગીદારી વિષે માહિતી મેળવી શકશો.
- પંચાયતીરાજમાં ગાંધીજીના મત વિષે ખ્યાલ મેળવી શકશો.

## 11.1 પ્રસ્તાવના

ભારતમાં જે લોકશાહી શાસન વ્યવસ્થાના દર્શન થાય છે કેમ કે વર્તમાન ભારતે લોકશાહી વિકેન્દ્રીકરણનો સ્વીકાર કર્યો છે અને તે સાથે સ્થાનીય શાસન વ્યવસ્થા દ્વારા શક્ય બની છે. સ્થાનીય સરકારમાં કેન્દ્રથી છેક દૂર સ્થાનીય કક્ષાએ જુદા જુદા પ્રશ્નોનું નિરાકરણ કરી સગવડતાઓ ઊભી કરવાની સ્વતંત્રતા અને સ્વાયત્તત્તા ત્યાંના સ્થાનિક નેતા અને વહીવટી તંત્રને આપવામાં આવે છે. જે સ્થાનિક લોકોમાં જવાબદારીની સભાનતા કેળવે છે. એટલું જ નહીં સ્થાનિક સમસ્યાઓના નિરાકરણમાં સ્થાનિક લોકો પોતાની જવાબદારી સમજીને મુશ્કેલીઓને દૂર કરવામાં મદદરૂપ પણ બને છે. જેથી સ્થાનીય શાસન વ્યવસ્થાના માધ્યમથી લોકોમાં સ્થાનીય શાસન માટે રસ કેળવાય છે જે આગળ આપણે વિકેન્દ્રીકરણ વિશે વિગતે અભ્યાસ કરીએ.

## 11.2 લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ

સ્થાનિક સ્વશાસન અને સામુદાયિક વિકાસ કાર્યક્રમો વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે. સામુદાયિક વિકાસ સ્થાનીય સંસ્થાઓ દ્વારા વધુ સારી રીતે કરી શકાય છે. સામુદાયિક વિકાસ પૈકી જે લાભ પ્રાપ્ત થાય છે તેનાથી પંચાયતીરાજની સંસ્થાઓ શ્રેષ્ઠ રાજનૈતિક પ્રશિક્ષણ તથા અનુભવનું પ્રદર્શન કરી શકે. સામુદાયિક વિકાસ કાર્યક્રમ તથા પંચાયતીરાજ સંબંધી કાર્યોને

એક સરખું સ્વરૂપ આપવા માટે શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષ સ્થાને 1956માં એક સમિતિ બનાવવામાં આવી. શ્રી બળવંતરાય મહેતાના નેતૃત્વ હેઠળના સમૂહ વિકાસ અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા અંગેના નવેમ્બર 1957માં તેનો અહેવાલ રજૂ કર્યો. તેમાં જણાવ્યા પ્રમાણે બળવંતરાય મહેતા સમિતિએ જિલ્લા વહીવટી તંત્રનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાની ભલામણ કરી હતી. આ ભલામણોનો સૌપ્રથમ સ્વીકાર મુંબઈ સરકારે કર્યો હતો. લોકશાહી વિકેન્દ્રીકરણની ભાવના સમજાવતાં મહેતા કમિટીએ નોંધ્યું છે કે ઘણી વખત સત્તાની સોંપણીને ભૂલથી વિકેન્દ્રીકરણ માનવામાં આવે છે. સત્તાની સોંપણીમાં જેને સત્તા સોંપવામાં આવી હોય તેને ઉપરથી સરકારનો અંકુશ ઊઠી જતો નથી. આ અધિકારી દરેક રીતે સરકારના આધિપત્ય હેઠળ હોય છે. જયારે બીજી બાજુ વિકેન્દ્રીકરણ એક એવી પ્રકિયા છે જેમાં સરકાર કેટલીક ફરજો અને કાર્યો બીજી સત્તાને સુપ્રત કરે છે. જ્યાં સુધી આવકનાં સાધનો ઉપરનો કાબૂ આ સંસ્થાને સોંપવામાં ન આવે ત્યાં સુધી જવાબદારીની સંપૂર્ણ સોંપણી થતી નથી. એ પણ સાચું છે કે કોઈ પણ દેશમાં સંપૂર્ણ સોંપણી શકય નથી. આમ છતાં એટલું કહી શકાય કે કાયદા હેઠળ આવકનાં અમુક સાધનોનું વિકેન્દ્રીકરણ કરી શકીએ અને એવી ભલામણ કરીએ કે આગળ ઉપર વધુ ને વધુ સાધનો સ્થાનિક સંસ્થાને પ્રાપ્ત થતાં રહે. વહીવટી તંત્રમાં નીચલા સ્તરે સોંપણી થતી આવી છે. પરંતુ તાજેતરમાં જોઈએ તો રાજયની નીચલા સ્તરે જવાબદારી અને અધિકારીનું વિકેન્દ્રીકરણ થયુ નથી. આ જાતનું વિકેન્દ્રીકરણ હવે અનિવાર્ય બન્યું છે અને ત્યારે જ શકય બને જયારે આપણે વિકાસ કાર્યોનો હવાલો સોંપી દઈએ. વિકાસ કાર્યોમાં ખેતીવાડી, પશુપાલન, સહકારી પ્રવૃત્તિ, નાની સિંચાઈ યોજનાઓ, ગ્રામોદ્યોગ, પ્રાથમિક શિક્ષણ, સ્થાનિક માર્ગવ્યવહાર, સફાઈ, આરોગ્ય અને દાકતરી સારવાર, સ્થાનિક મનોરંજન વગેરે. જો આ પ્રકારની સ્થાનિક સંસ્થાઓએ પૂરા જોરથી પહેલ વૃત્તિથી અને સફળતાપૂર્વક કામ કરવું હશે તો સરકારે પોતાની હસ્તકનાં માર્ગદર્શક, દેખરેખ, આયોજનનાં કાર્યો સોંપવા પડશે. એટલું જ નહી વધુ ને વધુ નાણાં આપવાં પડશે. હેન્રી મેડીકના કહેવા પ્રમાણે વિકેન્દ્રીકરણમાં સત્તાની સોંપણી તથા સત્તાનું સ્થળાંતર થાય છે. આમ મહેતા કમિટીની ભલામણોને પરિણામે હાલ આપણે જેને પંચાયતીરાજ કહીએ છીએ તેનો જન્મ થયો. પંચાયતીરાજનું માળખું ત્રિ-સ્તરીય રાખવાનું સૂચવવામાં આવ્યું. સૌથી નીચે ગ્રામ પંચાયત, માધ્યમાં તાલુકા પંચાયત અને ટોચ ઉપર જિલ્લા પરિષદ કે પંચાયત. આમ સ્વતંત્ર ગુજરાત રાજયની સ્થાપના પછી ગુજરાત રાજયમાં પણ આ કમિટીની ભલામણોના અમલીકરણ માટે ઉત્સાહ જણાયો હતો. પરિણામ સ્વરૂપ ગુજરાત રાજયે મહેતા સમિતિની ભલામણોનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવા તા 15-07-1960 ના રોજ ગૃહપ્રધાન રસિકભાઈ પરીખના અધ્યક્ષપણા નીચે 13 સભ્યોની લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિ નીમી.

પંચાયતીરાજને લોકશાહી વિકેન્દ્રીકરણના આધારે વધુ મજબૂત બનાવવાના અને છેક ગ્રામ્ય કક્ષા સુધી તેના વિચારોને સામુદાયિક વિકાસ દ્વારા સફળ બનાવવાના ભાગરૂપે ત્રિસ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા ગુજરાત સહિત ભારતમાં ક્રમશઃ યોગ્ય બની. ગુજરાતમાં 1961ના ગુજરાત પંચાયત ધારા અન્વયે જિલ્લા વહીવટી તંત્રનું લોકશાહી વિકેન્દ્રીકરણ અંગેની જોગવાઈ કરવામાં આવી. તે મુજબ ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત આમ, ત્રિસ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા દેશના જુદા–જુદા ભાગોમાં સ્વીકૃત બની. આંધ્રપ્રદેશ, બિહાર, કર્ણાટક, તામિલનાડું, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ,તથા ચંદીગઢમાં ત્રિસ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા તથા આસામ, મધ્યપ્રદેશ, હરિયાણા, મણીપુર, ઓરિસ્સા, દાદરા અને નગર હવેલી, દિલ્લી તથા પોંડિચેરીમાં બે સ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા અને દેશના બાકીના રાજયોમાં એક સ્તરીય વ્યવસ્થા અમલી બની.

પંચાયતીરાજ વ્યવસ્થાને વધુ વિકસિત બનાવવા બંધારણીય સુધારાઓ અનિવાર્ય હતા. ઘણા લાંબા વર્ષો પછી 73મો બંધારણીય સુધારો 1992માં કરવામાં આવ્યો. રાજ્યમાં જે કોઈ રાજ્યકર્તા વર્ગ હોય તેની મરજી પ્રમાણે પંચાયતીરાજ તરફ ઘટે કે બગડે એટલે પંચાયતીરાજને સહન કરવું પડે. એવી સ્થિતિ સામે બંધારણીય સુરક્ષાનું કવચ તેને પૂરું પાડવું અનિવાર્ય બન્યુ હતુ. જે જાહેર કાર્યક્રમોની સેવા અસરકારક રીતે પૂરી પાડવા માટે લોકોનું સશક્તિકરણ કરવું અને વિકાસલક્ષી મુદ્દાઓમાં વિકેન્દ્રીકરણને વિગતે જોઈએ.

- **લોકશાહી વિકેન્દ્રીકરણ**

લોકશાહી વિકેન્દ્રીકરણમાં આયોજન માટેની જવાબદારીઓ વ્યવસ્થાપન, સંશાધનોની ફાળવણી અને સત્તા, કેન્દ્ર સરકાર અને તેની સંસ્થાઓ પાસેથી લઈને તેની સોંપણી એકમોને કરવામાં આવે છે. કેન્દ્ર સરકારનાં મંત્રાલયોનાં ક્ષેત્ર એકમો, ગૌણ એકમો અથવા સરકારનાં સ્તરો, જાહેર સત્તા તંત્રો અથવા કોર્પોરેશનો પ્રાદેશિક અથવા કાર્યકારી સત્તાઓ અથવા બિન સરકારી કે ખાનગી સંગઠનો વિવિધ સ્તરે મંજૂરીઓ લેવામાં ઘણો વિલંબ થવાના કારણે વસતિ વિકાસ માટેના કાર્યક્રમો પહોંચતા નથી. જે ધ્યાનમાં આવતા કયા પગલાંઓ ભરવાથી કાર્યક્રમ સફળ રહેશે. તે અંગે કેન્દ્રીય વહીવટીતંત્રમાં નજીવી જાણકારી જોવા મળી.

- **વિકેન્દ્રીકરણ કરવા પાછળનાં વિવિધ કારણો**

**(1) નાણાકીય પરિબળ**

ખર્ચની અસરકારકતા, સંશાધનો તથા આવક ક્ષેત્રે સ્થાનિક એકમો પર વધુ નિયંત્રણ અને વધારે ઉત્તરદાયિત્વ.

**(2) તકનીકિ પરિબળ**

પ્રાદેશિક વહીવટદારોની આયોજન. વ્યવસ્થાપન અને સહનિર્દેશનની ક્ષમતામાં સુધારો કરવો તથા સેવાઓ લોકો સુધી પહોંચાડવી. સ્થાનિક કે વ્યક્તિગત જરૂરિયાતો સાથે સંકળાયેલી વધુ ઝડપી જાહેર સેવાઓ જે કાર્યક્ષમતા વધારે છે.

- **રાજકીય**

ચૂંટાયેલા હોદ્દેદારોનાં ઉત્તર દાયિત્વ અને સહભાગિતા પોતાની જરૂરિયાતોને વાચા આપવા માટે લોકો સ્વતંત્ર થાય અને તેમના પ્રતિનિધિઓ દ્વારા નિશ્ચિત સંશાધનો પ્રાપ્ત કરી શકે અને વધુ લોકશાહી અને કાર્યક્રમોની સ્થાનિક સંસ્થાઓને વેગ આપે.

- **વિકેન્દ્રીકરણનાં સ્વરૂપો**

**(1) વહીવટી વિકેન્દ્રીકરણ**

આમાં ત્રણ પ્રકાર વિભાજિત છે. જેથી કરીને ડિકોન્સેન્ટ્રેશન, સત્તાની સોંપણી અને કામગીરીની સોંપણી.

**(અ) ડિકોન્સેન્ટ્રેશન (Deconcertrution)**

આ કેન્દ્ર સરકારની કેટલીક વહીવટી જવાબદારીઓ તથા સત્તાઓ સ્થાનિક સરકારોને કે મંત્રાલય કે વિભાગના ક્ષેત્ર કચેરીઓને સોંપવાની પ્રક્રિયા છે. જે માર્ગદર્શિકા હેઠળ કાર્યક્રમનાં અમલીકરણ અને આયોજન માટે તે અમુક સ્વતંત્રતા જરૂર પૂરી પાડે છે. વધુ કાર્યક્ષમતા હાંસલ કરવા માટે ડિકોન્સેન્ટ્રેશનના આધારે ઘણા કેન્દ્રીય કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે. જે રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ જે એકમો ધરાવે છે. જેમને રાષ્ટ્રીય કાર્યક્રમોનો અમલ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

### (બ) સત્તાની સોંપણી

આ નિશ્ચિત કાર્યોના સંચાલનની જવાબદારી સામાન્ય અમલદારી માળખાં બહારનાં સંસ્થાઓને સોંપવાની પ્રક્રિયા છે. મૂળભૂત જવાબદારી સર્વોપરી સત્તા પાસે યથાવત રાખવામાં આવે છે. ભારતમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સત્તાની સોંપણીનું સારૂ ઉદાહરણ કહી શકાય. વંચિત વર્ગોને વિના મૂલ્યે કાયદાકીય સહાયની સેવા પૂરી પાડવા માટે રાજયોએ લિગલ સર્વિસ ઓથોરિટીની પણ રચના કરી છે.

### (ક) કામગીરીની સોંપણી

આ કાયદેસર રીતે અલાયદા સ્વાયત્ત એકમની રચના કરવાની પ્રક્રિયા છે. જેના પર કેન્દ્રીય સત્તા પરોક્ષ નિયંત્રણો ધરાવે છે. તે ભૌગોલિક સીમા સાથેના સ્થાનિક એકમ તરીકે ઓળખાય છે. અને આ એકમો સરકારનાં અન્ય એકમો સાથે રાજકીય રીતે વ્યવહાર કરે છે. સ્થાનિક એકમો વિકાસની પ્રક્રિયામાં નાગરિકોને સહભાગિતાને વેગ આપે છે. સ્થાનિક વહીવટને સત્તાઓ સોંપવા માટે 73 માં અને 74 માં સુધારા હેઠળ પંચાયતીરાજ સંસ્થાઓ તેમજ નગર પાલિકાઓની રચના કરવામાં આવી છે. આસ્થાનિક એકમોને નિશ્ચિત વિભાગમાં કાર્યો હાથ ધરવા માટે પૂરતું ભંડોળ તથા કર્મચારીઓ પૂરાં પાડવામાં આવે છે.

### (2) રાજવિત્તીય વિકેન્દ્રીકરણ

કેન્દ્ર સરકાર જે માત્રા સુધી બિન કેન્દ્રિય સરકારી સંસ્થાઓને રાજવિત્તીય પ્રભાવ સોંપે છે. તેને આ માટે આવક અને ખર્ચ એ શ્રેષ્ઠ માપદંડ બની રહે છે. તેમ જ તે રાજવિત્તીય વિકેન્દ્રીકરણના મુખ્ય પાસા છે. પેટા રાષ્ટ્રીય ખર્ચ અને આવકના હિસ્સાનું પ્રમાણ વધારે હોય તો કેન્દ્ર સરકારથી અલગ રાજવિત્તીય પ્રભાવ તરફનું સ્થળાંતર પણ એટલું જ વધારે રહે છે.

### (3) રાજકીય વિકેન્દ્રીકરણ

વિકેન્દ્રિત રાજકીય વ્યવસ્થામાં સ્થાનિક સ્તરે રાજકીય ક્ષેત્રે જોડાયેલા લોકો અને પ્રશ્નો મહત્ત્વના બની રહે છે. અને રાષ્ટ્રીય કક્ષાના રાજકીય કર્તાઓ કરતાં તેઓ પ્રમાણમાં વધુ સ્વતંત્રતા ભોગવે છે. નાગરિકો સ્થાનિક વિષયોના આધારે હિતો તથા સ્વરૂપની ઓળખ નક્કી કરે છે. તેમજ પક્ષો અને સામાજિક આંદોલનો જેવાં સંગઠનો સ્થાનિક કક્ષાએ કામ કરે છે. તેઓ સ્થાનિક મુદ્દાઓમાં અને સ્થાનિક ચૂંટણીઓમાં ભાગ લે છે. ચૂંટણીઓ જુદી – જુદી કક્ષાએ થતા પ્રતિનિધિત્વથી એક રીતે સચોટ હોય છે. કેટલાંક રાજકીય કાર્યો વિકેન્દ્રિત થવાની શકયતામાં પણ વધારો કરે છે. ચૂંટણી થકી નાગરિકોનાં હિતો વહીવટી અને કાયદાકીય સત્તા પ્રાપ્ત કરે છે. ચૂંટણીએ લોકશાહીકરણનો ભાગ છે. જે દર્શાવે છે કે સ્થાનિક સરકારો તેમના મતદારો વતી કામગીરી કરવાનો અધિકાર ધરાવે છે.

લોકશાહી વિકેન્દ્રીકરણનો આદર્શ ત્યારે જ સિદ્ધ થયો ગણાશે કે કેન્દ્ર અને રાજય સરકારોની જેમ પંચાયતીરાજ સંસ્થાઓ સ્વશાસનના મહત્ત્વના ઘટકની જેમ કાર્ય કરે તથા રાષ્ટ્રના રાજય વહીવટના ત્રીજા સ્તર તરીકે તેમને સત્તા, નાણાંકિય સાધનો, મોભો અને દરજ્જો મળે તે અનિવાર્ય છે. આ બધી બાબતોને સમાવિષ્ટ કરી લોકશાહી વિકેન્દ્રીકરણની ફિલોસોફીમાં રાષ્ટ્રીય શ્રધ્ધાનો પુનરોચ્ચાર કરવાની પણ આવશ્યકતા હતી. 73મો બંધારણીય સુધારો કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો જેને પરિણામે ભારતના બંધારણમાં 9મો ભાગ ઉમેરવામાં આવ્યો. આ અધિનિયમ તા- 24-04-1993 થી અમલમાં આવ્યો. ત્યારથી એક વર્ષની અંદર દરેક રાજયને માટે પોતાના પંચાયતીધારાઓને આ અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું. 73માં સુધારાએ દેશમાં સામાન્યતઃ ત્રિસ્તરીય

પંચાયતીરાજ સસ્થાઓ સ્થાપવાનું જણાવ્યું. આજે મોટાભાગના રાજયોમાં પંચાયતીરાજની ત્રિસ્તરીય સ્થાનિક શાસન વ્યવસ્થા મહ્દઅંશે કાર્યાન્વિત જણાય છે. લોકશાહીના વિકેન્દ્રીકરણના વિચારને પંચાયતીરાજની ત્રિસ્તરીય શાસન વ્યવસ્થા વધુ પારદર્શક અને સમાજના મોટા વર્ગની જનભાગીદારીને સફળ બનાવે છે. સામૂહિક ગ્રામવિકાસ ખાતાના ભૂતપૂર્વ શ્રી પ્રધાન એસ.કે.ડે.ના જણાવ્યા પ્રમાણે પંચાયતીરાજ એ આપણા કાર્યનું અંતિમ લક્ષ નથી. એ તો પ્રજાની ઉન્નતિ માટેનો રસ્તો માત્ર નથી. પંચાયતીરાજનો ખરેખરો અર્થ એ છે કે જનતા સંગઠિત જાગૃત અને સ્વાવલંબન બને અને સરકાર પાસે જે અધિકારો છે તે લઈ લે અને પોતે બજાવે. પંચાયતીરાજનો ખરો વિકાસ ત્રિસ્તરીય વ્યવસ્થામાં રહેલો છે. તેમાં પણ સૌથી નાના અને મહત્વના એકમ ગ્રામ પંચાયતનું સ્થાન અગત્યનું છે. લોકશાહી વિકેન્દ્રીકરણની સફળતાનો આધાર પણ ગ્રામ પંચાયતોને મળેલી સ્વાયત્તતામાં રહેલો છે. સાથે સાથે વિકેન્દ્રીકરણને સમજવા કેટલાક પરિબળો જેવાં કે (1) નિયત રાજકીય વ્યવસ્થામાં નીચલા સ્તરનાં માળખાંઓને સ્વાયત્તતા પૂરી પાડવા માટે કેટલીક રાજકીય સહાય પૂરી પાડવામાં આવે છે. (2) જે તે સ્તરે ફાળવવામાં આવેલી કામગીરી હાથ ધરવા માટે વહીવટી અસરકારકતા કેટલી હોય છે. (3) લોકોને આપવામાં આવતા પ્રતિભાવમાં સુધારો કરવા માટે કઈ વ્યવસ્થાનો અમલ કરવામાં આવ્યો છે. (4)જેમને કાર્યો સોંપવામાં આવ્યાં છે તે લોકો સ્વ નિર્ધારણ માટે કેટલી સત્તા ધરાવે છે. ઉદાહરણ તરીકે વિકેન્દ્રીકરણ અંગે અરૂણ અગરવાલ અને જેસ્સી. સી. રિબોટના મતે લોકો, સત્તા અને ઉત્તર દાયિત્વ એ વિકેન્દ્રીકરણ માટેના ત્રણ મહત્વનાં પરિબળો છે. પોતાના અધિકારક્ષેત્ર હેઠળની વસતિને જવાબદાર હોય તેવા સંબંધિત લોકો અને સરકાર દ્વારા નિયુક્ત વ્યક્તિઓને સોંપવામાં આવતી સત્તા વચ્ચે મૂળભૂત તફાવત પ્રવર્તે છે. સામાન્ય રીતે ચૂંટણીને એવી વ્યવસ્થા ગણવામાં આવે છે. સમાનતા, વિકાસ, વ્યવસ્થાપન અને કાર્યક્ષમતા વધારવા માટે જાહેર નિર્ણયોમાં લોકોની સહભાગિતા વધારવાની જોગવાઈ એ વિકેન્દ્રીકરણનું અન્ય મહત્ત્વનું પરિબળ છે.

## 11.3 લોકભાગીદારી અને પંચાયતીરાજ

ભારતમાં પંચાયતીરાજ દાખલ કરવાનો આશય વિકાસનાં વિવિધ કામોમાં લોકભાગીદારીને સંસ્થાકીય સ્વરૂપ આપવાનો છે. એટલે પંચાયતીરાજ ગ્રામ વિકાસ માટે યોગ્ય માળખાકીય ભૂમિકા પૂરી પાડે છે. તેમાં પણ ખાસ કરીને ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વીકરણના પ્રવાહો દ્વારા જે બજારલક્ષી અભિગમ અપનાવ્યો છે. તેનો લાભ સામાન્ય ગ્રામજન સુધી પહોંચાડવો હોય તો તેમને આ પ્રક્રિયા સમજાવી. તેને માટે સંગઠિત કરી તેનો લાભ લેતા કરવાં જોઈએ. ગ્રામીણ વિકાસ સમુદાયને આવો આધુનિક સમાજ કઈ રીતે બનાવીશું. આ આધુનિક પરિભાષાનો અર્થ સમાજ પરિવર્તનની પરિભાષા અને અભિગમ મુજબ અલગ – અલગ હોઈ શકે. વાસ્તવમાં જોવા જઈએ તો એવું પણ બને કે એક કરતાં વધારે અભિગમો કોઈ એક સ્થિતિમાં અસર કરતા જોવા મળે. આમ રાજકીય પરિસ્થિતિ બદલાતા એવું પણ બને કે એક કરતાં વધારે અભિગમો કોઈ સ્થિતિમાં અસર કરતાં જોવા મળે. ગ્રામીણ સમાજમાં પરિવર્તન લાવવા માટે કેટલાંક અભિગમો જોઈએ તો,

- **સામાજિક માળખું બદલવા**

માળખું બદલવું એટલે વ્યાપક રીતે સંપત્તિ સંબંધોમાં પરિવર્તન લાવવું અને વિશિષ્ટ રીતે ગ્રામીણ પરિસ્થિતિમાં જામીન સંબંધોમાં પરિવર્તન લાવવું. તેની શરૂઆત રાજય અને ખેડૂત વચ્ચેની વચગાળાની જામીન ધારણ સત્તાઓથી નાબૂદ કરી શકાય. ગિરાસદારો અને જમીનદારોને નાબૂદ કરીને અહી ખેડે તેની જમીનનો નિયમ અપનાવીને ખેડૂતને જમીનના

તમામ અધિકારો આપવામાં આવે છે. ખેડે તેની જમીન કરવાથી ખેતીનો વિકાસ થાય છે. માળખું બદલવાનો બીજો ખાનગી મિલ્કત અને ખાનગી જમીન માલિકોની નાબૂદી એવો થાય છે. લોકશાહી પદ્ધતિમાં ચૂંટાયેલી સરકાર ખાનગી જમીનનું રાષ્ટ્રીયકરણ અથવા સહકારીકરણ કરી શકે. આપણા વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરૂ સમાજવાદી ઢબની સમાજ રચનાથી જે માળખું ઊભું કરવા માંગતા હતા. તેમાં ખેતી સહકારીકરણ કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ આ પરિવર્તન આવી ન શક્યું. જો આમ થયું હોત તો ગ્રામીણ સમાજમાંથી જમીન માલિકો અને જમીન મજૂરો એવા વર્ગો નાબૂદ થઈ ગયા હોત.

- **સમાજ સુધારાનો અભિગમ**

આ અભિગમમાં સામાજિક અને આર્થિક સંબંધોમાં વર્તમાન રાજકીય માળખાની મર્યાદામાં રહીને પરિવર્તન કરવામાં આવે છે. આમાં મુખ્ય ભાર લોકોનાં મૂલ્યો, ધોરણો, વલણો અને વર્તન બદલવા તરફ ધ્યાન આપવામાં આવે છે. સામાજિક સુધારા માટ હૃદય પરિવર્તનની પદ્ધતિ અપનાવવામાં આવે છે. સુધારાવાદી સંસ્થાઓમાં બિનરાજકીય અને રાજકીય. બિનરાજકીય સંસ્થાઓ કોઈ રાજકીય કાર્યક્રમોમાં ભાગ લેતી નથી. અને પોતાની જાતને રાજકારણથી પર ગણાય છે. વળી પોતાની જાતને રાજકીય વિચારસરણીથી પર પણ ગણે છે. જયારે રાજકારણમાં માનતી સંસ્થાઓ રાજકીય પક્ષોની પેટા સંસ્થાઓ હોય છે. જયારે કેટલીક સંસ્થાઓ બિન પક્ષીય રાજકીય સંગઠનો હોય છે. ભારતમાં રાજકીય તખ્તા ઉપર ગાંધીજીના આગમન બાદ તેમણે કાર્યકરોને ગામડે જઈને આશ્રમો સ્થાપીને સમાજ સુધારણા અને રાષ્ટ્રીય ચળવળના કાર્યકરો તૈયાર કરવા માટે કહયું. આમ ગુજરાત અને મહારાષ્ટ્રના આદિવાસીઓમાં જે જાગૃતિ દેખાય છે તે કંઈક અંશે ગાંધીવાદી કાર્યકરોએ ચલાવેલી સમાજ સુધારણાની પ્રવૃત્તિનું પરિણામ છે.

- **ટેકનિકલ સંચાલકીય અભિગમ**

સરકારી તંત્ર દ્વારા ચલાવાતા ગરીબી નાબૂદીના કાર્યક્રમો નિષ્ફળતાને વર્યા. ત્યારબાદ આ અભિગમનું મહત્ત્વ વધ્યું. ઘણા બધા ગ્રામીણ વિકાસ કાર્યક્રમો અને ગરીબી નાબૂદી કાર્યક્રમો, ઉદ્યોગગૃહો દ્વારા પુરસ્કૃત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. આ અભિગમ મુજબ ગરીબી અને ગ્રામીણ વિકાસની સમસ્યાઓથી આ કાર્યક્રમોને કાર્યદક્ષતાથી ચલાવવાની સમસ્યાઓ છે. આધુનિક ટેક્નોલોજી અને આધુનિક સંચાલકીય પ્રયુક્તિઓના પ્રયોજનથી ગરીબી નાબૂદી અને ગ્રામીણ વિકાસના કાર્યક્રમો વધુ અસરકારક રીતે અને વધુ કાર્યદક્ષતાથી ચલાવી શકાય છે. આ અભિગમમાં માનનારા લોકો ધ્યેયલક્ષી હોય છે. તેઓ નિશ્ચિત કાર્યક્રમો લઈને નિશ્ચિત પરિણામો લાવવામાં માને છે.

- **ભાગીદારીનો અભિગમ**

અહી ગામડા બહારની કોઈ સંસ્થા જો સમાજનું પરિવર્તન કરવાના પ્રયત્નો કરે છે. બહારની જો કોઈ સંસ્થા ગ્રામ સમાજના ઉધ્ધારક તરીકે આવે છે. જેમાં ગામડાં એ તો માત્ર તેની પ્રવૃત્તિનો પ્રસાદ જ પામવાનો હોય છે. જેમાં અહી બે અસમાન લોકો વચ્ચે સંબંધ બંધાય છે. જેમાં ઉદ્ધાંરક શોષક બને છે. બહારથી આવનારી  સહકારી કે સ્વૈચ્છિક સંસ્થા ગામડામાં શ્રમ અને સંપત્તિનુંશોષણ કરે છે. પરિણામે થોડુંક પ્રાપ્ત થાય છે. દા.ત. કોઈ વિકાસ સંસ્થા ગામડામાં ઘઉંનું વાવેતર કરાવે તી ઘઉં ઉગાડતાં ખેડૂતોને તો અવશ્ય ફાયદો થાય છે. પણ જે સંસ્થાઓ આ વાવેતર કરાવડાવ્યું તેજ ઉદ્યોગગૃહ સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલી હોય છે. તેને પણ ફાયદો તો થાય છે.જે આર્થિક પરિભાષામાં જેને માપી શકાય તેવો વિકાસ થયો છે. અને

લોકોની ભાગીદારી વધી છે. કારણ કે પ્રજાના વધુ ને વધુ ભાગ તે વ્યાપક બજાર અર્થવ્યવસ્થાના અને સંકુલ સમાજના ભાગરૂપ બનતા જાય છે. અહી ગામડાંના વિકાસ માટે બહારની મદદની જરૂર નથી. કહેવાનો મતલબ એમ છે કે ગ્રામીણ ગરીબો માટે આ ખાસ કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે. તે ગ્રામીણ લોકો પોતે જ આ કાર્યક્રમો અંગે નિર્ણય લેવાની પ્રક્રિયામાં અને તેના અમલ કરવાની પ્રક્રિયામાં જ્યાં સુધી સમાન ભાગીદારી પ્રાપ્ત નહી કરે ત્યાં સુધી આવા કાર્યક્રમો તેમની વિરુધ્ધ જવાની શકયતા વધારે છે.

પંચાયતીરાજમાં ભાગીદારી જોઈએ તો લોકપ્રિય સ્વરૂપમાં તેનો અર્થ કોઈ સ્વરૂપની રાજકીય લોકશાહી તરીકે છે જ્યાં પ્રજાના વિવિધ પ્રતિનિધિઓ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લે છે. વિકાસના સાહિત્યમાં અને મુક્ત અર્થકારણમાં ગરીબોની તરફેણ માટે સરકારી દખલ તરીકે ઓળખાય છે. સમાજના વિવિધ વિભાગના લોકોનાં હિતોને સંતોષવા માટે મુક્ત અર્થકારણની નીતિઓ અહી જુદી દિશામાં વાળવામાં કે ફરી ઘડવામાં આવ્યું છે. અને ઉપર બેસીને પ્રજાના પ્રતિનિધિઓએ લીધેલા નિર્ણયોનો અમલ મુખ્યત્વે અમલદારશાહી તંત્ર દ્વારા કરવામાં આવે છે. આ જાતની ભાગીદારીથી ઉત્પાદન પ્રકિયાનું આધુનિકરણ થાય છે અને ઉત્પાદન વધે છે. જ્યાં સુધી ગ્રામીણ લોકોની સીધી ભાગીદારીના પ્રશ્નો લાગેવળગે છે. ત્યાં સુધી તેમની તાકાત તેમની સંખ્યામાં છે. આમ છતાં બહુ સંખ્યાના લોકો પણ જો સંગઠિત ન હોય તો ખાસ હેતુ સરતો નથી. બહુ સંખ્યાના ગ્રામીણો જો સંગઠિત થાય તો વિકાસની પ્રક્રિયામાં વધુ અર્થપૂર્ણ ભાગીદારી કરી શકશે.

છેલ્લા સમયથી લોકોની ભાગીદારી વિકસવા માટે ઘણા બધા ઉપાયો કરવામાં આવ્યા છે. તેને પરિણામે ગ્રામ કારીગરોને ફાયદો અવશ્ય થયો છે. પંચાયતીરાજમાં સહકારી મંડળીઓ, ગ્રામ કારીગરોનાં યુનિયનો, સ્થાનિક દાબજૂથો અને સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરીથી કેટલાક ગ્રામ કારીગરોને કંઈક અંશે ભાગીદારી પ્રાપ્ત થઈ છે.

## 11.4 ગાંધીજી અને પંચાયતીરાજ

ભારતમાં છેક વૈદિકકાળથી ચાલી આવતી સ્થાનીય શાસન વ્યવસ્થા ભારતના જુદાં-જુદાં રજવાડાઓના શાસન નીચેથી પસાર થઈ. આ શાસન વ્યવસ્થાનું મહત્ત્વનું પાસું વિકેન્દ્રીકરણ અને લોક પ્રતિનિધિત્વની ભાગીદારી વર્ષોથી કાર્યરત આ શાસન વ્યવસ્થા આઝાદી સુધી નાના મોટા સુધારા સાથે આગળ વધી વર્તમાન વિશ્વમાં લોકશાહીની સફળતાનો આધાર સ્થાનીય સ્વશાસનની સફળતામાં રહેલો છે. લોકતંત્રનાં સાચા પરિણામો ખરેખર સ્થાનીય શાસન દ્વારા લોકોને મળે છે. ગાંધીજીએ પણ સ્થાનિક સ્વશાસન અને તેમાં પણ ગ્રામ શાસનને વિશેષ મહત્વ આપ્યું હતું. ગ્રામ શાસનની સફળતાનો આધાર ગ્રામ સ્વરાજમાં રહેલો છે. ગાંધીજીએ ગ્રામ સ્વરાજના અનુસંધાને જણાવેલું કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ. અને પોતાની જીવનની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશીઓથી પણ સ્વતંત્ર હશે. પણ જે બાબતોનાં સહકાર અનિવાર્ય હશે તો બધાં કાર્યોથી પાડોશીઓ સાથે પરસ્પર કાર્ય કરશે.એ મુજબ પોતાની જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની તેની પહેલી ફરજ ગણાશે. પોતાના ઢોરને ચારવાને માટે તેમજ બાળકોની રમતગમતો અને મોટાઓના આનંદ પ્રમોદને સારું તે જમીન અલગ રાખશે. તે પછી જો ગામ પાસે જમીન ફાજલ રહેશે તો તેમાં ઉપયોગી બજારમાં વેચી શકાય તેવો પાક લેવાશે. દરેક ગામ પોતાનું એક નાટક ઘર. પોતાની નિશાળ અને સભાગૃહ નિભાવશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એવી જોગવાઈ કરવામાં આવે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજીયાત હશે.

ભારતમાં આવેલા ગામડાંઓની સમાજ રચના વિશિષ્ટ પ્રકારની છે. અનેક સમાજના લોકો અને કારીગર વર્ગ ત્યાં વસવાટ કરે છે. જુદાં-જુદાં સમાજના લોકોમાં સમરસતા અને ગામ માટે સમર્પિત થવાની ભાવનાને ગાંધીજીએ મહત્ત્વ આપ્યું છે. જેમાં અસંખ્ય ગામડાંઓની બનેલી આ સમાજ રચનાની આકૃતિ એક એકથી ઉંચે જતાં વર્તુળોની નહિ પણ એકબીજાંથી વિશાળ થતા જતા અને નાનાને મોટામાં સમાવી લેતા વર્તુળોની હશે. જેના કેન્દ્રમાં પોતાના ગામને સારું ખપી જવાને હંમેશા તત્પર એવી વ્યક્તિ હશે અને ગામ બીજા ગામોના બનેલા પોતાના વર્તુળને માટે ખપી જવાને તત્પર રહેશે. અને આખરે આ વર્તુળો મળીને એક પ્રાણવાયુ એક શરીર બનશે.

ગ્રામ શાસન વ્યવસ્થામાં ગ્રામ પંચાયત એક મહત્ત્વનું એકમ છે. ગામડાંની પંચાયતો અને સ્થાનિક કક્ષાએ અનેક પ્રકારની જવાબદારી કે ફરજો અદા કરવાની હોય છે. દરેક પંચાયત પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરે તેને ગાંધીજી વિશેષ મહત્વ આપતા હતા. ગાંધીજીએ પંચાયતની ફરજો વિશે જણાવ્યું કે પંચાયતોએ એવું કામ કરવું જોઈએ કે જેથી કોઈને કોર્ટમાં જવું જ ન પડે. પંચાયતે જેમ માનવીઓની દેખરેખ રાખવાની છે તેમ તેના જાનવરોની પણ સંભાળ લેવાની છે. પંચાયતે લોકોની તંદુરસ્તી માટે પણ વિચાર કરવાનો છે. રસ્તાઓ પર ધૂળ, છાણ કે કચરો કશું રહેવું ન જોઈએ. આ બધા કામોમાં વધારે ખર્ચ ન થવો જોઈએ. ગામમાં પણ મનોરંજન અંગેના વિચારો પ્રગટ કરતાં તેઓ કહે છે કે તે કેળવણીનું મોટું સાધન બને ત્યારે સાચું પણ અત્યારે તો દૂષણો વધી ગયા છે. માટે આપણાં ગામડામાં તે નહિ હોય તેવી ચીજો જેવી કે દારૂ, અફીણ અને ગાંજો જેવી કેફી ચીજો પણ નહિ હોય. ટૂંકમાં પંચાયત એવું નમૂનેદાર ગામ બનાવે કે તેને જોવા લોકો દોડ્યાં આવે.

ગ્રામપંચાયતની સાથે ગ્રામસભા પણ ગ્રામશાસનનું મહત્વનું એકમ છે. ગ્રામ શાસનમાં એ એક મહત્ત્વની જવાબદારી અદા કરી છે. ગાંધીજીએ પણ ગ્રામસભાની અગત્યતા અને મહત્ત્વ દર્શાવતાં જણાવ્યું કે ગામના તમામ સ્ત્રી-પુરુષો ગ્રામસભાના સભ્ય ગણાશે. તથા ગ્રામસભાના બધા નિર્ણયો સર્વ સંમતિ થી લેવામાં આવે. આ ગ્રામસભા પાસે સૌથી વધુ સત્તા અને આવક પ્રાપ્તિનાં સાધનો હોય.

ગાંધીજીની દ્રષ્ટિએ ભારતમાં સાચું સ્વરાજ્ય અને તેમાં પણ ગ્રામ સ્વરાજ ગ્રામ પંચાયતોના માધ્યમથી જ શક્ય બનશે. લોકો સાદગીમાંથી જ આત્મનિર્ભર બની શકે છે. તે માટે ગ્રામ્ય જીવનશૈલી આધાર પૂરો પાડી શકે એવું ગાંધીજીના વિચારો દ્વારા સમજી શકાય છે. ગામડાઓ લોકોની વિવિધ જરૂરિયાતોને સંતોષે છે અને તેથી તેમણે ગામડાંની સદ્ધરતા પર પણ વિશેષ ભાર આપ્યો હતો. તેમના મતે ભારત ગામડાંઓમાં વસેલું છે. દરેક ગામ સંપૂર્ણ બને, આત્મનિર્ભર અને સ્વાવલંબી થાય.

## 11.5 સારાંશ

પંચાયતીરાજમાં લોકશાહી સાચા સ્વરૂપમાં માત્ર વિકેન્દ્રીકરણ વડે જ સ્થાયી થઈ શકે છે. લોકશાહીના કેટલાક એકમોને વિકેન્દ્રીકરણમાં નિર્ણાયક અધિકાર પણ મળ્યો છે. દેશના નાગરિકો તેના દ્વારા પોતાનું જીવન જીવતા થયા છે.તેમ સ્થાનિક કક્ષા સાથે સંકળાયેલ સમસ્યાઓથી લોકશાહી લોકસત્તા અને તેની સાથે સંકળાયેલા અમલદાર વર્ગને પણ ઘણી મુક્તિ મળે છે. જેના કારણે દેશમાં વહીવટી સુઘડતા, ઝડપી સંચાલન અને અસરકારકતા દરેક કક્ષાએ હાંસલ કરી શકયા છે. તેમ આગળ જોઈએ તો સત્તાના વિકેન્દ્રીકરણનો ગાંધીજીનો જે ખ્યાલ હતો તે પંચાયતમાં સભ્ય હોવું પુરતું નથી. પણ ત્યાંથી જ નાગરિક આગળ વધી

લોકભાગીદારી મેળવી શકે છે. રાજયમાં અલગ નાણાપંચની રચનાને લીધે પંચાયતોમાં જે બજેટની ફાળવણી નિશ્ચિત થઈ. નાણાંની અછત પૂરતી સંતોષાવા માંડી અને પ્રશ્નોના નિરાકરણ પણ થવા લાગ્યા એટલે લોકભાગીદારી વધી હોય તેમ લાગે છે. આમ, ગ્રામસભા, નાણપંચ અને ચૂંટણીપંચના લીધે વિકેન્દ્રીકરણનો ખ્યાલ પંચાયતીરાજમાં મૂળભૂત હાર્દ સમાન છે.

## 11.6 ચાવીરૂપ શબ્દો

**વિકેન્દ્રીકરણ :** પંચાયતીરાજ વ્યવસ્થામાં કેન્દ્ર પાસેથી નીચેના સ્તરે ગ્રામ પંચાયત સુધી સત્તાની વહેંચણી કરવામાં આવે. જે વહીવટી માળખું જળવાઈ રહે.

**લોકભાગીદારી :** લોકભાગીદારીનો અર્થ લોકપ્રિય સ્વરૂપમાં રાજકીય લોકશાહી પ્રજાના વિવિધ પ્રતિનિધિઓ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લે તેને લોકભાગીદારી કહે છે.

## 11.7 સંદર્ભ સૂચિ

1. શાહ બી સી : ભારતમાં પંચાયતીરાજ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2015
2. રાઠોડ બી.સી. : પંચાયતીરાજ પરિચય, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ,2012
3. ગાંધીજી ‘ગ્રામ સ્વરાજ,’ (સંકલન કર્તા – હરિપ્રસાદ વ્યાસ) નવજીવન પ્રકાશન, અમદાવાદ, 2012
4. ઝાલા. ડી.ડી : પંચાયતીરાજ પેટા પ્રાદેશિક કાર્ય શિબિર, રાજીવગાંધી ફાઉન્ડેશન આયોજિત.
5. शर्मा के. के. **:** भारत में पंचायती राज विश्वभारती पब्लिकेशन, नई दिल्ली, २००६

## 11.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. પંચાયતીરાજનાં લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ સમજાવો.

2. લોકશાહી વિકેન્દ્રીકરણના સ્વરૂપો સમજાવો.

3. પંચાયતી રાજમાં લોકભાગીદારી સમજાવો.

4. પંચાયતીરાજ સંદર્ભે ગાંધીજીના વિચારો જણાવો.

**(બ) નીચે આપેલા વિધાનો ખરા છે કે તે ખોટા જણાવો.**

1. સ્થાનિક સ્વશાસન અને સામુદાયિક વિકાસ કાર્યક્રમો વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે.
2. બળવંતરાય મહેતા સમિતિએ જિલ્લા વહીવટીતંત્રનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાની ભલામણ કરી હતી.
3. 73 મો બંધારણીય સુધારો 1992 માં અમલમાં આવ્યો.
4. ભારત ગામડાંઓમાં વસેલો દેશ છે.
5. ગાંધીજીએ ગ્રામસ્વરાજનો ખ્યાલ આપેલો હતો.

## 11.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

- **ખરા કે ખોટાના જવાબો.**

  (1) ખરૂં (2) ખરૂં (3) ખરૂં (4) ખરૂં (5) ખરૂં

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 204 / PSCS 204**

**PSCMJ 202 / PSCMN 501**

ભારતમાં પંચાયતી રાજ

(મુખ્ય તથા ગૌણ)



# પંચાયતી રાજમાં સંચાલકીય પ્રશ્નો અને પડકારો 4

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ર્ડા. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**

**સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદક :**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ.પટેલ** | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજયશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |
| **ડૉ. મુકેશ ખટીક** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ( PAC) :**

| | |
|---|---|
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **ડૉ. ડી. ડી. ઝાલા** | નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |

**પરામર્શક (વિષય):**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ.પટેલ** | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજયશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |

**લેખક :**

| | |
|---|---|
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **ડૉ. દિનેશ પરમાર** | આસિસ્ટન્ટ પ્રોફેસર, પ્રતાપરાયઆર્ટસ કોલેજ, અમરેલી. |
| **ડૉ. ગણેશ પ્રજાપતિ** | ભૂતપૂર્વ આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજયશાસ્ત્ર, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝએન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**પરામર્શક (ભાષા) :**

| | |
|---|---|
| શ્રી ઘનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| **પ્રકાશન વર્ષ :** | આવૃત્તિ-2023 |
| ISBN: | 978-93-91468-89-7 |

978-93-91468-89-7

**પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર
**PSCM 204 / PSCS 204**
**PSCMJ 202 / PSCMN 501**
ભારતમાં પંચાયતી રાજ
(મુખ્ય તથા ગૌણ)

# વિભાગ 04

## પંચાયતી રાજમાં સંચાલકીય પ્રશ્નો અને પડકારો


**એકમ : 12**
**પંચાયતીરાજ અને સંઘર્ષના મુદ્દાઓ–01** 05

**એકમ :13**
**પંચાયતીરાજ અને સંઘર્ષના મુદ્દાઓ–02** 16

**એકમ :14**
**પંચાયતીરાજ અને સંઘર્ષના મુદ્દાઓ–03** 24

**એકમ :15**
**પંચાયતીરાજની સમસ્યાઓ** 29

## વિભાગ 04

### પંચાયતી રાજમાં સંચાલકીય પ્રશ્નો અને પડકારો

પેપર નંબર 04 ભારતમાં પંચાયતી રાજનો વિભાગ 04, કુલ ચાર એકમોમાં વહેંચવામાં આવ્યો છે.

**એકમ : 12 પંચાયતી રાજ અને સંઘર્ષના મદ્દાઓ-01**માં પંચાયતી રાજના સંદર્ભમાં અધિકારી અને પદાધિકારી વચ્ચેનો સંબંધ તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પંચાયતી રાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચે સંઘર્ષના મુદ્દાઓ કે કારણો દર્શાવવામાં આવ્યા છે. એકમના અંતમાં અધિકારી અને પદાધિકારી વચ્ચેનાં સંબંધોને સુદૃઢ કરવાના સૂચનો પણ સમજશો.

**એકમ : 13 પંચાયતી રાજ અને સંઘર્ષના મુદ્દાઓ-02** માં રાજ્ય સરકાર અને પંચાયતી રાજ વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. નિયંત્રણની જરૂરિયાત, નિયંત્રણ વાજબી હોવા અંગેની દલીલો, નિયંત્રણની ભૂમિકા, નિયંત્રણના પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે. પરસ્પરના સંબંધોની જાળવણીના સૂચનો પણ આપવામાં આવ્યા છે.

**એકમ : 14 પંચાયતી રાજ અને સંઘર્ષના મુદ્દાઓ-03** અંતર્ગત પંચાયતી રાજ અને ચૂંટણી પ્રભાવ વિશે સમજૂતિ આપવામાં આવી છે. જ્ઞાતિ રાજકારણ વિશે પણ જાણશો.

**એકમ : 15 પંચાયતી રાજની સમસ્યાઓ** વિશેનું છે. ભારતમાં પંચાયતી રાજના ગુણો, ભારતમાં પંચાયતી રાજના દોષો વિશે જાણકારી મેળવશો. પંચાયતી રાજ અને રાજકીય પક્ષો વિશે પણ જાણશો. પંચાયતી રાજનાં સંદર્ભે જ્ઞાતિ રાજકારણ વિશે પણ સમજૂતિ પ્રાપ્ત કરશો.

# એકમ-12 પંચાયતી રાજ અને સંઘર્ષના મુદ્દાઓ-01

રૂપરેખા

**12.0 ઉદ્દેશો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચેનો સંબંધ**

**12.2.1 પંચાયતીરાજમાં અધિકારીઓ**

**12.2.2 પંચાયતીરાજમાં પદાધિકારીઓ**

**12.2.3 પંચાયતીરાજમાં અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેનો તફાવત**

**12.2.4 પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચે સંઘર્ષના મુદ્દાઓ/કારણો**

**12.2.4.1સંચાલકીય પ્રશ્નો**

**12.2.4.2ચઢીયાતાપણાંનો પ્રશ્ન**

**12.2.4.3હસ્તક્ષેપની નીતિ**

**12.2.4.4ઉપલબ્ધ સુવિધાઓના ઉપયોગ અંગે મતભેદ કે વિવાદ**

**12.2.4.5સંકલન અને સમન્વના પ્રશ્નો**

**12.2.4.6નાણાકીય સંઘર્ષો**

**12.2.4.7અન્ય કારણો**

**12.2.5 અધિકારી અને પદાધિકારી વચ્ચેનાં સંબંધોને સુદૃઢ કરવાનાં સૂચનો**

**12.2.5.1અધિકારીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો**

**12.2.5.2પદાધિકારીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો**

**12.3 સારાંશ**

**12.4 ચાવીરૂપ શબ્દો**

**12.5 તમારી પ્રગતિ ચકાસો**

**12.6 સંદર્ભ સૂચિ**

## 12.0 ઉદ્દેશો :

આ એકમનાં અભ્યાસથી તમે નીચેની બાબતોથી માહિતગાર બનશો.

- પંચાયતીરાજમાં અધિકારીઓની ભૂમિકા અને સ્થાન અંગેની માહિતી મેળવશો.
- પંચાયતીરાજમાં પદાધિકારીઓનો ખ્યાલ પ્રાપ્ત કરશો.
- પંચાયતીરાજમાં અધિકારઓ અને પદાધિકારીઓ વચ્ચેનાં સંઘર્ષના મુદ્દાઓને સમજી શકશો.
- અધિકારીઓ અને પદાધિકારીઓનો સંબંધ જાણી શકશો.

- અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેનાં સંબંધોને સુદૃઢ કરવાના ઉપાયો કે સૂચનોની સમજ કેળવશો.

## 12.1 પ્રસ્તાવના :

પંચાયતીરાજમાં અધિકારીઓ અને પદાધિકારીઓની ચોક્કસ પોત-પોતાની ભૂમિકા છે. આ ભૂમિકા ભજવતી વખતે રોજીંદા વ્યવહારમાં તેમની વચ્ચેનો સંબંધ દરેક વખતે સહકારયુક્ત અને મીઠાસભર્યો જ હોય તેવું જરૂરી નથી. અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે સંઘર્ષ પણ થાય છે. આ એકમમાં અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેનાં સંબંધોને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. તમે આ બન્ને વચ્ચેનાં સંઘર્ષના કારણો પણ જાણી શકશો. એકમનાં અંતમાં તેમની વચ્ચેનાં સંબંધોને સુદૃઢ કરવાના સૂચનો પણ આપવામાં આવ્યા છે. જેનો તમે વિગતે અભ્યાસ કરશો.

## 12.2 પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચેનો સંબંધ :

ભારતમાં પંચાયતીરાજનાં સંદર્ભમાં અધિકારીઓ અને પદાધિકારીઓનો સંબંધ સમજતા પહેલા અધિકારીઓ કોને કહેવાય અને પદાધિકારીઓ કોને કહેવાય? તેની સમજ કેળવવી આવશ્યક હોવાથી પહેલા એ સમજીએ. એ સમજયા બાદ તમે અધિકારીઓ અને પદાધિકારીઓનાં સંબંધને સારી રીતે સમજી શકશો.

### 12.2.1 પંચાયતીરાજમાં અધિકારીઓ :

**પંચાયતીરાજમાં અધિકારીઓ**

**<u>જિલ્લા કક્ષાએ</u>**

-જિલ્લા વિકાસ  અધિકારીઅને તેમની નીચેનો સ્ટાફ

- જિલ્લા ટેક્નિકલ અધિકારીઓ

**<u>તાલુકાકક્ષાએ કક્ષાએ</u>**

- તાલુકા વિકાસ અધિકારી

- વિસ્તરણ અધિકારી

- તાલુકા ટેકનિક્લ અધિકારીઓ

**<u>ગ્રામ્ય કક્ષાએ</u>**

- સચિવ અથવા વહિવટી અધિકારી/કર્મચારી

- વહીવટી અને અન્ય સ્ટાફ

પંચાયતરાજમાં અધિકારીઓ એટલે સરકારી સનદી સેવકો. જે પૈકી અમૂક અધિકારીઓ રાજ્ય કક્ષાના હોય છે. જયારે અમુક અધિકારીઓ કે કર્મચારીઓની નિમણૂક સ્થાનિક કક્ષાએ જિલ્લા સ્તરે થતી હોવાથી તે પંચાયતીરાજ સંસ્થાના કર્મચારીઓ ગણાય છે. રાજ્યકક્ષાના અધિકારીઓની સેવાની શરતો રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત થતી હોય છે. પંચાયતીરાજમાં વહીવટકર્તાઓ કે કર્મચારીઓની ભરતી પ્રવર્તમાન ધારા-ધોરણ અનુસાર થાય છે. શૈક્ષણિક લાયકાત, લેખિત પરિક્ષા, મૌખિક ઈન્ટવ્યુ જેવાં ભરતીનાં તબક્કાઓમાંથી પસાર થઈને તેમની નિયુક્તિ કરવામાં આવે છે.

ઉપરોકત દર્શાવેલ ચાર્ટ અનુસાર વિશાળ અર્થમાં સમજીએ તો પંચાયતીરાજમાં બે પ્રકારનાં અધિકારીઓ તારવી શકાય. જેમ કે સામાન્ય વહીવટનાં અધિકારીઓ અને ટેક્નિકલ

અધિકારીઓ. મુખ્ય વહીવટી અધિકારીઓ, બ્લોક વિકાસ અધિકારીઓ, ગ્રામ્ય કક્ષાનાં કર્મચારીઓ સામાન્ય પ્રકારનાં વર્ગીકરણમાં આવે છે. જિલ્લા ટેકનિકલ અધિકારીઓ જેમાં જિલ્લા કક્ષાના અધિકારીઓ અને વિસ્તરણ અધિકારીઓનો ટેક્નિકલ સ્ટાફનાં વર્ગીકરણમાં સમાવેશ થાય છે. બીજુ વર્ગીકરણ રાજયકક્ષાના અધિકારીઓ અને સ્થાનિક કક્ષાનાં અધિકારીઓનું છે. મુખ્ય વહીવટી અધિકારીઓ, બ્લોક વિકાસ અધિકારીઓ, ટેકનિકલ ઓફિસર્સનો રાજ્ય કક્ષામાં સમાવેશ થાય છે. જેમની સેવાઓ રાજ્ય સરકારનાં ધારા-ધોરણ અનુસાર નિયંત્રિત થાય છે. જયારે ગ્રામ્ય કક્ષાએ કર્મચારીઓ અને વહીવટી સ્ટાફ મોટાભાગે સ્થાનિક વર્ગના અધિકારીઓ હોય છે. તેઓની નિમણૂક જિલ્લા સ્તરે થાય છે. પંચાયતીરાજ સંસ્થાના કર્મચારી તેઓ ગણાય છે. ગ્રામ્ય સ્તરે આવેલ સ્ટાફ પંચાયતના વહીવટની દેખરેખ રાખે છે. અમુક રાજ્યોમાં તે મહેસૂલી કાર્યો પણ કરે છે. બ્લોક કક્ષાએ આવેલ અધિકારી તેની નીચેના અધિકારી જેમ કે વિસ્તરણ અધિકારીઓ સાથે સંકલન કરવાનું મુખ્ય કાર્ય કરે છે. જિલ્લા કક્ષાએ આવેલ મુખ્ય વહીવટી અધિકારી કે જિલ્લા વિકાસ અધિકારી સમગ્ર જિલ્લાનો વહીવટ સુચારું રીતે થાય તે જુએ છે.

### 12.2.2 પંચાયતીરાજમાં પદાધિકારીઓ :

પંચાયતીરાજમાં પદાધિકારીઓનો અર્થ એટલે ચૂંટાયેલાં રાજકીય પદાધિકારી. જે નીચેના ચાર્ટ દ્વારા સમજીએ.

**પંચાયતીરાજમાં પદાધિકારીઓ**

| | | |
|---|---|---|
| જિલ્લા કક્ષાએ | તાલુકા કક્ષાએ | ગ્રામ્ય કક્ષાએ |
| - પ્રમુખ | - પ્રમુખ | - સરપંચ |
| - સભ્યો | - સભ્યો | - સભ્યો |

પ્રજા દ્વારા ચૂંટાયેલા રાજકીય પદાધિકારીઓનો સમયગાળો ચોક્કસ અને નિશ્ચિત હોય છે. પ્રજાના પ્રતિનિધિ તરીકે તેઓ વિકાસના કાર્યો કરે છે. પંચાયતીરાજમાં રાજકીય પદાધિકારીઓ માટે શૈક્ષણિક લાયકાત ધ્યાને રાખવામાં આવતી નથી. તેઓ સનદી સેવામાં ફરજ બજાવતાં નથી. પ્રજાનો વિશ્વાસ જીતીને તેમનો મત મેળવી ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરી પોતાનો હોદ્દો ધારણ કરે છે. સ્વભાવિક છે કે સ્થાનિક ચૂંટણીઓમાં ઉમેદવારી કરતા ઉમેદવારો સ્થાનિક હોવાથી રાજકીય પદાધિકારીઓ પ્રત્યે લોકોને પોતીકાપણું વધુ લાગે છે.

### 12.2.3 પંચાયતીરાજમાં અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેનો તફાવત :

વિદ્યાર્થી મિત્રો, પંચાયતીરાજમાં અધિકારીઓ અને પદાધિકારીઓનાં ખ્યાલથી તમે પરિચિત બન્યાં છો. આ બન્ને વચ્ચેનો તફાવત નીચેના ટેબલ દ્વારા સમજો.

**પંચાયતીરાજમાં અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેનો તફાવત દર્શાવતું ટેબલ**

| પંચાયતીરાજમાં અધિકારીઓ | પંચાયતીરાજમાં પદાધિકારીઓ |
|---|---|
| • ભરતી પ્રક્રિયામાંથી પસાર થઇને સરકારી હોદ્દો ધારણ કરે છે. | • ચુંટણી પ્રક્રિયામાંથી પસાર થઇને પદ કે હોદ્દો ધારણ કરે છે. |
| • રાજ્ય સરકાર કે સ્થાનિક સરકારનાં પ્રવર્તમાન ધારા-ધોરણ અનુસાર સેવાના નિયમો, પગાર, બઢતી, નિવૃત્તિ લાગુ પડે છે. | • ચોક્કસ સમયગાળા માટે ચુંટાઇને આવે છે. સમય મર્યાદા પૂર્ણ થયા બાદ ફરીથી ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવી પડે છે. |
| • વહીવટકર્તા તરીકે ઓળખાય છે. | • રાજકારણીઓ તરીકે ઓળખાય છે. |
| • જિલ્લાકક્ષાએ તે અલગ-અલગ નામથી અલગ અલગ રાજ્યમાં ઓળખાય છે. ઉદાહરણ તરીકે ગુજરાતમાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે ઓળખાય છે. | • જિલ્લા કક્ષાએ આવેલ પદાધિકારી સમાન્ય રીતે પ્રમુખ તરીકે ઓળખાય છે. બાકીના અધ્યક્ષ, ચેરમેન, સભ્ય તરીકે ઓળખાય છે. |
| • તાલુકા કક્ષાએ આવેલ અધિકારી અલગ-અલગ રાજ્યમાં અલગ-અલગ નામથી ઓળખાય છે. ઉદાહરણ તરીકે ગુજરાતમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે ઓળખાય છે. | • તાલુકા કે બ્લોક કક્ષાના પદાધિકારી સામાન્ય રીતે પ્રમુખ અને સભ્યો તરીકે ઓળખ પ્રાપ્ત કરે છે. |
| • ગ્રામ્ય કક્ષાનો સ્ટાફ અલગ અલગ રાજ્યમાં અલગ અલગ નામથી ઓળખાય છે. | • ગ્રામ્ય કક્ષાએ પદાધિકારી એટલે સરપંચ અને સભ્યો. |
| • શૈક્ષણિક લાયકાત જરૂરી છે. | • શૈક્ષણિક યોગ્યતા અનિવાર્ય નથી. |
| • અધિકારીઓ સ્થાનિક જ હોય તેવું જરૂરી નથી. | • આ પદાધિકારીઓ સ્થાનિક જ હોય છે. |

### 12.2.4 પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચે સંઘર્ષના મુદ્દાઓ/કારણો :

પંચાયતીરાજમાં અધિકારીઓ કે વહીવટીકર્તાઓ અને પદાધિકારીઓ એટલે કે રાજકારણીઓ વચ્ચે અવારનવાર સંઘર્ષ ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે. પદાધિકારી તરીકે સરપંચે તાલુકા કે જિલ્લાનાં પ્રમુખે પ્રજાલક્ષી કાર્યો કરવા માટે વહીવટી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. વહીવટકર્તાઓ જેમ કે જિલ્લા વિકાસ અધિકારી કે બ્લોક વિકાસ અધિકારીઓ સાથે તેમને સહકાર અને સંકલનના પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેમની વચ્ચેનાં ઘર્ષણનાં કારણો કે મુદ્દાઓ નીચે મુજબ જોઇએ.

### 12.2.4.1 સંચાલકીય પ્રશ્નો :

અધિકારી અને પદાધિકારી વચ્ચે કર્મચારીઓની નિમણૂંક કે બદલીનાં સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પંચાયતીરાજમાં કાર્ય કરતાં વર્ગ-03 અને વર્ગ -04 નાં કર્મચારીઓની બદલી જિલ્લાના અધિકારી દ્વારા થાય તેટલી સત્તા તેમની પાસે હોય છે. પંચાયતીરાજમાં પ્રજા દ્વારા ચુંટાયેલા હોદ્દેદારો બદલીના પ્રશ્ન અંગે રાજકીય દબાણ લાવવાનો પ્રયત્ન કરે છે. જે તેમની વચ્ચે સંઘર્ષનું કારણ બને છે. આ ઉપરાંત પણ કાર્ય પધ્ધતિ બન્નેની અલગ અલગ હોય છે. જેમાં બન્ને વચ્ચે મતભેદો પ્રવર્તે છે. માહિતીની બાબતોમાં, વહીવટી પ્રક્રિયામાં, રોજિંદા વ્યવહારમાં સંઘર્ષો થતા હોય છે. જો આ સંઘર્ષો વધુ તીવ્ર બને તો પંચાયતીરાજનો વહીવટ શિથીલ અને બિન અસરકારક બને છે. રાજકીય પક્ષોની દખલગીરી વધે તો વહીવટમાં પારદર્શિતા જળવાતી નથી.

### 12.2.4.2 ચઢિયાતાપણાંનો પ્રશ્ન :

વધારે ચઢિયાતાપણું કોનું ? અધિકારી કે સરકારી હોદ્દેદારોનું ? કે પછી પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ તરીકે કાર્ય કરતા પદાધિકારીનું ? આ અંગે બન્ને વચ્ચે અહંમનો ટકરાવ થવાની ઘટનાઓ બનતી હોય છે. અધિકારીનાં સ્થાન અને મોભાની ગરિમા જળવાતી નથી

તેવા આક્ષેપો અધિકારીઓ દ્વારા ઘણીવાર કરવામાં આવે છે. પ્રમુખ, ચેરમેન કે સભ્યો તેમને જોઇએ તેટલું માન આપતા નથી તેવું કહેવામાં આવે છે. જો કે પરિસ્થિતિ તદ્દન ઉલટી પણ બને છે. અધિકારીઓ ઘણીવાર પ્રમુખ, ચેરમેન કે સભ્યોને અને તેમના અભિપ્રાયોને મહત્ત્વ આપી ધ્યાને લેતા નથી. સરપંચના પ્રશ્નો સાંભળવાનો અને તેનો ઉકેલ લાવવાનો તેમની પાસે નક્કર ઉપાય હોતો નથી. પ્રજાલક્ષી કાર્યોને વેગ આપવા માટે બન્ને વચ્ચે અહમ્ ઓગળે તે જરૂરી છે.

**12.2.4.3 હસ્તક્ષેપની નીતિ :**

પદાધિકારીઓ નીતિ વિષયક નિર્ણય લે છે.અમલીકરણનું કાર્ય અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. ઘણીવાર રોજબરોજનાં કાર્યોમાં બન્ને એકબીજામાં દરમિયાનગીરી કરે તો સંઘર્ષ વધુ તીવ્ર બને છે. ફ્રેડરિગ્ઝ દ્વારા ‘હસ્તક્ષેપ ગ્રંથિ’ શબ્દ ઉપયોગમાં લેવામાંઆવ્યો છે. તેના મત મુજબ આ શબ્દ રાજકારણીઓ જેને ‘‘અમલદારશાહીય હસ્તક્ષેપ’’ તરીકે ઓળખાવે છે અને તેની વિરૂધ્ધમાં વહીવટદારો જે પ્રતિ આક્ષેપો કરે છે તેને ‘‘રાજકીય આક્ષેપ’’ તરીકે ઓળખાવે છે. આ વાત પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી માટે લાગુ પડે છે.

**12.2.4.4 ઉપલબ્ધ સુવિધાઓના ઉપયોગ અંગે મતભેદ કે વિવાદ :**

અધિકારીઓ અને પદાધિકારીઓને તેમના સ્થાન, હોદ્દો અને મોભાને ધ્યાનમાં રાખીને જે સવલતો આપવામાં આવે છે તેમાં બન્ને વચ્ચે સંઘર્ષ ઉપસ્થિત થાય છે. ઉદાહરણ તરીકે વાહનના ઉપયોગ બાબતે મતભેદ. જો જિલ્લા કક્ષાએ અધિકારી અને પ્રમુખને અલગ અલગ વાહન મળતા હોય તો આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ નીચેની કક્ષાએ આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ઘણીવાર વાહનનો વિવેકબુદ્ધિ અને જરૂરિયાત અનુસારનો ઉપયોગ કરવાને બદલે વ્યક્તિગત કે કૌટુંબિક કાર્યો માટે ઉપયોગ થાય ત્યારે આક્ષેપ અને પ્રતિ આક્ષેપો થાય છે.આ જ રીતે અન્ય સવલતો બાબતે પરસ્પર વાદ-વિવાદ ઊભો થાય છે. રોજિંદા વ્યવહારમાં ઉપસ્થિત થતાંઆવા વાદ-વિવાદોપંચાયતીરાજનાં મૂળ ઉદ્દેશોને પૂર્ણ કરવામાં અવરોધક બને છે.

**12.2.4.5 સંકલન અને સમન્વના પ્રશ્નો :**

પંચાયતીરાજમાં આપવામાં આવતી તાલીમ ખાસ કરીને સરપંચોની તાલીમ બાબતે સંકલન અને સમન્વયનાં પ્રશ્નો ઉપસ્થિત થાય છે. ઘણીવાર રાજ્ય સરકારની યોજનાઓની જાણકારી પદાધિકારીઓને પૂર્ણ રીતે હોતી નથી.અધિકારીઓ પોતાના રોજિંદા અન્ય કાર્યોને કારણે તેમને વિસ્તૃત જાણકારી આપી સહકાર આપવામાં કચાશ રાખે છે. જેથી શું કરવાનું છે? કઇ રીતે કરવાનું છે ? તેની ચોક્કસ માહિતીનો અભાવ પ્રશ્ન ઉપસ્થિત કરે છે.

**12.2.4.6 નાણાંકીય સંઘર્ષો :**

કોઈપણ કાર્યને અમલમાં મૂકવા માટે નાણાની આવશ્યકતા પડે તે સ્વાભાવિક છે. કેન્દ્ર કે રાજય સરકારો દ્વારા મળતી ગ્રાન્ટ ઉપરાંત સ્થાનિક કાર્યોને વેગ આપવા માટે ગ્રાન્ટનો લાભ લેવા ગ્રામ્ય કક્ષાએ કે તાલુકા કક્ષાએ કે પ્રયત્નના ભાગરૂપે નાણાંની જરૂરિયાત ઉપર ભાર મૂકી માંગણી મૂકવામાં આવે છે. નાણાકીય પ્રસ્તાવો સરળતાથી પાસ થતા નથી.જેથી સંઘર્ષ થવાની શક્યતા રહે છે.

**12.2.4.7 અન્ય કારણો :**

આ ઉપરાંત -

- વિશ્વાસ અને સહકારનો અભાવ
- વૈચારિક મતભેદ અને માળખાગત સુવિધાનો અભાવ

- નીતિ વિષયક મતભેદ અને વહીવટના ટાંચા સાધનો
- આયોજન અને તેના અમલીકરણમાં મતભેદ
- કાર્યો અને સત્તાની સ્પષ્ટ સમજણનો અભાવ

ઉપરોક્ત જેવા કારણો પણ બંને વચ્ચેનાં સંબંધોમાં સંઘર્ષ ઊભો કરે છે.

**12.2.5 અધિકારી અને પદાધિકારી વચ્ચેનાં સંબંધોને સુદૃઢ કરવાનાં સૂચનો :**

લોકશાહી અને પંચાયતીરાજને સફળ કરવા માટે પંચાયતીરાજનાં અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે યોગ્ય સહકારયુક્ત વાતાવરણ ઊભું થાય તે અતિ આવશ્યક છે. અધિકારીઓ અને પદાધિકારીઓએ ધ્યાનમાં રાખવાની બાબતોનો અભ્યાસ કરીએ.

**12.2.5.1 અધિકારીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો :**

- વહીવટીતંત્રમાં વહીવટકર્તાઓ એટલે કે વહીવટી કર્મચારીઓ અને અધિકારીઓએ પોતાની પંચાયતીરાજમાં ભૂમિકા શું છે? તે અંગે સ્પષ્ટતા કેળવીને પોતાના કાર્યો કરવા અને જવાબદારીનું વહન કરવું.
- સરકારની યોજનાઓ અને વહીવટી પ્રક્રિયાનું યોગ્ય સંકલન કરી કાર્ય કરવું.
- રાજકારણી કે પદાધિકારી પ્રત્યેનો તેમનો અભિગમ હકારાત્મક, રચનાત્મક, વિવેકપૂર્ણ અને કાર્યસહયોગ આધારિત હોવો જોઇએ.
- પક્ષીય રાજકારણથી પોતાને દૂર રાખી તટસ્થતા અને પ્રામાણિક તથા ન્યાયી રીતે વહીવટીતંત્ર સંભાળવું જોઇએ.
- ભ્રષ્ટાચાર અને પ્રલોભનોથી દૂર રહેવું જોઇએ.
- વહીવટકર્તાઓએ રાજકારણીઓ અને લોકો વચ્ચે સેતુબંધ રાજ્યનીતિનું હાર્દ સ્પષ્ટ કરનાર મજબૂત કડી તરીકે સેતુબંધ જેવી અગત્યની ભૂમિકા ભજવવી જોઇએ.
- ચૂંટણી સબંધિત કામગીરી નિષ્પક્ષ રીતે કરી ગેરરીતિથી દૂર રહી કાર્ય કરવું.
- પદાધિકારીઓને સાથે રાખીને તેમના પ્રશ્નોને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ સાથે તેનું યોગ્ય નિરાકરણ લાવવાનો પણ પ્રયત્ન કરવો જોઇએ.
- વહીવટકર્તાઓએ પોતાના હોદ્દાની રૂએ સંપર્કમાં આવતા આગેવાનો, વેપારી કે અધિકારીઓ દ્વારા મળતા લાભો લેવાની વૃત્તિ પર નિષેધ મૂકવો જોઇએ.
- પંચાયતીરાજની સંસ્થાઓમાં કાર્ય કરતા કર્મચારીઓનાં હિતોનો પણ વિચાર કરવો જોઇએ. તેમને કાર્ય કરવા માટે ઉપલબ્ધ સાધનો છે ? શું મુશ્કેલી છે ? તેની ચર્ચા માટે અવકાશ રાખવો જોઇએ.
- પંચાયતીરાજની તાલીમને વધુ સફળ અને યથાર્થ બનાવવા પ્રયત્નો કરવાં જોઇએ.
- પંચાયતીરાજની સંસ્થાઓને વધુ સુદૃઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મળતી ગ્રાન્ટનો યથાયોગ્ય ઉપયોગ કરવો જોઇએ.
- પંચાયતીરાજની સંસ્થાઓમાં માનવ શકિતનો યોગ્ય ઉપયોગ કરી તેને વધુ સફળ કરવા પ્રયત્નો કરવાં જોઇએ.

**12.2.5.2 પદાધિકારીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો :**

- પદાધિકારીએ પંચાયતીરાજમાં પોતાની ભૂમિકા અને કાર્યોની સ્પષ્ટ સમજ કેળવવી.
- પોતાનો હોદ્દો, સ્થાન, ફરજો, અધિકારીઓ કરતા કઈ રીતે અલગ છે તે બાબતે સ્પષ્ટ થવું.
- અધિકારીઓના કાર્યોમાં બિનજરૂરી હસ્તક્ષેપ ન કરવો.
- અધિકારીઓને વિશ્વાસમાં લઇ વિકાસલક્ષી કાર્યોનું અમલીકરણ કરાવવું.
- પદાધિકારીઓએ વહીવટકર્તાઓ અને નીચેના કર્મચારીઓની ભરતી કે બદલી સંબંધિત બાબતોમાં રસ ન લેવો જોઇએ.
- આર્થિક લાભો લેવાના હેતુથી અયોગ્ય નીતિને પ્રોત્સાહન ન આપવું જોઇએ.
- ચુંટણીલક્ષી કામગીરીમાં કે પક્ષની કામગીરી બાબતે વહીવટીતંત્રનો ઉપયોગ કરવાનું ટાળવું જોઇએ.
- અધિકારીઓ સાથે ખુલ્લા મને ચર્ચા કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવું જોઇએ. બિનજરૂરી દબાણ ન લાવવું.

## 12.3 સારાંશ :

આ એકમના સાર બિંદુઓ નીચે મુજબ છે.

- પંચાયતીરાજમાં અધિકારીઓ સવેતન હોદ્દો ધરાવે છે. તેઓ ભરતી પ્રક્રિયામાંથી પસાર થઇને તેમની ભરતી થાય છે.
- પદાધિકારીઓ પ્રજા દ્વારા ચૂંટાયેલાં લોક પ્રતિનિધિઓ છે. તેઓકોઈ એક ચોક્કસ પક્ષની રાજકીય વિચારધારા સાથે સંકળાયેલાં છે.
- અધિકારી અને પદાધિકારીનો ખ્યાલ મેળવીને તેમની વચ્ચેનાં તફાવતને તમે સમજયા છો.
- પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચેનાં સંબંધોમાં સંઘર્ષનાં કારણો કે મુદ્દાઓનો અભ્યાસ પણ તમે કર્યો. જેમાં સંચાલકીય પ્રશ્નો, ચઢિયાતાપણાનો પ્રશ્ન, હસ્તક્ષેપની નીતિ, ઉપલબ્ધ સુવિધાઓના ઉપયોગ અંગે મતભેદ કે વિવાદ, સંકલનનો અને સમન્વયનો પ્રશ્ન, નાણાકીય સંઘર્ષો, મુખ્યત્વે જોયા.
- આ ઉપરાંત સંઘર્ષમાં અન્ય કારણોમાં વિશ્વાસ અને સહકારનો અભાવ, વૈચારિક મતભેદ અને માળખાગત સુવિધાનો અભાવ, નીતિ વિષયક મતભેદ અને વહીવટનાં ટાંચા સાધનો, આયોજન અને તેના અમલીકરણમાં મતભેદ, કાર્યો અને સત્તાની સ્પષ્ટ સમજણનો અભાવ, વગેરેનો ઉલ્લેખ કરેલાં કારણો પણ જોયાં.
- પંચાયતીરાજના સંદર્ભે અધિકારીઓ અને પદાધિકારી વચ્ચેનાં સંબંધોને સુદ્દઢ કરવાનાં સૂચનો પણ જોયાં. જેમાં અધિકારીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો અને પદાધિકારીઓએ ધ્યાનમાં રાખવાની બાબતોનો અભ્યાસ કર્યો.
- પંચાયતીરાજના સંદર્ભે અધિકારી અને પદાધિકારી વચ્ચેનાં સંબંધોની વિગતવાર સમજ આ એકમમાં તમે પ્રાપ્ત કરી.

## 12.4 ચાવીરૂપ શબ્દો :

**લોક પ્રતિનિધિઓ :** પ્રજા દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચુંટાયેલા પ્રતિનિધિને લોકપ્રતિનિધિતરીકે ઓળખવામાં આવે છે. પંચાયતીરાજમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ લોક પ્રતિનિધિઓ જોઇએ તો અનુક્રમે પ્રમુખો અને અધ્યક્ષો તથા સભ્યો, સરપંચોનો લોકપ્રતિનિધિમાં સમાવેશ થાય છે.

**ભરતી :** ભરતી એ પસંદગીની વિશાળ પ્રક્રિયાનો એક અંતર્ગત ભાગ છે. જેમાં પરીક્ષા, ઈન્ટરવ્યુ, પ્રમાણપત્ર પ્રદાન કરવાની સમગ્ર પ્રક્રિયાનો સમાવેશ થાય છે. હોદ્દો કે જગ્યા ભરવા માટે યોગ્યતા અને પાત્રતા ધરાવતા ઉમેદવારોને આકર્ષવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિઓને પસંદ કરી ખાલી જગ્યાઓ, વ્યક્તિઓથી ભરવી એટલે ભરતી.

**બઢતી :** બઢતીથી સરકારી કર્મચારીનાં હોદ્દા, સ્તર, દરજ્જા અને પગારમાં ફેરફાર થાય છે. જયારે એક જુનિયર આસિસ્ટન્ટ સિનિયર આસિસ્ટન્ટ બને ત્યારે તેને બઢતી થઇ કહેવાય. એક વર્ગમાંથી બીજા વર્ગમાં ઉન્નતિ થાય તેને પણ બઢતી કહેવામાં આવે છે.

**તાલીમ :** વિષયનાં સંદર્ભમાં તાલીમનો અર્થ થાય છે કર્મચારીઓની સનદી સેવકોની કુશળતામાં વધારો કરવા અપાતું વિશિષ્ટ શિક્ષણ. તાલીમના ઘણા પ્રકારો છે. જેમ કે ઔપચારિક અને અનૌપચારિક તાલીમ, ટૂંકાગાળાની અને લાંબાગાળાની તાલીમ, પ્રવેશ પહેલાની અને પ્રવેશ લીધા પછીની તાલીમ, કેન્દ્રીય તાલીમ અને ખાતાકીય તાલીમ,કૌશલ્યોની તાલીમ અને પશ્ચાદ્ ભૂમિકાની તાલીમ, અભિમુખતાની તાલીમ વગેરે. તાલીમની પદ્ધતિઓ અને ટેકનિક્સ ચોક્કસ પ્રકારની હોય છે.

**લોક સહભાગીદારી :** યોજના ઘડતરમાં અને અમલીકરણમાં લોકોની ભાગીદારી. જે સામાન્ય રીતે ચુંટાયેલી સ્થાનિક સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

**જિલ્લા પરિષદ :** ધારાકીય અને યોજના કાર્યો ધરાવતી જિલ્લા સ્તરની ચૂંટાયેલી પ્રતિનિધિ સંસ્થા.

**જિલ્લા આયોજન શાખા :** જિલ્લા યોજનાઓનું ઘડતર, દેખરેખ, અવાર-નવાર મૂલ્યાંકન માટે જવાબદાર એવું તાંત્રિક એકમ.

## 12.5 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નીચે આપેલાં પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. પંચાયતીરાજમાં અધિકારીઓ કોણ કોણ હોય છે?

2. પંચાયતીરાજમાં પદાધિકારી એટલે શું ?

3. પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**(ખ) નીચે આપેલ ટૂંકનોંધ તૈયાર કરો.**

1. પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારીનાં સંબંધોને સુદૃઢ કરવાનાં સૂચનો આપો.

**(ગ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકાકારી વચ્ચેનાં સંઘર્ષના મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરો.

**(ઘ) નીચે આપેલ ખરાં-ખોટાં વિધાનોનાં જવાબ આપો.**

1. જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે ચુંટાય છે.
2. પંચાયતીરાજમાં અધિકારીઓની ચૂંટણી થાય છે.
3. પંચાયતીરાજમાં પદાધિકારીઓ લોકો દ્વારા ચૂંટાય છે.

4. જિલ્લા કક્ષાએ આવેલ પ્રમુખ તે પદાધિકારી ગણાય છે.

5. પંચાયતીરાજમાં અધિકારીઓ ભરતી પ્રક્રિયામાંથી પસાર થઈને સરકારી હોદ્દો ધારણ કરે છે.

6. પંચાયતીરાજમાં પદાધિકારીઓ ચુંટણી પ્રક્રિયામાંથી પસાર થઈને પદ કે હોદ્દો ધારણ કરે છે.

**જવાબ :**

1. ખોટું
2. ખોટું
3. ખરું
4. ખરું
5. ખરું
6. ખરું

**(ચ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. પંચાયતીરાજમાં અધિકારી અને પદાધિકારી વચ્ચેનાં સંઘર્ષનાં મુદ્દાઓ છે-

અ ચઢિયાતાપણાંનો પ્રશ્ન

બ હસ્તક્ષેપની નીતિ

ક ઉપલબ્ધ સુવિધાઓના ઉપયોગ અંગે મતભેદ કે વિવાદ

ડ ઉપરોકત ત્રણેય

2. પંચાયતીરાજમાં નીચે પૈકી અધિકારીઓ કોણ ?

અ જિલ્લા વિકાસ અધિકારી

બ બ્લોક વિકાસ અધિકારી

ક ઉપરોકત બન્ને

ડ ત્રણ પૈકી એક પણ નહીં

3. પંચાયતીરાજમાં પદાધિકારી એટલે-

અ જિલ્લા વિકાસ અધિકારી

બ પ્રમુખ

ક સરપંચ

ડ ઉપરોકત બ અને ક

**જવાબ :**

1 ઉપરોકત ત્રણેય (ડ)

2 ઉપરોકત બન્ને(ક)

3 ઉપરોકત બ અને ક (ડ)

## 12.6 સંદર્ભ સૂચિ :

1. આગજા બલદેવ, : શાહ મ. રમેશ, 73માં બંધારણીય સુધારા પશ્ચાત ભારતમાં પંચાયતીરાજ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, બીજી આવૃત્તિ, 2013.

2. શાહ બી.સી., : ભારતમાં પંચાયતીરાજ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ, ચોથી આવૃત્તિ, 2015.

3. उमेश प्रसाद सिंह : पचायती राज व्यवस्था में पंचायत समिति राधा पब्लिकेशन्स नई दिल्ली, प्रथम संस्करळ, २००४.

4. राठौड गिरवरसिंह : भारत में पंचायती राज, पंचशील प्रकाशन, जयपुर, प्रथम संस्करळ, २००४.

5. शर्मा हरिशचन्द्र : भारत में स्थानिय प्रशासन, कॉलेज बुक डिपो, जयपुर, १९८६.

# એકમ-13 પંચાયતી રાજ અને સંઘર્ષના મુદ્દાઓ-02

રૂપરેખા

**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 રાજ્ય સરકાર અને પંચાયતીરાજ વચ્ચેના સંબંધો**

**13.2.1 નિયંત્રણની જરૂરિયાત**

**13.2.2 નિયંત્રણ વાજબી હોવા અંગેની દલીલો**

**13.2.3 નિયંત્રણની ભૂમિકા**

**13.2.4 નિયંત્રણના પ્રકારો**

**13.2.5 પરસ્પરના સંબંધોની જાળવણી માટેના સૂચનો**

**13.3 સારાંશ**

**13.4 સ્વાધ્યાય**

**13.5 સંદર્ભસૂચિ**

**13.6 સ્વાધ્યાયના જવાબો**

## 13.0 ઉદ્દેશો

આ એકમનાં માધ્યમથી વિદ્યાર્થી રાજ્ય સરકાર અને પંચાયતીરાજ વચ્ચેનાં સંબંધો અંતર્ગત નીચેની જાણકારી પ્રાપ્ત કરશે –

- નિયંત્રણની જરૂરિયાત
- નિયંત્રણ વાજબી હોવા અંગેની દલીલો
- નિયંત્રણની ભૂમિકા
- નિયંત્રણના પ્રકારો
- પરસ્પરના સંબંધોની જાળવણી માટેના સૂચનો

## 13.1 પ્રસ્તાવના :

ભારતે લોકશાહીશાસન વ્યવસ્થાના ભાગરૂપે સમવાયતંત્રી સરકારનો સ્વીકાર કર્યો છે. જે અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોથી દેશનો વહીવટ ચાલે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોને મદદ કરવા માટે સ્થાનિક સંસ્થાઓની રચના કરવામાં આવી છે. આ સ્થાનિક સંસ્થાઓ ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ એમ બે પ્રકારે જોવા મળે છે. ભારતમાં 73મા અને 74મા બંધારણીય સુધારાથી આ સંસ્થાઓને બંધારણીય સ્થાન પ્રાપ્ત થયું છે. 73મા બંધારણીય સુધારાથી ભારતના બંધારણમાં 9મો ભાગ અને 11મી અનસૂચિ ઉમેરી પંચાયતોને 29 પ્રકારના કાર્યોની યાદી સોંપવામાં આવી છે. ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ પંચાયતીરાજ તરીકે ઓળખાય છે. જેમાં ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનો સમાવેશ થાય છે. પંચાયતીરાજને

બંધારણીય સ્થાન પ્રાપ્ત થયું છે ત્યારે રાજ્ય સરકાર અને પંચાયતીરાજની સંસ્થાઓના સંબંધનો વિગતે અભ્યાસ કરવો જરૂરી છે.જો કે એનો અર્થ એવો નથી કે આ બંને વચ્ચે આ પૂર્વે સંબંધો નહોતા પરંતુ આજના તબક્કે બંને વચ્ચેના સંબંધોમાં ગુણાત્મક તફાવતો જોવા મળે છે.

## 13.2 રાજ્ય સરકાર અને પંચાયતીરાજ વચ્ચેના સંબંધો :

પંચાયતીરાજએ રાજ્યયાદીનો વિષય છે. આથી રાજ્ય સરકાર તેના પર નિયંત્રણ અને દેખરેખ રાખી શકે છે. રાજ્ય સરકારો જરૂરી કાયદાઓ પસાર કરીને વિવિધ યોજનાઓ તૈયાર કરવાની તેમજ આર્થિક વિકાસ અને સામાજીક ન્યાયના કાર્યક્રમોના અમલ કરવાની સત્તાઓ પંચાયતોને સુપરત કરે એમ ઠરાવવામાં આવ્યું છે.

1. સ્વિડન, જર્મની અને હોલેન્ડમાં પંચાયતીરાજની સંસ્થાઓને વધુ સ્વાયત્તતા હોવાથી ત્યાં આ સંસ્થાઓ ઘણી સારી રીતે કામ કરે છે.
2. અમેરિકામાં રાજ્ય સરકારો સ્થાનિક સંસ્થાઓમાં વધુ પ્રમાણમાં દરમિયાનગીરી નહીં કરતી હોવાથી ત્યાં આ સંસ્થાઓ સારા પ્રમાણમાં સ્વાયત્તતા ભોગવે છે.
3. ફ્રાન્સમાં મધ્યસ્થ તંત્ર સ્થાનિક તંત્રનું નાણાં પ્રકરણ, ધારા ઘડવાની તથા બીજી કેટલીક સત્તા વગેરે નક્કી કરે છે.
4. જયારે બ્રિટન અને ભારતમાં સ્થાનિક સંસ્થાઓના પ્રત્યેક કાર્યને ધારાસભાની માન્યતાની જરૂર પડે છે. ભારતમાં પંચાયતીરાજ સંશાધનોની બાબતમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પર અવલંબિત છે. સાથે સાથે રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓ પર પ્રભુત્વ ધરાવે છે.

    સામાન્ય રીતે દેશ માટે રાજકીય સ્વતંત્રતાની સાથે સાથે સાર્વભૌમત્વનું મહત્ત્વ છે એ જ રીતે પંચાયતીરાજની રાજકીય સ્થિરતા માટે સ્વાયત્તતા જરૂરી છે. આમ પંચાયતીરાજ લોકશાહી વિકેન્દ્રીકરણનું વાહક બન્યું છે ત્યારે લોકશાહીના સમર્થકો આ સંસ્થાઓની સ્વાયત્તતાનું સમર્થન કરતા રહ્યા છે.

### 13.2.1 નિયંત્રણની જરૂરિયાત

પંચાયતીરાજની સંસ્થાઓ પર રાજ્ય સરકારના નિયંત્રણની ચર્ચા હાથધરીએ તે પહેલાં એક બાબતની સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે. ભારતના રાજ્યોની વિધાનસભાઓએ જુદાંજુદાં પંચાયતીરાજ ધારાઓ ઘડ્યાં છે. તેથી દરેક રાજ્યમાં પંચાયતીરાજની સંસ્થાઓ ઉપર રાજ્ય સરકારના નિયંત્રણની વ્યવસ્થા એક જ સ્વરૂપની નથી. આમ છતાં, મહદ અંશે બધા રાજ્યોની કેટલીક સમાન વિશિષ્ટતાઓ છે. આ બાબતને ધ્યાનમાં રાખી બંને વચ્ચેના સંબંધોનો આપણે અભ્યાસ કરીશું.

પંચાયતીરાજની સંસ્થાઓ પર રાજ્ય સરકારના નિયંત્રણ બાબતે બે પ્રકારના મત પ્રવર્તે છે. એક વર્ગ એવું માને છે કે પંચાયતીરાજએ ગ્રામીણ વિકાસને ગતિશીલ બનાવી લોકશાહી વિકેન્દ્રીકરણને સ્થાપિત કરતું હોવાથી તેના પર રાજ્ય સરકારના કોઈ નિયંત્રણની જરૂર નથી. તેઓના મત અનુસાર હકીકતમાં રાજ્ય સરકારનું નિયંત્રણ પંચાયતીરાજની પરિભાષાથી વિરોધી ગણાય. પંચાયતીરાજની સફળતા માટે આ સંસ્થાઓના કાર્યોમાં સરકારીહસ્તક્ષેપ ઓછામાં ઓછો કરવામાં આવે તે જરૂરી છે. બીજો વર્ગ રાજ્ય સરકારનું પંચાયતીરાજ પર નિયંત્રણ હોવું જરૂરી માને છે. રાજ્ય સરકારના નિયંત્રણની જરૂરિયાત બાબતે નીચે પ્રમાણેના કારણો રજૂ કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓને સત્તાઓ અને કાર્યો સોંપ્યા પછી સંપૂર્ણપણે મુક્ત થઇ શકે નહીં. આવી સંસ્થાઓ બિનકાર્યક્ષમ જણાય તો તેને યોગ્ય માર્ગદર્શન આપે તે જરૂરી છે. રાજ્ય સરકારની એ જવાબદારી બને છે કે પંચાયતીરાજની સંસ્થાઓ નિશ્ચિત ધોરણોસર કાર્ય કરતી રહે એ માટે યોગ્ય નિરીક્ષણ અને વાજબી નિયંત્રણ રાખે, પંચાયતીરાજની સંસ્થાઓ રાજ્ય સરકારના વહીવટ નીચે આવે છે. તેથી રાજ્ય સરકાર નિયંત્રણની આ સત્તા રાજ્યના પંચાયતીરાજ ધારાથી બંધારણ રીતે ધરાવે છે. પંચાયતીરાજની સંસ્થાઓને રાજ્ય સરકાર નાણાકીય મદદ કરે છે ત્યારે આ નાણાંનો યોગ્ય ઉપયોગ થાય અને સમગ્ર પ્રદેશનો સમતોલ આર્થિક વિકાસ થાય તેના માટે તે નિયંત્રણ રાખે તે જરૂરી છે. વળી, પંચાયતીરાજની પાસે મર્યાદિત સંશાધનો, કૌશલ્યો અને સત્તાઓ હોવાથી પોતાના પ્રાદેશિક વિસ્તારોની જવાબદારી સક્ષમ રીતે ના નિભાવી શકે તેવું પણ બને આ માટે રાજ્ય સરકારની મદદ અને માર્ગદર્શન સાથેસાથે નિયંત્રણની જરૂર રહે છે.દા.ત. ગ્રામ પંચાયત દબાણ હટાવવાની બાબતમાં કે અસહિષ્ણુ જૂથોની પંચાયત પરની જોહુકમીમાં રાજ્ય સરકારના વહીવટીતંત્રની મદદ માંગે તે જરૂરી છે. આ ઉપરાંત,ઘણીવાર ગ્રામીણ પદાધિકારીઓ અને સભ્યો અનુભવી અને શિક્ષિત નહીં હોવાથી સત્તાનો દુરુપયોગ થવાની સંભાવનાઓ પણ રહે છે. આવા સંજોગોમાં રાજ્યસરકારનું તેમના પર નિયંત્રણ હોવું જરૂરી બની રહે છે.

### 13.2.2 નિયંત્રણ વાજબી હોવા અંગેની દલીલો

પંચાયતીરાજની સંસ્થાઓ પર રાજ્ય સરકારનાં નિયંત્રણને સ્વીકારવામાં આવ્યું છે. રાજ્યનું આ નિયંત્રણ જરૂરિયાત અનુસારનું અને વાજબી હોવા બાબતે નીચે પ્રમાણેની દલીલો કરવામાં આવી છે.

પંચાયતીરાજ પોતાના ઉમદા હેતુઓને પરિપૂર્ણ કરી શકે તે માટે રાજ્ય સરકારના નિયંત્રણો હકારાત્મક અને બિનપક્ષીય હોવા જોઇએ. રાજ્ય સરકારનું નિયંત્રણ એટલું બધું ના હોવું જોઇએ કે જેથી પંચાયતો પોતાની ઓળખ ગુમાવે અને સરકારીતંત્રનો એક ભાગ માત્ર બની રહે. રાજ્ય સરકારે પંચાયતીરાજની સંસ્થાઓ પ્રત્યે ભૂલશોધક કે નકારાત્મક અભિગમ રાખી નિયંત્રણ ના રાખવું જોઇએ. રાજ્ય સરકારનું નિયંત્રણ પંચાયતીરાજ પર સંપૂર્ણ હોવું જોઇએ નહીં કારણ કે પંચાયતીરાજનું મહત્ત્વ ઘણું છે.પંચાયતીરાજ અત્યારે સાચા અર્થમાં લોકશાહીની તાલીમશાળા બની રહી છે તેથી તેને સ્વાયત્તતા આપવી જરૂરી છે. રાજ્ય સરકારે જરૂર જણાય ત્યારે જ પંચાયતીરાજના કાર્યક્ષેત્રમાં દરમિયાનગીરી કરવી જોઇએ. રાજ્ય સરકારની બિનજરૂરી દરમિયાનગીરી પંચાયતીરાજના વિકાસમાં અડચણ બની શકે.

### 13.2.3 નિયંત્રણની ભૂમિકા :

સરકાર સામાન્ય રીતે નિયંત્રણની ભૂમિકાની ચાર પદ્ધતિઓ અપનાવે છે.

**1. પ્રોત્સાહક કે અભિવર્ધક ભૂમિકા :**

રાજ્ય સરકાર અને પંચાયતીરાજ બંનેનો ઉદ્દેશ્ય લોક કલ્યાણ અને કલ્યાણ રાજ્યનો છે. આથી રાજ્ય સરકાર સ્થાનિક હિતોના રક્ષણ અને જતન માટે પંચાયતીરાજને પ્રોત્સાહન આપે છે. દા.ત. રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓને અનુદાન અને લોન આપે છે. રાજ્ય સરકારની નિયંત્રણની આ ભૂમિકા વિધેયાત્મક સ્વરૂપની ગણાય છે.

**2. સુધારાત્મક અભિગમ :**

પંચાયતીરાજની સંસ્થાઓનો વહીવટ કાર્યક્ષમ બને, કર્મચારીઓની સેવાની શરતોમાં સુધારો થાય અથવા ચૂંટણીઓનું નિયમિત આયોજન થાય વગેરે માટે રાજ્ય સરકાર જરૂર પડે પંચો અને સમિતિઓની રચના કરી તેના અહેવાલો દ્વારા તેમજ રાજ્યના પંચાયતીરાજ ધારામાં સુધારા વધારા કરી નિયંત્રણની સુધારાત્મક ભૂમિકા ભજવે છે. દા.ત. ગુજરાતમાં મહિલાઓને પંચાયતીરાજની સંસ્થાઓમાં 50% અનામતની વ્યવસ્થા.

**3. બચાવાત્મક ભૂમિકા :**

સામાન્ય રીતે સરકાર એક જવાબદાર વાલી ગણાય છે. રાજ્ય સરકારનું કામ પંચાયતીરાજની સંસ્થાઓ બાબતે બચાવાત્મક હોય છે. પંચાયતીરાજમાં ભ્રષ્ટાચારના ફેલાય, કામગીરીમાં શિથિલતા ના આવે, નિયમિત ચૂંટણીઓથી સત્તા પરિવર્તન થાય, આર્થિક કરકસર અને બચત થાય તે માટે રાજ્ય સરકાર નિયમો બનાવે છે. રાજ્ય સરકારની આ મુજબની કામગીરી પંચાયતીરાજની સંસ્થાઓના સંદર્ભમાં બચાવાત્મક ભૂમિકા ગણાય છે.

**4. શિક્ષાત્મક ભૂમિકા :**

જયારે પંચાયતીરાજની સંસ્થાઓના પદાધિકારીઓ બંધારણીય જોગવાઈઓ અનુસાર પોતાની કામગીરીના બજાવે, જવાબદારીમાં બેદરકારી દાખવે કે ભ્રષ્ટાચાર આચરે તો રાજ્ય સરકાર નિયંત્રણની શિક્ષાત્મક ભૂમિકાનો ઉપયોગ કરી શકે છે. જો કે આવી સંસ્થાઓના પદાધિકારી કે સભ્યોને સાંભળવાની કે બચાવ કરવાની તક આપવામાં આવે છે. જરૂર જણાય તો તેઓ બચાવ માટે અદાલતનો આશરો પણ લઇ શકે છે. જો કે રાજ્ય સરકારની નિયંત્રણની આ શિક્ષાત્મક ભૂમિકા નકારાત્મક ગણાય છે. ઘણીવાર પક્ષીય હિતોને ધ્યાનમાં રાખીને પણ રાજ્ય સરકાર પગલાં ભરતી હોય તેવું બની શકે છે.

### 13.2.4 નિયંત્રણના પ્રકારો

રાજ્ય સરકાર અને પંચાયતીરાજના સંબંધોનો વિગતે અભ્યાસ કરવા માટે રાજ્ય સરકાર આ સંસ્થાઓ પર કયા પ્રકારે નિયંત્રણ ધરાવે છે તે સમજવું જરૂરી છે. નિયંત્રણના પ્રકારો નીચે મુજબ છે.

**1. ધારાકીય નિયંત્રણ :**

રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓ પર નીચે પ્રમાણેના ધારાકીય નિયંત્રણો ધરાવે છે.

રાજ્ય સરકાર પંચાયતીરાજ ધારો ઘડવાની, તેમાં સુધારા કરવાની અને તેને રદ કરવાની સત્તા ધરાવે છે. રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓની સત્તાઓ અને કાર્યક્ષેત્રમાં વધારા ઘટાડો કરી ઔપચારિક ધારકીય નિયંત્રણ ધરાવે છે. વિધાનસભાના સભ્યો પ્રશ્નોત્તરીકાળ અને ચર્ચાઓ દરમિયાન પ્રશ્નો પૂછીને અને ટીકા ટિપ્પણી કરીને પંચાયતીરાજ પર પરોક્ષ રીતે નિયંત્રણ ધરાવે છે. જો કે લોકશાહીમાં આ બાબત હકારાત્મક અને સરાહનીય ગણાય. પંચાયતીરાજની સંસ્થાઓ પોતે કરવાના 29 પ્રકારના કાર્યો કરવાની સાથે સાથે કેન્દ્ર સરકારની યોજનાઓના રાજ્ય સરકારના માધ્યમથી ફાળવેલા જુદા જુદા કાર્યો પણ કરે છે. બંધારણના11મા પરિશિષ્ટમાં દર્શાવેલાં કાર્યો પંચાયતોને સોંપવામાં આવ્યા છે એ સિવાયના વિષયો પણ રાજ્ય સરકારો પંચાયતોને સોંપી શકે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે. પંચાયતીરાજની ત્રણેય સંસ્થાઓના આંતરિક વિવાદના ઉકેલ રાજ્ય સરકાર કરે છે. પંચાયતીરાજના કર્મચારીઓની

સંખ્યા, વેતન અને સેવાની શરતો પણ રાજ્ય સરકાર નક્કી કરે છે. રાજ્ય સરકારના અધિકારીઓ સ્થાનિક સંસ્થાઓની મિલકત, ઓફિસ અને સ્ટોરનું નિરીક્ષણ કરે છે.રાજ્ય સરકારના અધિકારીઓ આ સંસ્થાઓનું સરકારી દફતર, કાગળો અને દસ્તાવેજો તપાસ અધિકાર ધરાવે છે. રાજ્ય સરકાર જરૂર પડે પંચાયતીરાજની કામગીરી કે નિર્ણય બાબતે તપાસ અધિકારીની નિમણૂંક પણ કરી શકે છે. મહામારી, રોગચાળો, ભારે વરસાદ, વાવાઝોડું, ભૂકંપ અને સુનામી જેવી કુદરતી આફત કે કટોકટીના સમયે જિલ્લાના અધિકારીઓ જિલ્લા વિસ્તારના પંચાયતોના સ્ટાફ, સંશાધનો અને સાધન સામગ્રીનોઉપયોગ રાજ્ય સરકારના આદેશ મુજબ કરવો પડે છે. જો કે આ બાબતનો આર્થિક ખર્ચ રાજ્ય સરકારે કરવાનો હોય છે.

**2. કારોબારી અથવા વહીવટી નિયંત્રણ**

રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓ પર નીચે પ્રમાણેના કારોબારી અથવા વહીવટી નિયંત્રણો ધરાવે છે.

રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓના દૈનિક કામ અને વહીવટનું નિરીક્ષણ કરી વહીવટી નિયંત્રણ રાખી શકે છે. રાજ્ય સરકારના અધિકારીઓની પંચાયતીરાજની સંસ્થાઓની મુલાકાત અને તપાસ દરમિયાન કે રાજ્ય સરકારને ફરિયાદ સ્વરૂપે જાણકારી મળે કે પંચાયતીરાજની સંસ્થાઓ પંચાયતીરાજ ધારા અનુસાર કામગીરી કરતી નથી ત્યારે તે લેખિત આદેશથી આ સંસ્થાઓને કાયદેસર, શિસ્તપૂર્વક અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા ફરજ પાડી શકે છે. રાજ્ય સરકારનો અધિકારી છે પોતે પંચાયતીરાજની સંસ્થાઓના નિર્ણયો, પ્રસ્તાવો કે આદેશોને આયોગ્ય લાગે તો રદ કરી શકે છે. જો કે રદ કરવા પૂર્વે રાજ્ય સરકારે પંચાયતોને સાંભળવાની તક આપવામાં આવે છે. રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓ પાસે કામગીરીનો અહેવાલ માંગી તેનો અભ્યાસ કરી તેમાં રહેલી ભૂલો પ્રત્યે ધ્યાન દોરી સુધારા સૂચવી શકે છે. પંચાયતીરાજની સંસ્થાઓએ સમયે સમયે કેટલાક અહેવાલ રાજ્ય સરકારને સોંપવા ફરજિયાત છે. વળી, રાજ્ય સરકાર પંચાયતીરાજના પદાધિકારીઓ અને સભ્યોને અશિસ્ત, ભ્રષ્ટાચાર, કામ કરવાની અસમર્થતા, પંચાયતીરાજધારાનો ભંગ વગેરે કારણોસર ફારેગ કે પદભ્રષ્ટ કરી શકે છે.જો કે પંચાયતીરાજ ધારાની જોગવાઈ મુજબ આ રીતે ખાલી થયેલી બેઠકની છ મહિનામાં ચૂંટણી યોજવી પડે છે.

**3. નાણાંકીય નિયંત્રણ :**

રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓ પર નીચે પ્રમાણેના નાણાંકીય નિયંત્રણો ધરાવે છે.

પંચાયતીરાજની સંસ્થાઓ આવકનો મહત્તમ ભાગ રાજ્ય સરકારના અનુદાન (ગ્રાન્ટ)માંથી મેળવે છે. આથી આ સંસ્થાઓ ઉપર રાજ્ય સરકારનું ઘણું નિયંત્રણ રહે છે. પંચાયતીરાજની સંસ્થાઓના અંદાજપત્ર (બજેટ) સંબંધી નિયમો રાજ્ય સરકાર નક્કી કરે છે. આથી રાજ્ય સરકાર આ સંસ્થાઓના અંદાજપત્રમાં જરૂરી સુધારા વધારા કે ઘટાડો પણ સૂચવી શકે છે. વળી, રાજ્ય સરકાર માંગે તેવા પ્રારૂપ (પ્રફોરમા) માં પંચાયતીરાજની સંસ્થાઓએ પોતાના નાણાકીય હિસાબો આપવા પડે છે. પંચાયતોએ નાણાંકીય હિસાબોનું વાર્ષિક ઑડિટ કરાવવું ફરજિયાત છે. પંચાયતીરાજની સંસ્થાઓએ કરવેરા નાંખવા પૂર્વે અને લોન મેળવવા પૂર્વે રાજ્ય સરકારની મંજૂરી મેળવવી પડે છે. પંચાયતીરાજ સંસ્થાઓને રાજ્યના પંચાયતીધારા અંતર્ગત સોંપાયેલા કેટલાંક કરવેરાની આવક પણ રાજ્ય સરકારો અલગ કાયદાથી પોતાના હસ્તક લઈ શકે છે. પંચાયતીરાજ ધારાની 115મી જોગવાઇ અનુસાર ગ્રામપંચાયતે દર વર્ષે

આવકના 10%થી ઓછી રકમ જિલ્લા વિકાસ ફંડમાં ફાળા તરીકે આપવી જોઈશે તેમ ઠરાવ્યું છે. પંચાયતો કેન્દ્ર કે રાજ્ય સરકારે સોંપેલ કરવેરા ઉઘરાવવામાં બેદરકારી દાખવે તો સરકાર તેના ઉપર પગલાં ભરી શકે છે. પંચાયતીરાજની સંસ્થાઓ આપવામાં આવેલી નાણાંકીય ગ્રાન્ટનો ઉપયોગ જવાબદારીપૂર્વક ના કરે, હિસાબ સારી રીતે રજૂ ના કરે અથવા નાણાકીય ગેરરીતિ કરે તો રાજ્ય સરકાર ગ્રાન્ટ અટકાવી શકે છે. ટૂંકમાં રાજ્ય સરકાર પંચાયતીરાજની સંસ્થાઓને નિશ્ચિત કામ માટે નાણાં ફાળવે છે અને આ નાણાં ઉપર તેનું ઘણું નિયંત્રણ હોય છે.

### 13.2.5 પરસ્પરના સંબંધોની જાળવણી માટેના સૂચનો

પંચાયતીરાજની સંસ્થાઓ સાચા અર્થમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ બની શકે અને લોકશાહી વિકેન્દ્રીકરણનો ઉદ્દેશ્ય ફળીભૂત થાય તે માટે રાજ્ય સરકાર અને પંચાયતીરાજના સંબંધો સુપેરે જળવાઈ રહે તે જરૂરી છે. બંને વચ્ચેના પરસ્પરના સંબંધોની જાળવણી માટે નીચે પ્રમાણેના સૂચનો કરવામાં આવ્યા છે.

- બંધારણીય રીતે રાજ્ય સરકારને પંચાયતીરાજની સંસ્થાઓ પર નિયંત્રણ અને દેખરેખની સત્તાઓ મળી છે. પરંતુ રાજ્ય સરકારે પંચાયતીરાજની સંસ્થાઓ સાથેના સંબંધોને જાળવી રાખવા માટે આ સંસ્થાઓ પર નિયંત્રણ મુકવાની પ્રબળ ભાવનામાંથી બહાર નીકળીને વાજબી અંકુશથી પરસ્પર સહકારનો અભિગમ કેળવવો જોઇએ.
- બંને સંસ્થાઓએ એક વાતનો સ્વીકાર કરવો જોઇએ કે પોતાના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે સુચારું વ્યવસ્થા સ્થાપિત કરવા માટે અને અસરકારક કામગીરી કરવા માટે પરસ્પરના સંબંધો જાળવી રાખી સંયુક્ત જવાબદારીની ભાવના કેળવવી જરૂરી છે.
- પંચાયતીરાજના પ્રતિનિધિઓ પણ રાજ્ય સરકારના પ્રતિનિધિઓની જેમ પ્રજાના મતોથી ચૂંટાય છે તે બાબતને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે આ સંસ્થાઓનું મહત્ત્વ ઓછું આંકવું જોઇએ નહીં.
- બીજી બાજું પંચાયતીરાજની સંસ્થાઓએ એ બાબત સમજવાની જરૂર છે કે રાજ્ય સરકારના પંચાયતધારાથી તેમને સત્તાઓ અને કાર્યો પ્રાપ્ત થાય છે ત્યારે ''સત્તાનું સત્તા પર નિયંત્રણ'' એ વ્યવસ્થાનો ભાગ છે. આથી પંચાયતીરાજની સંસ્થાઓએ તેણે પોતે ''નીચલા સ્તર''ની સંસ્થા છે તે બાબતને સ્વીકારીને ચાલવું જોઇએ.
- પંચાયતોએ ભૂતકાળમાં કરેલી ભૂલો કે લીધેલા ભૂલ ભરેલા નિર્ણયોથી રાજ્ય સરકારે સહન કરવું પડયું હોય તેવું બને પણ ખરું પરંતુ, સમયાંતરે આ સંસ્થાઓ અનુભવથી શીખી લેશે તેવો હકારાત્મક અભિગમ કેળવીને રાજ્ય સરકારે તેને સ્વાયત્તતા આપવી જોઇએ.
- પંચાયતીરાજના પદાધિકારીઓ અને સભ્યો તેમની કામગીરી સારી રીતે કરી શકે તે માટે રાજ્ય સરકારે તેમના માટે તાલીમની વ્યવસ્થા કરવી જોઇએ. નિષ્ણાંતોની મદદ લઈ ચિંતન શિબિરનું આયોજન કરી સારું માર્ગદર્શન પુરું પાડી તેમને પ્રોત્સાહિત (મોટીવેટ) કરવા જોઇએ.

## 13.3 સારાંશ

રાજ્ય સરકાર પાસે પંચાયતીરાજની સંસ્થાઓ પર ધારાકીય, કારોબારી અને નાણાકીય બાબતો પર નિયંત્રણ રાખવાની ઘણી સત્તાઓ છે. પંચાયતીરાજ સારી રીતે કામ કરે તે માટે રાજ્ય સરકારનું નિયંત્રણ જરૂરી ગણાય છે બીજી બાજું રાજ્ય સરકારની જવાબદારી બને છે કે

પંચાયતરાજની સંસ્થાઓને સુરક્ષાઓ પુરી પાડવા સાથે સાથે જરૂરી સ્વાયત્તતા પણ આપે. રાજ્ય સરકારની નિયંત્રણની કઠોરતા પંચાયતરાજની સંસ્થાઓના ઉત્સાહને ઠંડો ના બનાવે તેનો ખ્યાલ રાખવો જરૂરી છે. લોકશાહીના કલ્યાણ રાજ્યના ખ્યાલને ફળીભૂત કરવા માટે સ્થાનિક સંસ્થાઓ હકીકતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ બની રહે તે માટે તેમને રાજ્ય સરકારનો હકારાત્મક સહકાર પ્રાપ્ત થવો જરૂરી છે. બીજી બાજુ, પંચાયતીરાજની સંસ્થાઓએ રાજ્ય સરકાર તેમના ઉપર નિયંત્રણ મુકે છે તેવા સંકુચિત અભિગમમાં બહાર આવી રાજ્ય સરકાર વ્યવસ્થાની જાળવણી માટે કેટલાંક પગલાં ભરે છે તે રાષ્ટ્રના નાગરિકોની સુખાકારી અને હિતમાં ભરે છે. તેવી વિશાળ માનસિકતા કેળવે તે જરૂરી છે એક અભિપ્રાય એવો પણ પ્રવર્તે છે કે જયાં સુધી પંચાયતીરાજને વિકાસલક્ષી કાર્યોથી આગળ વધીને કાયદો અને વ્યવસ્થા સહિતના કાર્યો સોંપવામાં નહીં આવે ત્યાં સુધી તે સાચા અર્થમાં ત્રીજા સ્તરની સરકાર સ્વરૂપે પ્રભાવક ભૂમિકા ભજવી નહીં શકે. પંચાયતીરાજની સંસ્થાઓ સત્તાઓ ધરાવે છે પરંતુ તેની લગામ રાજ્ય સરકાર હસ્તક છે એવી ચર્ચા થતી રહી છે. જો કે 73માંબંધારણીય સુધારાથી રાજ્યપાલ દ્વારા રાજ્ય નાણાંપંચની રચના, રાજ્ય સરકારના ચૂંટણીપંચ દ્વારા પંચાયતીરાજની ચૂંટણીઓ, લિખિત સ્વરૂપે કાર્યોની સોંપણી જરૂર પડે વિશેષ સુરક્ષાઓ પુરી પાડવી વગેરે જવાબદારીઓ નિભાવીને એકંદરે રાજ્ય સરકાર સહયોગી બનતી રહી છે.

## 13.4 સ્વાધ્યાય

**(અ) સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. કયા બંધારણીય સુધારાથી પંચાયતીરાજને બંધારણીય સ્થાન પ્રાપ્ત થયું?

   અ.74 બ. 37 ક. 73 ડ. 99

2. 73મા બંધારણીય સુધારાથી પંચાયતોને કેટલા કાર્યો પ્રાપ્ત થયા ?

   અ. 29 બ. 27 ક. 92 ડ. 79

3. ભારત સિવાયના બીજા કયા દેશની સ્થાનિક સંસ્થાઓ એ દરેક કાર્યને ધારાસભાની માન્યતાની જરૂર પડે છે?

   અ. અમેરિકા બ. સ્વીડન ક. જર્મની ડ. બ્રિટન

4. સરકારના નિયંત્રણી ભૂમિકાના કેટલા પ્રકાર હોય છે ?

   અ. બે બ. ત્રણ ક. ચાર ડ. છ

5. સરકારના નિયંત્રણની ભૂમિકાના સાચા પ્રકારનો વિકલ્પ પસંદ કરો?

   અ. સુધારાત્મક અને બચાવાત્મક

   બ. ક્રિયાત્મક અને પ્રતિક્રિયાત્મક

   ક. ઔપચારિક અને અનૌપચારિક

   ડ. ઉપરના બધા

6. રાજ્ય સરકારે પંચાયતીરાજના પ્રતિનિધિને પદભ્રષ્ટ કર્યા પછી તે બેઠકની ચૂંટણી કેટલા સમયમાં કરવી પડે.

   અ. 2 મહિના બ. 4મહિના ક. 6 મહિના ડ. 8 મહિના

**(બ) ટૂંકમાં જવાબ આપો.**

1. પંચાયતીરાજ પર રાજ્ય સરકારના નિયંત્રણની જરૂર નથી તેમ માનનારા વર્ગની મુખ્ય દલીલો જણાવો.
2. સરકારના નિયંત્રણની પ્રોત્સાહક ભૂમિકા વિશે ટૂંકમાં ચર્ચા કરો.
3. સરકારના નિયંત્રણની શિક્ષાત્મક ભૂમિકા વિશે ટૂંકમાં જણાવો.
4. સરકારના નિયંત્રણની સુધારાત્મક ભૂમિકાનું ઉદાહરણ સમજાવો.
5. રાજ્ય સરકાર પંચાયતીરાજના પ્રતિનિધિઓને કયા સંજોગોમાં બરતરફ કરી શકે છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. પંચાયતીરાજની સંસ્થાઓ પર રાજ્ય સરકારના નિયંત્રણની જરૂરિયાત વિશે મુદ્દાસર ચર્ચા કરો.
2. રાજ્ય સરકારના પંચાયતીરાજની સંસ્થાઓ પરના નિયંત્રણોના પ્રકારો સમજાવો.
3. રાજ્ય સરકાર અને પંચાયતીરાજના પરસ્પર સંબંધોની જાળવણી માટેના સૂચનો ચર્ચો.
4. રાજ્ય સરકારના નિયંત્રણની ભૂમિકા વિગતે સમજાવો.

## 13.5 સંદર્ભ સૂચિ


1. વૈષ્ણવ બિપીનચંદ્ર : પંચાયતી પરિચય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ – સુધારેલ આવૃત્તિ 2010
2. પંડયા હસમુખ : રાજ્યશાસ્ત્રના સિધ્ધાંતો અનડા પ્રકાશન, અમદાવાદ. પુનઃમુદ્રિત આવૃત્તિ 2014-15
3. શુકલ ગજેન્દ્ર : ભારતમાં શહેરી સ્થાનિક સરકાર યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ 2005
4. ઝાલા ડી.ડી. પંચાયતીરાજ પેટા પ્રાદેશિક કાર્યશિબિર ભાવનગર યુનિવર્સિટી ભાવનગર, પ્રથમ આવૃત્તિ
5. મહેતા આર. એમ. (સંપાદક) 1993 નો ગુજરાત પંચાયત અધિનિયમ, ગુર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ -1996.


## 13.6 સ્વાધ્યાયના જવાબો

1. ક 2. અ 3. ડ 4. ક 5. અ 6. ક

# એકમ-14 પંચાયતી રાજ અને સંઘર્ષના મુદ્દાઓ-03

રૂપરેખા

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 પંચાયતીરાજ અને ચૂંટણી પ્રભાવ
14.3 જ્ઞાતિ રાજકારણ
14.4 સારાંશ
14.5 ચાવીરૂપ શબ્દો
14.6 સંદભસૂચિ
14.7 તમારી પ્રગતિ ચકાસો
14.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 14.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો આ એકમમાં જ્ઞાતિ રાજકારણ પર નીચેનાં ઉદ્દેશ્યોથી માહિતગાર થશો.

- પંચાયતીરાજમાં ચૂંટણી પ્રભાવ વિશેનો ખ્યાલ મેળવી શકાશે.
- પંચાયતીરાજમાં જ્ઞાતિ રાજકારણ પર માહિતી મેળવી શકશો.

## 14.1 પ્રસ્તાવના

પંચાયતીરાજની સ્થાપનાથી દેશમાં લોકશાહીના માળખામાં ગુણાત્મક પરિવર્તન થતું જોવા મળ્યું છે. તેનાથી લોકશાહીને ભારતના લાખો ગામડાં સુધી વાસ્તવિક સ્વરૂપે પહોંચતી કરાઈ છે. અત્યારે ગ્રામ્ય ભારતમાં એક વિશિષ્ટ પ્રકારની રાજકીય અને સામાજિક ઉથલપાથલ જોવા મળી છે. લોકશાહીનાં બે સાધનોએ પુખ્તવય મતાધિકાર અને ગુપ્ત મતદાન પદ્ધતિ ગ્રામ્ય સ્તરે એક અનોખી રાજકીય ક્રાંતિ સર્જી છે. આ બે પરિબળોએ છેલ્લા ચાર દાયકામાં સમાજના પછાત અને ગરીબ વર્ગના બનેલા અરાજકીય અને અજાગૃત સ્તરે જબરજસ્ત રાજકીયકરણ સાધ્યું છે. પછાત વર્ગોમાં આવેલી રાજકીય સભાનતા અને સત્તામાં ભાગીદાર થવાની ઈચ્છાએ સમાજના સ્થાપિત વર્ગોમાં ખળભળાટ મચાવ્યો છે. તેમાં પરંપરાગત ચાલી આવતી નેતાગીરીને પડકારી છે. તથા નવા નેતૃત્વ માટેની શોધ શરુ કરી છે. સ્થાનિક સ્તરે પંચાયતીરાજની સંસ્થાઓ સત્તા કેન્દ્રો તરીકે બહાર આવી છે. આ સત્તા કેન્દ્રો ઉપર વર્ચસ્વ જમાવવા તથા તેમાંથી મળતા લાભો ખાટવા પ્રભાવક જ્ઞાતિઓ અને પ્રભાવ મેળવવા મથતી તેની હરીફ જ્ઞાતિઓ વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. પંચાયતીરાજમાં ખેલાતા રાજકારણ અને રાષ્ટ્રીય સ્તરે ખેલાતા રાજકારણ વચ્ચે ચૂંટણીઓએ અનુસંધાન કરી આવતાં આ હરીફાઈએ ખુલ્લા રાજકીય સંઘર્ષનું સ્વરૂપ ધારણ કર્યું છે. લોકશાહી વિકેન્દ્રીકરણે આઝાદી પહેલાં અને ત્યારબાદ જે જ્ઞાતિઓ સત્તામાં ભાગીદાર થવામાં વંચિત રહી હતી.તે બહુસંખ્યક જ્ઞાતિઓ માટે રાજકીય સત્તા મેળવવા માટેનું વિશાળ ક્ષેત્ર બન્યું છે. જેમાં આ પ્રમાણે જ્ઞાતિ પ્રભાવ ક્રમશઃ આગળ જોઈએ.

## 14.2 પંચાયતીરાજ અને ચૂંટણીપ્રભાવ

પંચાયતીરાજનું સત્તાનું માળખું ઔપચારિક અને આધુનિક છે તે સામાજિક-આર્થિક નિમ્નતંત્ર જેવાં કે જ્ઞાતિઓ અને વર્ગસમૂહો અને રૂઢિગત છે. આવા સામાજિક માળખામાં રાજકીય વલણો અને પદ્ધતિઓ પણ વત્તાઓછા અંશે રૂઢિગત બની રહેતાં હોય છે. વર્તમાન રાજકીય સંસ્થોઓએ આ રૂઢિગત સામાજિક માળખાં અને રાજકીય સંસ્કૃતિના જેવા કામ કરવાનું હોય છે. આ રૂઢિગત સામાજિક માળખાં અને ઔપચારિક માળખામાં આંતરક્રિયા શરુ થઈ છે તથા મોટા પ્રમાણમાં તેમજ સૂચક રીતે તેમણે એકબીજાને પ્રભાવિત કર્યા છે. પરિણામે ગ્રામીણ સમાજમાં પરિવર્તનનો નવો એક દ્રષ્ટિકોણ ઊભો થયો છે. સ્થાનિક કક્ષાએ શક્તિશાળી સત્તા માળખા તરીકે લાભતંત્ર ઉપર કાબૂ મેળવવા માટે પ્રભાવધારી અને ઉદ્દભવતી પ્રભાવશાળી જ્ઞાતિ જૂથોને આકર્ષે છે.

પંચાયતોની ચૂંટણીમાં ક્યાં-ક્યા પરિબળો કામ કરતાં હોય છે તે ભારતીય ગ્રામ્ય મતદાર ઉપર સૌથી વધારે અસર કયા પરિબળથી થતી હોય છે. તે શું ગામડામાં જ્ઞાતિનો પ્રભાવ સૌથી વધારે છે એમ કહી શકાય. ગામડાનો મતદાર જ્ઞાતિના પ્રભાવથી કુટુંબ કે જૂથના દબાણ હેઠળ આર્થિક પ્રલોભનો કે રાજકીય પ્રપંચથી લઘુમતીઓના વ્યક્તિત્વથી દોરવાય છે. ઘણી જગ્યાએ સ્ત્રી મતદારો જે કુટુંબના વડીલના કહેવા પ્રમાણે મતદાન કરે છે. જે આપણા મતદારોના મતદાનીય વલણનો આ સામાજિક સંદર્ભ છે. ચૂંટણીમાં કામ કરતા પરિબળો તરીકે કેટલાક અભ્યાસો જ્ઞાતિ રાજકારણ પર થયા જેમાં ઉમેદવારોની જીતમાં તેમની જ્ઞાતિ, કુટુંબ અને નજીકનું સગપણ મહત્ત્વનો ભાગ ભજવે છે. દા.ત. ઈન્ડિયન ઈનસ્ટિટ્યુટ ઓફ પબ્લિક ઓપિનિયનના સંશોધન પ્રમાણે પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારોની લોકપ્રિયતા (40 ટકા) જ્ઞાતિનો પ્રભાવ (20 ટકા)અને છેલ્લે પૈસા (15 ટકા) જે નિર્ણાયક ભાગ ભજવે છે. આ અગત્યનાં પરિબળો નથી. જે આગળ વિચારીએ તો મતદાતાઓએ જ્ઞાતિ, કુટુંબ વગેરે બાબતોને બાજુ પર મૂકી નીચલી જ્ઞાતિના ઉમેદવારોને ટેકો આપવામાં આવ્યો હતો.આમ વ્યક્તિગત જૂથવાદ પણ ભાગ ભજવતો જોવા મળે છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં નકારાત્મક સ્વરૂપે કામ કરતાં કેટલાક પરિબળો પણ જોવા મળ્યાં છે. જે 'વૉટ બેંક' છે. કોઈ એક જ્ઞાતિ કે કોમના આગેવાન ચૂંટણી સમયે પોતાના પ્રભાવથી પોતાની જ્ઞાતિ કે કોમના વધારે મત અપાવી શકે છે. તેને આપણે ' વૉટ બેંક ' કહીએ છીએ. જ્ઞાતિના આગેવાનની આ તાકાતને કારણે ચૂંટણીમાં જ્ઞાતિવાદનું જોર વધવા લાગ્યું છે. પરંતુ 1970ના દાયકા પછી આ પ્રવાહમાં પીછેહઠ આવી છે. જયારે જ્ઞાતિ અને રાજકારણ વચ્ચે આંતરક્રિયા થાય છે ત્યારે બંને એકબીજા ઉપર પોતાનો પ્રભાવ પાડવા કોશિશ કરે છે. પરિણામે જ્ઞાતિનું રાજકરણ થાય છે અને રાજકારણ જ્ઞાતિમય બને છે. જ્યાં સુધી રાષ્ટ્રીય સભાનતાનું સ્તર અપેક્ષિત ધોરણે ન પહોચે ત્યાં સુધી જ્ઞાતિનો પ્રભાવ ચાલુ રહેશે. આમ આગેવાન જ્ઞાતિઓમાં આધુનિકીકરણ અને રાજકીયકરણની માત્રા વધતી ગઈ છે અને તેથી તેમનામાં વોટ બેક્રો બનવાની ક્ષમતા ઘટી છે. જો કે પછાત જ્ઞાતિઓનો વોટ બેક્ર તરીકેનો ઉપયોગ હજુ ચાલુ જ છે.

બીજી રીતે જોઈએ તો અત્યાર સુધી બહુ સંખ્યક પછાત જ્ઞાતિઓ રાજકીય સત્તાનાં ભાગીદાર થવા આગળ આવી છે. તેથી ગામડાઓમાં એક પ્રકારના તનાવનું વાતાવરણ સર્જાયું છે. પ્રભાવક જ્ઞાતિના કે કોમના આગેવાનોને પોતાનું સ્થાન સરી ન જતુ લાગતું હોવાથી તેમણે ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર તથા બિનલોકશાહી રીતરસમો અપનાવવા માંડી છે. દા.ત.

અપહરણ કરવું, માર મારવો, ખોટા ફોજદારી કેસો કરવા, રહેઠાણ બાળી મૂકવાં અને કેટલાંક પ્રસંગોમાં ખૂન થયાનું પણ નોંધાયું છે. જો કે યુ.પી.માં જ્ઞાતિ સંઘર્ષો જેટલા તીવ્ર બન્યાં છે તેટલા ગુજરાતમાં બન્યા નથી. છતાં આપણે ધીમે-ધીમે જ્ઞાતિ સંઘર્ષોમાં થઈ વર્ગ વિભાજન તરફ જઈ રહ્યા હોય એવું લાગે છે.

## 14.3 જ્ઞાતિ રાજકારણ

ભારતના ગામડાઓમાં પ્રભાવશાળી જ્ઞાતિઓનું વલણ આવતું હોય છે. દેશના જુદાં-જુદાં રાજ્યોમાં આવી જુદી-જુદી પ્રભાવક જ્ઞાતિઓ પથરાયેલી જોવા મળે છે. દા.ત. આંધ્રમાં રેડ્ડી, કેરાલામાં નાયર, કર્ણાટકમાં લિંગાયત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં રાજપૂતો, તમિલનાડું અને મહારાષ્ટ્રમાં બ્રાહ્મણો, બિહારમાં ભૂમિહારો અને કાયસ્થો અને રાજપૂત, ગુજરાતમાં બ્રાહ્મણ, વણિક અને પાટીદાર વગેરે. આઝાદી બાદ રાજકારણના પ્રભાવને કારણે રાજ્યોમાં નવી પ્રભાવશાળી જ્ઞાતિઓ (શબ્દ ઉકેલાતા નથી) આ રીતે આપણે મહારાષ્ટ્રમાં મરાઠાઓ, ગુજરાતમાં ક્ષત્રિયો, ઉત્તર ભારતમાં જાટ અને યાદવો, કર્ણાટકમાં વોક્કાલિંગા, તમિલનાડુમાં વેલ્લાસા, આંધ્રપ્રદેશમાં ક્રમમાં વગેરે જ્ઞાતિઓને ઉદ્‌ભવતી પ્રભાવશાળી જ્ઞાતિઓ તરીકે ઓળખી શકાય.

ભારતના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ જ્ઞાતિઓનું સામાજિક માળખું પ્રભાવિત થયેલું છે. ગુજરાતમાં અન્ય રાજ્યોની માફક જ્ઞાતિ સંઘર્ષ તીવ્ર બન્યાં નથી. છતાં તેના રાજકારણમાં આગેવાન જ્ઞાતિ દ્વારા કબજે કરાયેલા રાજ્ય માળખાનો પ્રભાવ પાડ્યા વિના રહ્યો નથી. ગુજરાતમાં અત્યારે બ્રાહ્મણો અને વણિક જ્ઞાતિનો ખાસ કોઈ પ્રભાવ રહ્યો નથી. પાટીદાર અને ક્ષત્રિય જ્ઞાતિઓએ તેમનું સ્થાન લીધું છે. જો પાટીદાર જ્ઞાતિ હાલ શાસન કરતી પ્રભાવક જ્ઞાતિ છે તો ક્ષત્રિય ઉદય પામતી પ્રભાવક જ્ઞાતિ છે. પ્રભાવક જ્ઞાતિ સામેની લડતમાં નાની-મોટી પછાત જ્ઞાતિઓ એકબીજાંને ટેકો આપતી થઈ છે. રાજ્યોમાં સત્તાતંત્રો ઉપર કાબૂ મેળવવા આ નવી પ્રભાવ વાંચ્છુ જ્ઞાતિઓએ જાણે એક જ પ્રકારના ધર્મનાદની જાહેરાત ન કરી હોય તેવું વાતાવરણ દેખાય છે.

ભારતના રાજકારણમાં જ્ઞાતિનો એટલો બધો પ્રભાવ છે કે પોતે રાજકીય પક્ષો પણ ચૂંટણીમાં અવારનવાર તેમનો સહારો લીધો છે. હિંદુ સમાજમાં જ્ઞાતિનાં મૂળિયાં એટલાં બધા ઊંડા ગયા છે કે પશ્ચિમની વિચારસરણી કે પદ્ધતિથી આભૂષિત થયેલી આપણી વર્તમાન રાજકીય સંસ્થાઓને તેની અસર નાબૂદ કરતાં ઘણો સમય લાગશે. કેટલાક ટીકાકારો તો જ્ઞાતિના પરિબળને નવા દ્રષ્ટિકોણથી જોવાનો આગ્રહ સેવે છે. રૂઢિગત સમાજમાં જ્ઞાતિ એકતા સિદ્ધ કરનાર તત્વ પણ બની શકે છે. જૂના સામાજિક માળખામાંથી આધુનિક માળખા તરફ જવાની પ્રક્રિયામાં જો જ્ઞાતિ રાજકીય પક્ષો કરવા માટે ઘણો મોટો ફાળો આપી શકે તેમ છે. ચૂંટણીઓમાં પણ જ્ઞાતિને એક માત્ર પરિણામ તરીકે જોવાનો પ્રયાસ સારો નથી. ઝડપથી બદલાતા વાતાવરણને કે જેમાં કોઈ પણ રાજકીય પક્ષ માત્ર જ્ઞાતિને સહારે ચાલવા તૈયાર નથી. ત્યાં જ્ઞાતિને વધારે પડતું મહત્વ આપવું નિરર્થક સાબિત થશે. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર અને ગુપ્ત મતદાન પદ્ધતિના આશીર્વાદને કારણે હવે નવા-નવા જ્ઞાતિ સમૂહો ઝડપથી આગળ આવી રહ્યા છે. ત્યાં રાજકારણમાં આ જૂથો વચ્ચે નવો સહસંબંધ નહિ બંધાય તેમ માનવાને કોઈ કારણ નથી જો આમ થશે તો કોઈ એક જ્ઞાતિના પ્રભાવનો અંત આવશે અને તેને સ્થાને સમવાયી સ્વરૂપની જ્ઞાતિનો પ્રભાવ વધશે. તેમાં જે જ્ઞાતિનું સંખ્યાબળ વધારે હશે તેમનો પ્રભુત્વ થશે કર્ણાટકમાં લિંગાયત સામે વોક્કાલીગા, કેરાલામાં નાયર સામે એહવા, તામિલનાડુમાં બ્રાહ્મણો

સામે વેલ્લાલ, ગુજરાતમાં પાટીદારો સામે બારૈયા, બિહારમાં ભૂમિહાર સામે યાદવો, રાજસ્થાન, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં રાજપૂતો સામે જાટ, મહારાષ્ટ્રમાં બ્રાહ્મણો સામે મરાઠાઓ વગેરે ઉદાહરણો છે.

## 14.4 સારાંશ

ભારતના ગામડામાં રાજકારણને ફક્ત જ્ઞાતિસંઘર્ષો પક્ષીય દુશ્મનાવટ અને વર્ગવિગ્રહ ચોકઠામાં જોવું ભૂલભરેલું ગણાશે. ભારતે એવો સંકુલ અને બહુત્વવાદી સમાજ છે. જ્યાં કોઈ એક પરીબળ લાંબા સમય સુધી પ્રભાવક સ્થાને રહી શેક તેમ નથી. વિકસતા અને ઝડપથી બદલાતા સમાજમાં જ્ઞાતિસંઘર્ષો કદાચ કામચલાઉ ઘટના સાબિત થાય. છેલ્લે સામાજિક – આર્થિક રીતે ન્યાયી સમાજ રચવાનો છે. અને જો જ્ઞાતિ અવરોધક પરિબળ તરીકે કામ કરતી હશે તો તે પ્રતિક્રિયા પેદા કરનાર થશે.

## 14.5 ચાવીરૂપ શબ્દો

- **જ્ઞાતિ :** જ્ઞાતિ એક આંતરસમૂહ છે. જેના સભ્યો પરંપરાગત રીતે સમાન વ્યવસાય કરતા હોય છે અને તેઓ વર્તનમાં સમાન ધોરણો, સમાન વિધિ અને રિવાજોથી પરસ્પર બંધાયેલાં હોય છે.
- **જ્ઞાતિ રાજકારણ :** જ્ઞાતિ રાજકારણ વચ્ચે આંતરક્રિયા થાય છે. ત્યારે તે બંને એકબીજા પર પોતાનો પ્રભાવ પાડવા પ્રયત્ન કરે છે. પરિણામે જ્ઞાતિ રાજકારણ ઊભું થાય છે.

## 14.6 સંદર્ભ સૂચિ

1. શાહ.બી.સી. : ભારતમાં પંચાયતીરાજ, યુનિ. ગ્રંથ. નિર્માણ બોર્ડ, અમદાવાદ,2015
2. કોઠારી રજની : ભારતનું રાજકારણ, યુનિ. ગ્રંથ. નિર્માણ બોર્ડ, અમદાવાદ,2016
3. શેઠ.પી. એમ : પંચાયતનું નેતૃત્વ : સહભાગીદારીનું રાજકારણ, ગ્રંથ – 1, 1994
4. શાહ રમેશ.એમ. આગજા બલદેવ : 73મો બંધારણીય સુધારા પશ્ચાદ ભારતમાં પંચાયતીરાજ યુનિવર્સિટી. ગ્રંથ. નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2002

## 14.7 તમારી પ્રગતિ ચકાસો

**(અ) સવિસ્તર પ્રશ્નોના જવાબ આપો.**

1. પંચાયતીરાજમાં જ્ઞાતિ રાજકારણ સમજાવો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. ચૂંટણીમાં જ્ઞાતિ સંઘર્ષ તરીકે ચર્ચા કરો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

**(બ) ખાલી જગ્યા પૂરો.**

1. ગામડામાં ___________ નો પ્રભાવ સૌથી વધારે હોય છે.
2. ગ્રામપંચાયતોની ચૂંટણીમાં નકારાત્મક સ્વરૂપે કામ કરતાં પરિબળો તરીકે __________ જોવા મળે છે.
3. આંધ્રમાં ____________ પ્રભાવક જ્ઞાતિ જોવા મળે છે.
4. ગુજરાતમાં ____________ પ્રભાવક જ્ઞાતિ જોવા મળે છે.
5. તામિલનાડુમાં _______________ જ્ઞાતિ પ્રભાવક તરીકે જોવા મળે છે.

## 14.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**ખાલી જગ્યાના જવાબો**

(1) જ્ઞાતિ

(2) વોટબેંક

(3) રેડ્ડી

(4) બ્રાહ્મણ, વણિક અને પાટીદાર

(5) વેલ્લાસા

# એકમ-15 પંચાયતીરાજની સમસ્યાઓ

રૂપેરખા

15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાવના

15.2 ભારતમાં પંચાયતીરાજના ગુણો

15.3 ભારતમાં પંચાયતીરાજના દોષો

15.4 પંચાયતીરાજ અને રાજકીય પક્ષો

15.5 પંચાયતીરાજ અને જ્ઞાતિ રાજકારણ

15.6 સારાંશ

15.7 ચાવીરૂપ શબ્દો

15.8 સંદર્ભસૂચિ

15.9 તમારી પ્રગતિ ચકાસો

15.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 15.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી નીચેની માહિતથી વાકેફ થશે.

- ભારતમાં પંચાયતીરાજના ગુણો અને દોષો વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.
- પંચાયતીરાજમાં રાજકીય પક્ષોની ભૂમિકા વિશે માહિતી મેળવી શકશો.
- પંચાયતીરાજમાં જ્ઞાતિ રાજકારણ એક સમસ્યારૂપેની માહિતી મેળવી શકશો.

## 15.1 પ્રસ્તાવના

ભારત દેશ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે અને તેનો ઘણો મોટો ભાગ ગામડાં ઓમાં વસે છે. સંપૂર્ણ ભારતના વિકાસ અને તેના કોઈપણ કાર્યકર્મની યોજનાને ક્રિયાન્વિત કરવા માટે પ્રત્યેક ગામડાંની ભાગીદારી જેમાં કેટલાંક રાજ્યોમાં પંચાયતીરાજના અમલથી ઘણા ફાયદા પણ જોવા મળ્યા છે તે જ રીતે પંચાયતીરાજના સફળ અમલમાં શું શું મુશ્કેલીઓ આડે આવે છે અને આ મુશ્કેલીઓ કેમ પેદા થઇ છે. તે સમજવા માટે આપણે દેશની સામાજિક, આર્થિક અને રાજકીય વિષમતાઓ સમજવી પડશે. તે કેવી રીતે અસરકારક ભૂમિકા ભજવે છે અને તેનાથી શું મુશ્કેલીઓ જોવા મળી છે. તે વિગતે જોઇએ.

## 15.2 ભારતમાં પંચાયતીરાજના ગુણો

ભારતમાં પંચાયતીરાજનું માળખું સ્થાપિત થયું તેના પછી જુદાં-જુદાં રાજ્યોમાં અલગ અલગ સ્તરોમાં તેને અપનાવવામાં આવ્યું. જેમાં પંચાયતીરાજના અલમથી અને આવશ્યકતાથી કેટલાંક લાભો પણ જોવા મળ્યાં છે. જે નીચે પ્રમાણે છે.

## 1. ગામડાંઓમાં ઉદ્યોગ-ધંધાની પુનઃસ્થાપના

આજે ગામડાઓની અર્થવ્યવસ્થા ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. તેથી તેનું મહત્ત્વપૂર્ણ કારણ એ છે ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં સ્થાપેલ કુટિર ઉદ્યોગો તથા વારસાગત ઉદ્યોગોનું નષ્ટીકરણ કે પછી શહેરોમાં તેમનું સ્થળાંતર ઔદ્યોગિક સમાજના અસ્તિત્વથી જ આવું જ પરિવર્તન આવ્યું છે. પહેલાં કાપડ, લોખંડ તથા પોલાદની વસ્તુઓ જે મૂળ રૂપમાં ગામડાંઓમાં બનાવવામાં આવતી હતી તે હવે શહેરોમાં એક મોટા પાયા પર તૈયાર કરવામાં આવી રહી છે. જેનાથી ગામડાંના પરિવારોની રોજી છિનવાઈ ગઈ છે. આ સ્થિતિ ગામડાંના વિકાસ માટે ઘાતક સમાન છે. તેમ છતાં ગામડાંઓમાં જમીન વિતરણની અસમાનતા પાછી રહી છે.આજ તથ્યની સાર્થકતા માટે આ પરંપરાગતને સમાપ્ત કરવા માટે વિભિન્ન યોજનાઓ દ્વારા ગ્રામજનોને જાગૃત કરી તથા પરંપરાગત કુટિર ઉદ્યોગોને પુનઃસ્થાપિત કરવામાં પંચાયતરાજની ભૂમિકાનું નિર્વાહન અતિ આવશ્યક છે.

## 2. લોકતંત્રની પાઠશાળા

સ્થાનિક શાસન વ્યવસ્થા લોકતંત્રની પ્રથમ પાઠશાળા છે. તેનાથી વધુમાં વધુ લોકોનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રતિનિધિત્વ દ્વારા રાજકીય અને વહીવટી કાર્યોમાં ભાગ લેવાનો મોકો મળે છે. જયારે લોકો વિભિન્ન વહિવટી ઉત્તરદાયિત્વોનું સિંચન કરે છે ત્યારે તેમને સ્વતંત્ર વિભિન્ન કાર્યોમાં પ્રશિક્ષણ પ્રાપ્ત થાય છે. ફળસ્વરૂપ રાષ્ટ્રીયસ્તરે તે પોતાના અનુભવથી દેશ અને સમાજને પ્રતિનિધિત્વ અને વહીવટી અનુભવનો લાભ આપી શકે છે. સ્થાનિક સ્વશાસનસંસ્થાઓ લોકતંત્રની ભૂમિકા ઊંડી તથા મજબૂત કરે છે.

## 3. શાસનકાર્યમાં કુશળતા

આનાથી ગામડાંઓના સ્થાનિક શાસનની કાર્યદક્ષતા વધે છે. સ્થાનિક સમસ્યાઓ અને આવશ્યકતાઓને સ્થાનિક નાગરિકો જ સૌથી વધારે સારી રીતે સમજી શકે છે. તેઓ જ એ જાણી શકે છે કે સ્થાનિક સમસ્યાઓને યોગ્ય રૂપમાં કેવી રીતે નિવારી શકાય છે. સ્થાનિક શાસન સંસ્થાઓમાં નાગરિકો અરૂચિના કારણે શાસકીય કાર્ય દક્ષતાપૂર્વક કરી શકાય.

## 4. કેન્દ્રિય તથા રાજ્ય શાસનના કાર્યભારમાં કમી

સ્થાનિક શાસનની સંસ્થાઓ ઉપર સ્થાનિક ક્ષેત્રે શાસનમાં ભાર વધુ હોવાને કારણે કેન્દ્ર અને રાજયના શાસનભાર હળવું થઈ જાય છે. રાષ્ટ્રીય સ્તરના મહત્ત્વના કાર્યોની તથા રાજ્ય સ્તરના કાર્યોની કુશળતાથી સંપત્તિ કરવાના અવસર મળી રહે છે. ફળસ્વરૂપે સ્થાનિક શાસન કેન્દ્રિય કે રાજ્ય સરકારોને ઘણા બધા સ્થાનીય કાર્યો અને જવાબદારીમાંથી મુક્તિ અપાવે છે.

## 5. મિતવ્યવતા

ગ્રામીણ સ્થાનિક શાસનથી એકંદરે સરકારી વ્યયમાં ઘણો ફાયદો થાય છે. પહેલાં જયારે કોઈ લાભદાયક કાર્યો ફક્ત એક જ ક્ષેત્ર પૂરતા કરવામાં આવે છે જે યોગ્ય છે કે આ કાર્યોના ખર્ચ તે જ ક્ષેત્ર જ ઉઠાવે. ફળસ્વરૂપ કેન્દ્રિય સરકાર આ ખર્ચના વ્યયથી બચી જાય છે બીજું સ્થાનિક શાસન સંસ્થાઓ પોતાનો ખર્ચ ઉઠાવવા માટે જુદાં જુદાં કર લગાવે છે. સ્થાનિક ધનનો વ્યવ થાય છે. અંતે સ્થાનિક શાસન સંસ્થાઓ સભ્યોના વેતન પર અધિકાંશતઃ નથી અપાતું અને જે આપવામાં આવે છે તે ઘણું ઓછું હોય છે. આ રીતે સરકારે વ્યયમાં બચત થઈ શકે છે. જો કેન્દ્ર અથવા રાજ્ય સ્થાનિક શાસન કાર્યોનું સંપાદન કરે તો અનેક નવા વિભાગ સ્થાપિત કરવા પડશે.

**6. વિકાસ યોજનાઓની સફળતા**

ગ્રામીણ સ્થાનિક શાસન દેશના વિકાસ કાર્યક્રમોને સફળ બનાવવામાં મહત્ત્વનો સહકાર આપે છે. રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના બધા જ વિકાસના કાર્યક્રમોને સફળ થવા માટેની જરૂરિયાત એ છે કે બધા દેશવાસી તેમાં પોતાનું સ્વૈચ્છિક યોગદાન આપે સ્થાનિક શાસનના ફળસ્વરૂપે દેશના નાગરિક પોત પોતાના સામર્થ્ય અનુસાર વિકાસ કાર્યોમાં ઈચ્છાપૂર્વક જોડાઇ શકે છે. પરંતુ આ ત્યારે જ શક્ય બનશે જયારે સ્થાનિક શાસન સંસ્થાઓ બિનજરૂરી નિયંત્રણથી મુક્ત થાય અને નાગરિકોમાં રાજનૈતિકતા તથા નાગરિક તરીકેની જવાબદારી પ્રત્યે કરવાની દૃષ્ટિએ સક્ષમ થાય.

**7. ભ્રષ્ટાચારની ઓછી સંભાવના**

ગ્રામીણ સ્થાનિક શાસન વ્યવસ્થામાં ભ્રષ્ટાચારની સંભાવના ઓછી હોય છે. સ્થાનિક સંસ્થાઓના લોકો ભ્રષ્ટ આચરણથી મોટા ભાગે અચકાતા હોય છે કેમ કે પ્રથમ તો તેમનું કાર્ય નાના સ્તરે હોય છે અને બીજું સ્થાનિક અધિકારે અધિકાંશ કાર્ય આપવાની ભાવનાથી કરે છે. સ્થાનિક શાસનમાં જનતાનું ક્ષેત્ર સીમિત હોય છે. એટલે કે લોક નિયંત્રણની નિકટતાને કારણે પણ અધિકારી ભ્રષ્ટાચારથી દૂર રહે છે.

## 15.3 ભારતમાં પંચાયતીરાજના દોષો

પંચાયતીરાજ સમક્ષની સમસ્યાઓનો વિચાર કરીએ તો તેમાં લગભગ ચાર બાબતો સાંકળી લેવામાં આવી છે. જેમાં (1) ઉદ્દેશો કે નીતિને લગતી (2) માળખાં કે તંત્રને લગતી(3) નાણાંકીય અને (4) પંચાયતીરાજના સંચાલનના પ્રશ્નોને લગતી સમસ્યાઓ જોવા મળી છે.

**1. ઉદ્દેશો કે નીતિને લગતા પ્રશ્નો**

પંચાયતીરાજમાં વિકેન્દ્રીકરણ કાગળ ઉપર રહ્યું છે. માલિક કે રાજયોએ નીચલા સ્તરોને પૂરતા પ્રમાણમાં સત્તા કે નાણાં આપ્યા નથી અથવા તો વિકેન્દ્રીકરણની ભાવનાથી વિરૂદ્ધ કરવામાં આવ્યું છે. પંચાયતીરાજના વ્યયની દૃષ્ટિએ જોઇએ તો પણ નાના-મોટાં 31 રાજયોમાંથી હજુ સુધી 8 રાજયોમાં પંચાયતીરાજ દાખલ કર્યું નથી. 2 રાજયો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં પંચાયતીરાજ તો દાખલ જ થયું નથી. કર્ણાટક અને આંધ્રમાં કેટલાંક વખતથી જિલ્લા પંચાયતો સસ્પેન્ડ થઇ હતી. હરિયાણાએ પણ જિલ્લા પંચાયતોને રદ કરી હતી. તેથી પ્રધાનો, ધારાસભ્યો તથા ઉચ્ચ અમલદારો પોતાની સત્તા અને પ્રભાવ છીનવાઇ જશે તે બીકે નીચલા સ્તરે સત્તા અધિકારને જવા દેવા રાજી નથી. ગુજરાતની વાત કરીએ તો રિખવદાસ શાહ સમિતિએ પણ પોતાની હૈયા વરાળ બહાર કાઢી છે. જેવી કે પંચાયતોને જે કામ સોંપવામાં આવ્યા છે તેમાં સરકારના કેટલાંક ખાતાઓએ ધિરાજ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે પરિણામે કાર્યોમાં થતા વિલંબ માટે પંચાયતીરાજને દોષ વહોરવા પડે છે. તેમ સરકારના કેટલાક ખાતા હજી પણ વિકેન્દ્રીકરણની ભાવનાનો સ્વીકાર કરતાં નથી. પંચાયતીરાજ જાણે તેમની પેટા કચેરીઓ હોય તેવો વર્તાવ તેમની સાથે કરે છે. દા.ત. ગુજરાત સરકારે સિંચાઇનું કામ જિલ્લા પંચાયતોને સોંપ્યા પછી 1972 થી 1978 દરિમયાન પંદર વખત જિલ્લા પંચાયતોને પૂછયા વિના પાણી આપવાનો હુકમ કર્યો હતો. આગળ જોઇએ તો પંચાયતીરાજની સ્વાત્ત્તાને લગતી છે. દેશમાં વિકાસની કેટલીક યોજના, નાના અને સીમાંત ખેડૂતોની યોજના વગેરે શરૂ કરવામાં તો આવી પણ કાર્યક્ષમતાને નામે તેને પંચાયતીરાજમાં અધિકાર તંત્રમાંથી બાકાત રાખવામાં આવી.

પંચાયતીરાજનો બીજો એક ઉદ્દેશ પ્રજાની સહભાગીદારી ઊભી કરવાનો હતો પણ આ ઉદ્દેશ સધાયો નથી. કમનસીબે પંચાયતીરાજની કાર્યવાહી રાજકારણની દાસી બનાવી દેવામાં

આવી છે. જેને સત્તામાં ભાગીદારી તરીકે ખપાવવામાં આવી છે તેમા પ્રજાનો ખરેખર અવાજ કેટલો? જે નિર્ણયો લેવામાં આવે છે તેમાં નીચલા વર્ગનો હરિજનોનો કે સ્ત્રી વર્ગનો હિસ્સો કેટલો ? એક પ્રકારની હિતસભાનતા આવી છે તેથી આગળ તેમને સ્થાન બદલવાનો લાભ તેમને મળ્યો છે. પરંતુ જયાં સુધી સત્તામાં પ્રજાની તમામ વર્ગોની ઉચિત ભાગીદારી નહીં નોંધાય ત્યાં સુધી પંચાયતીરાજ પંગુ અવસ્થામાં જ રહેશે.

પંચાયતીરાજના ઉદ્દેશો કે નીતિને લગતા પ્રશ્નોમાંથી મહત્ત્વનો પ્રશ્ન રાજકારણનો છે. જયારે પંચાયતીરાજનો આદર્શ રજૂ કરવામાં આવ્યો ત્યારે એવો ખ્યાલ હતો કે પંચાયતીરાજમાં રાજકારણને ભેળવવું નહિ બીજી રીતે કહીએ તો પંચાયતીરાજના કાર્યક્ષેત્રમાંથી એને બહાર રાખવું. પણ આ બન્યું નહિ ઉલટાનું રાજકારણે પંચાયતીરાજ ઉપર બરાબર પકડ જમાવી છે. રાજકારણને પંચાયતીરાજ થી દૂર રાખવું જોઇએ તેવું માનનારાઓમાં મુખ્ય શ્રી જયપ્રકાશ નારાયણ છે. શ્રી નામ્બુધિપાદ અગ્રસ્થાને છે. નામ્બુદ્ધિપાદના કહેવા પ્રમાણે પંચાયતીરાજની સંસ્થાઓ ઉપલા વર્ગને શોષણખોરીનું સાધન બન્યું છે. જો નીચલા વર્ગનું સંગઠન સાધવામાં નહીં આવે તો પંચાયતીરાજ તેમનું કંઇ જ ભલું કરી શકવાની નથી. આ સંગઠનનું કામ ફકત રાજકીય પક્ષો કરી શકે તેમ છે અને તેથી જ રાજકારણને પંચાયતોમાં પ્રવેશ્યા વિના છૂટકારો નથી. આ બંને અંતિમ છેડાના મંતવ્યની વચ્ચેનો જિલ્લા પંચાયતોમાંથી રાજકારણ કે રાજકીય પક્ષોને દૂર કરવા મુશ્કેલ છે. કારણ કે રાજ્ય અને દેશના રાજકારણ માટે તેઓ જરૂરી પાયો પૂરો પાડે છે. પરંતુ ગ્રામ પંચાયતોમાં રાજકારણ લાવ્યા સિવાય કામ થઇ શકે તેમ નથી. આ માટે જરૂરી હોય તો રાજકારણ પક્ષોના પ્રવેશ ઉપર વિધિસર પ્રતિબંધ મૂકવો જોઇએ. જેથી તેમને રાજકીય પક્ષોનું પ્રતીક ફાળવવું જોઇએ નહિ તથા તેમના વર્તનના નિયમો નક્કી કરવાં જોઇએ.

**2. માળખાગત કે તંત્રને લગતી સમસ્યાઓ**

બળવંતરાય મહેતાના રિપોર્ટ પ્રમાણે દેશમાં પંચાયતરાજ અમલમાં આવ્યું અને રાજસ્થાનથી તેની સ્થાપનાની શરૂઆત કરવામાં આવી. આ રિપોર્ટ પ્રમાણે પંચાયતીરાજની સ્થાપના કરતી વખતે રાજ્યો પોતપોતાની પરિસ્થિતિ ધ્યાનમાં રાખી તેમાં ઘટતા ફેરફારો કરી શકે છે. જેને પરિણામે આજે દેશમાં પંચાયતીરાજના માળખામાં ભારે વિસંગતતા આવી. સમગ્ર દેશ કે રાજ્યના તમામ જિલ્લા એક જ પ્રકારનું માળખું સ્વીકારે તે તમામ વિવિધતા અને પડકારવા અન અમાન્ય કરવા જેવું થાય છે રાજ્યો ભૌગોલિક ઐતિહાસિક, વંશીય, આર્થિક સ્થિતિઓ મુજબ પંચાયતિરાજનો ઢાંચો સ્વીકારે વિકસાવે એમાં કંઈ જ ખોટું નથી. તેમ નહિ થાય તો મૂળ ઉદ્દેશને નુકસાન થશે.

**3. નાણાકીય અથવા સાધન સંપત્તિના પ્રશ્નો**

કલ્યાણ રાજ્યનો આદર્શ સ્વીકારવાને કારણે સરકારનું કાર્ય હવે ફક્ત કાયદો અને વ્યવસ્થા પૂરતું મર્યાદિત રહ્યું નથી. બલ્કે વિકાસ કાર્યનો ઢગ પડકાયો છે. દેખીતી રીતે જે આ કાર્યોનો વિશાળ બોજા પંચાયતીરાજને ભાગ. આવ્યો છે. પણ કાર્યોની ફાળવણીના પ્રમાણમાં નાણાકીય ફાળવણી કરવામાં આવી નથી. પરિણામે આજે પંચાયતીરાજના ત્રણ સ્તરોમાં નાણાના અભાવે પ્રવૃત્તિઓ સ્થગિત થઇ ગઇ છે. જો કે નાતા માટેનો પ્રશ્ન ઘણો જૂનો છે. કેટલીક બાબતોથી જોઇએ તો સરકારે આ પ્રશ્નોના અભ્યાસ માટે 1949માં લોકલ ફાઈનાન્સ ઈન્કવાયરી કમિટી, 1953માં ટેકમેશન ઈન્કવાયરી કમિટી, 1966માં, રૂલ અર્બન રિલેશનશીપ કમિટીઓની રચના કરી હતી. પંચાયતીરાજના સંદર્ભમાં સંથનમ સમિતિ, રામક્રિષ્નૈયા સમિતિ તથા ખન્ના

સમિતિના અહેવાલો પણ સરકાર અભરાઈએ પાસે પડયાં છે. આ બધા અહેવાલોમાં પંચાયતો તથા સ્થાનિક સરકારોને પૂરતાં પ્રમાણમાં નાણાકીય સહાય કરવાની ભલામણો કરવામાં આવી છે. આમ છતાં સરકારે આ બધા અહેવાલોની અવગણના કરે છે. એટલું જ નહી વીજળી, મોટર વ્હીકલ, સરકારી મિલકતો વગેરે ઉપર કર નાખવાની સત્તા લઇ લીધી છે. પરંતુ તેમના માટેની સંવાઓ પંચાયતો પાસેથી હજી લેવામાં આવે છે.

**4. સંચાલનના પ્રશ્નો**

પંચાયતીરાજના વહીવટમાં સંચાલનના પ્રશ્નો ઉભા થાય છે. જે પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચેના સંબંધોના, કર્મચારીઓની વફાદારી અને શિસ્તના તથા સંકલનના દેખીતી રીતે જોઇએ તો વહીવટીતંત્રમાં કામ કરનારા તમામ પ્રકારના લોકો વચ્ચે સારા સંબંધો હોય તો તંત્રની કાર્યક્ષમતા ખૂબ વધે છે. પ્રજાના ચૂંટાયેલાં પ્રતિનિધિઓ વહીવટી કર્મચારીઓ પાસેથી કેવું કામ લે છે તેના ઉપર કાર્યક્ષમતાનો આધાર રહેલો છે. નાયક કમિટીએ સ્પષ્ટ નોંધ્યું છે કે પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે જેટલી વધારે સમજૂતી અને આદરભાવ તેટલે અંશે વિકેન્દ્રીકરણના પ્રયોગની સફળતા રહેલી છે. વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે વહીવટીતંત્ર ઉપર રાજકીય દબાણ લાવે છે અને આ દબાણ વહીવટીતંત્રના નીચલા સ્તરે સ્પષ્ટ વર્તાય છે. આ બતાવે છે કે પંચાયતીરાજના ત્રણે સ્તરોને સતત રાજકીય દબાણો હેઠળ કામ કરવું પડે છે અને તેથી જ સંચાલનના પ્રશ્નો વધારે જોવા મળે છે. પંચાયતીરાજને કાર્યદક્ષ અધિકારીઓ મળતા નથી. મોટાભાગે કર્મચારીઓ રાજ્ય સેવામાંથી આવતા હોય છે. આવા કર્મચારીઓને સરકારમાં મળતા કેટલાંક લાભો કે પ્રમોશન પંચાયતી રાજમાં સહેલાઈથી મળતા નથી. પરિણામે પંચાયતીરાજ પ્રત્યેની તેમની નિષ્ઠા ઝંખવાય છે આના પરિણામે પંચાયતો એવી ફરિયાદ કરે છે કે સરકારમાંથી આવેલા કર્મચારીઓ પર તેમનો કોઇ કાબૂ રહેતો નથી. તેઓ શિસ્તભંગના કિસ્સાઓમાં કોઇ કડક પગલાં ભરી શકતી નથી. ઉલટું એક પ્રકારની બિમારી અનુભવે છે. આ બધાના પરિણામે પંચાયતના વહીવટીતંત્રની કાર્યક્ષમતા જોખમાય છે. આ પ્રશ્નના ઉકેલરૂપે મોટાભાગના અભ્યાસીઓએ પંચાયતીરાજ માટે અલગ સેવા આયોગ સ્થાપવાનું સૂચવ્યું છે.

પંચાયતીરાજના વહીવટી પ્રશ્નોમાં વહીવટીતંત્રમાં સંકલનનો છે. ખાસ કરીને સંકલનના પ્રશ્નમાં વાસ્તવમાં બેવડા અંકુશનો પ્રશ્ન સંડોવાયેલો છે. તેમાં જોઇએ તો ઉત્તરપ્રદેશમાં બનેલો ડેવલપમેન્ટ કમિશ્નરે ત્યાં એવો હુકમ કર્યો કે તાલુકા અધિકારીઓએ કર વસૂલાતના કાર્યમાં લાગી જવું જયારે બીડીઓ, ટી.ડી.ઓ. એ હુકમ કર્યો કે ફેમિલી પ્લાનિંગનું કામ હાથ ઉપર લેવું ટૂંકમાં આવા પરસ્પર વિરોધી હુકમોના પ્રસંગો જે ને આપણે બેવડા અંકુશનો પ્રશ્ન કરીએ તો લગભગ બધા રાજ્યોમાં બનતા હોય છે પણ પંચાયતીરાજમાં આ પ્રશ્ને ગંભીર મુશ્કેલીઓ ઊભી કરી છે. એનુ મુખ્ય કારણ એ છે કે કેટલાંક રાજ્ય સરકારોના ખાતાંઓ હજુ સુધી પંચાયતોને વહીવટનો સંપૂર્ણ કાળ સોંપ્યો નથી. ટૂંકમાં આ સંકલનનો પ્રશ્ન છે.

## 15.4 પંચાયતીરાજ અને રાજકીય પક્ષો

પંચાયતીરાજના અલમથી એક નવી રાજકીય પ્રક્રિયા શરૂ થઇ છે. તેના પ્રવેશથી છેક ગ્રામ્ય સ્તરે સત્તા અને હોદ્દાની હરીફાઇ દાખલ થઇ છે અને આ પ્રકારની હરીફાઇ થતી હોય ત્યાં રાજકારણ પ્રવેશ્યા વિના રહેતું નથી. પંચાયતીરાજના આવવાથી નાના-મોટા તમામ સ્તરે રાજકીય નિર્ણય પ્રક્રિયામાં વેગ આવ્યો છે અને એક પ્રકારની રાજકીય પ્રક્રિયા બની રહે છે. આપણે રાજકીય ક્ષેત્રે લોકશાહી માળખું સ્વીકારેલ હોઇ તેમાં રાજકીય પક્ષો, દાળજૂથો અને હિતજૂથોને મોકળું મેદાન મળે વિવિધ હિત ધરાવતાં જૂથો કે પક્ષો જયારે નિર્ણય લેવા બેસે ત્યારે

અવારનવાર તેમનાં હિતો ટકરાવાનાં ટૂંકમાં પંચાયતીરાજ અને રાજકારણ વચ્ચ એક સીધો નાતો બંધાઇ ચૂકયો છે.

પંચાયતીરાજ અને રાજકારણ જાણે એકબીજાના વિરોધી ખ્યાલો હોય તે રીતે જોવમાં આવે છે. એમ કહેવામાં આવે છે. રાજકારણ કુસંપ અને ઘર્ષણના બીજ વાવે છે. જયારે પંચાયતીરાજ એકતા અને સર્વસંમતિ સાધે છે. આથી પંચાયતીરાજના કાર્યક્ષેત્રમાં રાજકીય પક્ષો પ્રવેશે તેને અનિચ્છનીય ગણવામાં આવે છે જય પ્રકાશ નારાયણ સંસદીય પદ્ધતિની સરકાર અને પક્ષવિહીન લોકશાહી પધ્ધતિની સરકાર વચ્ચ ભેદ પાડે છે. તેમની દષ્ટિએ સંસદીય પધ્ધતિ માટે રાજકીય પક્ષો અનિવાર્ય છે. રાજકીયપક્ષો અંદરો અંદરની હરીફાઈને કારણે સામુદાયિક ભાવના અને એકતાને નુકસાન પહોંચાડે છે જયા પ્રકાશની દષ્ટિએ ચંપાયતીરાજ એ કલ્પેલી પક્ષવિહીન લોકશાહી પ્રથાની સોથી વધુ નજીક છે. તેઓ માને છે કે દેશમાં લગભગ 70% પ્રજા ગામડામાં રહેતી હોય ત્યાં પક્ષીય રાજકારણ લાવવાથી તેઓ બિનજરૂરી રાજકીય કાવાદાવાના ભોગ બને છે અને રાજકીય પક્ષો મતભેદોને મોટું સ્વરૂપ આપતો હોય છે. જયારે પંચાયતીરાજ મતભેદોને ગૌણ માને છે. એકલીનીતિ સરકારની ભાવ—ખૂબ આદર્શશાહી અવાસ્તવિક ચિત્ર છે. ગામડું ગોકુળ નથી ત્યાં સામાજિક ન્યાયના ખૂબ પ્રશ્નો છે. એટલે રાજકારણને ઉપલબ્ધ સાધન તરીકે જોવાની જરૂર છે. એવું અભ્યાસો કહે છે. સમરસ પંચાયત શોષણ અભ્યાસ સામેનું સાધન છે એવું ફલિત થયું છે.

**રાજકીય પક્ષોનું વલણ :**

પંચાયતીરાજ પ્રત્યે રાજકીયપક્ષોનું વલણ પંચાયતીરાજ દાખલ કર્યા પછીની પ્રથમ ચૂંટણી 1962ની ગણાવી શકાય. દેશમાં કોંગ્રેસ પક્ષ સૌથી મોટો છે અને તેણે ૧૯૬૨માં વિધિસરનો ઠરાવ પસાર કરી પોતાના સભ્યોને પક્ષની ટિકિટ ઉપર ઊભા રહી પંચાયતની ચૂંટણી લેવાની મનાળ્ ફરમાવી હતી. 1969ના ઢંઢેરામાં તેણે પંચાયતીરાજ વિશે આશાનો સૂર કાઢતાં જણાવ્યું હતું કે પંચાયતીરાજ ગ્રામ્ય પ્રજા માટે નવી અને વિશાળ તકો લાવ્યું છે અને પ્રજા આ નવી જવાબદારીઓ અદા કરવા તૈયાર હશે.

પંચાયતીરાજ વિશે રાજકીયપક્ષોમાં જો કોઇ પક્ષ સૌથી વધુ સ્પષ્ટ હોય તો તે સામ્યવાદી પક્ષ છે. 1962ના ઢંઢેરામાં સામ્યવાદી પક્ષે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિશે ટીકા કરતાં જણાવેલું કે, આ સંસ્થાઓની ચૂંટણીમાં સ્થાનિક હિતોના પ્રતિનિધિઓને હોદ્દાઓ કલેમ કરતાં હોય છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસે સ્થાનિક આયોજન અને વિકાસના કાર્યો જેવી બાબતોમાં પણ કોઇ સત્તા આપવામાં આવી નથી. પછી ભલે આપણે તેને લોકશાહી વિકેન્દ્રીકરણ જેવા રૂપાળા નામથી નવાજીએ, સામ્યવાદી પક્ષે આરોપ મૂક્યો હતો કે જમીનદારો અને નાણાંનું ધિરાણ કરનારાઓ સાથે અમલદારોએ હાથ મિલાવી પંચાયતો કબ્જે કરી હતી. અને તેથી લોકશાહી વિકેન્દ્રીકરણની માંગણી કરી હતી. અખિલ ભારતીયપક્ષ તરીકે સમાજવાદી પક્ષોનો ચૂંટણી ઢંઢેરામાં પ્રજા સમાજવાદી પક્ષે શ્રી બળવંતરાય મહેતાની ભલામણો અનુસાર લોકશાહી વિકેન્દ્રીકરણનો પ્રયોગ સમગ્ર દેશમાં સફળ બનાવવાનો પોતાનો સંકલ્પ જાહેર કર્યો હતો. આ માટે સામાજિક માળખામાં ધરખમ ફેરફારો કરવાની હિમાયત તેણે કરી હતી. 1977માં સ્થપાયેલ તથા પક્ષે પંચાયતીરાજ અંગે મધ્યમ માર્ગ અપનાવ્યો હતો. છતાં તેમાં જૂની કોંગ્રેસની છાપ દેખાયા વિના રહેતી નથી. તેણે લોકશાહી વિકેન્દ્રીકરણમાં પોતાની શ્રદ્ધા વ્યકત કરી હતી.

**પરિવર્તનના માધ્યમ તરીકે :**

પંચાયતીરાજનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય જીવનમાં આયોજીત વિકાસ સાધવાનો છે. આ

માટે પ્રજામાં પરિવર્તનનું માનસ ઉપજાવવું પડશે. અત્યારના આપણા સામાજિક અને આર્થિક માળખામાં મોટા ક્રાંતિકારી ફેરફાર કરવા પડશે. રાજકીય પક્ષોને પંચાયતીરાજના ક્ષેત્રે પ્રવેશવાની છૂટ આપવામાં આવશે તો તેઓ સામાજિક આર્થિક પરિવર્તનના એક સબળ માધ્યમ તરીકે કામમાં આવશે. શ્રી નામ્બુદ્રીપાદ આ વતની પુષ્ટિ કરતાં કહે છે કે ગામડામાં સ્થાપિત હિતો અને ગરીબ અને પછાત વર્ગોને સંગઠિત કરવા હશે તો તે કામ ફક્ત રાજકીય પક્ષો જ કરી શકશે.

**લોકશાહીનો આધારસ્તંભ :**

રાજકીય પક્ષો જુદાં-જુદાં લોકોને એકી સાથે સાંકળનારા કડીરૂપ સાબિત થયા છે. લોકશાહીનો ખરો આધાર રાજકીય પક્ષો છે તેમના વિના લોકશાહી સંભવી શકે નહિ. સમાજમાં પેદા થતાં આર્થિક, સામાજિક તથા અન્ય પ્રશ્નો પરતવે જુદાં જુદાં અભિગમો સંભવી શકે છે. ગામડાંઓમાં પ્રવર્તતા જ્ઞાતિવારદ, જૂથવાદ તથા સ્થાનિક ઈર્ષાવાદને ડમવા માટે રાજકીય પક્ષો અસરકારક હથિયાર છે. રાજકીય પક્ષોને કારણે પંચાયતમાં પૂંટણીઓ સંકુચિત મુદ્દાઓ ઉપર લડવાને બદલે રાજકીય વિચારસરણી ઉપર લડાશે. રાજકીય પક્ષો પ્રજાને સંગઠિત કરે છે તેથી જાહેર જીવનમાં તેમની સહભાગીદારી વધે છે. જો સ્થાનિક સ્તરે રાજકીય પક્ષો સક્રિય બનશે તો પ્રખર નેતાગીરીનો વિકાસ થશે.

પંચાયતીરાજના ક્ષેત્રે રાજકીય પક્ષો અને રાજકીય આગેવાનોએ જરૂર પ્રવેશ કર્યો છે. જો કે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઝાઝો પ્રભાવ જોવા મળતો નથી. તેનું કારણ એ નથી કે તેમને રસ નથી. પરંતુ ગ્રામ પંચાયતનું ક્ષેત્ર રાજકીય પક્ષો માટે એટલું નાનું પડે છે કે તેવો પ્રવેશી શકતા નથી. બીજી ગ્રામપંચાયતોની ચૂંટણીમાં સ્થાનિક મુદ્દાઓ એટલા બધા હોય છે કે જેથી રાજકીય પક્ષની વિચારસરણીની વાત તેમાં ચાલતી નથી. આમ છતાં બંગાળ અને કેરાલામાં રાજકીય પક્ષોનો પ્રભાવ નીચલા સ્તરે દેખાય છે. કારણ કે ત્યાં રાજકીય પક્ષોએ ખાસ કરીને સામ્યવાદી પક્ષોએ ગામડાંમાં પોતાનું સંગઠન જમાવ્યું છે. આ બંને રાજ્યોનાં ગામોમાં ગરીબાઈ, વસ્તી, શિક્ષણનું પ્રમાણ ઊંચું હોવાથી રાજકીય ધ્રુવીકરણ શક્ય બન્યું છે. પંચાયતીરાજના ઉપલા સ્તરો તાલુકા અને જિલ્લાની વાત કરીએ તો મોટાભાગના રાજ્યોમાં આ બંને સ્તરે રાજકારણે પ્રવેશ કર્યો છે. તાલુકા સમિતિના તથા જિલ્લા પરિષદના પ્રમુખની રાજકીય વફાદારી સ્પષ્ટ જળવાઈ રહે છે. કદાચ રાજકીય પક્ષો માટે તાલુકો અને જિલ્લો વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ કાર્યક્ષમ એકમો સાબિત થયાં છે.

## 15.5 પંચાયતીરાજ અને જ્ઞાતિ રાજકારણ

પંચાયતીરાજની સંસ્થાઓ થકી પછાત, અપેક્ષિત અને નબળા એવા બહુજન સમાજમાંથી નવી નેતાગીરી ઊભી થશે. એવી જે અપેક્ષા રાખવામાં આવી હતી તે પણ પરિપૂર્ણ થઈ નથી. સ્વશાસન અને વિકાસની વધતી જતી ભૂખને સંતોષે, તેમને સંસ્થીકૃત કરી અને અસરકારક પ્રતિબળ ઊભા કરે એવી પ્રતિભાશાળી ગ્રામીણ ઊભી કરવામાં આ સંસ્થાઓ એકંદરે નિષ્ફળ ગઈ છે.

પંચાયતીરાજની સંસ્થાઓમાં જ્ઞાતિવિકાસની સમસ્યાઓરૂપે તેમાં જોઈએ તો :-

- તેઓમાં બંધારણીય જોગવાઈઓ અને સરકારશ્રીની યોજનાઓની જાણકારીનો અભાવ.
- સરકારીતંત્રમાં આવી જ્ઞાતિઓના પૂરતા પ્રતિનિધિત્વનો અભાવ.

વધુ વિકસિત લોકો સંગઠિત અને જાગૃત હોઈને મોટાભાગના લાભો મેળવી લેતાં હોવાથી.

વહીવટમાં ચાવીરૂપ સ્થાનો ઉપર અનામતના આધારથી અધિકારીઓની જાતિવાદ એ ભેદભાવ ભરેલી છે. સંકુચિત નીતિ અને વ્યવહારને પરિણામે

- જાતિગત અહમ્ અને બીજી નાની જ્ઞાતિઓ પ્રત્યેની ઈર્ષા

પંચાયતીરાજની સંસ્થાઓમાં વણકર અને રોહિત સિવાયની, નીચેની ગણાતી જ્ઞાતિઓને સભ્યપદ કે પદાધિકારથી ઈરાદાપૂર્વક વંચિત રાખવામાં આવતાં હોવાથી.

- ગુજરાતમાં અનુસૂચિત જાતિ સામાન્ય રીતે વહેંચાયેલ છે. વણકર અને રોહિત સિવાયની રીતિઓ જેવી કે સેનમા, ભંગી, તુરી, ગરો, બ્રાહ્મણની સંખ્યા ઓછી છે. બીજી તરફ આ નીચલી ગણાતી જ્ઞાતિ આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત છે તેથી રાજકારણમાં તેમનો પ્રભાવ પડતો નથી. આ કારણથી યોગ્ય પ્રતિનિધિત્વનો અભાવ જણાય છે.

ગામના લોકો પોતાના મતનો ઉપયોગ સમજયા વગર ઘણી વખત કરતાં હોય છે. મતદાન કરતી વખતે સંસદ કે રાજય વિધાનસભાની ચૂંટણી વેપારને બને છે તેમ પંચાયતોની ચૂંટણીઓમાં પણ જ્ઞાતિ, ધર્મ, કોમ વગેરે પાસાંને ધ્યાનમાં લઈને મત આપે છે. આ બાબતમાં સ્વાર્થી લોકો કે અમુક ચોક્કસ જ્ઞાતિ કે સમૂહનું દબાણ પણ સારો એવો ભાગ ભજવે છે. આથી ઘણી વખત પ્રશ્ન થાય છે કે આઝાદી મળ્યાના લગભગ 70 વર્ષ થવાં છતાં ગ્રામીણ લોકો લોકશાહીના મૂલ્યને બરોબર સમજી શક્યાં નથી અને તેનું અર્થઘટન પણ કરી શકયાં નથી.

## 15.6 સારાંશ

ભારતમાં પંચાયતીરાજ દાખલ થવાથી તેની આવશ્યકતા સારી છે. તેનો વિકાસ સારો એવો થયો છે. કયાંક કેટલીક ક્ષતિઓ રહેલી છે. તેમ પંચાયતીરાજમાં રાજકીય પક્ષોના આવવાથી કેટલીક બાબતોથી નુકસાન પણ થયું છે તેમ જોઈએ તો જ્ઞાતિ રાજકારણ વધ્યું છે અને મતભેદો પણ વધ્યાં છે. તેમ છતાં કેટલાંક અંશે સફળતા પણ મળી છે.

## 15.7 ચાવીરૂપ શબ્દો

- **મિતવ્યયતા :** ગ્રામીણ સ્થાનિક શાસનમાં કેન્દ્ર સરકાર દ્વારા જે કર લગાવે છે તે, સ્થાનિક લોકો સહન કરી શકતાં નથી. માટે ધનનો વ્યય થાય છે. પરિણામે શાસન સંસ્થાઓના ખર્ચમાં મિતવ્યયતા આવે છે.

## 15.8 સંદર્ભસૂચિ

1. शर्मा के. के. **:** भारत में पंचायतीराज, कोलेज बुक डिपो, दिल्ली, २००प.
2. શાહ બી.સી. : ભારતમાં પંચાયતીરાજ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. 2015.
3. રાઠોડ બી.સી. : પંચાયતીરાજ પરિચય, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, 2012.
4. પંડયા જે. એન. : ગ્રામકક્ષા પંચાયત માળખું : પંચાયતીરાજ પેટા પ્રાદેશિક કાર્યશિબિર.

## 15.9 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

1. ભારતમાં પંચાયતીરાજના ગુણ-દોષો સમજાવો.

2. પંચાયતીરાજ અને જ્ઞાતિરાજકારણ વિશે સમજાવો.

3. પંચાયતીરાજ અને રાજકીય પક્ષો વિશે સમજાવો.

**(બ) ખરાં કે ખોટાં જણાવો.**

1. ભારત દેશ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે.
2. સ્થાનિક શાસન વ્યવસ્થા લોકતંત્રની પ્રથમ પાઠશાળા છે.
3. સ્થાનિક શાસન સંસ્થાઓ ઉપર શાસનનો ભાર વધુ હોવાથી કેન્દ્રનો ભાર હલકો જોવા મળે છે.
4. ગ્રામીણ સ્થાનિક શાસન વ્યવસ્થામાં ભ્રષ્ટાચારની સંભાવના વધુ હોય છે.
5. પંચાયતીરાજનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય આયોજીત વિકાસ સાધવાનો છે.

## 15.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. ખરું 2. ખરું 3. ખરું 4. ખોટું 5. ખરું

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4


બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 204 / PSCS 204**

**PSCMJ 202 / PSCMN 501**

ભારતમાં પંચાયતી રાજ

(મુખ્ય તથા ગૌણ)



# પંચાયતી રાજને સફળ બનાવવાના સૂચનો અને ભાવિ 5

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ર્ડા. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**

**સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

| | |
|---|---|
| **સંપાદક :** | |
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **વિષય સમિતિ** | |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ.પટેલ** | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |
| **ડૉ. મુકેશ ખટીક** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષય સલાહકાર સમિતિ( PAC) :** | |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **ડૉ. ડી. ડી. ઝાલા** | નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |
| **પરામર્શક (વિષય):** | |
| **ડૉ. ગજેન્દ્ર શુક્લ** | નિવૃત પ્રિન્સીપાલ મહિલા આર્ટસ કોલેજ, નવસારી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| **લેખક :** | |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા) :** | |
| શ્રી ઘનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |



**પ્રકાશન વર્ષ :** આવૃત્તિ-2023

ISBN: 978-93-91468-94-1

978-93-91468-94-1

**પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર
**PSCM 204 / PSCS 204**
**PSCMJ 202 / PSCMN 501**
ભારતમાં પંચાયતી રાજ
(મુખ્ય તથા ગૌણ)

# વિભાગ 05

## પંચાયતી રાજને સફળ બનાવવાના સૂચનો અને ભાવિ


**એકમ : 16**

પંચાયતી રાજને સફળ બનાવવાના સૂચનો 05

**એકમ : 17**

ભારતમાં પંચાયતી રાજનું ભાવિ 15

## વિભાગ-05

## પંચાયતી રાજને સફળ બનાવવાના સૂચનો અને ભાવિ

પેપર નંબર 04 ભારતમાં પંચાયતી રાજનો વિભાગ 05કુલ બે એકમોમાં વહેંચવામાં આવ્યો છે.

**એકમ :16 પંચાયતી રાજને સફળ બનાવવાના સૂચનો** વિશેનું છે. પંચાયતી રાજને સફળ બનાવવા માટે આવશ્યક બાબતોની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. જેમ કે લોકશાહી ભાવનાનો ખરા અર્થમાં વિકાસ, પંચાયતી રાજમાં સ્વયંની ભૂમિકા અંગે સ્પષ્ટ થવું, સ્થાનિક લોકોની  સક્રિય ભાગીદારી, પંચાયતી રાજને લગતી સંચાલકીય બાબતોને લગતા સૂચનો આપવામાં આવ્યા છે. જેમાં ભરતી, તાલીમ, નાણાંકીય બાબતો, સ્ત્રી સશક્તિકરણ, લોકશાહી વિકેન્દ્રીકરણ વિશે ચર્ચા કરી છે.

**એકમ :17 ભારતમાં પંચાયતી રાજનું ભાવિ** વિશે છે. આ એકમમાં પંચાયતી રાજની ઉપસતી ભાતો દર્શાવવામાં આવી છે. તમે પંચાયતી રાજના વિવિધ મોડેલ્સનો અભ્યાસ કરશો. આંધ્રપ્રદેશનું પંચાયતી રાજનું મૉડેલ, પશ્ચિમ બંગાળનું પંચાયતી રાજનું મૉડેલ ગુજરાતનું પંચાયતી રાજનું મૉડેલ, કર્ણાટકનું પંચાયતી રાજનું મૉડેલ દર્શાવવામાં આવ્યું છે. પંચાયતી રાજનો સમગ્રલક્ષી અભ્યાસ કર્યા બાદ તેના ભાવિ વિશે પણ ચર્ચા કરવામાં આવી છે.

# એકમ-16 પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનો

રૂપેરખા

16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનો

16.2.1 લોકશાહી ભાવનાનો ખરાઅર્થમાં વિકાસ

16.2.2 પંચાયતીરાજમાં 'સ્વ' કે 'પોતાની' ભૂમિકા અગે સ્પષ્ટ થવું

16.2.3 સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી

16.2.4 ગ્રામસભાની અસરકારકતા વધારવી

16.2.5 પંચાયતીરાજમાં ભરતી

16.2.6 અનામત બાબત

16.2.7 સરપંચને દૂર કરવાની રીત

16.2.8 આદર્શ આચાર સંહિતાનું પાલન

16.2.9 અધિકારીઓ અને પદાધિકારીના સૂમેળ સંબધો

16.2.10 સમરસ પંચાયતને પ્રોત્સાહન

16.2.11 તાલીમની અસરકારતામાં વધારો કરવો

16.2.12 સંકલન, દેખરેખ અને અંકુશ

16.2.13 સ્ત્રી સશકિતકરણ ઉપર ભાર

16.2.14 નાણાંકીય બાબત

16.2.15 લોકશાહીનું ખરા અર્થમાં વિકેન્દ્રીકરણ

16.2.16 સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

16.2.17 રાજકીય પક્ષોની ભૂમિકા અને જવાબદારી

16.2.18 વિવિધ સમિતિઓની ભલામણ

16.2.19 પંચાયતીરાજને લગતા અભ્યાસક્રમો અને સેમીનારને મહત્ત્વ આપવું

16.2.20 પંચાયતીરાજમાં સંશોધનોને પ્રોત્સાહન

16.2.21સલાહકાર સમિતિઓનું ગઠન

16.3 સારાંશ

16.4 ચાવીરૂપ શબ્દો

16.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો

16.6 તમારી પ્રગતિ ચકાસો

16.7 જવાબો

## 16.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી નીચેની બાબતો સમજી શકશે.

- પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનોની સમજ પ્રાપ્ત કરશે.
- પંચાયતીરાજને સુદઢ કરવાના ઉપાયો સૂચવી શકશે.

## 16.1 પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો આપણે અગાઉનાં એકમમાં અભ્યાસ કર્યો કે પંચાયતીરાજની સંસ્થાઓને કાર્ય કરવામાં કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે. આ મુશ્કેલીઓની વિગતવાર સમજૂતિ તમે અગાઉનાં પ્રકરણમાં પ્રાપ્ત કરી છે. હવે આ એકમમાં આપણે પંચાયતીરાજને નડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે અને પંચાયતીરાજને સફળ બનાવવા માટે શું કરવુ જોઈએ? પંચાયતીરાજને સફળ બનાવવા કેવા પરિવર્તનો લાવી શકાય? સરકાર,પંચાયતીરાજની સંસ્થાઓ અને લોકોની એમાં શુ ભૂમિકા હોઈ શકે ? જેનાં કારણે પંચાયતીરાજની સસ્થાઓ વધુ સક્રિય અને જીવંત બને આ સમગ્રની ચર્ચા આપણે આ એકમમાં કરીશું.

## 16.2 પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનો

પંચાયતીરાજ લોકશાહી સરકારનો પાયો છે. લોકશાહીનાં પાયાનાં શિક્ષણની શરૂઆત ત્યાંથી જ થાય છે. લોકશાહીને જીવંત રાખી સફળ કરવી હોય તો આ પાયાની યોગ્ય માવજત યોગ્ય રીતે થાય તે ખૂબ જ આવશ્યક છે. લોકશાહીમાં લોકભાગીદારીએ પાયાની શરત છે. પંચાયતીરાજના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓને ત્યારે જ દૂર કરી શકાય જયારે આપણે આપણી નિષ્ફળતાના કારણો અને મર્યાદાઓને સારી રીતે સમજી શકીએ. આની સમજ પ્રાપ્ત કર્યા બાદ આપણે પંચાયતીરાજની સંસ્થાઓને વધુ સુદઢ કરી તેને ઉન્નત બનાવવાના પ્રયત્નો કરી શકીએ. વળી આ સૂચનો વ્યવહારું, સ્પષ્ટ અને અસરકારક હોવાં જોઈએ. જે ઉપાયો વાસ્તવમાં કારગત નીવડી શકે નહીં તે ઉપાયો અજમાવવા કરતાં, વાસ્તવમાં ઉપયોગી થાય તેવા સૂચનોનો વિચાર અને અમલ થાય તે જરૂરી છે. આ ઉપાયોની વિગતવાર સમજૂતિ નીચે મુજબ પ્રાપ્ત કરીએ.

### 16.2.1 લોકશાહી ભાવનાનો ખરાઅર્થમાં વિકાસ

પંચાયતીરાજની સંસ્થાઓ ત્યારે જ સારી રીતે કાર્ય કરી શકે જયારે લોકોમાં તેની યોગ્ય સમજ હોય. લોકશાહી માત્ર કાગળ ઉપર લોકશાહી ન રહેતા ખરા અર્થમાં લોકોએ એક જીવનરીતિ તરીકે તેનો સ્વીકાર કરવો જોઈએ. જેથી પંચાયતીરાજનાં ઉદ્દેશોને લોકો સારી રીતે સમજી શકે. સત્તાનું વિકેન્દ્રીકરણનો ખ્યાલ સમજે તે જરૂરી છે.

### 16.2.2 પંચાયતીરાજમાં 'સ્વ' કે 'પોતાની' ભૂમિકા અગે સ્પષ્ટ થવું

પંચાયતીરાજમાં એક યા બીજી રીતે સંકળાયેલ દરેક અધિકારીઓ તથા પદાધિકારીઓ અને લોકોએ પંચાયતીરાજમાં પોતાની ભૂમિકા શું છે ? તે કેવી રીતે નિભાવવાની છે ? તે અગેનો વિચાર કરી સ્પષ્ટ થવું જોઈએ. તો જ તે પોતાની સક્રિય ભૂમિકા ભજવી શકે.

### 16.2.3 સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી

સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ ત્યારે જ અસરકારક બની શકે જયારે સ્થાનિક લોકો તેમાં રસ લેતાં થાય. સઘળા વિકાસ કાર્યોને સરકારી કાર્યો માનવાની માનસિકતા પણ બદલવાની જરૂર છે. સ્થાનિક પ્રશ્નોની સમજ સ્થાનિક લોકોને સારી રીતે હોવાથી તેનો ઉકેલ પણ સ્થાનિક

કક્ષાએ લોકોનાં સહયોગ અને માધ્યમથી લાવવો જોઈએ. આ માટે લોકોની સક્રીય ભાગીદારીએ અનિવાર્ય છે. ખાસ કરીને લોકોની રાજકીય જાગૃતિ વધે તે જરૂરી છે. લોકોનું ખરા અર્થમાં રાજકીયકરણ થવું જોઈએ.

### 16.2.4 ગ્રામસભાની અસરકારકતા વધારવી

ગ્રામસભા સીધી પ્રત્યક્ષ પાયાની લોકશાહી છે. ગામના લોકો અને યુવાનોને લોકશાહી અને વિકાસનાં કાર્યો કરવાં તથા વહીવટી તાલીમ આપતી સંસ્થા ગ્રામસભા છે. આ ગ્રામસભા વધુને વધુ સક્રિય અને અસરકારક બનાવવી જોઈએ. જય પ્રકાશ નારાયણે કહ્યું હતું કે "મારે મન ગ્રામસભા જ ગામની લોકશાહી છે. ગામથી દિલ્હી સૂધીની માત્ર પ્રતિનિધિત્વવાળી જ સરકાર હોવી જોઈએ નહિ. ઓછામાં ઓછી એક જગ્યાએ સીધી લોકશાહી સરકાર હોવી જોઈએ. પંચાયત અને ગ્રામસભા વચ્ચેનો સંબંધ મંત્રીમંડળ અને વિધાનસભા જેવો હોવો જોઈએ. " જો કે ગ્રામસભા વર્ષોથી કાર્યરત છે. આમ છતાં પંચાયતીરાજની સમગ્ર કામગીરી ઉપર એકંદરે તેનો પ્રત્યક્ષ અને સીધી રીતે કહી શકાય એવો પ્રભાવ પડયો નથી. વાસ્તવમાં ગ્રામસભાએ ધારાસભા અને ગ્રામપંચાયતે કારોબારી બનવાની જરૂર છે. ગ્રામસભાની મિટીંગમાં સરપંચ, મંત્રી તથા ગ્રામ સેવકોની અસરકારક હાજરી ફરજિયાતની સાથે વ્યવહારમાં ઉપયોગી થાય તે પ્રકારે હોવી જોઈએ. ગ્રામપંચાયતે ગ્રામિણ વિકાસની દરેક બાબતમાં ગ્રામસભાનો વિશ્વાસ અને મત મેળવીને જ આગળ વધવું જોઈએ.

### 16.2.5 પંચાયતીરાજમાં ભરતી

પંચાયતીરાજને બાહોશ, દીર્ઘ દષ્ટિવાળા, સહિષ્ણુ અને આવડતવાળા અધિકારીઓ અને કર્મચારીઓની ખાસ જરૂરિયાત છે. મોટાભાગનાં રાજ્યોમાં પંચાયતીરાજનાં વહીવટીતંત્રમાં નિમાયેલાં સિનિયર અધિકારીઓ રાજ્ય સેવામાંથી લેવામાં આવે છે. આ અધિકારીઓ સ્થાનિક સંસ્થાઓમાં થોડાં વર્ષો નોકરી કરી પોતાની મૂળ જગ્યાએ પાછા જતા રહે છે. તેમની ખાલી પડેલી જગ્યાએ ફરી બીજા અમલદારો રાજ્ય સેવામાંથી લેવામાં આવે છે. આમ આ ક્રમ ચાલ્યા જ કરે છે. જેથી ચોક્કસ, નક્કર અને પરિણામલક્ષી કાર્ય થઈ શકતું નથી. પંચાયતીરાજમાં સેવા આપતાં અધિકારીઓ ઉપર પંચાયતો કરતાં રાજ્યનો કાબૂ વધુ હોય છે. જો કે કેટલાક રાજ્યોએ પંચાયતો માટે અલગ સેવા સંસ્થા ઊભી કરી છે. પંચાયતીરાજનાં કર્મચારીઓ 'પંચાયતીરાજ સેવા' માંથી લેવામાં આવે તેવા પ્રબંધનો વિચાર થવો જોઈએ.

### 16.2.6 અનામત બાબત

પંચાયતીરાજનાં સંદર્ભમાં અનામતનો વિચાર કરીએ તો આ બાબતે કોઈ યુક્તિ સંગત આધાર અને માપદંડ નક્કી કરવો જોઈએ. બંધારણીય જોગવાઈઓ અનુસાર પંચાયતીરાજમાં અનામત નક્કી કરવાની સ્વાયત્તા જે તે રાજ્યની વિવેક બુદ્ધિ પર છોડવામાં આવી છે. આ બાબતે રાજ્યોએ બુદ્ધિગમ્ય અભિગમ અપનાવવો રહ્યો.

### 16.2.7 સરપંચને દૂર કરવાની રીત

પંચાયતીરાજનાં સરપંચને પોતાના હોદ્દા પરથી દૂર કરવાની રીત ન્યાય આધારિત હોવી જોઈએ. સરપંચોને દૂર કરવાની પધ્ધતિ અલગ-અલગ રાજ્યમાં અલગ-અલગ જોવા મળે છે. સામાન્ય રીતે આ પધ્ધતિ વિવેકબદ્ધિ પર આધારિત અને ન્યાય આધારિત રાખવી જોઈએ. દરેક રાજ્યમાં આ રીત અલગ-અલગ જોવા મળે છે.

### 16.2.8 આદર્શ આચાર સંહિતાનું પાલન

ચૂંટણીએ લોકશાહીની પારાશીશી છે. પંચાયતીરાજમાં ચૂંટણીઓ દરમિયાન આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તેમજ કયાંય કોઈ નકારાત્મક વાતાવરણ ઉભું ન થાય તે આવશ્યક છે.

### 16.2.9 અધિકારીઓ અને પદાધિકારીના સૂમેળ સંબધો

પંચાયતીરાજમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધીઓ સ્થાન પામે છે. આ સાથે સિવિલ સેવામાંથી ભરતી દ્વારા આવેલાં અધિકારીઓ પણ હોય છે. અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે સહકારયુક્ત અને સુમેળભર્યા સંબંધો સ્થપાય તે જરૂરી છે. વાસ્તવમાં બન્નેની જવાબદારીઓ અને કાર્યક્ષેત્રમાં ભિન્નતા હોવા છતાં બન્ને સાથે મળીને પંચાયતીરાજનો મૂળ ઉદ્દેશ પૂર્ણ કરવામાં હકારાત્મક અભિગમ દાખવે એ જરૂરી છે. ઘર્ષણને ઘટાડીને લોકવિકાસના કાર્યો સાથે મળીને કરે તે અપેક્ષિત છે.

### 16.2.10 સમરસ પંચાયતને પ્રોત્સાહન

ગ્રામપંચાયત સર્વ સંમતિથી રચાય તેવી સમરસ ગ્રામ પંચાયત યોજનાનો લાભ વધુને વધુ લેવામાં આવે તો ગ્રામ વિકાસના કાર્યોને વધુ વેગ મળે. મહિલા સમરસ પંચાયતોને પણ આવકારવી જોઈએ. સરકાર દ્વારા મળતાં અનુદાનના લાભો લેવામાં આવે તો લાભાર્થીઓને તેનો વધુને વધુ લાભ આપી શકાય. સમરસ ગ્રામ પંચાયત યોજનાનો વધુને વધુ પ્રમાણમાં પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ.

### 16.2.11 તાલીમની અસરકારતામાં વધારો કરવો

પંચાયતીરાજની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોને તાલીમ સેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. અધિકારીઓ, પદાધિકારીઓ તથા ખાતાના વડાઓ, ગ્રામસેવકો, કારકુનો, પંચાયતનાં મંત્રીઓ વગેરે માટે તાલીમની અસરકારકતા અને ગંભીરતા વધારવી જોઈએ. પંચાયતીરાજની સંસ્થાઓની ખરા અર્થમાં સફળતાનો આધાર તેમાં કાર્ય કરતાં કર્મચારીઓ ઉપર રહેલો છે. કર્મચારીઓમાં યોગ્ય સમજ વિકસે માટે તાલીમ આપવી આવશ્યક છે. આ માટે જુદાં-જુદાં કક્ષાનાં તાલીમ કેન્દ્રો રચવા તથા જે તાલીમ કેન્દ્રો કાર્યરત છે તેને વધુ સક્રિય અને અસરકારક બનાવવા જોઈએ. આ તાલીમમાં નીચેની બાબતોને આવરી લેવી જોઈએ.

- પંચાયતી અને સમિતિઓને લગતા નિયમો તથા જોગવાઈઓ.
- પંચાયતના મંત્રી, સરપંચ, ઉપસરપંચ, સભ્યોનાં કાર્યો, ફરજો, સત્તાઓ અને જવાબદારીઓની યોગ્ય અને સ્પષ્ટ સમજ આપવી.
- કર્મચારીઓને લગતી જોગવાઈઓ
- ઑડિટને લગતી જોગવાઈઓની સમજ
- પંચાયત અધિનિયમ અન્વયે સરકારે બહાર પાડેલ જુદા-જુદા ઠરાવો, નિયમો, હુકમો, પરિપત્રો, જાહેરનામા, પત્રો, તિજોરી નિયમો વગેરેને જુદાં-જુદાં વિષયોમાં અથવા મુદ્દાઓમાં વિભાજીત કરી તાલીમ આપવી.

જુદા જુદા તાલીમ કેન્દ્રોએ આ બાબતે સક્રિયતા દાખવી તાલીમને અસરકારક બનાવવી જોઈએ. જેથી લાભાર્થીઓ ખરાઅર્થમાં તાલીમ લેતા હોય તેવું અનુભવે. આ તાલીમનો લાભ તેમની જવાબદારીઓ નિભાવતી વખતે કરી શકે.

### 16.2.12 સંકલન, દેખરેખ અને અંકુશ

પંચાયતીરાજમાં દેખરેખ અને અંકુશ માટે પરંપરાગત ત્રણ પદ્ધતિઓ છે.

1. કાયદા દ્વારા
2. અદાલતો દ્વારા
3. સરકારી ખાતા દ્વારા

વર્તમાન સમયમાં સંસ્થાકીય અંકુશ, વહીવટી અંકુશ, ટૅકનિકલ અંકુશ અને નાણાંકીય અંકુશ જોવા મળે છે. આ અંકુશને હકારાત્મક રીતે લેવા જોઈએ. ઉપલી કક્ષાએ સંકલનને અસરકારક બનાવવું જોઈએ.કોઈપણ કાર્યોના અસરકારક અમલ માટે ગામ, તાલુકા કે જિલ્લા કક્ષાએ નીચેથી ઉપર સુધી યોગ્ય સંકલન થાય તે આવશ્યક છે.

ગ્રામસભાએ ગ્રામ પંચાયત ઉપર દેખરેખ રાખવી જોઈએ. ગ્રામજનો ગ્રામ સભામાં અગત્યના પ્રશ્નો પૂછીને પંચાયતનાં તત્રને ચેતનવંતુ રાખી શકે છે. તાલુકા પંચાયતના પ્રમુખો અને ચેરમેનોને ઘણી વ્યક્તિઓ મળે છે. આવી મુલાકાતો અને પોતાનાં પ્રવાસોને હેતુપૂર્ણ બનાવવાં જોઈએ. તાલુકાના વહીવટ અને દેખરેખ માટે પ્રશ્નો પૂછતા રેહવું જોઈએ. જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને ચેરમેને જિલ્લામાં આયોજનની દર મહિને દરેક ખાતાના અધિકારી અને સમિતિઓના ચેરમેનની સાથે બેઠક કરવી જોઈએ. આ બેઠકમાં ભાવિ આયોજનો તેના અમલીકરણના મુદ્દાઓ, સંભવિત પ્રશ્નો અને આ પ્રશ્નોને દૂર કરવાનાં ઉપાયોની પણ વિસ્તૃત ચર્ચા થવી જોઈએ. ચાલુ કાર્યોની પ્રગતિ, મૂલ્યાંકન અને અવરોધોની ચર્ચા તથા સમીક્ષા થવી જોઈએ. જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓ જેમ કે કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, જાહેર બાંધકામ સમિતિ વગેરેની કાર્યવાહી સઘન રીતે થાય તથા પ્રજા કલ્યાણલક્ષી પ્રવત્તિઓમાં ખરા અર્થમાં વધારો થાય તે રીતે ચર્ચા વિચારણા, આયોજન અને અમલીકરણ થવું જોઈએ.

### 16.2.13 સ્ત્રી સશકિતકરણ ઉપર ભાર

પંચાયતીરાજમાં સ્ત્રીઓને અનામત આપવામાં આવી છે. સ્ત્રીઓ વાસ્તવમાં સશક્ત બને તે જરૂરી છે. સ્ત્રી સશક્તિકરણ માટે તેમને નેતૃત્વની યોગ્ય તાલીમ મળે તે આવશ્યક પાયાની શરત છે. આ તાલીમની વ્યવસ્થા ગ્રામ, તાલુકા, જિલ્લા કે રાજ્ય સ્તરે કરવી જોઈએ. સરળ ભાષામાં છપાયેલું હોય તેવું ઉપયોગી સામગ્રીનું વિતરણ પણ તાલીમનાં અંતે કરવું જોઈએ. જેથી તેનો પુનઃ અભ્યાસ કરી શકાય. મહિલાઓને તાલીમ આપતી વખતે સમાવેશ કરવા યોગ્ય બાબતો આ મુજબ છે.

- સમરસ પંચાયતોના ખ્યાલ વિષે સમજ આપવી
- સ્વાસ્થ્ય, સફાઈ, શિક્ષણ, જાહેર બાંધકામક્ષેત્ર, આત્મરક્ષણ, આયોજન, વહીવટી રીતભાત, ખેતીવાડી, જંગલ અને પશુ સંવર્ધન તથા ગ્રામોદ્યોગ ક્ષેત્રે, નાણાંકીય બાબતો, હિસાબી નિયમો બાબતે, કરવેરાને લગતી જોગવાઈઓ પંચાયત ભડોળ, બિલની કાર્યવાહી, માલસામાનની ખરીદી કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, પંચાયત વતી કરાર કરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો ઑડિટને લગતી બાબતોનો ખાસ સમાવેશ કરવો જોઈએ.
- ગુજરાતમાં ગાંધીનગર, બારડોલી, સમોડા, સાદરા, જૂનાગઢ વગેરે સ્થળે પ્રાદેશિક તથા પંચાયતીરાજ તાલીમ કેન્દ્રો આવેલા છે. વળી, તાલીમ આપનાર સ્ટાફની પસંદગી પણ સારી રીતે થવી જોઈએ.

### 16.2.14 નાણાંકીય બાબત

ગ્રામપંચાયતની નાણાંકીય સ્થિતિ સુધારવી જોઈએ. જેથી ગ્રામપંચાયતને સોંપાયેલા કાર્યો અને ફરજો તે અસરકારક રીતે કરી શકે. ગામનો સર્વાંગી અને સંતુલન વિકાસ કરવા માટે લોક સુખાકારીમાં વધારો કરતા કાર્યો થાય તે જરૂરી છે. પંચાયતીરાજની સંસ્થાઓમાં કાર્યોને કાર્યાન્વિત કરવા માટે જોઇતા નાણાંની સગવડનો પ્રશ્ન આજે પણ અગત્યનો છે.

સામાન્ય રીતે સ્થાનિક સંસ્થાઓને નાણાં માટે નીચેના ચાર સ્ત્રોતો પર આધાર રાખવો પડે છે.

1. **કરવેરામાંથી થતી આવક**
2. **રાજ્ય સરકારે નાંખેલા કરવેરામાંથી મળતો હિસ્સો**
3. **રાજ્ય સરકાર દ્વારા મળતું અનુદાન**
4. **બિન-કરવેરાનાં ક્ષેત્રમાંથી થતી આવક**

સ્થાનિક કરવેરાનાં સંબંધમાં તથા પંચાયતો માટે નાણાંકીય સહાય અંગે વિવિધ પંચાની ભલામણોને પણ ધ્યાનમાં રાખવી જોઇએ. આ અનુસંધાને સ્થાનિક નાણાંકીય તપાસ કમિટી 1950, કરવેરા તપાસ પંચ 1954, સંથનમ કમિટીનો અહેવાલ 1963 વગેરેની ભલામણોનો અભ્યાસ કરી વર્તમાન સમયને અનુરૂપ શકય હોય તેટલી બાબતોનો સ્વીકાર કરી અમલમાં મૂકવી જોઇએ.

આ સાથે ગ્રામીણ વિકાસનાં કાર્યોમાં પ્રજાની સહભાગીતાનાં પ્રતીક તરીકે લોક ફાળાને આવકારવો જોઇએ. જેમાં સ્થાનિક લોકો પોતાની જરૂરિયાતો પોતે જ નક્કી કરીને ફાળો ઉઘરાવે છે. પ્રાથમિક જરૂરિયાતોની સાથે, દવાખાનું વગેરે માટે યથાશકિત મુજબ ફાળો ઉઘરાવી હકારાત્મક વિકાસલક્ષી વાતાવરણ ઊભું કરી શકાય. વિકાસનાં ભગીરથ કાર્યમાં સરકાર જ બધું કરી આપે એવી એક તરફી માનસિકતામાંથી બહાર આવવું પડશે.

### 16.2.15 લોકશાહીનું ખરા અર્થમાં વિકેન્દ્રીકરણ

લોકશાહીમાં સત્તાનું વિકેન્દ્રીકરણ થાય તે જરૂરી છે. સત્તા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સરકાર વચ્ચે વહેંચાયેલી હોય તો ખરા અર્થમાં લોકકલ્યાણના કાર્યોને વેગ આપી શકાય છે. આ સાથે નાણાંનું વિકેન્દ્રીકરણ પણ જરૂરી છે.

### 16.2.16 સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

પંચાયતીરાજની સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો, અધિકારીઓ અને પદાધિકારીઓનું તેમની કામગીરીનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય તે ખૂબ જ જરૂરી છે. આ મૂલ્યાંકનનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. કોઈએ તેને વ્યક્તિગત ન લેતા આવી પ્રવૃત્તિમાં સાથ-સહકાર આપી વાસ્તવિક ચિત્ર જાણવામાં ઉપયોગી થવું જોઈએ. જેથીપંચાયતીરાજને નડતી મુશ્કેલીઓ જાણી શકાય અને તેને દૂર કરવાનાં ઉપાયો પ્રયોજી શકાય.

### 16.2.17 રાજકીય પક્ષોની ભૂમિકા અને જવાબદારી

આધુનિક સમયમાં લોકશાહીમાં રાજકીય પક્ષોની અનિવાર્યતાથી આપણે સૌ પરિચિત છીએ. પંચાયતીરાજમાં જૂથવાદ અને કોમવાદ જેવા દુષણોનો પ્રવેશ થઈ ચૂકયો છે. ઘણીવાર પંચાયતો વિકાસની બદલે સંઘર્ષનું માધ્યમ બની જાય છે. પંચાયતીરાજ આયોજિત વિકાસને વરેલું છે તેથી તેણે પક્ષીય રાજકારણથી દૂર રહેવુ જોઈએ. રાજકીય પક્ષોએ પંચાયતની ચૂંટણીમાં

ખોટી બિનજરૂરી દરમિયાનગીરીથી દૂર રેહવું જોઇએ. જ્ઞાતિ, વર્ગ, કોમવાદને ડામવો જોઇએ. આ માટે સ્થાનિક પ્રજાનું રાજકીયકરણ થાય તે જરૂરી છે.

### 16.2.18 વિવિધ સમિતિઓની ભલામણ

પંચાયતીરાજની સંસ્થાઓ સારી રીતે કાર્ય કરી શકે તે માટે વિવિધ સમિતિઓની ભલામણોને ધ્યાને રાખીને શકય તેટલો અમલ કરવો જોઈએ. દા.ત. રાજસ્થાનની વ્યાસ કમિટીએ 1962માં પંચાયતોની કામગીરી સરળ અને સફળ બનાવવા નીચેની ભલામણો કરી હતી.

- પંચાયતોની નાણાંકીય સ્થિતિ સુધારવી જોઇએ.
- પંચાયતોનાં કાર્યો અને સત્તા વધુ સ્પષ્ટતાથી લખવાં જોઇએ.
- કાર્યક્ષમ વહીવટી કર્મચારીઓની સેવા મેળવવી જોઇએ.
- નિયમો અને કામ-કાજની પધ્ધતિને સરળ બનાવવી.
- મહેસુલ અને પોલીસ ખાતા તરફથી યોગ્ય સહકાર મેળવવો.
- સરકારી અન્ય ખાતાઓએ પંચાયતો પ્રત્યે આત્મીયતા કેળવવી જોઇએ.
- ગુનેગારો પ્રત્યે કડક વલણ અખત્યાર કરવું.
- સરપંચને હિસાબી કામકાજની જવાબદારીમાંથી મુક્ત કરવા જોઇએ.
- સામાજિક શિક્ષણને વેગીલું બનાવવું.

### 16.2.19 પંચાયતીરાજને લગતા અભ્યાસક્રમો અને સેમીનારને મહત્ત્વ આપવું

પંચાયતીરાજને ખરા અર્થમાં સુદઢ કરવા તથા તેના બહોળા પ્રચાર અને પ્રસાર માટે તેને લગતા વિવિધ સર્ટિફિકેટ, ડિગ્રી અભ્યાસક્રમોને સતત પ્રાત્સાહન આપવું જોઇએ. સરકારશ્રી તરફથી પણ આ બાબતે યોગ્ય માર્ગદર્શન લઇ વિવિધ કક્ષાના પ્રાદેશિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સેમીનારોનું આયોજન થવું જોઇએ. શૈક્ષણિક સંસ્થાઓએ આવા સેમિનારમાં અગત્યની ભૂમિકા ભજવવી જોઇએ.

### 16.2.20 પંચાયતીરાજમાં સંશોધનોને પ્રોત્સાહન

પંચાયતીરાજને લગતી બાબતો ઉપર વિવિધ કેસ સ્ટડી અને ક્રિયાત્મક અને ગુણાત્મક સંશોધનો થવાં જોઇએ. આવા સંશોધનો જેમ વધુ થશે એમ પંચાયતીરાજની મુશ્કેલીઓ સામે આવશે. તેને દૂર કરવાના ઉપાયો પણ એટલા જ કારગત હોવાં જોઇએ. આ માટે સંશોધકને પ્રોત્સાહનરૂપે પારિતોષિક કે ઇનામ પણ આપવાની જોગવાઇ કરવી જોઇએ.

### 16.2.21 સલાહકાર સમિતિઓનું ગઠન

પંચાયતીરાજને વધુ સુદઢ બનાવવા માટે સહાયક અને સલાહકાર સમિતિનું ગઠન કરવું જોઇએ. જો ગઠન થયેલું હોય તો આ સમિતિઓએ સક્રિયતાપૂર્વક પોતાની ભૂમિકા નિભાવવી જોઇએ. પંચાયતીરાજમાં જણાતી વિસંગતતાઓ દૂર કરવી તથા સંભવિત મુશ્કેલીઓની આગોતરી જાણ કરવી, જેવી બાબતો ઉપર આ સમિતિઓએ કાર્ય કરવું જોઇએ. સરકારશ્રીને સમયાંતરે આ બાબતે સૂચન અને ભલામણો કરવી તથા પંચાયતીરાજની સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓને ઉપયોગી બાબતોનું ધ્યાન રાખવું જોઇએ.

ઘણીવાર પંચાયતીરાજમાં કાર્ય કરતાં લોકોમાં પોતાનાં કાર્યો, ભૂમિકા અંગે સ્પષ્ટતા

હોતી નથી. આવા સમયે લોકોને તથા પંચાયતીરાજની સંસ્થાઓ સાથે જોડાયેલા વ્યક્તિઓને સંભવિત બાબતોથી અવગત કરવા જોઈએ.

## 16.3 સારાંશ :

પંચાયતીરાજનો મુખ્ય ઉદ્દેશ જ એ છે કે ગ્રામીણ પ્રજાનો વિકાસ કાર્યોમાં મહત્તમ હિસ્સો મેળવવો. સ્થાનિક સ્તરે નડતા પ્રશ્નો કે મૂંઝવણોનો ઉકેલ સ્થાનિક કક્ષાએ લાવી શકાય. આ માટે સ્થાનિક કક્ષાએ જ મજબુત વહીવટીતંત્ર ઊભુ કરવુ. યોગ્ય નેતાગીરીનું નિર્માણ કરવું. પ્રાદેશિક વિભિન્નતાઓ, જટીલતાઓ, વિકાસની વ્યૂહરચનામાં અડચણરૂપ બાબતો આ બધા પરિબળોને સમજીને પંચાયતીરાજની સંસ્થાઓની કામગીરીમાં જણાતી આંતરિક ઉણપો કે મુશ્કેલીઓ દૂર કરવા સહિયારા પ્રયત્નો કરવાં જોઈએ. પંચાયતીરાજના ખ્યાલ વિશે પ્રવર્તતી સંદિગ્ધતા દૂર થશે તો જ પ્રજાકીય સહભાગિતાથી પંચાયતીરાજનો મૂળ ઉદ્દેશ પૂર્ણ કરી શકાશે. આ માટે માત્ર સરકાર પાસેથી કે અધિકારીઓ અને પદાધિકારીઓ પાસેથી અપેક્ષા ન રાખતા લોકોની સ્વયંભૂ જાગૃતિ અને સક્રિયતા પણ એટલી જ જરૂરી છે. પંચાયતીરાજની સંસ્થાઓમાં કાર્ય કરતા અધિકારીઓ અને પદાધિકારીઓએ પણ લોકોની ઇચ્છા, અપેક્ષા અને મહત્ત્વકાંક્ષાઓને સમજીને તેને સાકાર કરવામાં અગત્યની કડીરૂપ ભૂમિકા ભજવવાની છે. સરકારશ્રીનો શકય એટલો સહયોગ લઈ ત્રિસ્તરીય માળખાને વધુ સુદૃઢ, કાર્યશીલ અને શંકાવિહીન બનાવવાનું છે. આ માટે શિક્ષણનું માધ્યમ સર્વોત્તમ ઉચિત છે.

## 16.4 ચાવીરૂપ શબ્દો :

**ગ્રામસભા** : ગ્રામસભા એટલે ગ્રામ્ય સ્તરે પંચાયત વિસ્તારની ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા. જો કોઈ ગ્રામપંચાયતમાં એક થી વધારે મહેસૂલી ગામ હોય તો તેવા તમામ ગામોની મતદાર યાદીમાંના મતદારોની એક ગ્રામસભા બનેલી ગણાય.

**તાલીમ** : સેવા પૂર્વેની તાલીમ સેવામાં પ્રવેશ લીધા પછીની તાલીમ. તાલીમના પણ ઘણા પ્રકારો હોય છે જેમ કે બુનિયાદી તાલીમ, પુનરાવર્તન તાલીમ, વિશિષ્ટ તાલીમ વગેરે.

**સત્તાનું વિકેન્દ્રીકરણ** : સત્તાનુ વિભાજન જેમાં સત્તા ઉપરથી નીચે સુધી વહેંચાયેલી હોય.

**સ્ત્રી સશક્તિકરણ** : સ્ત્રીઓને સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય એવા તમામ ક્ષેત્રમાં સશક્ત કરવી.

## 16.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો :

1. S.N.Mishra, Shweta Mishra, Chaitali Pal, Decentralised Planning and Panchayati Raj Mittal Publications, New Delhi, Inida, first Edition, 2000.
2. D. Bandyopadhyay, Amitava Mukherjee, Mitali sen Gavai, 'Empowering Panchayats Handbook for Master Trainers Using Participatory Approach' Rajiv Gandhi foundation, Concept Publishing Company, New Delhi first Published 2003.
3. *गिरवरसिंह राठौड : 'भारत में पंचायती राज' पंचशील प्रकाशन जयपुर, प्रथम संस्करळ,*2004.

4. ***उमेश प्रसाद सिंह : पंचायती राज व्यवस्था में पंचायत समिति, राधा पब्लिकेशन्स, नई दिल्ली, प्रथम सस्करळ,***2004.
5. બી. સી. શાહ : 'ભારતમાં પંચાયતીરાજ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ચોથી આવૃત્તિ,2015
6. સં. બિપીનચંદ્ર વૈષ્ણવ :'પંચાયત નિયમો' ભાગ-1,નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ,2001.
7. સં. બિપીનચંદ્ર વૈષ્ણવ: 'પંચાયતીરાજ' નવસર્જન પ્રકાશન, અમદાવાદ, 2000.


## 16.6 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલા ખરાં-ખોટા જણાવો.**

1. પંચાયતીરાજની સફળતા માટે ગ્રામ સભાની અસરકારતા જરૂરી છે.
2. પંચાયતીરાજમાં માત્ર અધિકારીઓની જ ભૂમિકા અગત્યની છે.
3. સરપંચને હોદ્દા પરથી દૂર કરવાની રીત દરેક રાજ્યમાં અલગ જોવા મળે છે.
4. પંચાયતીરાજમાં ભરતી અને તાલીમનું કોઈ મહત્ત્વ નથી.

**(બ) નીચે આપેલા બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

**1. પંચાયતરાજમાં દેખરેખ અને અંકુશ માટે પરંપરાગત પધ્ધતિઓ કેટલી છે ?**

A બે B ત્રણ

C ચાર D પાંચ

**2. ગુજરાતમાં પંચાયતીરાજના તાલીમ કેન્દ્રો છે.**

A ગાંધીનગર B બારડોલી

C જૂનાગઢ D ત્રણેય

**3. પંચાયતોનો નાણાંનો સ્ત્રોત છે. ——**

A કરવેરામાંથી થતી આવક

B રાજ્ય સરકાર દ્વારા મળતું અનુદાન

C બિનકરવેરા ક્ષેત્રમાંથી થતી આવક

D ઉપરોકત ત્રણેય

**4. પંચાયતીરાજની સંસ્થાઓની સફળતા માટે આવશ્યક છે.——**

A સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી

B તાલીમ

C સલાહકાર સમિતિઓનું ગઠન

D ઉપરોકત ત્રણેય

**(ક) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ આપો.**

1. પંચાયતીરાજને સફળ બનાવવાના ઉપાયોની વિગતવાર ચર્ચા કરો.

## 16.7 જવાબો

- **ખરાં-ખોટાં જવાબો**

1. સાચું
2. ખોટું
3. સાચું
4. ખોટું

- **બહુવૈકલ્પિકના જવાબો**

1. ત્રણ
2. ત્રણેય
3. ઉપરોક્ત ત્રણેય
4. ઉપરોક્ત ત્રણેય

# એકમ-17 ભારતમાં પંચાયતી રાજનું ભાવિ

## રૂપરેખા


**17.0 ઉદ્દેશો**

**17.1 પ્રસ્તાવના**

**17.2 પંચાયતી રાજની ઉપસતી ભાતો**

**17.3 પંચાયતી રાજનું ભાવિ**

**17.4 સારાંશ**

**17.5 ચાવીરૂપ શબ્દો**

**17.6 કેટલાક ઉપયોગી પુસ્તકો**

**17.7 તમારી પ્રગતિ ચકાસો**

**17.8 તમારી પ્રગતિ ચકાસો જવાબ**


## 17.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચે મુજબની સમજ કેળવશે.

- પંચાયતીરાજની ઉપસતી ભાતોને સમજી શકશે.
- પંચાયતીરાજનું ભાવિ સમજી શકશે.

## 17.1 પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો આપણે અગાઉનાં એકમમાં પંચાયતીરાજને સફળ બનાવવાનાં સૂચનોની વાત કરી હતી. પંચાયતી રાજને અવરોધતા પ્રશ્નોનો વિચાર કરી તેને સુદૃઢ કરવાનો પ્રયત્ન થવો જોઈએ. આ એકમમાં આપણે ભારતમાં પચાયતીરાજની શક્યતાઓ, ઉપસતી નવી ભાતો કે તરાહોને સમજીને તેનાં ભાવિ વિષે વિગતવાર ચર્ચા કરવાના છીએ.

ભારતમાં પંચાયતીરાજની સ્થાપનાથી લઈ વર્તમાન સમય સુધી પંચાયતીરાજ ઘણી બધી સમસ્યાઓ વિટંબણાઓ અને મૂંઝવણોની ગતિવિધીઓમાંથી પસાર થયું છે. દેશમાં જુદાં-જુદાં રાજ્યોમાં જુદાં-જુદાં સમયે તબક્કાવાર તેનો અમલ કરવામાં આવ્યો છે. રાજ્યોને એવી સ્વાયતતા આપવામાં આવી છે કે તેઓ પોતાના રાજ્યને અનુરૂપ એવું પંચાયતીરાજનું માળખું સ્વીકારે. પંચાયતીરાજના પાયાનાં પ્રશ્નો અને મૂંઝવણો લગભગ બધા રાજ્યોની સરખી જ છે. જયારે કેટલાંક પ્રશ્નો દરેક રાજ્ય મુજબ અલગ અલગ જોવા મળે છે. ભારતમાં પંચાયતી રાજનાં ભાવિનો વિચાર કરીએ ત્યારે પંચાયતીરાજની વિવિધ ભાતો કે તરાહને તપાસવી જોઈએ. ભારતમાં પંચાયતી રાજનાં પુનરૂત્થાનને સમજીને તેની શકયતાઓ અને સંભાવવાનો વિચાર કરવો ઘટે. તેનાં આધારે જ પંચાયતીરાજનું ભાવિ સુનિશ્ચિત થશે.

## 17.2 પંચાયતી રાજની ઉપસતી ભાતો

ભારતમાં પંચાયતીરાજનાં અમલનાં આટલાં વર્ષો બાદ અનુભવથી આપણે ઘણું શીખ્યાં છીએ અને હજી ઘણું શીખવાનું બાકી છે. આપણા દેશની ભૂગોળ, કદ, વસ્તી, વિસ્તાર,

વિવિધતા અને જટિલતાઓને ધ્યાને લેતા આ કાર્ય ઘણું પડકારજનક છે. સમગ્ર દેશમાં એક સરખા પંચાયતીરાજનાં માળખાનો સ્વીકાર થયેલો નથી. પરંતુ પોતાની પરિસ્થિતિઓને અનુકૂળ આવે એ રીતે દરેક રાજ્યએ પંચાયતીરાજની વ્યવસ્થાનો સ્વીકાર કર્યો છે. હૈદરાબાદમાં 1959માં સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટની પાંચમી બેઠક મળી હતી. આ બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર '' પંચાયતીરાજની વિશાળ ભાત અને તેનાં મૂળભૂત તત્ત્વો ભલે બધે એક સરખા હોય પણ અમુક એક ભાત વિષે કોઈ ચુસ્તતા ન હોવી જોઈએ. હકીકતમાં આપણો દેશ એટલો વિશાળ છે અને પંચાયતીરાજએ દુરગામી પરિણામો ધરાવતો એક અત્યંત સંકુલ વિષય છે. તેમાં જુદી જુદી ભાતો અને વિકલ્પોનો પ્રયોગ કરવાની પુરેપુરી ગુંજાશ રહેલી છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે સત્તા ખરેખર સાચા અર્થમાં લોકોને સુપ્રત કરવાની છે. જો આ હેતું પાર પડતો હોય તો પછી જુદાં જુદાં રાજ્યોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓને આધારે તેની ભાત અને સ્વરૂપમાં વૈવિધ્ય આવવાનું.'' હવે આપણે ભારતમાં પંચાયતરાજની વિવિધ ઉપસતી ભાતો અને તરાહોનો વિગતે અભ્યાસ કરીશું.

- **આંધ્રપ્રદેશમાં પંચાયતીરાજનું મૉડેલ**

1959 થી 1983 સુધી આંધ્રપ્રદેશમાં પંચાયતીરાજના ત્રિસ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. રાજ્યમાં તેલુગુ નામના પ્રાદેશિક પક્ષના ઉદ્‌ભવ અને પ્રભાવની અસર પંચાયતીરાજ ઉપર ખાસ પડેલી જોવા મળે છે. કેટલાંક ફેરફારો પછીથી દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં આંધ્રપ્રદેશ મંડળ પ્રજા પરિષદ, જિલ્લા પરિષદ, જિલ્લા પ્રણાલિકા અભિવૃદ્ધિ મંડળ ઍકટ 1986 પર આધારિત છે. આ કાયદા મુજબ પંચાયતીરાજમાં ચાર સ્તરીય માળખું સ્વીકારવામાં આવ્યુ જેમાં ગ્રામ્ય કક્ષાએ ગ્રામપંચાયત, ગામોનાં જૂથ માટે મંડળ પ્રજા પરિષદ, દરેક જિલ્લા માટે જિલ્લા પરિષદ અને દરેક જિલ્લા માટે અભિવૃદ્ધિ સમીક્ષા મંડળીનો સ્વીકાર કરવામાં આવ્યો. જો કે એક સમીક્ષા એવી પણ કરવામાં આવી છે કે અભિવદ્ધિ મંડળને કારણે વિકેન્દ્રીકરણને બદલે કેન્દ્રીકરણ વધ્યું છે. મંડળ પચાયતોને કારણે ગ્રામ પંચાયતોનું મહત્ત્વ ઘટયું છે. મહિલાઓને પ્રતિનિધિત્વ આપવાથી તેમની ભાગીદારીમાં વધારો થયો છે. અહીં મંડળ પંચાયતનો પ્રયોગ નવીનતમ કહી શકાય.

1983 પહેલાના ત્રિસ્તરીય માળખામાં ગ્રામસભા અને ગ્રામપંચાયતએ સૌથી નીચેનું પાયાનું એકમ હતું. મધ્ય કક્ષાએ પંચાયત સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં હોદ્દાની રૂએ અને કો-ઓપ્ટ થયેલા સભ્યો બેસતા હતા. જયારે જિલ્લા પરિષદ એ પંચાયતીરાજની ટોચની સંસ્થા હતી. પંચાયત અને જિલ્લા પરિષદમાં બંનેમાં સાત જેટલી સ્થાયી સમિતિઓ પણ આવેલી હતી. આ સંસ્થાઓ મુખ્યત્વે નાગરિક સુવિધાને લગતા કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી કાર્યો ઉપર ભાર આપે છે.

- **પશ્ચિમ બંગાળમાં પંચાયતીરાજનું મૉડેલ**

પશ્ચિમ બંગાળમાં ગ્રામપંચાયતોને સક્રિય બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવેલ છે. પંચાયતીરાજમાં માળખાકીય કોઈ મોટા ફેરફારો અહી કરવામાં આવ્યા નથી. અહીં ત્રિસ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પંચાયતીરાજની સંસ્થાઓની કામગીરી અંગે સરકારનો એક આગવો દૃષ્ટિકોણ જોવા મળે છે. ખેડૂતો અને શ્રમજીવીઓ માટે સામાજિક તથા આર્થિક સુધારાઓનાં તેઓ હિમાયતી છે. અહીં ગ્રામીણ વિકાસ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળમાં મહિલાઓ અને ગરીબ વર્ગોનાં પ્રતિનિધિઓની ભાગીદારી વધી રહી છે.

- **મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનુ મૉડેલ**

મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનો અમલ 1962 થી કરવામાં આવ્યો હતો. 1960માં વી.પી. નાયકના અધ્યક્ષપદે નિમાયેલ સમિતિની ભલામણોને આધારે મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનું ત્રિસ્તરીય માળખું સ્વીકારવામાં આવ્યું છે. તત્કાલ સમયની પંચાયતીરાજની વ્યવસ્થાનો અભ્યાસ કર્યા પછી તેની નિષ્ફળતાનાં કારણોનો અભ્યાસ કર્યા બાદ નાયક સમિતિએ સૂચવ્યું હતું કે બધી જ વિકાસલક્ષી યોજનાઓને ત્રણ વિભાગોમાં વહેંચી દેવી જોઈએ.

1. રાજ્ય કક્ષાની યોજનાઓ
2. સ્થાનિક કક્ષાની યોજનાઓ
3. સામુદાયિક વિકાસની યોજનાઓ

મહારાષ્ટ્રમાં ગ્રામપંચાયતએ પાયાનું એકમ છે. તેની રચના જિલ્લા પરિષદથી સ્વતંત્ર રીતે કરવામાં આવેલી છે. પંચાયત સમિતિએ જિલ્લા પરિષદની એક ધારાકીય સમિતિ છે. સમિતિનાં સભ્યોમાં ચુંટાયેલ જિલ્લા પરિષદનાં સભ્યો, કો-ઓપ્ટ કરવામાં આવેલા સભ્યો વગેરેનો સમાવેશ થાય છે. પંચાયત સમિતિના સભ્યો પોતાનામાંથી ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનને ચૂંટે છે. દરેક જિલ્લામાં જિલ્લા પરિષદોની રચના કરવામાં આવી છે. જિલ્લા પરિષદએ વિકેન્દ્રીકરણનું મુખ્ય એકમ છે. જિલ્લાની પંચાયત સમિતિઓના અધ્યક્ષો જિલ્લા પરિષદનાં હોદ્દાની રૂએ સભ્યો હોય છે. જેથી સમિતિ અને જિલ્લા પરિષદ વચ્ચે યોગ્ય સંકલન અને સાયુજય સ્થપાય. જિલ્લા પરિષદનાં સભ્યો પોતાનામાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. વિષય સમિતિઓના ચેરમેન તરીકે બે સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

- **ગુજરાતમાં પંચાયતીરાજનું મૉડેલ**

ગુજરાતમાં પંચાયતીરાજનો અમલ 1963થી કરવામાં આવ્યો છે. ગુજરાતનું પંચાયતીરાજનું મૉડેલ અને મહારાષ્ટ્રનાં પંચાયતીરાજનું મોડેલમાં ઘણી સામ્યતાઓ જોવા મળે છે. એકંદરે ગુજરાતમાં પંચાયતીરાજને ઘણી સફળતા મળી છે. દેશમાં શ્રેષ્ઠ જિલ્લા પંચાયત તરીકેની પસંદગી 1986માં સુરત જિલ્લા પંચાયતની થઈ હતી. પંચાયતીરાજનાં જિલ્લા પંચાયતોનાં પ્રમુખની બનેલી 'ગુજરાત પંચાયત પરિષદ' એક નવતર પ્રયોગ છે. આ સાથે રાજયની સાથે સંકલન કરવા માટે રચવામાં આવેલ 'ગુજરાત પંચાયત પરિષદ'ની શરૂઆત ગુજરાતે કરી છે. ગુજરાતમાં પંચાયતીરાજનાં ત્રણેય એકમોનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. ગુજરાતનાં પંચાયતીરાજની ખાસિયત એ છે કે પંચાયતી ચૂંટણીઓ નિરંતર ચાલતી રહે છે. રાજકીય નેતાઓ વિકાસલક્ષી કાર્યોને આધારે મતદારોને આકર્ષવા માટે ચાલક બળ બન્યાં છે. પંચાયતીરાજની સંસ્થાઓમાં અગ્રવર્ગની સાથે હવે સમાજનાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ વધી રહ્યું છે. જો કે ગુજરાતમાં મહારાષ્ટ્રની જિલ્લા પરિષદો જેટલી ગુજરાતની જિલ્લા પંચાયતો મજબૂત બની શકી નથી.

- **કર્ણાટકમાં પંચાયતીરાજનું મૉડેલ**

કર્ણાટકમાં 1959માં પંચાયતીરાજનો અમલ કરવામાં આવ્યો. પહેલા અહીં ત્રિસ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવેલ છે. સૌથી નીચે ગ્રામપંચાયતો/નગર પંચાયતો આવેલી છે. તેનાં સભ્યોની ચૂંટણી સીધી રીતે કરવામાં આવે છે. અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. બીજા રાજ્યોની જેમ કર્ણાટકમાં પણ ગ્રામસભાની જોગવાઇ કરવામાં આવેલી છે. તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ બોર્ડની રચના

કરવામાં આવી છે. તેની ચૂંટણી પ્રત્યક્ષ રીતે મતદારો દ્વારા કરવામાં આવતી. દરેક જિલ્લામાં જિલ્લા પરિષદની રચના કરવામાં આવી છે. જેમાં સ્થાનિક વિધાન સભ્યો, વિધાન પરિષદનાં સભ્યો અને સંસદ સભ્યોનો સમાવેશ થાય છે. કર્ણાટકમાં શ્રી રામકૃષ્ણ હેગડેની જનતા સરકારે પંચાયતીરાજને નવો આકાર આપવા 1985માં ઘણી નવી બાબતોનો સમાવેશ કર્યો હતો.

કર્ણાટકમાં પંચાયતીરાજની પ્રથા 'જિલ્લા પરિષદો', તાલુકા પંચાયત સમિતિઓ, મંડળ પંચાયતો અને ન્યાય પંચાયતો, કાનૂન 1985 પર આધારીત છે. જૂના ત્રિસ્તરીય માળખાને બદલે ફેરફાર કરીને અનુક્રમે જિલ્લા પરિષદો, તાલુકા પંચાયત સમિતિઓ, મંડળ પંચાયત અને ગ્રામ સભા એમ ચાર સ્તરો ધરાવતીપંચાયતીરાજનાં માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ નવા માળખામાં જિલ્લા પરિષદોને વધુ મજબૂત બનાવવામાં આવી છે.જિલ્લા પરિષદમાં પ્રમુખ અને ઉપપ્રમુખને રાજ્ય કક્ષાના પ્રધાન કે નાયબ પ્રધાન જેટલું માન અપાશે.

મંડળ પંચાયતોની રચના તાલુકા અને ગ્રામ પંચાયતોની વચ્ચે એક નવા સ્તર તરીકે કરવામાં આવી છે. કર્ણાટકમાં મૃતઃપાય થયેલી ગ્રામસભાને પુનર્જીવિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. 1959માં ન્યાય પંચાયતની કોઇ જોગાવઈ કરવામાં આવી ન હતી. પરંતુ 1987 થી તેની જોગવાઈ કરવામાં આવી છે. અહીં રાજકીય પક્ષોને ચૂંટણી કરવાની છૂટ આપવામાં આવી છે. પક્ષ પલ્ટા વિરોધી કાનૂન તેમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેનાં નાણાંકીય જોગવાઈનો પાયો મજબૂત બનાવવામાં આવ્યો છે. કર્ણાટકમાં આ નવી પંચાયતીરાજની વ્યવસ્થાએ એક અલગ જ મૉડેલ રજૂ કર્યુ છે.

## 17.3 પંચાયતીરાજનું ભાવિ

ભારતમાં પંચાયતીરાજનાં અમલથી લઈને વર્તમાન સમય સુધી તે અનેક ચડાઉ-ઉતારમાંથી પસાર થયું છે. પંચાયતીરાજની સંસ્થાઓ પોતાના અનુભવથી શીખીને આગળ વધી રહી છે. ભારત જેવા લોકશાહી અને વિકાસશીલ દેશમાં લોકશાહીકરણની પ્રક્રિયાના ભાગ તરીકે પંચાયતીરાજની સંસ્થાઓનું મહત્ત્વ રહેવાનું જ એ એક નિર્વિવાદ છે. પંચાયતીરાજનાં અમલિકરણમાં વ્યવહારમાં પડતી મુશ્કેલીઓને નિવારી શકાય એવા ઉપાયો પ્રયોજીને પંચાયતીરાજના પાયાનાં ઉદ્દેશો પૂર્ણ કરવા જોઈએ. પંચાયતીરાજની સફળતાની પૂર્વ શરતોને પણ ધ્યાને લેવી આવશ્યક છે. પંચાયતીરાજની વ્યવસ્થામાં કાર્ય કરતાં લોકોમાં પોતાનાં કાર્યો અને ભૂમિકા અંગે જાગૃતિ વધતી જાય છે. એટલું ચોક્કસ કે નાણાંકીય કે માળખાગત સુવિધાઓ, એકીકૃત અને સંકલિત વહીવટી માળખું અને બંધારણીય જોગવાઈઓને ધ્યાને રાખીને આગળ વધવામાં આવે તો આવનારા વર્ષોમાં પંચાયતીરાજની રોશની એક હકારાત્મક અને વિકાસાત્મક વાતાવરણ ઊભું કરશે. આ માટે પંચાયતીરાજની સંસ્થાઓને સુદઢ અને મજબૂત બનાવવા માટે યોગ્ય પગલા લેવાની પણ તાતી જરૂરિયાત છે. પંચાયત રાજની સંસ્થાઓની આત્મનિર્ભરતા જરૂરી છે. આવનાર સમયમાં સમાજનાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ અને હિસ્સેદારી વધતી જાય છે અને વધતી રહેવાની. આ સાથે જરૂર છે યોગ્ય સમજ, સંકલ્પ અને સંનિષ્ઠ પ્રયત્નની. ભારતમાંથી પંચાયતીરાજને દૂર કરવું હવે શકય નથી પરંતુ પંચાયતીરાજને ખરા અર્થમાં સાકાર કરીને અપેક્ષિત સફળતા મેળવવાનું હજી બાકી છે.

## 17.4 સારાંશ

પંચાયતીરાજની સંસ્થાઓને માત્ર વિકાસની 'એજન્સી' જ ન માનતા ખરા અર્થમાં સ્થાનિક સ્વશાસનનાં પાયાના એકમ તરીકે તેનો સ્વીકાર થવો જોઈએ. દઢ રાજકીય ઇચ્છા શક્તિ અને સ્થાનિક લોકોની જાગૃતિ અને સક્રિયતા આ માટે પૂર્વ શરત છે. કોઇપણ વ્યવસ્થાનો

ઉદ્દેશ હંમેશા સારો જ હોય છે પરંતુ તેની સફળતા અને નિષ્ફળતાનો આધાર ઘણાં પરિબળો પર આધારિત છે. ભારતમાં સ્થાનિક સ્વશાસનના સંદર્ભમાં 73મો બંધારણીય સુધારો અને 74મો બંધારણીય સુધારો એક ક્રાંતિકારી કદમ ગણાવી શકાય. પંચાયતીરાજમાં સમાજનાં અલિપ્ત અને પછાત વર્ગોની અને મહિલાઓની ભાગીદારીથી આવનાર સમયમાં એક હકારાત્મક વાતાવરણ ઊભું થાય તેવી શક્યતા છે. વ્યવહારમાં નડતા અવરોધોને પાર કરીને તેમાંથી ઉકેલો શોધી આ દિશામાં આગળ વધવું ઘટે. ભારત જેવા સોપાનિક સ્તરીકરણનાં સમાજમાં પંચાયતીરાજની સફળતા અને ઉજ્જવળ ભાવિની મનોકામનાં મક્કમ રીતે રાખી આગળ વધતા રહીએ તે આવશ્યક છે.

## 17.5 ચાવીરૂપ શબ્દો

**અલિપ્ત :** જેનો સમાવેશ થયો નથી એ અર્થમાં આ શબ્દ પ્રયોજાયો છે.

**સોપાનિક સ્તરિકરણનો સમાજ :** જ્ઞાતિ કે આર્થિક શકિતનાં ધોરણે વિવિધ કક્ષાઓમાં વહેંચાયેલો સમાજ.

## 17.6 કેટલાક ઉપયોગી પુસ્તકો

1. બી.સી.શાહ,: 'ભારતમાં પંચાયતીરાજ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,2015.

2. *गिरवरसिंह राठौड,:'भारत में पंचायती राज', पंचशील प्रकाशन, जयपुर, प्रथम संस्करळ, २००४.*

3. S.N. Mishra, Shweta Mishra, Chaitali Pal, :'Decentralised Planning and Panchayati Raj', Mittal publications, New Delhi, India, first Edition, 2000.

4. D. Bandyopadhyay, Amitava Mukherjee, Mitali Sen Gavai, :'Empowering Panchayats' Handbook for Master Trainers Using participatory Approach, Rajiv Gandhi foundation by Concept publishing Company, New Delhi, first Published, 2003.

## 17.7 તમારી પ્રગતિ ચકાસો

- **નીચે આપેલા ખરાં-ખોટાં જણાવો.**
  1. આંધ્રપ્રદેશમાં 1983સુધી પંચાયતીરાજનું ત્રિસ્તરીય માળખું અમલમાં હતું.
  2. ગુજરાતમાં દરેક જિલ્લા પ્રમાણે જિલ્લા અભિવૃધ્ધિ સમીક્ષા મંડળીનો સ્વીકાર કરવામાં આવ્યો છે.
  3. પશ્ચિમ બંગાળમાં ચાર સ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.
  4. મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનો અમલ 1960થી કરવામાં આવ્યો હતો.
  5. ગુજરાતમાં 'ગુજરાત પંચાયત પરિષદની' સ્થાપના કરવામાં આવેલી છે.
  6. 73મો બંધારણીય સુધારો પંચાયતીરાજને લગતો છે.
- **નીચે આપેલી ખાલી જગ્યાઓ પૂરો.**
  1. મહારાષ્ટ્રમાં ________ના અધ્યક્ષ પદે નિમાયેલ સમિતિની ભલામણનાં આધારે પંચાયતીરાજનાં માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.
  2. ગુજરાતમાં પંચાયતીરાજનો અમલ ________થી કરવામાં આવેલો છે.

3. __________રાજ્યમાં શ્રી રામકૃષ્ણ હેગડેની સરકારે પંચાયતીરાજને લગતા ઘણા ફેરફારો કર્યા હતા.

- **નીચે આપેલ પ્રશ્નનો જવાબ આપો.**

1. ભારતમાં પંચાયતીરાજની ઉપસતી ભાતોનું વર્ણન કરો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

- **નીચે આપેલ પ્રશ્ન પર ટૂંકનોંધ તૈયાર કરો.**

1. ભારતમાં પંચાયતીરાજનું ભાવિ.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 17.8 જવાબો

- **ખરાં-ખોટાંના જવાબો**

1. સાચું 2.ખોટું 3. ખોટું 4.ખોટું 5. સાચું 6. સાચું

- **ખાલી જગ્યાના જવાબો**

1. વી. પી. નાયક
2. 1963
3. કર્ણાટક

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**